
વાસંતી ધારા

(સ્પ્રિંગ ટૉરેન્ટ્સ)

લેખક

આઈ. એસ. તુર્ગનેવ



અનુવાદક

નલિની બ્રહ્મભટ્ટ

વાસંતી ધારા

(સ્પ્રિંગ ટૉરેન્ટ્સ)

લેખક :

આઈ. એસ. તુર્ગનેવ

અનુવાદક :

નલિની બ્રહ્મભટ્ટ

પાર્શ્વ પબ્લિકેશન : અમદાવાદ

VASANTI DHAARA

Spring Torrents

Transleted by Nalini Brahmbhatt

•

પ્રકાશક :

બાબુભાઈ હાલચંદ શાહ

પાર્શ્વ પબ્લિકેશન

નિશાપોળ, ઝવેરીવાડ, રિલીફરોડ,

અમદાવાદ - ૩૮૦૦૦૧.

•

પ્રથમ આવૃત્તિ : ૨૦૦૭

પ્રત : ૫૦૦

કિંમત રૂા. ૧૦૦-૦૦

•

ટાઈપસેટીંગ :

અરિહંત ગ્રાફિક્સ

ખાડિયા ચાર રસ્તા,

અમદાવાદ-૩૮૦૦૦૧.

•

મુદ્રક :

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ

ઘીકાંટા રોડ, **અમદાવાદ-૩૮૦૦૦૧.**

અર્પણ

વહાલાં –

મેધા, ઋચા, અપૂર્વ,
ધવલ, દીપાલીને



ઈવાન તુર્ગનેવ (૧૮૧૮-૧૮૮૩)

ઓગણીસમી સદીના પ્રતિષ્ઠિત સાહિત્યકાર અને ટૉલ્સ્ટોય તેમજ દોસ્તોયવ્સ્કીના સમકાલીન, ઈવાન તુર્ગનેવનો જન્મ રશિયાના યુક્રેનમાં વસતા સમૃદ્ધ કુટુંબમાં થયો હતો. ઓગણીસમે વર્ષે તેઓ ઉચ્ચ અભ્યાસ અર્થે જર્મની ગયા; ૧૮૪૧માં રશિયા પાછા ફર્યા અને એમની સાહિત્યયાત્રાનો આરંભ થયો. એમની બહુચર્ચિત નવલકથા 'ફાધર ઍન્ડ સન્સ'(૧૮૬૨)ને કારણે ફરી એકવાર તુર્ગનેવને રશિયા છોડવું પડ્યું. રશિયા સાથે આ ઉત્કૃષ્ટ સાહિત્યકારે બહોળો વાચકવર્ગ પણ ગુમાવ્યો. ૧૮૭૧થી મૃત્યુપર્યંત તેઓ પેરિસમાં ઑપેરા ગાયક પૉલિન ગાર્શિયા વિયાર્દોત સાથે રહ્યા. પરમમિત્ર ગુસ્તાવ ફ્લૉબેર સાથેનો તેમનો નાતો અંત સુધી અતૂટ રહ્યો. સાહિત્યકાર તરીકે રશિયાની સામાજિક પરિસ્થિતિ પ્રત્યેનો જર્મન-ઘડતરવાળો 'પાશ્ચાત્ય' અભિગમ તુર્ગનેવને ટૉલ્સ્ટોય અને દોસ્તોયવ્સ્કી કરતાં નિરાળું વ્યક્તિત્વ આપે છે. તુર્ગનેવના સર્જનમાં નિકોલાઈ ગોગોલનો પ્રભાવ સ્પષ્ટપણે વર્તાય છે.

'સ્પ્રિંગ ટૉરેન્ટ્સ' અથવા 'ટૉરેન્ટ્સ ઑફ સ્પ્રિંગ' (૧૮૭૧) મહદ્અંશે આત્મકથનાત્મક છે. બાદેન-બાદેન (જર્મની) છોડી પેરિસ જઈ રહેલા તુર્ગનેવે જર્મન-અનુભવો દિમિત્રી પાવલોવિચ સાનિનના પાત્રમાં ઢાળ્યા છે. તુર્ગનેવની અને રોમન પ્રજાને પ્રિય એવી બાદેન-બાદેનની વસંત-ગ્રીષ્મ માનવીય સંબંધોને ગતિશીલતા અને વાચાળતા અર્પે છે.

•

"ખુશ્નુમા દિવસો,
સુખદ વર્ષો,
વહી ગયાં જેમ
વાસંતી ધારાઓ... "

(જૂનું ગીત)

જ્યારે તે પોતાના અભ્યાસખંડમાં પાછો ફર્યો ત્યારે રાત્રિનો એક વાગી ગયો હતો. મીણબત્તી પેટાવવા આવેલા નોકરને એણે રવાના કરી દીધો અને બંને હાથે ચહેરો ઢાંકી તાપણા પાસે પડેલી આરામખુરશીમાં ધબ્બ દઈને પછડાયો. એણે પહેલાં ક્યારેય આવો શારીરિક અને માનસિક થાક અનુભવ્યો નહોતો. આજની આખી સાંજ એણે મનગમતી સ્ત્રીઓ અને સભ્ય પુરુષોના સાથમાં વિતાવી હતી. એમાંની ઘણીખરી સ્ત્રીઓ આકર્ષક હતી અને લગભગ બધાં જ પુરુષો વિદ્યા કે બુદ્ધિ માટે વિખ્યાત હતા; અને એણે પણ પોતાની બુદ્ધિમત્તાનું નિદર્શન કરતાં વાતચીતમાં પોતાની શાન જાળવી... તેમ છતાં જ જીવનના થાકની ફરિયાદ પ્રાચીન રોમનો કરતા હતા તેને આ પહેલાં એણે ક્યારેય આટલા પ્રચંડ રૂપમાં અનુભવ્યો નહોતો, એટલું જ નહીં જીવન પ્રત્યેની ઘૃણાએ એને ક્યારેય આવી ત્રાસદાયક શક્તિથી આવરી લીધો નહોતો. એ જો જરા નાનો હોત તો આ દુઃખ, કંટાળા અને સંતાપથી રડી પડ્યો હોત. એનું હૃદય બળતા લાકડાની વાસ જેવી તીખી કડવાશથી ભરાઈ આવ્યું. પાનખરઋતુના અસ્પષ્ટ અંધકારની જેમ કોઈ ઘૃણાજનક, ત્રાસદાયક ભાર જાણે ચારે દિશામાંથી એને ઘેરતો જતો હતો અને આ અંધકાર અને કડવાશથી કેવી રીતે મુક્ત થવું એ તેને સમજાતું નહોતું. ઊંઘ માટે ફાંફાં મારવા નકામા હતા. એને ખાતરી હતી કે ઊંઘ નહીં આવે.

એ વિચારોમાં ડૂબી ગયો – મંદ, સુસ્ત અને કટુ વિચારો. બધા જ માનવીય વિષયોનાં અહંકાર, આડંબર અને છીછરાપણા પર એ વિચારવા લાગ્યો. એક પછી એક માનવના બધા ય યુગોનું એ અવલોકન કરતો ગયો. (એ બાવન વર્ષનો થઈ ગયો હતો) અને એને એમાંથી પોતે જેના વિશે કંઈ સંતોષ પામી શકે તેવું કાંઈ જ ન મળ્યું - હંમેશા એ જ ચિરસ્થાયી નિરર્થક પ્રયત્ન, એ જ બનાવટી શક્તિનો મિથ્યા અપવ્યય, એ જ કાંઈક વિશુદ્ધ, કાંઈક આત્મપ્રવંચના - માત્ર જાતને ભુલાવવા માટે ! - અને ત્યાં જ એકાએક વજ્રપાતની જેમ વૃદ્ધાવસ્થાનું આગમન. દરેક વસ્તુ પાછળથી ડોકિયું કરતાં નિરંતર વધતા આવતા મૃત્યુનો સત્યાનાશી ભય...અને પછી...અગાધ ગર્તા... અરે ! આટલું જ હોત તો ય સારું હતું, પરંતુ લોખંડ પર ચઢતા કાટની જેમ નબળાઈ અને કષ્ટો પણ મૃત્યુ પહેલાં આવી ચડે છે. જીવનસાગર એની સામે કવિ-વર્ણિત ઉત્તાલ તરંગોમાં પ્રગટ નથી થયો. એને લાગ્યું કે એ જીવન એક શાંત, સ્થિર, અચંચળ અને અંધકારપૂર્ણ તળિયા સુધી વિસ્તરેલા પારદર્શક જળવાળો સમુદ્ર છે અને એના પર એક પુરાણી નૌકામાં એ બેઠો છે. તળિયાની કાળી વેળુ પર વિશાળકાય માછલીઓ જેવા બિહામણા રાક્ષસી જંતુઓ સ્પષ્ટ જોઈ શકાય છે. આ જંતુ જીવનનાં અભિન્ન કષ્ટો છે – રોગ, દુર્ભાગ્ય, ગાંડપણ, ગરીબી, અંધતા. એણે વિશેષ એકાગ્રતાથી જોવા માંડ્યું અને એ જંતુઓમાંથી એક ચારેબાજુના અંધકારમાંથી નીકળી નિરંતર ઉપર ચડતું દેખાતું હતું - એ વધુ ને વધુ બીભત્સ રૂપમાં પ્રગટ થવા લાગ્યું... જો એકાદ ક્ષણની વાર લાગી હોત તો એ નાવ ઊંધી પાડી દેત. પરંતુ અચાનક જ એ ફરી ઝાંખું થવા માંડ્યું, પોતાની પાંખોને અદૃશ્ય રીતે હલાવતું એ દૂર તળિયે ધસતું હતું.... પરંતુ ક્યારેક એવો નિર્ધારિત સમય આવશે કે જ્યારે એ નાવને જરૂર ઊંધી વાળી દેશે.

એણે જોરથી માથું ધુણાવ્યું, ઊછળીને ઊભો થયો અને એકાદ-બે વાર ઓરડામાં આંટા માર્યા, અને પછી પોતાના ટેબલ પાસે આવ્યો, એક પછી એક ખાનાં ખોલી એમાંના કાગળો ફંફોસ્યા.

એમાંના મોટા ભાગના જૂના કાગળો હતા, જે ઘણુંખરું સ્ત્રીઓના હતા. એને શું શોધવું હતું એ બતાવવું ખુદ એના માટે મુશ્કેલ હતું. આ નિરર્થક પ્રવૃત્તિ દ્વારા પોતાના ત્રાસદાયક વિચારોને દૂર રાખી શકાય તો સારું એટલો જ એનો ઇરાદો હતો. એણે કેટલાયે પત્રો એમ જ ઉલટાવી નાંખ્યા(એમાંના એકમાં ઝાંખી રિબનમાં લપેટેલું એક સૂકું ફૂલ બાંધેલું હતું). એણે માત્ર ખભા ઉલાળ્યા અને તાપણા તરફ જોવા લાગ્યો. કદાચ આ નકામી વસ્તુઓને બાળી દેવાના વિચારે એણે એ તમામ કાગળોને એક બાજુ મૂકી દીધા અને ઝડપથી એક પછી એક ખાનામાં હાથ નાંખી જ્યારે એણે જૂની ફેશનનો નાનો આઠખૂણિયો ડબ્બો ઝાંખા પ્રકાશમાં કાઢ્યો ત્યારે તેની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ. ખૂબ હળવેથી એણે ડબ્બાનું ઢાંકણ ખોલ્યું. પીળા પડેલા ઊનના બે પડ વચ્ચે એક નાનો લાલ માણેકજડિત ક્રોસ મૂકેલો હતો.

નવાઈ પામી એ કેટલીય ક્ષણ સુધી અનિમેષ દૃષ્ટિએ ક્રોસ તરફ જોઈ રહ્યો અને સહસા એના મુખમાંથી આશ્ચર્યોદ્ગાર સરી પડ્યો. કાંઈક વિષાદના, કાંઈક હર્ષના ભાવ એના ચહેરા પર છવાઈ ગયા. પોતે પહેલાં જેને ક્યારેક નજાકતતાથી ચાહી હોય એના [illegible] પડી ગઈ હોય અને જે વર્ષો વીતતાં બદલાવા છતાં એના માટે તો એવી જ દેખાય જેવી વર્ષો પહેલાં દેખાતી હતી એવી વ્યક્તિ સાથે અચાનક મુલાકાત થઈ જતાં આ જ પ્રકારના ભાવ એ વ્યક્તિના ચહેરા પર રમવા લાગે છે.

એ ઊઠીને તાપણા પાસે આવ્યો, આરામખુરશીમાં બેસી ફરી પોતાનો ચહેરો હાથથી ઢાંકી દીધો. એણે જાણે જાતને જ પ્રશ્ન પૂછ્યો..."આજ કેમ? આટલા દિવસો પછી? આજે જ શા માટે?.." એને લાંબા સમય પહેલાંની ઘટનાઓનું એને સ્મરણ થયું....

એને જે યાદ આવ્યું તે આ છે....

પરંતુ પહેલાં એનું નામ અને પૈતૃક નામ જણાવી દેવું જરૂરી છે... એનું નામ હતું દિમિત્રી પાવલોવિચ. સાનિન એની અટક હતી.

એને જે કાંઈ યાદ આવ્યું તે આ છે.

• • •

ઈ.સ. ૧૮૪૦ની ગ્રીષ્મઋતુનો સમય હતો. સાનિનની બાવીસમી વર્ષગાંઠ હમણાં જ પસાર થઈ હતી અને ઈટાલીથી રશિયા તરફ પાછા ફરતાં તે અત્યારે મેન નદીને કિનારે ફ્રેંકફર્ટ જઈ પહોંચ્યો હતો. એની પાસે નજીવી રકમ હતી. એ સ્વતંત્ર હતો. ભાગ્યે જ કોઈ નજીકનું સગું એને હશે. દૂરના કોઈ સંબંધીનું મૃત્યુ થવાથી એને કેટલાક હજાર રૂબલ મળ્યા હતા. આથી સરકારી નોકરીમાં પ્રવેશ્યા પહેલાં એ પૈસા વિદેશ-ભ્રમણમાં વાપરી નાંખવાનું એણે નક્કી કર્યું હતું. કચેરીકામની ધૂંસરી તો ઊંચકવાની જ હતી કેમ કે એના વિના જીવનનિર્વાહનાં સાધનો પ્રાપ્ત કરવાં એને માટે સંભવિત નહોતાં. સાનિને પોતાના સંકલ્પનું અક્ષરશઃ પાલન કર્યું. વિદેશમાં એવી કુશળતાથી વ્યવહાર ચલાવ્યો કે ફ્રેંકફર્ટ આવવાના દિવસે પીટર્સબર્ગ પાછા ફરી શકાય એટલી જ રકમ એની પાસે બચેલી હતી. ૧૮૪૦માં યુરોપમાં ક્યાંક જ રેલવે હતી અને યાત્રીઓ ટપાલની વહેંચણી કરતી ઘોડાગાડીઓમાં જ મુસાફરી કરતા. આવી જ એક ટપાલ-ગાડીમાં સાનિને એક સીટ રિઝર્વ કરાવી, પરંતુ રાત્રિના ૧૦ વાગ્યા પહેલાં ગાડી ઊપડવાની નહોતી, આથી એને ખાસ્સીવાર રાહ જોવાની હતી. નસીબજોગે મોસમ મજાની હતી અને એ દિવસોમાં પ્રખ્યાત એવી "શ્વેત-મરાલ" હોટેલમાં ભોજન કર્યા પછી સાનિન શહેર જોવા ગયો. પણ એનાથી ખાસ પ્રભાવિત ન થયો. પછી એ ગેટેનું ઘર જોવા ગયો. ગેટેની રચનાઓમાંથી એણે "વર્થેરની વ્યથા" જ માત્ર વાંચેલી હતી અને તે ય ફ્રેંચ અનુવાદમાં. પછી એ એક સભ્ય યાત્રાળુની જેમ કંટાળો અનુભવતો મેન નદીના કિનારે આંટા મારવા માંડ્યો. અંતે સાંજે લગભગ છ વાગે એ થાક્યોપાક્યો ધૂળભર્યા બૂટે ફ્રેંકફર્ટની એક અજાણી શેરીમાં પ્રવેશ્યો. આ શેરીની છાપ એની સ્મૃતિમાં ચિરકાળ રહેવાની હતી. શેરીનાં થોડાં મકાનોમાંથી એક મકાન પાસે આગળના ભાગમાં

રહેલા એક સાઇનબોર્ડ પર એની નજર પડી, જેમાં લખ્યું હતું - આ ઇટાલિયન કંદોઈ જીયોવાની રોસેલ્લીની દુકાન છે. એકાદ ગ્લાસ લેમોનેડ પીવાના ઈરાદે સાનિને એ દુકાનમાં પ્રવેશ કર્યો. આગલા ખંડમાં સાધારણ કાઉન્ટર પાછળ રંગેલી છાજલીઓ પર ચળકતા લેબલવાળી કેટલીક બાટલીઓ, કડક બિસ્કિટ, ચોકલેટ અને ફળોના રસ ભરેલી બરણીઓ પડી હતી જે દવાઓની દુકાનની યાદ આપતી હતી. બારી પાસે પડેલા એક ઊંચા નેતરના સ્ટૂલ પર બેસીને પંજા ફેલાવતી સમેટતી, આંખો પટપટાવી ઘૂરકાટા કરતી ભૂખરી બિલાડી સિવાય ત્યાં બીજું કોઈ દેખાતું નહોતું. જમીન પર ઊંધી પડેલી, નકશીકામ કરેલી લાકડાની પેટી પાસે એક કિરમજી રંગનો ઊનનો મોટો દડો પડ્યો હતો અને ઢળતા સૂર્યનાં ત્રાંસાં કિરણોમાં લાલ માણેક જેવો ચળકતો હતો. બાજુના ઓરડામાંથી અસ્પષ્ટ અવાજો સંભળાતા હતા. "કોઈ છે ?" એમ ઊંચા અવાજે કહેતાં પહેલાં સાનિન દરવાજાની ઘંટડીનો રણકાર થંભી જવાની પ્રતીક્ષા કરતો ઊભો રહ્યો. એ જ વખતે બાજુના ઓરડાનું બારણું ખૂલ્યું અને સાનિને જે જોયું એથી તેનો શ્વાસ થંભી ગયો.

• • •

લગભગ ઓગણીસેક વર્ષની એક છોકરી આગલા ખંડમાં ધસી આવી. કાળા વાળની લટો એના ખુલ્લા ખભા પર ઝૂલતી હતી. એના ઉઘાડા હાથ ફેલાયેલા હતા. સાનિન પર નજર પડતાં જ એ એના પર ધસી અને એનો હાથ પકડી પોતાની પાછળ ખેંચતી અધીશ્વાસે બોલવા માંડી, "જલદી કરો, જલદી કરો, એને બચાવો...!". આજ્ઞાપાલન કરવાની અનિચ્છાથી નહીં, પરંતુ વિસ્મયથી સાનિન એ છોકરી પાછળ તરત તો ન ગયો, પરંતુ એ જગ્યાએ મૂર્તિની જેમ જાણે જડાઈ ગયો હોય એમ ઊભો રહ્યો. એણે જીવનમાં ક્યારેય આવું સૌન્દર્ય જોયું નહોતું. "આવો, આવો ના !" કહેતી એ એના તરફ ફરી. એના ચહેરા પર, એના સ્વરમાં, એના ફિક્કા-ફિક્કા ગાલોને દબાવતા, ધ્રૂજતા હાથોના હલનચલનમાં

એવી હતાશા હતી કે એક ક્ષણ પણ ખચકાયા વિના સાનિન એની પાછળ ખુલ્લા બારણામાંથી અંદર દોડી ગયો.

છોકરીની પાછળ પાછળ એ જે ઓરડામાં પ્રવેશ્યો તેમાં ઘોડાના વાળવાળા જૂની ઢબના એક સોફા પર લગભગ ચૌદેક વર્ષનો એક છોકરો સૂતો હતો. એનો ચહેરો આશ્ચર્ય પમાડે એટલો છોકરીના ચહેરાને મળતો હતો. કદાચ એ એનો ભાઈ હતો. એના ચહેરા પર મીણ અથવા જૂના આરસપહાણ જેવી પીળાશવાળી મૃત્યુની ફિક્કાશ છવાયેલી હતી. એની આંખો બંધ હતી અને ઘેરા કાળા વાળની છાયા કોરેલા પથ્થર જેવી સ્થિર, રેખાંકિત ભ્રમર પર પડતી હતી. એના ભૂરા હોઠ વચ્ચે દાંતી બેસાડેલા દાંત દેખાતા હતા. એમ લાગતું હતું કે જાણે એ શ્વાસ જ નહોતો લેતો. એક હાથ જમીન તરફ નીચે લટકતો હતો, બીજો મસ્તક પર પડ્યો હતો. છોકરાએ સુંદર પોશાક પહેરેલો હતો. જાકિટનાં બટન ચપોચપ બીડેલાં હતાં. ખેંચીને બાંધેલી ટાઈથી એનું ગળું ભીંસાઈ ગયું હતું.

મોટેથી આક્રંદ કરતી છોકરી એના તરફ ધસી, "હાય, મરી ગયો, હાય મરી ગયો," એ વિલાપ કરતી બોલી, "હજી એક મિનિટ પહેલાં તો એ બેઠો-બેઠો મારી સાથે વાતો કરતો હતો, અચાનક પડી ગયો અને હલનચલન બંધ થઈ ગયું. હે ભગવાન ! શું એના માટે આપણે કંઈ જ નહીં કરી શકીએ ? મા બહાર ગઈ છે. પેન્તાલિયોન, પેન્તાલિયોન, ડૉક્ટર ક્યાં છે ?" એણે ઇટાલિયન ભાષામાં પૂછ્યું, "તું ડૉક્ટર પાસે ગયો હતો ને ?"

"બેટા, હું જાતે તો નહોતો ગયો, પણ લૂઈને મોકલ્યો છે." બારણા તરફથી શુષ્ક અવાજ સંભળાયો અને કાળા બટનવાળો જાંબલી કોટ, પહોળો સફેદ ક્રાવાત, નાનકીન કપડાની ટૂંકી બ્રીચિસ (ગોઠણ આગળથી તંગ એવું ટૂંકું પાટલૂન) અને ભૂરા ઊનના મોજાં પહેરેલા વાંકા પગવાળો એક ડોસો લંગડાતો લંગડાતો ઓરડામાં આવ્યો. લોખંડ જેવા ભૂરા વાળની ઝાડી નીચે એનો નાનો ચહેરો વાસ્તવમાં છુપાઈ ગયેલો. એના વાળ સીધા થઈ એકબીજામાં

ગૂંથાઈને જટાની જેમ સામે લટકતા હતા. અને એથી એ વૃદ્ધનો ચહેરો કલગીદાર મરઘા જેવો દેખાતો હતો. એ ઘેરા ભૂખરા ઢગલાની બહાર એનું લાંબું નાક અને ગોળ પીળી આંખો સિવાય બીજું કાંઈ જ દેખાતું નહોતું, એટલે જ આ ઉપમા વિશેષ યોગ્ય જણાતી હતી.

"લૂઈ ત્યાં જલદી પહોંચી જશે, હું તો હવે દોડી શકતો નથી." સંધિવાને કારણે ખેંચાયેલા પગ સરકણી ગાંઠ વાળેલા બૂટમાં વારાફરતી નાંખતાં એ ડોસાએ ઇટાલિયનમાં બોલવાનું ચાલુ રાખ્યું, "હું થોડું પાણી લાવ્યો છું." એણે પોતાની વાંકી, સૂકી આંગળીઓમાં ઉપરથી લાંબી ડોકવાળી પાણીની બાટલી જોરથી પકડી રાખી હતી. "પરંતુ એના આવતાં આવતાં તો એમિલ મરી જશે." સાનિન તરફ હાથ લંબાવતા છોકરીએ ચીસ પાડી, "ભલા સાહેબ, આના માટે શું તમે કાંઈ નહીં કરી શકો ?" જેને છોકરીએ પેન્તાલિયોન કહીને બોલાવેલો તે ડોસાએ કહ્યું, "એનું થોડું લોહી કાઢવું જોઈએ, આ હૃદયની બીમારી છે." જો કે સાનિનને વૈદકવિદ્યાનું રતીભારે ય જ્ઞાન નહોતું, તેમ છતાં એટલું તો એ ય જાણતો હતો કે ચૌદ વર્ષના છોકરાને હૃદયની બીમારી નથી થતી.

"આ હૃદયની બીમારી નથી, બેહોશી છે." એણે પેન્તાલિયોનને સંબોધતાં પૂછ્યું, "તમારી પાસે બ્રશ હશે ?" ડોસાએ ઊંચું જોયું, "શું ?"

"બ્રશ ! બ્રશ !" પહેલાં જર્મન અને પછી ફ્રેંચમાં સાનિને પાછું કહ્યું, "બ્રશ." એણે પોતાના કોટને ઝાપટવાનો મૂક અભિનય કરતાં ફરી કહ્યું.

અંતે ડોસો એ શું કહેવા માગતો હતો તે સમજ્યો.

"ઓહ, બ્રશ ! સ્પાજેન ! હા, હા, છે ને."

"અહીં લઈ આવો. આપણે એનો કોટ ઉતારીને ઘસીશું."

"સારું...! એના માથા પર પાણી નહિ રેડવું જોઈએ ?"

"ના, પછી, જાઓ જલદી બ્રશ લઈ આવો."

પેન્તાલિયોન બોટલ જમીન પર મૂકી ઓરડાની બહાર દોડ્યો.

એક ક્ષણમાં જ એ બે બ્રશ લઈને પાછો આવ્યો. એક વાળનું અને બીજું કપડાનું. એક પહાડી કૂતરો જોરજોરથી પૂંછડી હલાવતો એની પાછળ પાછળ આવી કુતૂહલથી એ ડોસા, છોકરી અને સાનિન તરફ એવી રીતે જોવા લાગ્યો જાણે આ બધી શી ધાંધલ છે એ જાણવા ન ઇચ્છતો હોય !

સાનિને સ્ફૂર્તિથી એ સૂતેલા છોકરાનો કોટ ઉતાર્યો, એની ટાઈ અને કૉલર ઢીલાં કરી નાખ્યાં, ખમીશની બાંય વાળીને ઉપર ચડાવી દીધી, પછી બ્રશ લઈ એની છાતી અને હાથને પોતાનામાં હતી એટલી શક્તિથી ઘસવા માંડ્યો. પેન્તાલિયોને બીજો વાળનો બ્રશ લઈ છોકરાના પેન્ટ અને બૂટને ઘસવા માંડ્યો. છોકરી પોતાના બંને હાથમાં માથું પકડી ધબ્બ દઈને તે સોફાની પાસે પગવાળી બેસી પડી અને પોતાના ભાઈનો ચહેરો અનિમેષ નજરે જોઈ રહી.

બ્રશ ઘસતો સાનિન ક્યારેક ક્યારેક ત્રાંસી નજરે એને જોઈ લેતો હતો. ઓહ, પ્રભુ, કેવું મોહક સૌંદર્ય !

• • •

એનું નાક જરાક લાંબું, ગરુડની ચાંચ જેવું સુંદર હતું. ઉપલા હોઠ ઉપર મુલાયમ રોમાવલીની આછી છાયા... પરંતુ શરીર મસૃણ અને સ્વચ્છ, જેની તુલના હાથીદાંત અથવા ફીકા અંબર સાથે કરી શકાય. વાળનાં ચળકતાં ગૂંચળાં પૅલેઝો પિત્તીની આર્ટગૅલેરીમાં ઇટાલિયન ચિત્રકાર અલ્લોરીની 'જ્યૂડિથ' જેવા દેખાતાં હતાં. ખાસ કરીને એની આંખો-ઘેરી ભૂરી કીકી ફરતે શ્યામ રેખાઓવાળી આશ્ચર્યજનક હતી, વિજયી આંખો - અત્યારેય ભય અને શોકને કારણે એની દીપ્તિ મ્લાન થઈ હોવા છતાં - સાનિનનું મન અજાણતાં જ જે મહાન દેશને છોડી પોતે હાલ અહીં આવ્યો હતો ત્યાં ઊડતું ઊડતું પહોંચ્યું...પરંતુ ઇટાલીમાં ય આ સુંદરતાની બરોબરી કરે એવું કાંઈ જ નજરે ન પડ્યું. છોકરી અટકી અટકીને અનિયમિત રીતે શ્વાસ લેતી હતી. જાણે દરેક શ્વાસે એ પોતાના ભાઈના શ્વાસ લેવાની પ્રતિક્રિયા કરી રહી ન હોય !

સાનિન એને ઘસતો રહ્યો, પરંતુ એ છોકરી સિવાય પણ એની આંખો બીજે ફરતી હતી. પેન્તાલિયોનનું વિચિત્ર રૂપ એનું ધ્યાન ખેંચતું હતું. બિચારો ડોસો, શ્રમથી થાકીને હાંફતો હાંફતો બ્રશના દરેક ઘસરકા સાથે ઊછળતો હતો, દયાજનક રીતે ઊંહકારા કરતો હતો અને પરસેવાથી લથબથ એના વાળનો વિશાળ ગુચ્છો ક્યારેક આ બાજુ તો ક્યારેક પેલી બાજુ ઉછાળતો હતો - જે પાણીથી ધોવાઈ ગયેલા મોટા છોડનાં મૂળિયાં જેવો લાગતો હતો.

"કંઈ નહિ તો એના બૂટ તો ઉતારો." એમ સાનિન કહેવા જતો હતો ત્યાં આ બધી અસામાન્ય ઘટનાઓથી ઉત્તેજિત થયેલો નાનો કૂતરો પોતાના આગલા પંજા પર ઝૂકીને ભસવા લાગ્યો. "તાર્તાગ્લિયા-કાનાગ્લિયા !" બુઢ્ઢો ઘૂરક્યો.

એ જ વખતે છોકરીનો ચહેરો એકદમ પલટાઈ ગયો. એની ભ્રમર ચડી ગઈ, આંખો પહોળી થઈ અને ચહેરો આનંદથી ચમકી રહ્યો.

સાનિને આજુબાજુ જોયું... છોકરાના ગાલ પર ફરી સુરખી આવી હતી, પાંપણો ફરકતી હતી અને નાકનાં ફણાં કંપતાં હતાં. દાંતી જડ્યા દાંત વચ્ચેથી શ્વાસ લેતાં છોકરાએ નિસાસો મૂક્યો.

"એમિલ, મારા એમિલ !" છોકરી પોકારવા લાગી.

વિશાળ કાળી આંખો ધીરે ધીરે ખૂલી. હજીય નજર શૂન્ય દેખાતી હતી, છતાં એમાં એક સ્મિત પથરાયું. એ જ મંદસ્મિત એના મ્લાન હોઠ પર ફરકવા માંડ્યું. એણે પોતાનો લટકતો હાથ ઊંચક્યો અને કાંઈ લૂછતો હોય એમ છાતી પર મૂક્યો.

"એમિલિયો", છોકરીએ ફરીથી બૂમ પાડી અને ઊભી થઈ. એના ચહેરા પરના ભાવ એટલા તો સજીવ અને તીવ્ર હતા કે જાણે હમણાં જ જોરથી રડવા માંડશે કે અટ્ટહાસ્ય કરવા માંડશે એવું લાગતું હતું.

"એમિલ ! શું વાત છે ? એમિલ !" દરવાજાની બીજી બાજુથી અવાજ આવ્યો અને શ્યામ રંગવાળી, સફેદ રૂપેરી

વાળવાળી, સ્વચ્છ સુસજ્જ પોશાકવાળી એક સ્ત્રી ઝડપી ચાલે ઓરડામાં પ્રવેશી. બરાબર એની પાછળ એક પ્રૌઢ પુરુષ હતો અને એની આડમાં એક નોકરાણીનું મસ્તક ક્યારેક દેખાતું હતું તો ક્યારેક છુપાઈ જતું હતું.

છોકરી એમને મળવા દોડી. "મા, એ બચી ગયો, હજી જીવે છે," એ સ્ત્રીને જોરથી ભેટી પડતાં છોકરીએ ચિત્કાર કર્યો. એનું આખું શરીર ધ્રૂજતું હતું.

"પણ થયું'તું શું ?" સ્ત્રીએ ફરી પૂછ્યું : "હું ઘરે આવી કે અચાનક જ ડૉક્ટર અને લૂઈ દેખાયાં."

છોકરી પોતાની માને જે કંઈ બન્યું હતું તે કહેવા લાગી. ડૉક્ટર દર્દી પાસે જઈ પહોંચ્યા. દર્દી મંદ-મંદ સ્મિત કરતો એકદમ ભાનમાં આવી રહ્યો હતો અને પોતાને કારણે ઊભી થયેલી મુસીબતથી શરમાઈ રહ્યો હતો.

"તમે બ્રશથી એને ઘસી રહ્યા હતા ? સારું ત્યારે," ડૉક્ટરે સાનિન અને પેન્તાલિયોનને કહ્યું,"તમે ખૂબ સારું કર્યું. ગજબની સૂઝ કહેવાય....સારું ત્યારે, હવે જોઈએ, બીજો શો ઇલાજ કરવો જોઈએ.."

એણે દર્દીની નાડ જોઈ,"હં ! જરા જીભ બતાવો તો." પેલી સ્ત્રી ચિંતાતુર થઈ છોકરા પર ઝૂકી. એ ખડખડાટ હસી પડ્યો, પોતાની આંખો એના તરફ ફેરવી અને શરમનો માર્યો લાલ થઈ ગયો.

સાનિનને થયું કે હવે એની કાંઈ જરૂર નથી, અને એ દુકાનમાં પાછો ફર્યો. પરંતુ હજી એણે શેરી તરફના બારણાની સાંકળે હાથ લગાડ્યો કે છોકરી ફરી એની સામે આવી, રોકીને ઊભી રહી, "તમે જાવ છો ?" એના ચહેરા તરફ કૃતજ્ઞતાથી જોતી એ બોલી,"હું તમને રોકવા નથી ઇચ્છતી, પરંતુ તમારે વાયદો કરવો પડશે કે આજે સાંજે તમે જરૂર આવશો. અમે તમારા ખૂબ ખૂબ આભારી છીએ. તમે ન હોત તો કદાચ ભાઈ મૃત્યુ પામત. અમે તમારો

આભાર માનવા ઇચ્છીએ છીએ. માની ઇચ્છા છે...તમારે તમારો પરિચય આપવો પડશે અને અમારા આનંદમાં ભાગ લેવો પડશે..."

"પણ, આજે રાત્રે તો હું બર્લિન જાઉં છું." સાનિને અચકાતાં અચકાતાં કહ્યું.

"તમને પૂરતો સમય મળશે," છોકરીએ ઉત્સાહથી વાત કાપી નાંખી, "એકાદ કલાક પછી આવી અમારી સાથે એક પ્યાલો ચોકલેટ પીજો. જલદી વચન આપો. મારે ભાઈ પાસે જવું છે. તમે આવશો, આવશો ને ?"

સાનિન શું કરે ? "આવીશ" એણે કહી દીધું.

મોહક યુવતીએ એનો હાથ જલદીથી દબાવ્યો અને પતંગિયાની જેમ ઊડી ગઈ. બીજી જ ક્ષણે સાનિન શેરીમાં ઊભો હતો.

• • •

દોઢેક કલાક બાદ સાનિન કંદોઈની દુકાને પાછો ફર્યો ત્યારે કુટુંબના સભ્યની જેમ એનું સ્વાગત થયું. એમિલ હજી ય તે જ સોફા પર બેઠો હતો જ્યાં એને માલિશ કરવામાં આવેલું. ડૉક્ટરે કોઈ દવા લખી આપેલી અને કહેલું કે કોઈ પણ રીતે માનસિક ઉશ્કેરાટ ન થાય તેનું ખૂબ ધ્યાન રાખજો. દર્દીના સ્નાયુ નબળા છે અને હૃદયરોગ થવાનો સંભવ છે.

પહેલાં પણ એને મૂર્ચ્છા આવ્યા કરતી હતી, પરંતુ આટલી લાંબી અને ભયંકર મૂર્ચ્છા ક્યારેય નહોતી આવી. ખેર, ડૉક્ટરે કહ્યું કે હવે ડરવાનું કોઈ કારણ નથી.

એમિલે માંદગીમાંથી ઊઠેલી વ્યક્તિને યોગ્ય એવો એક ઢીલો ડ્રેસિંગ ગાઉન પહેર્યો હતો. માએ એના ગળા પર ભૂરા ઊનનું મફલર વીંટાળી દીધું હતું. પરંતુ એ ખૂબ આનંદિત અને જાણે કોઈ ઉત્સવમાં ભાગ લેતો હોય એમ દેખાતો હતો. હકીકતમાં આખું વાતાવરણ જ ઉત્સવમય બની ગયેલું. સોફાની બાજુમાં સ્વચ્છ ટેબલ-ક્લોથથી ઢંકાયેલા એક ગોળ મેજ પર ચિનાઈ માટીની તાસકમાં

સુગંધિત ચોકલેટ ભરેલી, ચિનાઈ માટીનું કૉફીનું વાસણ, પુષ્પોની આકર્ષક એવી ગોઠવણી નજરે પડતી હતી. એની ચારે બાજુ પ્યાલા, બિસ્કિટ અને રોલ ફેલાયેલાં હતાં. ચાંદીનાં જૂનાં બે શમાદાનોમાં પાતળી પાતળી છ મીણબત્તીઓ બળતી હતી. સોફાની એક બાજુ ઊંચા ટેકાવાળી આરામખુરશી પોતાના હાથ ફેલાવી સાદર આલિંગનનું આવાહ્‌ન કરતી હતી ! એ આરામખુરશીમાં સાનિનને બેસાડ્યો. તે દિવસે કંદોઈની દુકાનમાં એને જેનો જેનો પરિચય થયેલો તે પહાડી કૂતરો તાર્તાગ્લિયા અને બિલ્લી સુધ્ધાં બધાં જ ત્યાં હાજર હતાં. મનોમન બધાં જ આનંદિત થઈ ગયેલાં. કૂતરો તો આનંદથી જાણે છીંકતો હતો. માત્ર બિલાડીના મનોભાવમાં જ કોઈ પરિવર્તન દેખાતું નહોતું, એ પહેલાંની જેમ જ આંખો મટકાવતી ખાસ શાહી ઢંગમાં જાણે હસતી હતી. સાનિને પોતે કોણ છે, ક્યાંનો છે અને એનું નામ શું છે એ કહેવું પડ્યું. જ્યારે એણે કહ્યું કે પોતે રશિયન છે ત્યારે સ્ત્રીઓએ જરા આશ્ચર્ય પ્રગટ કર્યું, જરા મોં વકાસી રહી પણ જલદીથી બંનેએ એને વિશ્વાસ આપ્યો કે એ બહુ સારી રીતે જર્મન ભાષા બોલે છે. જો કે એને ફ્રેંચ બોલવું પસંદ હોય તો ખુશીથી બોલે, કેમ કે એ બંને ભાષા પણ એ સારી રીતે બોલી -સમજી શકે છે. સાનિનને આ પ્રસ્તાવનો લાભ ઉઠાવવાનો ન ચૂક્યો. "સાનિન ! સાનિન !" કોઈ રશિયન નામ ઉચ્ચારણમાં આટલું સરળ હોઈ શકે એવું મહિલાઓએ નહોતું ધાર્યું. એનું ખ્રિસ્તી નામ - દિમિત્રી - પણ સુંદર હતું. પ્રૌઢ મહિલાએ જણાવ્યું કે એની યુવાનીમાં એણે એક બહુ સુંદર ઑપેરા "દેમેત્રિયો ઈ પાલિલિયો" સાંભળેલું, પરંતુ દેમેત્રિયો કરતાં દિમિત્રી એને ઘણું ગમ્યું. આ રીતે લગભગ એકાદ કલાક સાનિને ગપ્પાં માર્યાં. મહિલાઓએ પણ એને પોતાના વ્યક્તિગત જીવનની વિગતપૂર્ણ માહિતી આપી. મા, એટલે કે રૂપેરી વાળવાળી સ્ત્રી જ, જાણે ઇજારો લીધો હોય એમ ઘણી બધી વાતો કરતી હતી. સાનિને જાણ્યું કે એનું નામ લિયોનારા રોસેલ્લી છે. પોતાના પતિ જીયોવાની બતિસ્તા રોસેલ્લીના મૃત્યુ પછી એ વિધવાજીવન વિતાવે છે. રોસેલ્લી પચ્ચીસેક વર્ષ પહેલાં

મેન નદીને કિનારે ફ્રેંકફર્ટમાં વસ્યો હતો અને કંદોઈનું કામ કરતો હતો. જીયોવાની બતિસ્તા વિસેન્ઝાના રહેવાસી હતા અને ભલા માણસ હતા. હા, જરા ગરમ મિજાજવાળા અને ઝઘડાખોર હતા. એ ચુસ્ત ગણતંત્રવાદી હતા. એમ કહેતાં કહેતાં માદામ રોસેલ્લીએ સોફા ઉપર ટાંગેલા એક તૈલચિત્ર તરફ સંકેત કર્યો. એમણે એક ઊંડો શ્વાસ લઈને કહ્યું કે એમના પતિનો ચહેરો આથીય સુંદર અંકિત કરી શકાય, પરંતુ ચિત્રકાર પોતે ગણતંત્રવાદી હતો એટલે ચિત્રમાં એમના પતિ કોઈ ભયંકર ડાકુ જેવા, રિનાલ્દો રિનાલ્દિની જેવા દેખાય છે. માદામ રોસેલ્લી એ પ્રાચીન અને સુંદર પર્મા શહેરનાં વતની હતાં. જયાંનાં શાનદાર દેવળોના ઘુમ્મટો અમર કારેજિયોનાં ભીંતચિત્રોથી સુસજ્જિત છે. તેમ છતાં જર્મનીમાં લાંબો સમય રહેવાથી તે એકદમ જર્મન બની ગઈ છે. માથું હલાવી ખેદપૂર્વક એમણે જણાવ્યું કે,"આ પુત્રી અને પુત્ર સિવાય હવે એમનું કોઈ નથી રહ્યું(એણે વારાફરતી બંને તરફ આંગળી ચીંધી); પુત્રીનું નામ જેમ્મા અને પુત્રનું નામ એમિલ હતું. બંને ભલાં અને આજ્ઞાંકિત સંતાનો હતાં. વિશેષ કરીને એમિલ. "અને શું હું આજ્ઞાંકિત નથી?" પુત્રી બોલી. "ઓહ, પણ તું ગણતંત્રવાદી છે," માએ વળતો ઉત્તર આપ્યો. પતિની હયાતીમાં જેવો કારભાર ચાલતો હતો તેવો હવે નથી ચાલતો, કારણ કે મીઠાઈ બનાવવાનો સાચો કસબ એમને આવડતો હતો. અત્યંત ગંભીરતાથી પેન્તાલિયોન ભારપૂર્વક બોલી ઊઠ્યા,"એમની તો વાત જ ન થાય. એ મહાન હતા." પણ ઈશ્વરનો આભાર કે એમને કાંઈ ફરિયાદ નથી.

• • •

જેમ્મા ક્યારેક સ્મિત કરતી, નિઃશ્વાસ નાંખતી, ક્યારેક માનો ખભો હળવેથી થાબડતી, ક્યારેક નાપસંદગીથી મા તરફ જોઈ લેતી હતી, થોડીવાર પછી એ ઊઠી અને માના ગળે વળગી પડી. બરાબર હડપચી નીચે ગળાને ચૂમીને એમને ખડખડાટ હસાવી દીધી. સાનિનને પેન્તાલિયોનનો પણ પરિચય કરાવ્યો. જાણવા મળ્યું કે એ એક વખત ઓપેરામાં ખરજ સ્વરમાં ગીત ગાતો હતો, પરંતુ ઘણા

સમયથી રંગમંચ છોડીને રોસેલ્લી કુટુંબનો સભ્ય બની ગયો છે. આ કુટુંબમાં મિત્ર અને નોકરની વચ્ચેનું સ્થાન એણે મેળવી લીધું. જર્મનીમાં લાંબો સમય રહેવા છતાં એ જર્મનભાષા સારી રીતે બોલી શકતો નહોતો, બસ માત્ર એ ભાષામાં ગાળો બોલી જાણે બીજું કાંઈ નહીં. જેટલી ગાળો જાણતો હતો તેનું ય ખૂન કરી નાંખતો હતો. લગભગ દરેક જર્મનને એ ('Ferroflucto Spiccebubbio') 'પાજી બદમાશ' કહેતો હતો. સિનિગાગ્લિયા એની જન્મભૂમિ હતી, એટલે ઇટાલિયન ભાષા સારી રીતે બોલી શકતો હતો. એની જન્મભૂમિમાં આજેય રોમનોના મોઢે 'ટસકન' ભાષા સંભળાય છે.

એમિલ અલસતાથી આરામ માણતો હતો, હાલ જ ભયમુક્ત થઈને સ્વસ્થતા મેળવી રહેલી વ્યક્તિની આનંદદાયક અનુભૂતિમાં મગ્ન હતો. કુટુંબમાં એ સૌનો લાડકો હતો એ સ્પષ્ટ દેખાતું હતું. એણે શરમાતાં શરમાતાં સાનિનનો આભાર માન્યો. જો કે શરબત પીવામાં અને મીઠાઈ ખાવામાં જ એણે વિશેષ સમય ગાળ્યો. સાનિનને લિજ્જતદાર ચોકલેટના બે મોટા પ્યાલા પીવા મળ્યા અને ઢગલાબંધ બિસ્કિટ પણ ખાવા પડ્યાં. એક પૂરું ન કર્યું હોય ત્યાં જેમ્મા બીજું લઈ આવતી અને ત્યારે ના પાડવાનું અશક્ય બની જતું. જલ્દીથી એને ત્યાં ઘર જેવું લાગવા માંડ્યું અને સમય પણ માની ન શકાય એટલી ઝડપથી વીતી ગયો. સાનિનને પણ એમને ઘણી વાતો કહેવી પડી - રશિયા વિશે, રશિયાની આબોહવા, રશિયન સમાજ, રશિયન ખેડૂત અને ખાસ કરીને કૉસાક્સ વિશે, ૧૮૧૨ની લડાઈ, ક્રેમલિન, રશિયન ગીતો, દેવળોના ઘંટ વિશે વાતો થઈ. રશિયાની આ અતિવિશાળ સુદૂર જન્મભૂમિ વિશે એ બંને મહિલાઓની ધારણા ધૂંધળી હતી. માદામ રોસેલ્લી અથવા તો લોકો એને સામાન્ય રીતે ફ્રાઉ* લિનોર કહીને બોલાવતા. પાછલી સદીમાં પીટર્સબર્ગમાં જે પ્રસિદ્ધ હિમભવન બાંધેલું તે શું આજેય મોજૂદ છે ? એમ પૂછીને એણે સાનિનને આશ્ચર્યચકિત કરી મૂકેલો.

★ જર્મનભાષામાં 'ફ્રાઉ' એટલે સન્નારી

હમણાં થોડા સમય પહેલાં જ એમણે પોતાના સ્વર્ગીય પતિનાં પુસ્તકોમાંના એક પુસ્તક "કલાનું સૌંદર્ય"માં એક બહુ સરસ લેખ વાંચેલો. એના જવાબમાં જ જ્યારે સાનિને પૂછ્યું, "તો શું તમને એવો ખ્યાલ છે કે રશિયામાં ઉનાળો હોતો જ નથી ?" ફ્રાઉ લિનોરે સ્વીકાર્યું કે હજી સુધી તો એ રશિયાને ચિરંતન હિમપ્રદેશ સમજતી હતી, જ્યાં બધાં માણસો ફરનો કોટ પહેરી ફરે છે, બધા પુરુષો લશ્કરમાં હોય છે છતાં અત્યંત આતિથ્યપ્રેમી છે. અને ખેડૂતો વિનમ્ર છે. સાનિને એમને અને એમની પુત્રીને રશિયા વિશે અપેક્ષાકૃત કંઈક વધારે વાસ્તવિક વાતો કહેવાનો પ્રયત્ન કર્યો. જેવો રશિયન સંગીતનો ઉલ્લેખ થયો કે તરત જ એને એક રશિયન ગીત ગાવા માટે વિનંતી કરવામાં આવી. ખંડના એક ખૂણામાં સીધા ઊભેલા નાનકડા પિયાનો તરફ એનું ધ્યાન દોરવામાં આવ્યું. એ પિયાનોમાં કાળીની જગ્યાએ સફેદ અને સફેદની જગ્યાએ કાળી કળો હતી. આગ્રહની રાહ જોયા વિના સાનિન એમની માંગણીને સંતોષવા ચાલ્યા. જમણા હાથની બે અને ડાબા હાથની ત્રણ (અંગૂઠો, મધ્યમા અને કનિષ્ઠિકા) આંગળીઓની સંગતથી સાનુનાસિક તાર સ્વરમાં પહેલાં એણે "ધ રેડ સરાફાં" અને એથીય વધુ "પથ પર"ની શબ્દાવલી (મૂળ ભાવનો એણે અનુવાદ કર્યો "પથ પર તરુણી જઈ રહી છે જળ ભરવાને") રશિયન કવિતા વિશે ભાગ્યે જ એ શ્રોતાઓના મનમાં કોઈ ઊંચી ધારણા ઉત્પન્ન કરે એટલે એણે પહેલાં પાઠ કર્યો, પછી એનો અનુવાદ કર્યો અને અંતે ગ્લિનકાએ બાંધેલી સુરાવલીમાં "ભુલાતી નથી સુખની એ ક્ષણ" ગાયું. (કોમળ સ્વરો પર જરા તકલીફ થઈ. આ વખતે મહિલાઓ બહુ ઉત્સાહિત હતી. ફ્રાઉ લિનોરે તો ખરેખર રશિયન અને ઇટાલિયન ભાષામાં એક અસાધારણ સમાનતા શોધી કાઢી. એને પુશ્કિન (જેને એમણે પુશકિન ઉચ્ચાર્યું) અને ગ્લિનકા એ બંને નામો બહુ પરિચિત લાગ્યાં. હવે મહિલાઓને ગાવાની વિનંતિ કરવાનો સાનિનનો વારો આવ્યો. એ લોકો પણ આનાકાની વિના ગાવા તૈયાર થઈ ગયાં. ફ્રાઉ લિનોર પિયાનો વગાડવા બેઠી અને એમણે તથા જેમ્માએ એકસાથે કેટલાય

'Duettini' અને 'Stornelli' ગાયાં. માનું ગળું એક વખત જરૂર અત્યંત સૂરીલું હશે, બહુ કેળવાયેલું ન હોવા છતાં દીકરીનું ગળું પણ મધુર હતું.

પરંતુ સાનિનને જેમ્માના સ્વરે એટલો આકર્ષિત ન કર્યો જેટલો ખુદ જેમ્માએ. એમની સહેજ પાછળ એક બાજુએ એ બેઠો હતો અને મનોમન બોલતો હતો, "આ છોકરીની દેહલતાના સૌન્દર્યની બરાબરી પામવૃક્ષ પણ ન કરી શકે, આધુનિક ફેશનના રશિયન કવિ બેની ડિક્ટોવ કવિતાનું પામવૃક્ષ પણ નહીં." ગીતના આવેગપૂર્ણ અંશ ગાતી વખતે જ્યારે એ આંખો ઊંચી કરી ખંડની છત તરફ જોઈ રહી હતી ત્યારે સાનિનને થયું ખુદ સ્વર્ગ પણ આ ચિતવત્ સામે વિચલિત થઈ જાય. પહોળા મફલરમાં ઢંકાયેલી દાઢી અને મુખવાળો વૃદ્ધ પેન્તાલિયોન બારસાખને ટેકે કદરદાની ભર્યો ઝૂકીને ગંભીરભાવે ગીત સાંભળી રહ્યો હતો. અલબત્ત, આ દૃશ્ય એને માટે નવું ન હતું. છતાં એ છોકરીનો સુંદર ચહેરો જોઈ એ ય મુગ્ધ બની ગયેલો. છોકરીએ જ્યારે લયગીત પૂરું કર્યું ત્યારે ફ્રાઉ લિનોરે કહ્યું કે, "એમિલનું ગળું પણ અદ્‌ભુત છે, ચાંદીના રણકા જેવું, પરંતુ અવાજ બદલાવાની ઉંમરે એ પહોંચી ગયો છે." (અને ખરેખર એ હંમેશા ફાટેલા અવાજે બોલતો હતો.) એટલે એને ગાવાની મનાઈ કરી છે. પરંતુ અતિથિના સન્માનમાં પેન્તાલિયોન પોતાના વીતી ગયેલા દિવસોને ફરી સાકાર કરે તો શો વાંધો છે ? પેન્તાલિયોન તરત જ છેડાઈ પડ્યો. ભવાં ચડાવી, વાળ પર હાથ ફેરવી એણે સ્પષ્ટ કહી દીધું કે એ બધું તો એણે બહુ સમય પહેલાં જ છોડી દીધું છે. એ ખરું છે કે યુવાનીમાં એ સારું ગાઈ-વગાડી જાણતો, જ્યારે વાસ્તવિક શાસ્ત્રીય સંગીત જીવંત હતું એ મહત્ત્વના યુગનો એ માનવી હતો, જેની સરખામણી આજની પેઢીની કર્કશ ચિચિયારી સાથે ન થઈ શકે.

એ યુગમાં સંગીત એ સાધના હતી. એકવાર એને અર્થાત્ વરેસેના પેન્તાલિયોન સિપ્પાતોલાને જ મોડેનામાં વિજયમાળા પહેરાવેલી અને એ જ વખતે થિયેટરમાં સફેદ કબૂતરો પણ ઉડાડેલાં.

એક રાજકુમાર તારબુસ્કી હતા, એ રશિયન હતા અને એમને પેન્તાલિયોન સાથે ગાઢ દોસ્તી હતી. ભોજનના મેજ પર તેઓ હમેશાં એને રશિયા આવવા કહેતા અને વાયદો કરતા કે જો એ ત્યાં આવી જશે તો પેન્તાલિયોન આગળ ધનનો ઢગલો થઈ જશે. પરંતુ દાન્તેના આ દેશ ઇટાલીને છોડવાનો વિચાર સુધ્ધાં એ સહન ન કરી શકતા. જો કે ત્યાર પછી કમનસીબે એવી ઘટનાઓ બની ગઈ કે એની અસાવધાનીને કારણે જ તો....વૃદ્ધ પેન્તાલિયોન એટલું કહી થંભી ગયો, પાંપણ નીચે ઢાળી એક-બે વાર ઊંડો શ્વાસ લઈ ફરી સંગીતના એ મહાન શાસ્ત્રીય યુગ અને પ્રખ્યાત તારસપ્તકકંઠી ગાર્ચિયાની વાતો કરવા માંડ્યો. ગાર્ચિયા માટે એના હૃદયમાં અસીમ આદર હતો.

"એ ખરો માનવી હતો !" એ કહેવા લાગ્યો, "આજના ગણગણતા ગાયકોની જેમ કૃત્રિમ રાગડા તાણી મહાન ગાર્ચિયાએ કદી પોતાની જાતને નીચે નથી પાડી. ફક્ત શુદ્ધ સ્વરો સિવાય બીજું કંઈ જ એમના ગળામાંથી નહોતું નીકળતું." વૃદ્ધે પોતાના ખમીશની બગલ પોતાની નાની, સૂકી મૂઠીઓથી ઝટકો માર્યો, "અને ગજબનો અભિનેતા ! સાક્ષાત્ જ્વાળામુખી જ જોઈ લો, જ્વાળામુખી જ. આઠેક વાર મને એમની સાથે ગાવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયેલું. અને એ ઓપેરા પણ પ્રસિદ્ધ ઉસ્તાદ રોસિનીનું ઓપેરા હતું. ગાર્ચિયા ઓથેલો બનતા, હું ઇયાગો. જ્યારે એ આ શબ્દો બોલતા..." અહીં પેન્તાલિયોને ભાવ પલટી નાંખ્યા અને ફાટેલા, કાંપતા પણ કંપનભરી સ્વરમાં ગાવાનું શરૂ કર્યું :

"હવે ના ડરું હું કિસ્મતથી
ના ડરું, ના ડરું !"

પૂરો હોલ કંપવા માંડતો, સાહેબ ! પરંતુ હું જાતને સંભાળી લેતો અને એની પાછળ ગાતો :

"હવે ના ડરું હું કિસ્મતથી
ના ડરું, ના ડરું,"

અને અચાનક એ મેઘગર્જનાની જેમ, વાઘની જેમ ગરજી પડતા : "હું મરી રહ્યો છું... પરંતુ બદલો ન લઈ શક્યો !" "અથવા તો જ્યારે પ્રસિદ્ધ ગીતોના શબ્દો 'ઊછળતા અશ્વો'ના મહાન ગાર્યિયા ગાઈ રહ્યો હોય તે સાંભળવા જેવા હોય છે. કેવું બેજોડ ? એ...!" વૃદ્ધે એક અસામાન્ય ગીત ગાવું શરૂ કર્યું, પણ નવ કે દસ માત્રાએ પહોંચતાં જ અટકી ગયો, પછી ગળું ખંખારી હાથ હલાવતો એક બાજુ ચાલ્યો ગયો અને બબડ્યો : "મને શા માટે પજવો છો ?" તરત જ જેમ્મા ખુરશીમાંથી ઊછળી અને તાળીઓ વગાડતી, "શાબાશ ! શાબાશ !"ની બૂમો પાડતી, અકર્મણ્ય, એકાકી ઇયાગો પાસે ગઈ અને બંને હાથે લાગણીપૂર્વક પેન્તાલિયોનના ખભા થાબડ્યા. માત્ર એમિલે દયાહીન હાસ્ય કર્યું. પરંતુ બહુ વખત પહેલાં જ લા ફોન્તેઇન લખી ગયેલા : આ જમાનો દયાને જાણતો નથી.

સાનિને એ વૃદ્ધ ગાયકને સાંત્વન આપવાનો પ્રયત્ન કરતાં એની સાથે ઇટાલિયન ભાષામાં વાતો કરવી શરૂ કરી (એની છેલ્લી મુસાફરીમાં એણે આ ભાષા થોડી શીખી લીધેલી.) "Paese del Dante, dove il si suona, Larsciate ogni speranza...." ("દાન્તેનો દેશ, જ્યાં અવાજ આશાહીન થઈ ચૂક્યો છે"...) પંક્તિમાં જ ઇટાલિયન કાવ્ય બાબત એનું બધું જ્ઞાન આવી જતું. પરંતુ પેન્તાલિયોન એના આ પ્રયત્નોથી શાંત ન થયો. પોતાના મફલરમાં મોં ઘુસાડી વિશાદપૂર્ણ નજરે તાકી રહ્યો, આથી તે કાગડા કે સમડી જેવા ક્રોધી પંખી જેવો દેખાતો હતો. પછી એમિલે લાડકા બાળક જેવા સહેજ લાજવાબ સ્મિત સાથે બહેન તરફ ફરીને કહ્યું કે, "જો મહેમાનનું મનોરંજન જ કરવું હોય તો માલ્ટ્ઝનાં પ્રહસનોમાંથી એકાદ સંભળાવ. તું એથી વધારે સારું બીજું કંઈ નહીં કરી શકે." જેમ્મા હસી પડી અને ભાઈના હાથ પર ટપલી મારતી બોલી, "તને તો હંમેશાં મજાક જ સૂઝે છે." એ તરત પોતાના ઓરડામાં જઈ એક નાનકડું પુસ્તક લઈ આવી. લાઇટ પાસે મેજ પર બેસી ચારેબાજુ જોઈને એણે આંગળી ઊંચી કરી, જાણે કહેતી ન હોય "મહેરબાની

કરી શાન્ત થઈ જાઓ !" અને પછી એણે વાંચવાનું શરૂ કર્યું.

• • •

લેખક માલ્ટ્ઝ ૧૮૩૦ના સમયગાળામાં ફ્રેંકફર્ટમાં રહેતો હતો. એણે સ્થાનિક બોલીમાં જ સ્થાનિક ચરિત્રોને રજૂ કરતાં હળવાં નાનકડાં પ્રહસનો લખેલાં. આ ચરિત્રોમાં જો કે બહુ ઊંડાણ નહોતું છતાંયે મનોરંજક અને રમૂજ ઉત્પન્ન કરે એવાં હતાં. જેમ્મા ખરેખર સારું વાંચતી હતી. વ્યવસાયી અભિનેત્રીની જેમ. એણે દરેક પાત્રની વિશેષતાને માત્ર ઉઠાવ જ ન આપ્યો, પરંતુ ઇટાલિયન લોહીના વારસાગત સંસ્કારોથી નકલ કરવાની જે શક્તિ મળેલી એના દ્વારા એ બધી વિશેષતાઓને અંત સુધી ઠીક ઠીક નિભાવી રાખી. કોઈ અર્ધપાગલ વૃદ્ધા કે બુદ્ધુ સરપંચને રજૂ કરવાના હોય તમે હાસ્યાસ્પદ હાવભાવ સાથે, આંખો પટપટાવી, નાકનું ટીચકું ચડાવી, તોતડું બોલીને અને કિલકારીઓ કરતાં એણે પોતાના અદ્વિતીય સ્વર કે સુંદર ચહેરાની દરકાર ન કરી. વાંચતાં વાંચતાં એ જરાય હસી નહીં. પરંતુ એનાં શ્રોતાઓએ (પેન્તાલિયોન સિવાય "કેવો બદમાશ છે આ જર્મન"નો સવાલ ઊઠતાં જ એ ત્યાંથી ખસી ગયા હતા) જ્યારે ખડખડાટ હાસ્ય સાથે એને વચમાં જ રોકી લીધી ત્યારે એણે પુસ્તક ખોળામાંથી પડવા દીધું, માથું પાછળ ઢાળી એ ખનકતા અવાજે હસી પડી. એના હાલતા ખભા અને ગરદન પર કાળા કાળા વાળના મુલાયમ ગુચ્છા નાચવા લાગ્યા. અચાનક હાસ્ય શમતાં જ એણે પુસ્તક ઉપાડી ચહેરા પર યોગ્ય ભાવ લાવી ગંભીરતાથી વાંચવાનું શરૂ કર્યું. સાનિન તો જાણે વારી ગયા એનો શાસ્ત્રમાં વર્ણવ્યા પ્રમાણેનો સુંદર ચહેરો કેવી સરળતાથી ક્યારેક મજાકિયો તો ક્યારેક અત્યંત સામાન્ય ભાવ પ્રગટ કરી શકે એ વાતે એને સૌથી વધુ પ્રભાવિત કર્યો. જેમ્મા નવયુવતીઓ જેને સુસંસ્કૃત મહિલાઓ કહીએ-નો પાર્ટ અદા કરવામાં એટલી સફળ ન થઈ. પ્રણયનાં દૃશ્યોમાં તો એ બિલકુલ ન જામી. ખુદ એને જ એવું લાગ્યું એટલે આ વિભાગને એણે કંઈક એવા મજાકિયા રીતે વાંચ્યો, જાણે આ ભારે વચનો અને લાંબાં લાંબાં ભાષણોમાં એને

સહેજે વિશ્વાસ ન હોય ! લેખકે પણ બનતા સુધી આવા અંશો ઓછા લખેલા.

સંધ્યા કઈ રીતે વીતી ગઈ એનું સાનિનને ધ્યાન જ ન રહ્યું. ઘડિયાળમાં દસ વાગ્યા ત્યારે એને યાદ આવ્યું કે હજી તો એણે મુસાફરી કરવાની છે. જાણે ડંખ લાગ્યો હોય એમ એ ઊછળ્યો.

"શું થયું ?" ફ્રાઉ લિનોરે પૂછ્યું.

"અરે, આજે રાત્રે તો મારે બર્લિન જવાનું છે. હું ટપાલની ઘોડાગાડીમાં મારી સીટ માટે કહી આવ્યો છું."

"કેટલા વાગે ગાડી ઊપડે છે ?"

"સાડા દસે."

જેમ્માએ કહ્યું, "ત્યારે તો તમે મોડા પડ્યા. હવે રહી જાઓ. હું આગળ વાંચું છું."

"તમે બધા પૈસા ચૂકવી દીધા છે કે પછી થોડી ડિપોઝિટ જ મૂકી છે ?" ફ્રાઉ લિનોરે પૂછ્યું.

"પૂરા ચૂકવી દીધા છે." અત્યંત દુઃખ સાથે સાનિને જોરથી ઊંડો શ્વાસ લીધો.

જેમ્માએ ઝીણી આંખો કરી એની સામે ધ્યાનથી જોયું અને પછી હસી પડી. માએ એને જરા ઠપકો આપ્યો. "વગર કારણે આ સજ્જનના પૈસા પડી ગયા અને તું હસે છે ?"

"કંઈ વાંધો નહીં." જેમ્મા બોલી, "એથી એ કંઈ ગરીબ નથી થઈ જવાના. આપણે એમને આશ્વાસન આપીશું. થોડું લીંબુનું શરબત પીઓ."

સાનિને એક ગ્લાસ શરબત પીધું. જેમ્માએ ફરી માલ્ટ્ઝને વાંચવાનું શરૂ કર્યું અને બધું પહેલાંની જેમ જ આનંદમય રીતે ચાલવા લાગ્યું. ઘડિયાળમાં બારના ટકોરા પડ્યા. સાનિન વિદાય લેવા ઊભો થયો.

જેમ્માએ કહ્યું, "હવે તમારે ફ્રેંકફર્ટમાં થોડા દિવસ વધારે

રોકાવું પડશે, તમારે ઉતાવળ કરવાની જરૂર નથી. આટલું સારું બીજું કોઈ શહેર નહીં મળે." એક ક્ષણ એ ચૂપ રહી. પછી સ્મિત સાથે બોલી, "ખરેખર નહીં મળે."

સાનિને કાંઈ જવાબ ન દીધો. મનોમન બોલ્યો, બર્લિનના એક મિત્રને લોન માટે લખવું પડશે, અને જ્યાં સુધી એનો જવાબ ન આવે, ત્યાં સુધી ખાલી ખિસ્સાં મને અહીં મને-કમને રોકી જ રાખશે.

"હા, હા, જરૂર રહી જાઓ." ફ્રાઉ લિનોર બોલી અને જેમ્માના ભાવિ પતિ હર કાર્લ ક્લૂબરની ઓળખાણ કરાવીશું. આજે પોતાની દુકાનમાં કામ હોવાને કારણે એ આવી શક્યા નહીં. નાઇલના કિનારે કદાચ તમે જોઈ હોય, શહેરની સૌથી મોટી સુતરાઉ અને રેશમી કપડાંની દુકાન છે. એ જ એના ઉપરી છે. તમારો પરિચય થવાથી એમને પણ અત્યંત આનંદ થશે."

ભગવાન જાણે કેમ, આ વાત જાણી સાનિનને થોડું દુઃખ થયું. "નસીબદાર વ્યક્તિ" એ વાત જાણે એના મનમાં ચમકી. જ્યારે એણે જેમ્મા તરફ જોયું ત્યારે એની આંખોમાં એક વ્યંગ્યભાવ જણાયો. એ વિદાય માંગવા લાગ્યો.

"કાલ સુધી જ ને ? તમે કાલે આવશો- આવશો ને ?" લિનોરે પૂછ્યું.

"કાલે મળીશું." જેમ્માએ પ્રશ્નવાચક સ્વરમાં નહીં પરંતુ એવી નિશ્ચયાત્મક રીતે કહ્યું જાણે એના સિવાય બીજો કોઈ ઉપાય જ ન હોય.

"હા, કાલ સુધી જ." સાનિને જવાબ આપ્યો. એમિલ, પેન્તાલિયોન અને વાંકડિયા વાળવાળો નાનો કૂતરો તાર્તાગ્લિયા શેરીના નાકા સુધી મૂકવા ગયા. જેમ્માના વાંચનને કારણે પેન્તાલિયોનને જે અસંતોષ થયેલો તે એ દબાવી નહોતો શકતો.

"એને શરમ આવવી જોઈએ. મોં મચકોડે છે, ખડખડાટ હસે છે. આ કેવા સંસ્કાર ? અભિનય જ કરવો હોય તો મેરોપ કે

ક્લાઈટામેનસ્ટ્રાનો અભિનય કરવો જોઈએ. જે મહાન અને કરુણાસભર છે. આ તો સડેલું જર્મન વાંચીને મજા માણે છે. આવું તો હું ય કરી શકું." મફલરમાંથી મોં કાઢી આંગળીઓ ફેલાવી ભારે સાદે એણે ઊમેર્યું, "Mehrz, Kerz, Schmerz." તાર્તાગ્લિયા એની સામે ભસવા માંડ્યો અને એમિલ ખડખડાટ હસી પડ્યો. બુઢ્ઢો એકદમ ગોળ ફર્યો અને પાછો ગયો.

સાનિન કંઈક દિગ્મૂઢતા અનુભવતો "શ્વેતમરાલ"માં પાછો ફર્યો. એના કાનોમાં હજીયે જર્મન, ફ્રેંચ અને ઇટાલિયન વાતો રણકી રહી હતી.

પોતાની સસ્તી હોટેલના કમરામાં એ પથારીમાં પડ્યો અને ગણગણ્યો,"ભાવિ પત્નીનું કેવું અદ્ભુત સૌંદર્ય છે ! પરંતુ હું અહીં રોકાયો શા માટે ?"

બીજે દિવસે ગમેતેમ એણે પોતાના બર્લિનના મિત્રને પત્ર લખી નાંખ્યો.

● ● ●

હજી એણે કપડાં પણ બદલ્યાં નહોતાં ત્યાં વેઈટરે આવીને ખબર દીધા કે બે સજ્જનો તમને મળવા ઇચ્છે છે. એમાંથી એક તો એમિલ નીકળ્યો. બીજા હતા સારા તંદુરસ્ત શરીરવાળા, પ્રભાવશાળી વ્યક્તિત્વવાળા અને પ્રમાણસર ચહેરાવાળા હર કાર્લ ક્લૂબર - સુંદરી જેમ્માના ભાવિ પતિ.

આખા ફ્રેંકફર્ટમાં હર ક્લૂબર જેવો સભ્ય, સન્માનનીય, ગંભીર અને શિષ્ટ દુકાનદાર ભાગ્યે જ બીજી કોઈ દુકાનમાં જોવા મળતો. એની વેશભૂષાની ત્રૂટિહીનતા, એના હાલ-ચાલની મર્યાદા એની શોભાને પૂર્ણ અનુકૂળ હતી. એ ખરું છે કે એ અંગ્રેજો જેવો જરા લાગણીહીન અને અતડો દેખાતો હતો. (ઇંગ્લૅન્ડમાં એણે બે વર્ષ વિતાવેલાં) તેમ છતાં એના વર્તનમાં આકર્ષક આભિજાત્ય હતું. પહેલી નજરે એ તો સ્પષ્ટ હતું કે આ સુંદર યુવક કંઈક કઠોર, અત્યંત ખાનદાન, સુઘડ, પોતાના ઉપરીઓનો આજ્ઞાંકિત અને

નીચેનાઓ પર હુકમ ચલાવવાની ટેવવાળો છે, અને પોતાની દુકાનના કાઉન્ટરની પાછળ રહી દરેક ગ્રાહકના હૃદયમાં જરૂર પોતાના પ્રત્યે સન્માન ઉત્પન્ન કરતો હશે. એની અલૌકિક પ્રામાણિકતા બાબત સહેજે શંકાને સ્થાન નહોતું, એની ખાતરી માટે તમારે એના કાંજી કરેલા કૉલર જ જોવા રહ્યા. એને જોઈને જેવા સ્વરની આશા જાગે, એવો જ મધુર, આત્મવિશ્વાસથી રણકતો, બહુ ઊંચો નહીં, આરોહ-અવરોહમાં કોમળતાની છાંટવાળો હતો, આવો અવાજ દુકાનના સહકર્મીઓને આજ્ઞા દેવામાં ઉત્તમ રીતે અનુકૂળ બની જાય છે, "પેલા ગુલાબી લિયોન મલમલની લંબાઈ તો બતાવો", "મહિલાઓ માટે ખુરશી લાવો."

હર ક્લૂબરે પોતાનો પરિચય આપી વાતચીત શરૂ કરી. એની તરફ જરા લળીને, આભાર પ્રદર્શિત કરવા પગને જરા આગળ લંબાવી અને પગની એડીઓ શિષ્ટ રીતે મિલાવી એણે આ પરિચય કંઈક એવી સ્વાભાવિક ક્ષમતાથી આપ્યો કે કોઈને પણ એમ લાગ્યા વિના ન રહે કે આ માણસની દુકાનનું કપડું અને આત્મિક ગુણો બંને પ્રથમ કક્ષાનાં છે. પોતાનો મોજા વગરનો હાથ એણે મિત્રતાના વિનમ્ર આશ્વાસન સાથે સાનિન તરફ લંબાવ્યો. (સ્વેડના મોજાની અંદર ખૂંપાયેલા એના ડાબા હાથમાં દર્પણ જેવો ચળકતો એક ટોપો હતો જેના પર બીજું મોજું હતું.) એનો ઉઘાડો જમણો હાથ જોઈને સાનિનને આશ્ચર્ય થયું. એ માની નહોતો શકતો કે આવો પણ કોઈનો હાથ હોય - એ હાથનો એકેએક નખ સ્વયં એક એક કલાકૃતિ હતો. અત્યંત સુસંસ્કૃત જર્મનમાં એ આગળ કહેવા લાગ્યો કે પોતાના ભાવિ સંબંધી, ભાવિ પત્નીના ભાઈ પર આટલો મોટો ઉપકાર જે પરદેશી સજ્જને કર્યો છે એમના તરફ એ પોતાની શ્રદ્ધા અને કૃતજ્ઞતા પ્રગટ કરવા ઇચ્છે છે. એટલું કહી ટોપાવાળા ડાબા હાથે એણે એમિલ તરફ ઇશારો કર્યો. એમિલ જાણે સંકોચ પામી મોંમાં આંગળી નાંખી બારી તરફ ફરી ગયો. હર ક્લૂબરે આગળ કહ્યું કે જો એ વિદેશી સજ્જનના કંઈ કામમાં આવી શકે તો એથી એને અત્યંત આનંદ થશે. સાનિને ભાંગી-તૂટી જર્મનમાં કહ્યું કે

એને પણ ખૂબ આનંદ થયો છે, અને જે કાંઈ સેવા કરી છે એ તો બહુ નાની વાત છે. એણે પોતાના મહેમાનોને બેસવા માટે કહ્યું. આભાર માની હર ક્લૂબર પોતાના કોટના પાછળથી કપાયેલા ભાગોને વીજળીની સ્ફૂર્તિથી નચાવતો, ફેલાવતો ખુરશી પર બેસી ગયો, પરંતુ એટલી હળવાશથી બેઠો અને ખુરશી પર કંઈક એવો અતડો રહ્યો કે એ સમજવું સહેજે મુશ્કેલ નહોતું કે માત્ર શિષ્ટાચાર ખાતર જ બેઠો છે, અને ક્ષણમાત્રમાં જ ઝડપથી ચાલ્યો જશે. અને ખરેખર એ જલદીથી ચાલ્યો પણ ગયો. જવાના સમયે નૃત્યના તાલ પર નમ્રભાવે કદમ પાડતો એ કહેતો ગયો કે એણે હમણાં જ દુકાને જવાનું છે. એથી દુર્ભાગ્યે એ વિશેષ રોકવા અસમર્થ છે. કામ પડેલું, પરંતુ આવતીકાલે રવિવાર છે. એણે ફ્રાઉ લિનોરે અને ફ્રાઉલીન જેમ્માની મંજૂરીથી સાડેનમાં પર્યટનની વ્યવસ્થા કરી છે. એમાં જોડાવા માટે વિદેશી સજ્જનને તે આમંત્રણ આપે છે અને એને આશા તથા વિશ્વાસ છે કે એ અવસરને પોતાની ઉપસ્થિતિથી સુશોભિત કરવા માટે એ અસમ્મત નહીં થાય. સાનિન જ્યારે પોતાની ઉપસ્થિતિથી પર્યટનની શોભામાં અભિવૃદ્ધિ કરવા અસમ્મત ન થયો ત્યારે હર ક્લૂબરે એના પ્રત્યે શ્રદ્ધા પ્રગટ કરી વિદાય લીધી. વિદાય લઈ જતી વેળા એના પોપટિયા રંગના પાટલૂનની ચમક તો સુંદર હતી જ, વળી એના ચળકતા નવા બૂટનો ચમચમાટ પણ કંઈ ઓછો મધુર નહોતો.

• • •

બેસવા માટે સાનિને વિનંતિ કર્યા છતાં એમિલ બારી પાસે જ ઊભો રહ્યો. જેવી એના ભાવિ બનેવીએ વિદાય લીધી કે તરત જ એ પાછો ફર્યો, બાળકની જેમ મોં ફુલાવી, શરમાઈને એણે સાનિનને પૂછ્યું કે એ શું થોડો વધુ સમય રોકાઈ શકે ? સાથે એ પણ કહ્યું, “આજે તો હું એકદમ સારો છું. પરંતુ ડૉક્ટર કહે છે કે મારે કામ ન કરવું જોઈએ.”

“જરૂર રોકાઓ, તમારા રોકાવાથી મને કાંઈ મુશ્કેલી નથી.” કંઈ ને કંઈ કરવાનું નિમિત્ત મળતાં પ્રસન્ન થતાં એક સાચા રશિયનની

જેમ સાનિને પણ પ્રસન્નતાથી કહ્યું.

એમિલે એનો આભાર માન્યો. થોડી જ વારમાં એની સાથે ભળી ગયો અને એના ખંડથી પણ પરિચિત થઈ ગયો. એણે સાનિનની બધી વસ્તુઓ જોઈ નાંખી, લગભગ દરેક વસ્તુ વિશે એ ક્યાંથી ખરીદી, એનો શો ઉપયોગ છે એમ પૂછી નાખ્યું. દાઢી કરવામાં એણે સાનિનને મદદ કરી, મૂછ રાખવાનું સૂચન કર્યું. અને અંતે સાનિનને પોતાની મા અને બહેનની બાબતમાં, પેન્તાલિયોન અને વાંકડિયા વાળવાળા જબરા કૂતરા તાર્તાગ્લિયા વિશે પણ, સાથે સાથે પોતાના ઘરની રહેણી-કરણી બાબતે કંઈકેટલીય વાતો કહી દીધી. પહેલાંનું શરમાળપણું તો ક્યાંય અદૃશ્ય થઈ ગયું. અચાનક સાનિન એને અત્યંત ગમવા લાગ્યો, આગલા દિવસે એણે એનો પ્રાણ બચાવેલો એટલા માટે નહીં, પરંતુ એ ભલો માણસ હતો એટલે. એણે તરત જ પોતાનું રહસ્ય સાનિનને જણાવી દીધું. મા એને દુકાનદાર બનાવવાનો આગ્રહ રાખે છે, અને એને પૂરો વિશ્વાસ છે કે એ એક જન્મજાત કલાકાર છે. સંગીતસાધક છે, ગાયક છે, એ વાત પર એણે ખાસ ભાર મૂક્યો. એનો ખરો વ્યવસાય તો રંગમંચ જ છે, અને પેન્તાલિયોન પોતે એને ઉત્તેજન આપે છે, પરંતુ હર ક્લૂબર માના પક્ષે છે અને મા પર એનો ઊંડો પ્રભાવ છે. ખરું પૂછો તો એને વેપારી બનાવી દેવાનો વિચાર પણ સૌ પ્રથમ હર ક્લૂબરના ભેજામાં જ ઊપજેલો. હર ક્લૂબર માને છે કે વેપાર જેવો બીજો કોઈ શાનદાર ધંધો નથી. કપડાં અને મલમલ વેચવું, ગ્રાહકોને ઠગવા ! એમની પાસેથી રશિયનવાળી અર્થાત્ બેવકૂફોવાળી કરી પૈસા વસૂલ કરવા - એ જ એનો આદર્શ છે.

સાનિને કપડાં બદલી પોતાના બર્લિનવાળા મિત્રાને પત્ર લખવાનું પૂરું કર્યું કે તરત એમિલ બોલ્યો, "ચાલો, હવે મારી સાથે મારે ઘેર આવવું પડશે."

સાનિને કહ્યું, "હજી તો ઘણું વહેલું છે." સાનિનની સોડમાં ભરાઈ એમિલે કહ્યું, "તો શું થયું ? ચાલો જઈએ. ચાલો, આપણે

પોસ્ટઓફિસને રસ્તે ઘેર જઈશું. તમને જોઈ જેમ્મા બહુ રાજી થશે. તમે અમારી સાથે નાસ્તો કરજો...માને મારા વિશે, મારા ભવિષ્ય વિશે કહેજો..."

સાનિને કહ્યું,"સારું, ચાલો !" અને બંને સાથે સાથે ચાલવા લાગ્યા.

• • •

એને જોઈને જેમ્મા ખરેખર ખુશ થઈ, ફ્રાઉ લિનોરે સ્નેહથી એનું સ્વાગત કર્યું. એ સમજી ગયો કે આગલા દિવસે એણે એમને પ્રસન્ન કરી દીધાં છે. એમિલ નાસ્તો મોકલવાનું કહેવા દોડ્યો. જતી વખતે સાનિનના કાનમાં ગણગણતો ગયો,"જો જો, ભૂલતા નહીં." "નહીં ભૂલું." સાનિને જવાબ આપ્યો.

ફ્રાઉ લિનોરની તબિયત સારી નહોતી. આધાશીશીની ફરિયાદ હતી, હલન-ચલનનું ધ્યાન રાખતી એ આરામખુરશી પર સૂતી હતી. જેમ્માએ કમર પર કાળા ચામડાની પટ્ટીથી બંધાયેલો પીળા રંગનો ઢીલો ડ્રેસ પહેર્યો હતો. એ પણ થાકેલી દેખાતી હતી, આંખો નીચે કાળાં કુંડાળાં પડી ગયાં હતાં અને ચહેરો ફિક્કો જણાતો હતો. જો કે કાળાં કુંડાળાંને કારણે એની આંખોની ચમકમાં કાંઈ ફેર પડ્યો નહોતો, ઉલ્ટું એના ચહેરાની વિવર્ણતાને કારણે એની મુખાકૃતિની પ્રાચીન કલાત્મક કઠોરતામાં કંઈક મોહકતા, કંઈક રહસ્યમયતાનો ઉમેરો થયો હતો. એના બંને હાથના સૌંદર્યએ આજે સાનિનને મુગ્ધ કરી દીધો. એણે પોતાની ચળકતી કાળી લટો સરખી કરવા હાથ ફેરવ્યો કે એની આંગળીઓ પર સાનિનની આંખો સ્થિર થઈ ગઈ, રાફેલની ફૉનારીનાની આંગળીઓ જેમ જ એ આંગળીઓ પણ લાંબી, ચંપાકળી શી કમનીય અને કલાત્મક રીતે કંડારાઈ હતી.

તે દિવસે બહુ ગરમી હતી. નાસ્તા પછી સાનિન જવા માટે ઊઠ્યો તો એમણે એને કહ્યું કે આવા દિવસે તો જે જ્યાં હોય તેણે ત્યાં જ રહેવું સારું - અને એ સંમત થઈ ગયો. એ રોકાઈ ગયો.

પોતાની મહેમાનગીરી કરનાર મહિલાઓ સાથે એ પાછળના ખંડમાં બેઠેલો જે બહુ સારો અને ઠંડો હતો. એની બારીઓ એક બાવળના છોડની ઝાડીવાળા બાગમાં પડતી હતી. તાજાં ખીલેલાં સોનેરી ફૂલોથી છવાયેલાં પાંદડાંના સમૂહ પર અસંખ્ય મધમાખી, ભમરી અને ભમરા ગુંજન કરતાં હતાં. એમનું એ સતત મૃદુ ગુંજન અધખુલ્લી બારીઓના શટર અને ઢાળેલા પડદાને પસાર કરી ખંડમાં પ્રવેશી રહ્યું હતું. ખંડની બહારની હવા ગરમીના બફારાથી ઊકળતી હતી અને એથી ખંડની આરામદાયક આશ્રયની શીતળતા વિશેષ તાજગી આપી રહી હતી.

આગલા દિવસની જેમ આજે પણ એણે ઘણી વાતો કરી, પણ આ વખતે રશિયા અને રશિયન જીવન જ એનો વિષય નહોતો. નાસ્તા પછી તરત જ એમિલને હર ક્લૂબર પાસે હિસાબનામું શીખવા મોકલી દીધો. એથી પોતાના નાનકડા મિત્રને ખુશ કરવા માટે એ વાતચીત એણે કલા અને વ્યાપારના તુલનાત્મક ફાયદા-ગેરફાયદા તરફ વાળી દીધી. ફ્રાઉ લિનોરે જ્યારે વેપારનો પક્ષ ખેંચ્યો ત્યારે એને નવાઈ ન લાગી, કેમ કે એને એવી જ આશા હતી. પરંતુ જમ્માએ પણ એની હામાં હા મેળવી.

પોતાના હાથ દૃઢતાથી ઠોકી એણે કહ્યું, "જો તમે એક કલાકાર હો   બાર કરીન ગાયક, તો તમારે ટોચ પર જવું જ જોઈએ, એથી નીચેનાની કાંઈ કિમત નથી. પરંતુ તમે ક્યારે ટોચ પર જઈ શકશો એ કોણ કહી શકે ?"

પન્તાલિયોને પણ ચર્ચામાં ભાગ લીધો. (એની ઉંમર અને લાંબા સમયની નોકરીને લીધે એને પોતાના માલિકની સામે બેસવાનો અધિકાર મળી ગયેલો. આમે ય ઇટાલિયન લોકો શિષ્ટાચાર પાછળ ઘેલા લઈ નથી પડતા.) પેન્તાલિયોન તો સ્વાભાવિક રીતે કલાના પક્ષમાં હતો, જો કે એની દલીલો જરા નબળી હતી. એણે કહેવાનું શરૂ કર્યું કે પ્રેરણાના આવેગનું સાતત્ય રહેવું એ સૌથી વધુ મહત્ત્વનું છે. એના જવાબમાં ફ્રાઉ લિનોરે કહ્યું કે, "એની અંદર તો આવો

આવેગ હતો, છતાં..."

"મારે ઘણા દુશ્મન હતા" પેન્તાલિયોને મોં ચડાવી કહ્યું. "સારું, માનીએ કે એમિલમાં આ પ્રેરણા છે, છતાં એના શત્રુઓ નહીં થાય એની તને શી ખબર ?" સહજ ઇટાલિયન લહેકામાં ફ્રાઉ લિનોરે એમને નિકટદર્શક "તને"થી કહેવું શરૂ કર્યું.

"બહુ સારું. એને હાટિયો બનાવી દો !" પેન્તાલિયોન ગુસ્સે થઈ બોલ્યો, "જિયોબાં બતિસ્તા પોતે કંદોઈ હતા તો શું થયું, આજે એ એવું કદી ન કરત."

"મારા પતિ જિયોબાં બતિસ્તા તો સમજુ માણસ હતા, જવાનીમાં ભલે જરા તેજ મિજાજના હતા..."

પરંતુ બૂઢાએ આ બધું સાંભળવાની ના કહી અને તિરસ્કારના ભાવ સાથે વારંવાર "હાય ! જિયોબાં બતિસ્તા" કહેતો કહેતો ચાલ્યો ગયો. જેમ્મા બોલી ઊઠી કે જો એમિલ પોતાના હૃદયમાં ભક્તિની ભાવના અનુભવે અને એ ઇટાલીની સ્વતંત્રતા માટે પોતાની સમગ્ર શક્તિ વાપરવા ઇચ્છે તો એ મહાન અને પવિત્ર આદર્શ માટે એને પોતાના સુનિશ્ચિત ભવિષ્યનું બલિદાન દેવાની સંમતિ આપી શકાય, પરંતુ રંગમંચ માટે તો કદી નહીં. ફ્રાઉ લિનોરમાં પણ ઉત્તેજના દેખાવા લાગી અને એમણે પોતાની પુત્રીને વિનંતી કરી કે એ પોતાના ભાઈને ગેરરસ્તે ન દોરે, એનું પોતાનું કટ્ટર ગણતંત્રવાદી હોવું જ પૂરતું છે.

આ શબ્દો સાથે જ ફ્રાઉ લિનોર કણસવા લાગી અને માથું ફાટી રહ્યું છે એવી માથું દુઃખવાની ફરિયાદ કરવા લાગી. મહેમાનના આદરનું ધ્યાન રાખી ફ્રાઉ લિનોરે આ વાત ફ્રેંચમાં જ કહી.

જેમ્મા તરત માની સેવા કરવા લાગી. પહેલાં યુ-ડી કોલોનથી માથું ભીંજવ્યું અને પછી ધીરે-ધીરે એના પર ફૂંક મારવા લાગી, માના કપોલ હળવેથી ચૂમી લીધાં, માથું તકિયા પર ગોઠવ્યું. એમને બોલવાની મનાઈ કરી અને ફરી ચૂમી કરી. પછી સાનિન તરફ ફરી કહેવા લાગી, "મા કેવી સુંદર છે, પહેલાં કેટલી સુંદર હશે ?" મજાકના

સ્વરે હસવા છતાં એની અંદરનો સાચો આવેગ છુપાઈ નહોતો શકતા, "અને પહેલાં હશે" એવું કેમ કહ્યું ? હજીયે એ સુંદર છે. એકવાર એના તરફ જુઓ, જુઓ તો ખરા એની આંખો કેટલી માદક છે."

જેમ્માએ તરત જ એક સફેદ રૂમાલ ગજવામાંથી કાઢી માનો ચહેરો ઢાંકી દીધો. પછી રૂમાલની કિનાર પકડી ધીરેધીરે નીચે સરકાવવા લાગ્યાં. ધીરે ધીરે ફ્રાઉ લિનોરનું લલાટ, ભ્રમર અને આંખો દેખાવા લાગી. ક્ષણેક રોકાઈને જેમ્માએ માને આંખ ખોલવા કહ્યું. માએ એમ કર્યું. જેમ્મા આનંદથી ઊછળી પડી(ફ્રાઉ લિનોરની આંખો અત્યંત સુંદર હતી). અને પછી માના મુખ નીચેના અને સાવ જ આનપમિત અંશ પરથી રૂમાલ જલદી ખેંચીને જેમ્મા ફરી એમને ચૂમવા લાગી. ફ્રાઉ લિનોરે હસી પડી અને મોં ફેરવી પુત્રીને કૃત્રિમ ભાવે દૂર ધકેલી દીધી. જેમ્મા જાણે મા સાથે ઝઘડવા લાગી, સાથે જ વહાલ પણ કરવા લાગી-બિલાડી જેવા ફ્રેંચ લોકોની જેમ નહીં, પરંતુ ઇટાલિયન સૌંદર્ય સાથે, જેના અંતરમાં એક ઉષ્માની શક્તિ છે.

અંતે ફ્રાઉ લિનોરે કહ્યું કે એ થાકી ગઈ છે. જેમ્માએ તરત જ માને આરામખુરશીમાં જ એકાદ ઝોકું ખાઈ લેવાની સલાહ આપી અને "મા રશિયન સજ્જન અને હું નાનકડી ઉંદરડીની જેમ મૂંગા રહીશું." જવાબમાં ફ્રાઉ લિનોરે હસીને પોતાની આંખો બંધ કરી, એક બે વાર ઊંડો શ્વાસ લઈને હળવી ઊંઘની મજા લેવા માંડી. જેમ્મા ધીરેથી સાનિનની બાજુની ખુરશી પર બેસી ગઈ અને બિલકુલ સ્થિર બેસી રહી. સાનિનના જરા હાલતાં જ વારંવાર એ પોતાના હોઠ પર ધીમા અવાજે "શીશ્" કરતી અને ત્રાંસી નજરે સાનિનને જોઈ લેતી. બીજા હાથે માના માથા નીચેનો તકિયો સંભાળતી હતી. અંતે સાનિન પણ જાણે એક પ્રકારની ધ્યાનાવસ્થામાં ડૂબી ગયો, સામે પડેલા ચિત્ર તરફ તન્મયતાથી જોતો અને જાણે મંત્ર-મુગ્ધ થઈ સ્થિર બેસી રહ્યો. જૂની લીલી ફૂલદાનીઓમાં પૂર્ણવિકસિત ગુલાબોની લાલિમા સહેજ અંધારિયા ખંડને ઠેરઠેર ઉજ્જવળ કરતી,

નિદ્રિત મહિલા...શાલીનતાથી વળેલા એના બંને હાથ તકિયાની બરફ જેવી સફેદ ફ્રેમમાં જડેલું એમનું કોમળ-ક્લાન્ત મુખમંડળ અને એ યુવતી, આટલી સજાગ, સચેત, એવી જ સહૃદયી, વિદુષી, પવિત્ર અને સાથે સાથે એવી જ અપૂર્વ સુંદરી, કાળી કાળી ઊંડાણભરી આંખો, સઘન છાયાવાળી છતાં ઝગમગતી...આ બધું શું હતું ? સ્વપ્ન ? પરીઓની વાર્તા ? પરંતુ એ અહીં આવ્યો શી રીતે ?

• • •

સડક તરફના દરવાજાની ઘંટડી વાગી. સ્કૂલ બાસ્કેટ અને "ફર"ની ટોપી પહેરેલો એક ખેડૂત છોકરો દુકાનમાં પ્રવેશ્યો. સવારથી એકેય ગ્રાહક આવ્યો નહોતો. "જુઓ અમારા ધંધાના શા હાલ છે!" નાસ્તો કરતી વખતે ફ્રાઉ લિનોરે એક ઊંડો શ્વાસ લઈ કહેલું. એમની ઊંઘમાં સહેજે ખલેલ ન પડી. માના તકિયા નીચેથી હાથ ન ખસેડવો પડે એ બીકે જેમ્માએ સાનિનને હળવેથી કહ્યું,"જાઓ અને મારા વતી દુકાન સંભાળો."

સાનિન તરત જ દબાતે પગલે દુકાનમાં પહોંચ્યો. છોકરાએ ત્રણેક ઔંસ પિપરમિન્ટવાળું લેમન જ્યૂસ માંગ્યું. "આની પાસેથી શું લઉં ?" સાનિને દરવાજામાંથી દબાતા અવાજે પૂછ્યું. "છ ક્રાયત્ઝર" એણે પણ ધીરેથી જવાબ આપ્યો.

સાનિને ત્રણ ઔંસ લેમન જ્યૂસ તોલ્યું અને કાગળ શોધવા આજુબાજુ જોવા માંડ્યો. કાગળ લઈ પૂડી બનાવી અને એમાં લેમન જ્યૂસ મૂકી પડીકું વાળ્યું કે તરત જ એ વિખરાઈ ગયું. ફરી પડીકું બાંધ્યું તો ફરી વિખરાઈ ગયું. અંતે જેમતેમ કાઉન્ટરની પેલી બાજુ પડીકું પકડાવી ગ્રાહક પાસેથી પૈસા લીધા...છોકરો એની સામે નવાઈથી જોતો હતો. આશ્ચર્યથી પોતાના પેટના ટેકે રાખેલો ટોપો દબાવી દીધો અને ત્યાં પાછલા ખંડમાં જેમ્મા મોં પર હાથ મૂકી હાસ્યનો ફુવારો રોકતી બેઠી હતી. પહેલો ગ્રાહક ગયો કે તરત જ એક બીજો આવ્યો, એના પછી વળી એક બીજો. સાનિન મનોમન બોલ્યો,"મારી સાથે બરકત આવી લાગે છે." બીજા ગ્રાહકે એક

ગ્લાસ શરબત માગ્યું અને પછીનાએ છ ઔંસ મીઠાઈ માંગી. સાનિને ઝરમરથી ચમચા ખખડાવીને, પ્લેટ આમ તેમ ખસેડીને અને જાતેજ ડબ્બાઓમાં અને બરણીઓમાં હાથ નાંખી-નાંખીને એમની માગણી પૂરી કરી. હિસાબ કરતાં ખબર પડી કે શરબત એણે સસ્તું વેચી નાખેલું, પરંતુ મીઠાઈમાં બે ક્રાયત્ઝર વધુ લઈ લીધેલા. જેમ્મા પોતાની પ્રસન્નતા રોકી ન શકી. એક અવર્ણનીય આનંદ અને ચેતનાનો અસાધારણ પ્રવાહ સાનિને અનુભવ્યો. એને લાગ્યું કે એ અનંતકાળ સુધી કાઉન્ટરની પાછળ ઊભો રહી શરબત અને મીઠાઈઓ વેચ્યા કરે. મૈત્રીપૂર્ણ પરિહાસથી સભર આંખો વાળી, આ સુંદરી આમ ખુલ્લા દરવાજામાંથી ડોકિયું કર્યા કરે...બારી સામે ઊભેલા બદામના વૃક્ષનાં સઘન પાંદડાઓ વીંધી બપોરની છાયા ઓરડામાં [illegible] ભરી દે... અને એક મૃદુ આલસ્ય ભર્યું એનું હૃદય, એક નિશ્ચિત આનંદમાં, જીવનમાં, યૌવનના પ્રથમ ઉદ્રેકમાં ડૂબી જાય.

ત્રીજા ગ્રાહકે એક કપ કોફી માંગી. હવે પેન્તાલિયોનને બોલાવવાની જરૂર પડી. (એમિલ હર ક્લૂબરની દુકાનેથી હજી પાછો આવ્યો નહોતો.) સાનિન અંદર જઈ ફરી જેમ્માની પાસે બેસી ગયો. શ્રીમતી લિનોર હજી સૂઈ રહ્યાં છે એનો પુત્રીને પરમ સંતોષ હતો. જેમ્મા બોલી, "ઊંઘમાં જ માનું દર્દ જતું રહે છે." સાનિને હજીયે ધીમા અવાજે પોતાની દુકાનદારીની વાત કરી. એણે અત્યંત ગંભીરતાથી કંદોઈની દરેક વસ્તુનો ભાવ પૂછ્યો. જેમ્માએ પણ એટલી જ ગંભીરતાથી કિંમતો કહી, સાથે સાથે બંને મનોમન હસી રહ્યાં હતાં. જાણે બંને સારી રીતે જાણતાં ન હોય કે તેઓ માત્ર કોઈ નાટકમાં અભિનય કરી રહ્યાં છે. અચાનક પેલી બાજુની સડક પર સારંગી પર Der Freischutz('તે સ્વતંત્ર રક્ષા')ની એક કડી "Durch die Felder, durch die Auden" ("ઓડનનાં હરિયાળાં મેદાનોમાંથી) ના તીખા સ્વરો શાંત હવામાં સુસવાટા મારતા, ધ્રૂજતા ચિત્કાર કરી ઊઠ્યા. જેમ્મા ચોંકી, "આ તો માને જગાડી દેશે." તરત દોડીને સાનિન બહાર સડક પર આવ્યો અને સારંગીવાળાને ચૂપ કરવા

અને આગળ ચાલ્યા જવા માટે થોડાં ક્રાયત્ઝર એના હાથમાં મૂકી દીધાં. સાનિન પાછો આવ્યો. તો જેમ્માએ જરા મસ્તક હલાવી એનો આભાર માન્યો અને જાણે ખોવાઈ ગઈ હોય એમ સ્મિત કરતી અત્યંત અસ્ફુટ સ્વરોમાં વેબરનું એ મધુર ગીત ગાવા લાગી. જેમાં મેક્સ પ્રથમ પ્રણયની અનુભૂતિઓને વ્યક્ત કરે છે. પછી એણે સાનિનને પૂછ્યું, એ Der Freischutz વિશે જાણે છે ?" વળી આગળ બોલી, "હું પોતે ઇટાલિયન હોવા છતાં મને એ પ્રકારનું સંગીત વધુ ગમે છે." વાતચીત વેબર પરથી કવિતા અને છાયાવાદ પર પહોંચી, પછી હોફમેન પર. હોફમેનની કૃતિઓ એ દિવસોમાં વિશેષ વેચાતી હતી.

અને ફ્રાઉ લિનોર સૂતાં રહ્યાં - હવે તો એનાં હળવાં નસકોરાં પણ સંભળાતાં હતાં. બારીના શટરમાંથી સૂર્યકિરણની આછી રેખાઓ અંદર પ્રવેશી રહી હતી અને અનિરુદ્ધ પરંતુ અત્યંત અજ્ઞાતરૂપે ફરસની પાર, ખુરશી-મેજની પાર, જેમ્માનાં કપડાંની પાર, પત્રો અને ફૂલોની પાંખડીઓ સુધી સરકતી આવી રહી હતી.

• • •

જેમ્માને હોફમેન ખાસ ગમતો નહોતો એવું લાગતું હતું- એને તો એ ખરેખર કંટાળાજનક લાગતો હતો. એની દક્ષિણી તેજસ્વિની પ્રકૃતિને માટે હોફમેનની વાર્તાઓની ધુમ્મસ જેવી અસ્પષ્ટતા અને ઉત્તરપ્રદેશના વાસીઓ જેવી કલ્પનાનું મુક્ત ઉડ્ડયનનું તત્ત્વ પરાયું પરાયું લાગતું હતું. "એ તો તદ્દન પરીઓની વાર્તા છે. એ બાળકો માટે જ લખવામાં આવી છે." - એણે ઉપહાસ સાથે કહ્યું, હોફમેનની કવિત્વહીનતા તરફ પણ એનું જરા ધ્યાન ગયેલું. પરંતુ એની એક વાર્તા - શીર્ષક એ ભૂલી ગયેલી એને ખૂબ ગમેલી. જો કે જ્યારે એણે આગળ વિચાર્યું ત્યારે એને ખબર પડી કે માત્ર એનો પ્રારંભ જ એને પસંદ પડેલો, અંત ક્યાં તો એણે વાંચેલો જ નહીં, અથવા તો એ ભૂલી ગઈ હતી. આ વાર્તા એક એવા યુવક વિષે હતી જે એક કંદોઈની - જી હા, કંદોઈની જ ! દુકાન પર એક કલ્પનાનીત સુંદર ગ્રીક યુવતીને મળે છે. એક રહસ્યમય દુષ્ટ વૃદ્ધ

[illegible] એ છોકરીનો પીછો કરતો હતો. યુવાન પ્રથમ દૃષ્ટિએ જ એના પ્રેમમાં પડે છે...યુવતી પોતાને મુક્ત કરવાની યાચના ભરી કરુણાદૃષ્ટિએ એના તરફ જુએ છે. એક મિનિટ માટે એ બહાર [illegible] જાય છે અને જ્યારે ફરી કંદોઈની દુકાને આવે છે ત્યારે જુએ છે તો ત્યાં ન યુવતી હતી, ન વૃદ્ધ. એ એમની તપાસમાં દોડે છે, [illegible] એને એમના સગડ મળે છે, એ નિરન્તર એમનો પીછો કરે છે, પરંતુ પોતાના બધા પ્રયત્નો છતાં એમને ક્યારેય પકડી શકતો નથી. એ સુંદરી હંમેશને માટે ખોવાઈ જાય છે. પરંતુ એની યાચનાભરી નજરને એ યુવક કદી ભૂલી શકતો નથી. કદાચ પોતે જીવનના સર્વ સુખને પોતાના હાથમાંથી સરી જવા દીધું છે એ વિચાર એને હંમેશાં યાતના આપે છે.

સાનિન પોતાની વાર્તાનો અંત બરાબર આ જ જાતનો ન આવ્યો હોય એ બનવાજોગ છે. પરંતુ જેમ્માની સ્મૃતિમાં એ એ જ રીતે એનો અંત આવતો અને એવી જ જળવાઈ હતી.

"હું માનું છું." એ બોલી, "આપણે માનીએ છીએ એના કરતાં આવાં મિલનો અને વિદાય વિશેષ પ્રમાણમાં જ થતાં રહેતાં હોય છે."

સાનિન ચૂપ થઈ ગયો..પરંતુ એકાદ-બે મિનિટ પછી એણે વાતચીતને ક્લુબર તરફ વાળી દીધી. એણે કરેલા એના ઉલ્લેખનો આજ પહેલો પ્રસંગ હતો, આ ક્ષણ પહેલાં તો એણે એના વિશે કંઈ વિચાર્યું જ નહોતું.

હવે ચૂપ રહેવાનો જેમ્માનો વારો હતો. એ નજર ટાળતી વિચારોમાં ખોવાયેલી પોતાની તર્જનીના નખ કાતરતી રહી. પછી પોતાના ભાવિ પતિ પર પ્રશંસાના પુષ્પો વરસાવવા માંડી. બીજા દિવસે એણે પર્યટનનો પ્રબંધ કરેલો તેનો ઉલ્લેખ કર્યો, એકવાર ત્રાંસી નજરે સાનિન તરફ જોયું અને ફરી એના પર મૌનનો ઓછાયો ઊતરી આવ્યો.

કોઈક વાત કરવાનો પ્રસંગ છેડવા સાનિન મગજમારી કરતો

રહ્યો.

ઘોંઘાટ કરતો એમિલ ખંડમાં દાખલ થયો કે શ્રીમતી લિનોરની ઊંઘ ઊડી ગઈ... એના આગમનથી સાનિને હળવાશ અનુભવી.

લિનોર પોતાની ખુરશી પરથી ઊઠી. પેન્તાલિયોને આવીને કહ્યું કે ભોજન તૈયાર છે. કુટુંબનો મિત્ર, એક જમાનાનો ઓપેરાગાયક, આ નોકર પેન્તાલિયોન રસોઈયાનું કામ પણ કરતો હતો.

• • •

ભોજન પછી પણ સાનિન બેઠો હતો. ઉગ્ર તાપ હજીય એને ન જવા દેવા માટેના બહાનાનું કામ કરી રહ્યો હતો, અને જ્યારે તાપ ઓછો થયો ત્યારે એ લોકોએ એને બગીચામાં બાવળના વૃક્ષની છાયામાં કૉફી પીવાનું આમંત્રણ આપ્યું. સાનિને નિમંત્રણ સ્વીકારી લીધું. એ આનંદ અનુભવતો હતો. જીવનના શાંત, કંટાળાજનક અને સમતલ પ્રવાહમાં પણ એક શક્તિશાળી આકર્ષક એવું ગુપ્ત વહેણ વહે છે. આનંદપૂર્વક સાનિને પોતાને એ આકર્ષણને હવાલે કરી દીધેલો. વર્તમાન પાસેથી ખાસ કાંઈ માંગવાની અપેક્ષા વિના જ, ભવિષ્યની કાંઈ ચિંતા નહોતી, ભૂતકાળનું કંઈ ધ્યાન નહોતું. જેમ્મા જેવી છોકરીના સાન્નિધ્યની કિંમત સહેજે ઓછી નહોતી. બહુ જલ્દી એ કદાચ હંમેશને માટે એનાથી જુદી પડી જશે, પરંતુ જેમ ઉહલેન્ડના ભાવપ્રધાન ગીતોમાં આવે છે તેમ ફરી એ જ જુદાઈ જહાજ જીવનના શાન્ત પ્રવાહમાં એમને વહાવી જશે - અને પછી,"પ્રવાસી ખુશ રહો અને આનંદ કરો." હાલ તો એ સુખી પ્રવાસીને બધું આકર્ષક અને આનંદદાયક લાગી રહ્યું હતું. ફ્રાઉ લિનોરે એને પોતાની અને પેન્તાલિયોનની સાથે ત્રિસેતી રમવાનો આગ્રહ કર્યો. પત્તાની આ સરળ ઇટાલિયન રમત એ શીખ્યો અને એ કેટલાંય ક્રાયત્ઝર જીતી ગયો. સાનિન ખૂબ ખુશ હતો. એમિલની વિનંતીથી પેન્તાલિયોને ઊભા થઈ જબરા કૂતરા તાર્તાગ્લિયાને પોતાના બે પગ વચ્ચે ઊભો રાખ્યો, તાર્તાગ્લિયા એક લાકડી પરથી કૂદ્યો, બોલ્યો (અર્થાત્ ભસ્યો), છીંક્યો, પોતાના નાકથી બારણું

એમ કર્યું. પોતાના માલિક માટે એક તૂટેલું ચપ્પલ લઈ આવ્યો અને એના માલિકે એક જૂની ફેશનની ઊંચી કલગીવાળી લશ્કરી ટોપી પહેરીને પોતે કરેલા વિશ્વાસઘાત માટે સમ્રાટ નેપોલિયનનો કડવો ઠપકો ખાતા માર્શલ બર્નાદોત્તેનો પાઠ ભજવ્યો. કહેવાની જરૂર નથી કે નેપોલિયનનો પાઠ પેન્તાલિયોને પોતે ભજવ્યો અને એને ગંભીરતાપૂર્વક નિભાવ્યો. છાતી પર અદબવાળી પોતાની વાંકી ટોપી આંખો સુધી ખેંચીને ઠપકાભર્યા કઠોર સ્વરમાં ફ્રેંચમાં બોલ્યો. ઓ ભગવાન, કેવા ફ્રેંચ હતા એ ! બે પગ વચ્ચે પૂંછડી દબાવી ગુનેગારોની જેમ આંખો પટપટાવી, લશ્કરી ટોપીને નીચેથી ઉપરની બાજુ ત્રાંસી નજરે જોતો તાર્તાગ્લિયા પોતાના માલિકનાં ચરણોમાં ગભરાઈને બેઠો રહ્યો. જ્યારે નેપોલિયન પોતાનો અવાજ જરા ઊંચો કરતા, બર્નાદોત્તે પોતાના પાછલા પગ પર ઊભો થતો, "બદમાશ, અહીંથી ચાલ્યો જા !" અંતે નેપોલિયન ઇટાલિયનમાં ગર્જ્યો ભાવાવેગમાં એ ભૂલી ગયો કે પોતાને અંત સુધી ફ્રેંચ જ બોલવાનું હતું. ગર્જના સાથે જ બર્નાદોત્તે એકદમ ઊંધે માથે સોફા નીચે ભરાઈ ગયો, પરંતુ તરત જ આનંદથી ભસતો સામે આવ્યો, જાણે બતાવતો ન હોય કે ખેલ ખતમ થઈ ગયો. બધા પ્રેક્ષકો ખડખડાટ હસી રહ્યાં હતાં. સૌથી વધુ સાનિન હસ્યો.

ખંડ ખંડ અત્યંત આનંદભરી કિલકારીથી પ્રતિધ્વનિત જેમ્માનું હાસ્ય ઉલ્લાસમય એકધારું ચાલ્યા કર્યું. ઓહ ! એનું એ હાસ્ય ! માત્ર એ કિલકારીને ખાતર જ સાનિન એને ચૂમી શક્યો હોત

આખરે રાત પડી. હવે એનો જવાનો સમય થઈ ગયો હતો. અનેકવાર વિદાયની આપ-લે થયા પછી સાનિન પોતાની હોટેલમાં પાછો ફર્યો. વિદાય લેતાં એણે વારંવાર દરેકને અલગ અલગ કહ્યું, "કાલ સુધી". (એમિલ અને એણે તો ખરેખર એકબીજાને ચૂમી લીધેલા.) સાનિન પોતાની સાથે હસતી, ક્યારેક ગંભીર થઈ જતી, ક્યારેક શાંત થઈ જતી તો ક્યારેક ઉપેક્ષા કરતી યુવતીની સ્મૃતિ પણ લઈ આવ્યો અને એ દરેક મનઃસ્થિતિમાં આકર્ષક લાગતી

હતી. ક્યારેક ઉલ્લાસપૂર્ણ સૂર્યપ્રકાશની જેમ પહોળી થઈ ચળકી ઊઠતી, ક્યારેક ગંભીર અને અંધારી રાતની જેમ પાંપણથી અધખુલ્લી એની આંખો વિલક્ષણ મધુરતાથી એના માનસચિત્રો અને વિચારો પર છવાતી ધીરે ધીરે એની સમક્ષ ખડી થઈ....

એણે હર ક્લૂબર અને ફ્રેંકફર્ટમાં એને રોકી રાખનારાં કારણો અર્થાત્ પાછલા દિવસોમાં એને હેરાન કરતી વાતોનો એક ક્ષણેય વિચાર ન કર્યો.

• • •

પરંતુ હવે ખુદ સાનિન વિશે કંઈ કહેવાનો વખત આવ્યો છે. પહેલી વાત તો એકે એ અત્યંત ચિત્તાકર્ષક યુવક હતો. લાંબો, પાતળો, સહેજ ઝાંખી મનોરમ મુખાકૃતિ, સ્નેહભરી નીલી આંખો, સોનેરીવાળ અને સફેદાઈવાળો ગુલાબી રંગ - અને એ બધાંથી વિશેષ મહત્ત્વપૂર્ણ એ હતું કે, એનો ચહેરો જોતાં જ હૃદયમાં વિશ્વાસ ઉત્પન્ન કરતો સરળ અને નિર્દ્વન્દ્વ ભાવ અને હૃદયની ઉન્મુક્તતા, પહેલી નજરે તો જરા મૂર્ખ જેવો લાગે, જેનાથી પહેલાંના જમાનામાં પ્રતિષ્ઠિત ઉચ્ચ વર્ગનાં બાળકો તરત ઓળખાઈ જતાં બરાબર એવી જ મુખાભિવ્યક્તિ હતી. એ ભાવ જોઈને કોઈ પણ જાણી જાય કે કોઈ સારા ઘરનો "નવાબજાદો" છે અથવા તો પછી આ ભાવ આપણા આ સીમાહીન ફેલાયેલા દેશમાં અહીંતહીં પથરાયેલા ટૂંકા ઘાસનાં વિસ્તીર્ણ મેદાનો વચ્ચે વસેલા કિલ્લાઓમાં જન્મેલા-ઊછરેલા અને મોટા ઘરના માનવીઓમાં, ચહેરા પર જોવા મળે છે...જો તમે એમના ચહેરા પર માત્ર નજર જ નાંખો તોય ત્યાં પ્રસન્નતાની અમીટ છાપ, બાળકો જેવું નિખાલસ હાસ્ય અને કાલી-કાલી તોતલી બોલી દેખાશે. સૌથી વિશેષ એક તાજગી અને સ્વાસ્થ્ય - એ બધામાં વ્યાપ્ત વિનમ્રતા - આ જ સાનિન છે. બીજી વાત એ કે એ મૂર્ખ નહોતો અને એણે થોડુંઘણું જ્ઞાન પણ મેળવ્યું હતું. વિદેશભ્રમણ બાદ પણ એણે પોતાની સ્ફૂર્તિ જાળવી રાખી હતી. એ જમાનાના સારા યુવકોને ઘેરી વળેલી ત્રાસજનક ભયંકર ચિંતાઓનો એને કોઈ પરિચય નહોતો.

નવાં ચરિત્રોની અસફળ શોધ બાદ અમારા લેખકોએ આવા નવયુવકોનું ચિત્રણ કરવું શરૂ કર્યું છે. જેણે કોઈ પણ કિંમતે પોતાને ખુશ રાખવાનું નક્કી કર્યું છે. અને ફલેન્સબર્ગથી પીટર્સબર્ગ લાવવામાં આવેલી કાલુ માછલી જેવા તાજા હોય. સાનિન એમના જેવો નહોતો. પરંતુ જ્યારે આપણે તુલના કરવા બેઠા છીએ તો કહી શકાય કે એ એક મોટા વૃક્ષ પર કલમ કરેલો સફરજનનો છોડ હતો જે હાલમાં આપણી કાળી ધરતીના બાગમાં રોપેલો હોય. અથવા એમ કહો કે એ કોઈ જૂના જમાનાના રઈશના ઘોડારમાંથી લાવવામાં આવેલા વાછડા જેવો હતો ત્રણેક વર્ષના અત્યંત ચંચળ, છટાદાર કેશવાળી વાળો, ચળકતો, મોટા ઘૂંટણોવાળો, જેને હમણાં જ [illegible] કર્યાં છે. પછીના દિવસોમાં સાનિનને જે કોઈ મળ્યું એમણે એનામાં એક અલગ જ વ્યક્તિ નિહાળ્યો. ત્યાં સુધીમાં તો જિંદગીએ એને ખરાબ રીતે પીસી નાંખ્યો હતો અને યુવાનીમાં ખીલેલા ગાલોનું સૌંદર્ય અદૃશ્ય થઈ ગયું હતું.

• • •

બીજા દિવસે હજી તો સાનિન પથારીમાં પડ્યો હતો ત્યાં તો એમિલ એના ખંડમાં ઘૂસી આવ્યો. એ બનીઠનીને આવ્યો હતો. હાથમાં નેતરની સોટી, વેસેલીનથી બેસાડેલા વાળ. આવતાંવેંત જ એણે કહ્યું કે [illegible] મિનિટમાં હર ક્લુબર પણ ગાડીમાં આવી પહોંચશે. લાગે છે કે મોસમ પણ આવી જ ખુશનુમા રહેશે. એ જેમ્મા તો એકદમ તૈયાર છે પણ મા નહીં આવે કેમ કે એમને ફરી માથાનો દુઃખાવો શરૂ થયો છે. હવે એક પળ પણ નકામી ન જવી જોઈએ એમ કહી એણે સાનિનને ઉતાવળ કરાવી. અને ખરેખર જ્યારે હર ક્લુબર આવ્યો ત્યારે એમણે સાનિનને તૈયારીમાં પડેલો જોયો. એણે દરવાજો ખખડાવ્યો અને ખંડમાં પ્રવેશ કર્યો, વાંકા વળી અભિવાદન કરી સાનિન ઇચ્છે ત્યાં સુધી પોતાની રાહ જોવાની તૈયારી વ્યક્ત કરી બેસી ગયો. ટોપો એણે હળવેથી ઘૂંટણ પર ખોળામાં મૂકી દીધો. કુશળ દુકાનદાર સારી રીતે તૈયાર થઈને આવ્યો હતો. જાણે અત્તરનો ફુવારો ઊડતો ન હોય એમ એના દરેક હલન-

ચલન સાથે એક ભીની-મીઠી સુગંધ ફેલાતી હતી. એ "લેન્ડો" નામે ઓળખાતી મોટી લાંબી-પહોળી બગીમાં બેસીને આવેલો જેમાં દેખાવડા તો નહીં, પણ ખૂબ ઊંચા-તગડા શક્તિશાળી ઘોડાઓની જોડી જોડેલી હતી. પાએક કલાક પછી સાનિન, હર ક્લૂબર અને એમિલ શાનથી ગાડીમાં બેસીને કંદોઈની દુકાનના વરંડામાં આવી પહોંચ્યા. ફ્રાઉ લિનોરે પર્યટન પર જવાની ચોખ્ખી ના પડી દીધી. જેમ્મા પણ પોતાની મા સાથે રહેવા ઇચ્છતી હતી. પરંતુ માએ એને લગભગ ઘરની બહાર ધકેલી દીધી. "મારે કોઈની જરૂર નથી." એમણે ખાતરી આપી,"હું સૂઈ જઈશ. પેન્તાલિયોનને પણ તમારી સાથે મોકલત પણ પછી અહીં દુકાનમાં કોઈ ન રહે." "અમે તાર્તાગ્લિયાને લઈ જઈએ ?" એમિલે વિનંતીભર્યા સ્વરે પૂછ્યું.

"હા, હા, જરૂર લઈ જાઓ."

તાર્તાગ્લિયા એકદમ કૂદકો મારી કોચવાનની પાસે જઈ બેઠો અને પોતાનાં જડબાં ચાટવા લાગ્યો. સ્પષ્ટ દેખાતું હતું કે આવી સફરોમાં જવાની એને ટેવ હતી. જેમ્માએ બદામી રિબનની કિનારીવાળી વાંસની હેટ પહેરી હતી. એની આગળની કિનાર નીચેથી વાળેલી હતી. તે લગભગ એના આખા ચહેરાને તડકાથી બચાવતી હતી. આથી હેટની છાયા ગુલાબની ખીલેલી કોમળ ગુલાબી પાંખડીઓ જેવા એના તાજા સુકુમાર હોઠ પર પડતી હતી. બાળકની જેમ એના દાંતોની ચમક દેખાઈને છુપાઈ જતી હતી. જેમ્મા સાનિનની બાજુમાં પાછલી સીટ પર બેઠી. હર ક્લૂબર અને એમિલ સામે બેઠા. ફ્રાઉ લિનોરની સફેદ મૂર્તિ બારીમાં દેખાઈ, જેમ્માએ એની તરફ રૂમાલ હલાવ્યો અને ઘોડા વેગમાં દોડવા માંડ્યા.

• • •

ફ્રેંકફર્ટથી અડધા કલાકના અંતરે આવેલું સોડેન એક નાનકડું શહેર છે. ટાઉનસ પર્વતની હારમાળા પર એક ચિત્રની જેમ એ આવેલું છે. રશિયામાં એ ગરમ પાણીના કુંડો માટે પ્રખ્યાત છે. નબળાં ફેફસાંવાળા માટે ગુણકારી ગણવામાં આવે છે. ફ્રેંકફર્ટના લોકો ત્યાં મનોરંજન માટે જાય છે. કેમ કે ત્યાં એક મોટો સુંદર

બગીચો અને ઘણાંબધાં વનગૃહ હતાં, જ્યાં લીંબુ અને મેપલનાં મોટાં મોટાં વૃક્ષોની છાયામાં બીઅર અને કૉફી પી શકાય છે. ફ્રેંકફર્ટથી સોડેન જતી સડક મેન નદીના જમણા કિનારે આવી જાય છે અને એની બંને બાજુ હારબંધ ફળોનાં વૃક્ષો છે. ગાડી એ સુંદર સડક પર ધીરેધીરે ચાલી રહી હતી અને સાનિન ગૂપચૂપ જેમ્મા અને એના ભાવિ પતિ વચ્ચેનો સંબંધ ધ્યાનથી જોઈ રહ્યો હતો. આજે પહેલી વાર એણે બંનેને સાથે જોયા હતા. એ પૂર્ણપણે શાંત અને નમ્ર હતી, જો કે હંમેશ કરતાં વિશેષ એકાકી અને ગંભીર દેખાતી હતી. હર ક્લૂબર એક કૃપાળુ શિક્ષક જેવો લાગતો હતો જેણે પોતાને અને વિદ્યાર્થીઓને જરા નિર્દોષ અને નમ્ર મનોરંજનની અનુમતિ આપી હોય. ફ્રેંચમાં જેને 'સમ્રાજ્ઞી' કહે છે, તેવો જેમ્માની તરફ હર ક્લૂબરનો એવો કોઈ વિશેષ ભાવ સાનિનને ન દેખાયો.

હર ક્લૂબર માટે આ નાનકડી હકીકત લગભગ નિશ્ચિત જ હતી એ સ્પષ્ટ જ હતું. એટલે એને લઈને ખાસ હો-હલ્લો મચાવવાની કોઈ જરૂર જણાતી નહોતી. પરંતુ એની ઉષ્મા ક્ષણેક પણ એનાથી જુદી ન પડી. સોડેનની ચારે તરફની સઘન વૃક્ષરાજી અને જંગલોના કાળમાં ભોજન પહેલાં લટાર મારતી વખતે, એટલે સુધી કે પ્રાકૃતિક સૌંદર્યના આનંદ દરમિયાન પણ એ જ અપરિવર્તનશીલ મહેરબાની-ભર્યો વ્યવહાર સાચવ્યો. ક્યારેક એમાં એક અફસરી તુમાખી ડોકિયાં કરી જતી, જેમ કે એક ઝરણાને જોઈ એ બોલી ઊઠ્યો, "ખીણના કિનારે એનો પટ એકદમ સપાટ છે, ખરી રીતે કંઈક સુંદર રીતે વળ ખાતાં એણે આગળ વધવું જોઈતું હતું." એવી જ રીતે ચકલીનો રંગ ઢંગ પણ એને પસંદ ન પડ્યો. એનો કલરવ એને કંટાળાભર્યો લાગ્યો. જેમ્મા જરાય થાકી નહોતી, પણ પ્રફુલ્લ હતી એવું ય નહોતું. પરંતુ સાનિનને પોતાની પરિચિત જેમ્મા ન દેખાઈ. એનો ચહેરો કરમાઈ ગયો હોય એવું ય નહોતું. એનું સૌંદર્ય જેવું હતું એવું આનાથી વિશેષ દીપ્તિભર્યું ક્યારેય નહોતું, તેમ છતાં એવું લાગતું હતું કે જાણે એ પોતાનામાં જ સમાઈ ગઈ ન હોય ! એણે પોતાની નાનકડી છત્રી ખોલી, મોજાં ઉતાર્યાં વગર કુલીન સુશીલ

યુવતીની જેમ વધુ બોલ્યા વિના, મુદુ મંથર ગતિથી સાથેસાથે ચાલતી રહી. એમિલ પણ જાણે સંકોચાતો હતો અને સૌથી વધુ તો જાણે સાનિન - બીજી બધી વાત સિવાય પણ એનું એક કારણ એ ય હોય કે વાતચીત ઘણુંખરું જર્મન ભાષામાં જ ચાલતી હતી. એથી એને મૂંઝવણ થતી હતી. માત્ર તાર્તાગ્લિયામાં ઉત્સુકતા દેખાતી હતી. એના રસ્તે આવતી ઝાડી જોઈ એ જોરથી ભસતો કૂદી જતો, ખાઈ, ઠૂંઠા અને પડેલાં વૃક્ષો ઉપરથી કૂદતો પાણીમાં ઊતરી પડતો, પછી તરત શરીરનું પાણી ચાટી જઈ, ઉં...ઉં..કરતો, શરીર ખંખેરી તીરની જેમ દોડ્યે જતો... એની લાલ જીભ લગભગ એના પગ સુધી લટકી રહેતી. મહેમાનોના મનોરંજન માટે હર ક્લૂબરને જે કંઈ પણ જરૂરી લાગ્યું એ બધું કરવામાં સહેજે કસર ન કરી. એણે એક વિશાળ વૃક્ષની છાયામાં બેસવાનું સૂચન કર્યું અને પોતાના ગજવામાંથી એક નાનકડી પુસ્તિકા બહાર કાઢી, જેનું નામ હતું - 'You must and Will laugh'- જોઈએ, કેવું નથી હસતાં ! એમાંથી હસતાં હસતાં પેટ દુઃખી જાય તેવા રમૂજી ટુચકા જોર-જોરથી વાંચી સંભળાવ્યા. પુસ્તિકા એનાથી જ ભરેલી હતી. લગભગ ડઝનેક ટુચકા એણે વાંચી સંભળાવ્યા. પરંતુ એથી જરાક જ રમૂજ ઉત્પન્ન થઈ. માત્ર સાનિને જ શિષ્ટતાના વિચારે જરાતરા હસવાનો પ્રયત્ન કર્યો. હર ક્લૂબર મોટેથી ધંધાદારી રીતે હસતો અને દરેક ટુચકો પૂરો થતાં કૃપાપૂર્ણ રીતે હાસ્ય કરતો. બાર વાગતાંમાં તો પૂરી ટોળી સોડેનમાં પાછી ફરી અને શહેરની ઉત્તમ વીશીમાં જઈ પહોંચી.

બપોરનું ભોજન લેવાનો સમય થઈ ગયો હતો. હર ક્લૂબરે ચારે બાજુથી બંધ એવા "સમર-હાઉસ"માં જઈ ભોજન કરવું જોઈએ એવું સૂચન કર્યું. પરંતુ અહીં જેમ્મા અપેક્ષિત રીતે વિદ્રોહ કરી બેઠી અને બોલી કે વીશીની સામે ખુલ્લી જગામાં જ્યાં નાનાં-નાનાં ટેબલો ગોઠવ્યાં છે, એમાંનાં જ એક ટેબલ પર એ ભોજન લેશે, કેમ કે એક જ જાતના ચહેરાઓ જોઈ જોઈને એ કંટાળી ગઈ છે અને હવે થોડા નવા ચહેરા જોવા ઇચ્છે છે. નવાગંતુકોનાં ટોળાં પહેલેથી જ કેટલાંક ટેબલો પાસે બેઠેલાં હતાં.

પોતાની ભાવિ નવવધૂની જીદ સામે લાચારીપૂર્વક હાર કબૂલી હર ક્લુબર મુખ્ય બેરાને કંઈ પૂછવા ગયો ત્યારે જેમ્મા બિલકુલ ચુપચાપ, આંખો ઢાળી હોઠ ભીડીને ઊભી રહી. સાનિન એકીટશે પ્રશ્નાભરી નજરે એને જોઈ રહ્યો છે એવું એને લાગ્યું અને એથી જાણે એ ગુસ્સે થઈ ગઈ હતી. અંતે હર ક્લૂબર પાછો ફર્યો. અડધો કલાકમાં જમવાનું તૈયાર થઈ જશે એમ કહેતાં એણે એ દરમિયાન "સ્કિટલ્સ"ની એક બાજી રમવાનું સૂચન કર્યું. હસતાં હસતાં એણે ઉમેર્યું કે એથી જરા ભૂખ પણ ઊઘડશે. એ બોલ્સનો કુશળ ખેલાડી હતો. લાકડાનો દડો ફેંકતાં પહેલાં શાનદાર રીતે પોતાનો હાથ હલાવ્યા અને પોતાના શરીરનું વજન એક પગ પર ટેકવ્યું. એ પોતાને કસરતી ગણતો અને એનું શારીરિક બંધારણ પણ સારું હતું. એના હાથ કેટલા ગોરા અને કેવા સુંદર હતા ! એ હાથોને એણે જે ભારતીય રૂમાલથી લૂછ્યા તે પણ કેટલો કીમતી અને સોનેરી નવાબુટ્ટાવાળો હતો !

જમવાનો સમય થતાં જ આખી ટોળી પોતાના ટેબલ પાસે જઈ બેસી ગઈ.

• • •

જર્મન ભોજન કેવું હોય છે, તે બધાં જ જાણે છે. પાતળું સૂપ, સખત ગાંઠાવાળો માલપૂઓ અને તજ, ઝાડની છાલ જેવું સૂકું ઉકાળેલું માંસ જેના પર સફેદ સફેદ ચરબીના લોંદા ચોંટ્યા હોય, લીસા લીસા બટાટા, નરમ નરમ બીટ, ચાવેલા જેવા ગાજર, સરકો અને તેજપત્તાં મેળવેલી નીલી-નીલી બામ માછલી, જેલી સાથે પીરસેલું માંસ અને ખાસ ભોજન અર્થાત્ ખાટી-ખાટી લાલ ચટણી સાથે પીરસેલો લાલ-લાલ હલવો. હા, મજેદાર બીઅર અને શરાબ તો હોય જ. સોડેનનો વીશીવાળો પણ આવા જ ભોજનથી પોતાના ગ્રાહકોને તૃપ્ત કરતો હતો. ભોજન સારી રીતે ચાલ્યું. એ વાતેય ખરી કે કોઈ ખાસ ઉમંગ દેખાતો નહોતો, એટલે સુધી કે જ્યારે હર ક્લૂબરે "જેને આપણે સૌથી વધુ ચાહીએ છીએ, તેના નામ પર." શરાબ પીધો ત્યારેય કોઈ સ્ફૂર્તિ ન દેખાઈ. બધું બહુ શિષ્ટતા અને

શાલીનતાભર્યું હતું. ભોજન પછી પાતળી લાલ કટાયેલા રંગની અસલ જર્મન કૉફી પીરસવામાં આવી. એક સજ્જનની જેમ હર ક્લૂબરે જેમ્મા પાસે સિગારેટ પીવાની અનુમતિ માંગી. પરંતુ અચાનક જ એક અનપેક્ષિત ઘટના બની ગઈ - ભદ્દી નહીં તો ય અશોભનીય તો જરૂર ગણી શકાય.

પાસેના ટેબલ પર લશ્કરના કેટલાક અફસરો બેઠા હતા. એમની નજર અને છાની વાતચીત પરથી સ્પષ્ટ દેખાતું હતું કે જેમ્માની સુંદરતાનો પ્રભાવ એમના પર પડ્યો હતો. એમાંનો કદાચ એક ફ્રૅંકફર્ટમાં રહેલો હશે - જાણે એણે જેમ્માને પહેલાં જોઈ હોય એમ એ એની તરફ જોઈ રહ્યો હતો. એકદમ એ ગ્લાસ હાથમાં લઈ ઊભો થયો (આ લશ્કરી યુવાનો ખૂબ પીતા હતા. એમના ટેબલ પર બાટલીઓની હાર થઈ ગયેલી) અને જેમ્મા બેઠી હતી એ ટેબલ પાસે આવ્યો. યુવાન સુંદર હતો, ઉંમરમાં પણ નાનો, રંગ ગોરો અને દેખાવે પણ આકર્ષક, પરંતુ શરાબ પીવાથી એનો દેખાવ બગડી ગયો હતો - એના ગાલોના સ્નાયુઓ તંગ થઈ ગયા હતા, એની લાલ આંખો મસ્તીમાં નાચી રહી હતી. પહેલાં તો એના મસ્ત સાથીઓએ એને રોકવાનો પ્રયત્ન કર્યો પરંતુ પછી છોડી દીધો. હકીકતમાં એમનેય રસ હતો કે જોઈએ, શું થાય છે ?

એ અફસર લથડિયાં ખાતો બરાબર જેમ્માની સામે આવી ઊભો અને પરાણે અવાજ ઊંચો કરી કંઈક એવા સૂરે જોરથી બોલ્યો કે એના પ્રયત્ન છતાં એનો આંતરિક સંઘર્ષ વ્યક્ત થતો હતો. "આખા ફ્રૅંકફર્ટની-આખા સંસારની સૌથી સુંદર દુકાનદાર છોકરીની સ્વાસ્થ્ય-કામના માટે હું પીઉં છું." (અને ગ્લાસનો બધો શરાબ એક જ ઘૂંટડે પી ગયો). જેમ્માની ડિશ પાસે ટેબલ પર પડેલા ગુલાબના એક ફૂલને ઉપાડી બોલ્યો, "અને એની દિવ્ય આંગળીએ તોડેલા ગુલાબથી હું મને પોતાને પુરસ્કૃત કરું છું." પહેલાં તો આશ્ચર્ય અને ભયથી જેમ્માનો ચહેરો એકદમ ફિક્કો પડી ગયો... પછી એના ભયે ક્રોધનું રૂપ લીધું અને અચાનક એ લજ્જાથી તમતમીને લાલ થઈ ગઈ અને એની આંખો અદમ્ય ક્રોધથી સળગતી, ક્યારેક તીખી

તમકથી ચળકતી-ભભકતી અને કાળી પડતી, એ ગુનેગાર પર સ્થિર થઈ ગઈ. એ નજરથી અફસર જાણે શરમાઈ ગયો, એ હોઠ ફફડાવતો અસ્ફુટ સ્વરમાં કંઈક બોલ્યો, સમ્માનપૂર્વક થોડું નમ્યો અને મિત્રો પાસે પાછો ફર્યો. એમણે વ્યંગપૂર્ણ રીતે શાબાશી આપતાં અને હસતાં-હસતાં એનું અભિવાદન કર્યું.

હર ક્લૂબરે એકદમ ઊભા થઈ મોટેથી તો નહીં પણ રૂઆબદાર અવાજે "સ્વચ્છંદતાની પણ હદ હોય" એમ કહેતાં પોતાનો પોશાક સરખો કર્યો. હેટ પહેરી, એકદમ બેરાને કડકાઈભર્યા અવાજે બોલાવી બિલ માંગ્યું...એટલું જ નહીં, સજ્જન માણસો આવી વીશીમાં પગ નહીં મૂકે, ન જાણે ક્યારે એમનું અપમાન થઈ જાય એમ કહેતાં એણે ગાડી લાવવાનો હુકમ કર્યો. આ શબ્દો સાંભળી જેમ્માએ હર ક્લૂબર તરફ નજર નાંખી. હજી સુધી એ સુનમૂન બેઠી હતી, એની છાતી જોર જોરથી ધબકતી હતી... પેલા અફસર તરફ જોયેલું એટલી જ ત્રાંસી જેમ્માની આ નજર હતી. એમિલ પણ ગુસ્સામાં ધ્રૂજતો હતો. "ઊઠો, શ્રીમતીજી" એ જ કરડાઈથી બોલતાં હર ક્લૂબરે કહ્યું, "તમારું અહીં રોકાવું સારું નથી લાગતું. આપણે વીશીની અંદર જઈને બેસીએ."

જેમ્મા ચૂપચૂપ ઊભી થઈ. હર ક્લૂબરે પોતાનો હાથ આગળ કર્યો. જેમ્માએ એના હાથમાં હાથ નાંખ્યો. અને એ બાદશાહી કદમ જેમ્માને વીશીની અંદર લઈ ચાલ્યો. ભોજનની જગ્યાથી તેઓ જેટલા દૂર જતા ગયા તેમ તેમ એની ચાલ વધુ ને વધુ બાદશાહી અને મગરૂર બનતી ગઈ. બિચારો એમિલ ! એમની પાછળ પાછળ ચાલતો હતો.

પરંતુ જે વખતે હર ક્લૂબર બેરા સાથે હિસાબ પતાવી રહ્યો હતો અને એને સજારૂપે બક્ષિસમાં કંઈ નહોતું આપ્યું, બરાબર તે જ વખતે સાનિન જલદી જલદી લાંબી ફાળે જ્યાં પેલા અફસરો બેઠેલા તે મેજ પાસે જઈ પહોંચ્યો. અને જેણે જેમ્માનું અપમાન કરેલું તેને (અત્યારે એ પોતાના સાથીદારોને વારાફરથી દરેકને સૂંઘવા માટે પેલું ગુલાબ આપી રહ્યો હતો.) ઉદ્દેશીને સ્પષ્ટ ફ્રેંચમાં

કહ્યું, "મહાશય, તમે હમણાં જે કંઈ કર્યું એ કોઈ ઇજ્જતદાર વ્યક્તિને છાજે નહીં... તમે પહેરેલા આ પોશાકનું તો ધ્યાન રાખવું હતું. હું અહીં તમને કહેવા આવ્યો છું કે તમે અસભ્ય માણસ છો." પેલો યુવાન ઊછળીને ઊભો થયો, પરંતુ એના સાથીદારોમાંથી એકે, જે જરા ઉંમરમાં મોટો હતો, હાથ હલાવી એને રોક્યો અને બેસાડી દીધો. પછી સાનિન તરફ ફરી ફ્રેંચમાં પૂછ્યું, "આપ કોણ છો ? આ યુવતીના કોઈ સંબંધી, ભાઈ કે પછી ભાવિ પતિ ?" "હું તો એનો એક પરિચિત માત્ર છું." સાનિન ગરજ્યો, "હું રશિયન છું, આવી ઉદ્ધતાઈ હું ગૂપચૂપ સાંખી નહીં લઉં. લો, આ મારા નામ-સરનામાનું કાર્ડ, અફસર મહાશય મને શોધી શકશે."

આ શબ્દો સાથે સાનિને પોતાનું વિઝિટિંગ કાર્ડ ટેબલ પર ફેંક્યું અને એક અફસરે પ્લેટમાં મૂકી દીધેલું ગુલાબનું ફૂલ ઝાપટ મારી ઉપાડી લીધું. પેલા યુવાને ફરી પોતાની ખુરશીમાંથી ઊછળવાનો પ્રયત્ન કર્યો, પરંતુ એના સાથીએ "ડૉનહોફ, ચૂપ બેસ !" કહી એને રોક્યો. પછી એ પોતે ઊઠ્યો, અક્કડ થઈ સલામ ભરી અને સ્વરમાં અને વર્તનમાં આદરનો ભાવ લાવી કહ્યું કે અમારી રેજિમેન્ટનો એક અફસર આવતીકાલે તમારી રૂમ પર તમારી સેવામાં હાજર હશે. સાનિને હળવેથી માથું હલાવી જવાબ દીધો અને જલદીથી પોતાના સાથીદારો પાસે પાછો ફર્યો.

હર ક્લૂબરે એવો દેખાવ કર્યો જાણે એને ન તો સાનિનની ગેરહાજરીનું ધ્યાન છે ન લશ્કરી અફસર સાથેની એની વાતચીતનું. એણે કોચવાન ને જલદી ઘોડા જોડવાનું કહ્યું. એ એના ધીરા કામને કારણે નારાજ થઈ જતો હતો. જેમ્મા સાનિન સાથે એક શબ્દ પણ બોલી નહીં - એટલે સુધી કે એની તરફ નજર ઊંચી કરી જોયું સુધ્ધાં નહીં, પરંતુ એની ખેંચાયેલી ભ્રમરો, દબાયેલો હોઠ અને ચુપકીદીમાં એની ઉદ્વિગ્નતા પ્રગટ થતી હતી. એકલો એમિલ જ એવો હતો જે સાનિનને કંઈ પૂછવા અને એની સાથે વાત કરવા ઇચ્છતો હતો. એણે સાનિનને લશ્કરી અફસરો પાસે જતો અને એમને કંઈક સફેદ - કાગળના ટુકડા જેવું આપતો જોયો હતો. કદાચ એમાં કંઈ નોંધ

હશે કે કાંઈ હશે. માસૂમ છોકરાનું હૃદય જોરથી ધડકી રહ્યું. એના ગાલ જાણે બળતા હતા. સાનિનના ગળે વળગી પડવાનું અને રડવાનું મન થયું અથવા તો આ ક્ષણે સાનિનના સહકારથી એ જંગલી અફસરો પર ટૂટી પડી એમનો ભાંગીને ભુક્કો કરી નાંખવાનું મન થયું. પરંતુ એણે જેમતેમ પોતાના પર કાબૂ રાખ્યો અને પોતાના ઉમદા રશિયન મિત્રની પ્રત્યેક હાલચાલ ધ્યાનથી જોઈ રહ્યો.

અંતે કોચવાને ઘોડા જોડવાનું કામ પૂરું કર્યું કે આખી ટુકડી ગાડીમાં જઈ બેઠી. તાર્તાગ્લિયાની પાછળ એમિલ કોચવાનની બાજુની સીટ પર જઈ બેઠો. એને ત્યાં નિરાંત લાગી કેમ કે ત્યાંથી હર ક્લૂબર દેખાતો નહોતો - એને એ અંતરથી ધિક્કારતો હતો.

આખે રસ્તે હર ક્લૂબર પોતાના વિચારો પ્રગટ કરતો રહ્યો.... આ વિચાર એ પોતાની મેળે જ પ્રગટ કરી રહ્યો હતો. કોઈએ એનો વિરોધ ન કર્યો, છતાં કોઈ એની સાથે સંમત પણ ન થયું. બંધ "સમર હાઉસ"માં જમવાનું એણે સૂચન મૂકેલું, એના પર કોઈએ ધ્યાન ન આપીને ભૂલ કરેલી અને આ ભૂલનું એણે રજનું ગજ કર્યું. જો એ લોકો એમનું કહ્યું માનત તો આવી દુઃખદ ઘટના ન બનત. પાછી એણે કંઈક ઉદાર ઢબે સરકારની કડક ટીકા કરી કે આ અફસરોના શિસ્ત પર ધ્યાન આપ્યા વગર સરકાર એમને જે રીતે આશ્રય આપે છે તે અક્ષમ્ય છે. સમાજના સભ્ય નાગરિકો પ્રત્યે તેઓ યોગ્ય સમ્માન દાખવતા નથી, એથી જ સમાજના સભ્ય નાગરિકોમાં અસંતોષ વધી રહ્યો છે. આવા અસંતોષથી જ બહુ જલ્દી ક્રાન્તિ થાય છે અને એનું જ એક વિચારણીય દૃષ્ટાંત (અહીં એણે એક સહાનુભૂતિપૂર્ણ અને કઠોર આહ ભરી) ફ્રાંસ રજૂ કરી ચૂક્યું છે. એ પોતે અધિકારીઓને બેહદ માન આપે છે અને કદી ભૂલથી પણ ક્રાન્તિકારી નહીં બની શકે એ કહ્યા વિના પણ એનાથી ન રહેવાયું- જો કે આ પ્રકારની માન્યતાઓનો ક્યારેક સામનો કરવો પડે છે તો એનાથી...પોતાની અસંમતિ દબાવી શકાતી નથી...ત્યાર બાદ એણે નૈતિકતા અને અનૈતિકતા, સમ્માન અને આત્મસમ્માન વિશે મોટી મોટી ચવાયેલી વાતો કહી.

આ ભાષણ દરમિયાન જેમ્મા ચૂપ જ રહી. જમવાના સમય પહેલાં ફરતી વખતે પણ એ હર ક્લૂબરથી જરા અતડી દેખાતી હતી. એ જ કારણે એ સાનિનને જરા દૂર રાખતી હતી અને એની ઉપસ્થિતિથી જાણે મૂંઝાતી હતી. હવે એ પોતાના ભાવિ પતિને કારણે શરમ અનુભવતી હોય એવાં સ્પષ્ટ ચિહ્નો દર્શાવતી હતી. ગાડી ઘરે પહોંચતાં પહોંચતાં તો એ ખરેખર ઉદ્વિગ્ન બની ગઈ અને પહેલાંની જેમ જ સાનિન સાથે વાતચીત કરવાનું ટાળવા છતાં એક ક્ષણ એવી આવી ગઈ જ્યારે એનાથી એક યાચનાભરી દૃષ્ટિએ સાનિન તરફ જોવાઈ ગયું. જ્યાં સુધી એનો સવાલ હતો ત્યાં સુધી એના અંતરમાં હર ક્લૂબર પ્રત્યે જેટલો રોષ હતો એથી વિશેષ જેમ્મા પ્રત્યે કરુણા હતી. કાલે સવારે જ એને દ્વન્દ્વયુદ્ધ માટે લલકારી શકાય એવું એ જાણતો હતો છતાં આજે દિવસ દરમિયાન જે કાંઈ બન્યું એથી એ મનોમન ખૂબ રાજી થયો.

આખરે આ ત્રાસદાયી પર્યટનનો અંત આવ્યો. મીઠાઈની દુકાન સામે જેમ્માને ગાડીમાંથી ઊતરવા માટે સહાયતા કરતી વખતે સાનિને પાછું લાવેલું ગુલાબ ગૂપચૂપ એના હાથમાં મૂકી દીધું. શરમથી એ ગુલાબી થઈ ગઈ, એનો હાથ દબાવ્યો અને તરત જ ગુલાબ ક્યાંક મૂકી દીધું...હજી હમણાં જ સાંજ પડી હતી છતાં ઘરની અંદર જવાનું સાનિનને મન ન થયું. ન જેમ્માએ એને અંદર આવવા માટે કહ્યું. એટલું જ નહીં, પેન્તાલિયોને દરવાજે આવીને જણાવ્યું કે ફ્રાઉ લિનોર સૂઈ રહી છે. એમિલિયોએ સંકોચપૂર્વક સાનિનની વિદાય લીધી - એ તો જાણે એનાથી દૂરનો દૂર રહેવા ઇચ્છતો હતો - સાનિનના આચરણે એને એવો અભિભૂત કરી દીધો હતો. ક્લૂબરે સાનિનને હોટેલ સુધી પહોંચાડ્યો અને અત્યંત ઔપચારિક વિદાય લીધી. પોતાના આત્મવિશ્વાસ છતાં એ સંયત જર્મન મનોમન બહુ અકળામણ અનુભવતો હતો. ખરેખર, સૌને એવું લાગ્યું.

જો કે સાનિને પોતાની બધી માનસિક અવસ્થા ખંખેરી નાંખી. એની જગ્યા એક એવી અસ્પષ્ટ માનસિક સ્થિતિએ લીધી જે અત્યંત

સુંદર-અત્યંત ઉલ્લાસમય હતી... પોતાની મેળે જ મનમાંથી બધા વિચારો હાંકી કાઢી એ આનંદમાં સીટી વગાડતો ખંડમાં આમ-તેમ આંટા મારવા લાગ્યો.

• • •

બીજે દિવસે પોતાના નિત્યકર્મથી પરવારી મનોમન સાનિન બોલ્યો,"પેલા લશ્કરી અફસરના આવવાની અને એને શું કહેવું છે તે સાંભળવાની રાહ હું દસ વાગ્યા સુધી જોઈશ. નહીં તો પછી ભલે એ મને શોધતો ફરે." પરંતુ જર્મનો સવારે બહુ જલદી ઊઠી જતા હોય છે. હજી તો ઘડિયાળમાં નવના ટકોરા પડ્યા હતા કે બેરાએ આવીને જણાવ્યું કે, "સેકન્ડ લેફ્ટેનન્ટ રિચ્ટર આપને મળવા ઇચ્છે છે." ઉતાવળે કોટ પહેરી સાનિને બેરાને એ સજ્જનને અંદર લાવવા કહ્યું. આગંતુકની નાની ઉંમર જોઈ સાનિનને ખૂબ આશ્ચર્ય થયું. દેખાવમાં એ તદ્દન છોકરા જેવો લાગતો હતો. હર વૉન રિચ્ટર પોતાના દાઢી-મૂછ વગરના ચહેરા પર રૂઆબ લાવવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. પરંતુ એમાં એને સહેજે સફળતા ન મળી. પોતાની મૂંઝવણ એ છુપાવી શકતો નહોતો. ખુરશી પર બેસતી વખતે પણ પોતાની તલવારની અડફેટમાં આવતાં પડતાં પડતાં બચ્યો. એણે અચકાતાં અચકાતાં અને તોતડાતાં તોતડાતાં ભ્રષ્ટ ફ્રેંચમાં જણાવ્યું કે એના મિત્ર બેરન વૉન ડૉનહોફનું શ્રીમાન સાનિને ગઈકાલે અપમાન કર્યું હતું, તે બદલ એમની પાસે ક્ષમા મંગાવી લેવાનો ભાર એને સોંપાયો છે, અને જો શ્રીમાન સાનિન ક્ષમા માંગવાની ના પાડે તો બેરન ડૉનહોફને મનમાન્યું કરવા દે. સાનિને ઉત્તર આપતાં જણાવ્યું કે ક્ષમા માંગવાની એની સહેજે ઇચ્છા નથી અને મુકાબલા માટે એ તૈયાર છે.

આ વખતે પણ હર વૉન રિચ્ટરે અચકાતાં અચકાતાં પૂછ્યું,"આ પ્રારંભિક મંત્રણા મને કોની સાથે ક્યાં, અને ક્યારે નક્કી કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થશે ?" સાનિને જણાવ્યું કે,"તમે બે કલાક પછી આવો તે દરમિયાન હું કોઈ સહાયકની તપાસ કરવાનો

પ્રયત્ન કરીશ." ("હવે કયા કમ્બખ્તને હું પકડીશ ?" એ મનમાં બોલ્યો.) હરવૉન રિચ્ટર ઊભો થયો અને વિદાય માંગવા માંડ્યો પરંતુ જાણે પસ્તાતો હોય તેમ બારણામાં જ ઊભો રહી ગયો...સાનિન તરફ ફરી અસ્પષ્ટ સ્વરે બોલ્યો,"મારા મિત્ર બૅરન વૉન ડોનહોફ પોતે માને છે કે ગઈકાલની ઘટના માટે કેટલીક હદે એ જવાબદાર છે...એટલે જરા જેટલી ક્ષમા-યાચનાથી જ એ સંતોષ પામવા તૈયાર છે." એના જવાબમાં સાનિને જણાવ્યું કે,"જરા જેટલી કે વધારે - એ ક્ષમા યાચના માટે હું બિલકુલ તૈયાર નથી. કેમ કે હું મને પોતાને કોઈ રીતે દોષિત માનતો નથી."

"આવી સ્થિતિમાં" વૉન રિચ્ટરે લજ્જાથી લાલ થઈ જતાં પોતાની વાત આગળ ચલાવી,"બંનેએ એકબીજાનું માન રાખી ગોળીઓ છોડવી જોઈએ."

"તમારી વાત મને ખરેખર સમજાતી નથી." સાનિને કહ્યું,"ત્યારે શું અમારે હવામાં ગોળીઓ ચલાવવાની છે ?"

"ઓહ ના,... એમ નહીં." આં વખતે એકદમ શરમાઈને સેકન્ડ લેફ્ટેનન્ટ અચકાયા..."મેં તો માત્ર એમ માન્યું કે આમાં આબરૂદાર વ્યક્તિઓ સંડોવાઈ છે...પરંતુ હું તમારા સાથીદાર સાથે વાત કરી લઈશ"... અહીં વાત અધૂરી મૂકી એ ચાલ્યો ગયો.

લેફ્ટેનન્ટ જતાં જ સાનિન ધબ દઈને એક ખુરશી પર બેસી પડ્યો અને એકીટશે જમીન તરફ જોઈ રહ્યો. "આ બધું શું થઈ રહ્યું છે ? મારી જિંદગીએ પણ અચાનક કેવો વિચિત્ર વળાંક લીધો છે ! મારો સમસ્ત ભૂતકાળ અને ભવિષ્ય જાણે અર્થહીન બની ગયાં છે, અને ફ્રૅંકફર્ટમાં દ્વન્દ્વયુદ્ધ ખેલવા સિવાય હવે તો જાણે બીજું કાંઈ રહ્યું જ નથી." એને પોતાની એક ચસ્કેલ ફૈબા યાદ આવી ગયાં જે સતત આ ધૂન પર નાચ્યા કરતી :

અહીં આવ
મારા વહાલા
લેફ્ટેનન્ટ પ્યારા

નાના

ઘોડેસવાર બાંકા !

અને પાગલ સ્ત્રીની જેમ ગાતો એ ખડખડાટ હસી પડ્યો.

લેફ્ટેન્ટ પ્યારા

નાના

ઘોડેસવાર બાંકા !

"પરંતુ હવે આનું મારે કાંઈક કરવું પડશે. હવે વધુ સમય નથી." એ મોટેથી બોલ્યો અને ઊછળીને ઊભા થતાં જ એણે જોયું કે પેન્તાલિયોન હાથમાં એક ચિઠ્ઠી લઈને ઊભો છે.

"મેં બારણું ઘણી વાર ખખડાવ્યું પણ તમે કાંઈ જવાબ આપ્યો નહીં. મને થયું, તમે બહાર ગયા હશો !" બુઢ્ઢો બબડ્યો અને એના હાથમાં ચિઠ્ઠી આપી બોલ્યો, "આ કુમારી જેમ્માએ મોકલી છે."

સાનિને યંત્રવત્ પત્ર લીધો, મોહર તોડી અને ઉપરથી નીચે એક નજર નાંખી. જેમ્માએ લખ્યું હતું કે, 'પેલી ઘટનાને કારણે - જેને તમે જાણો જ છો - હું ખૂબ બેચેન છું અને તમને તરત મળવા ઇચ્છું છું'..."સિન્યોરિટા ખૂબ ચિંતિત છે." પેન્તાલિયોન બોલ્યો, એ સ્પષ્ટ હતું કે એ પત્રનો હેતુ એ જાણતો હતો. એણે કહ્યું, "એમણે મને કહ્યું કે જા અને જો કે તમે શું કરો છો ? અને તમને સાથે લઈને જ આવું." સાનિને એ વૃદ્ધ ઇટાલિયન તરફ જોયું અને વિચારમાં ડૂબી ગયો. અચાનક એક વિચાર એના મગજમાં ચમક્યો. પહેલાં તો એને એ વાત ખૂબ અશક્ય અને અસંગત લાગી..."અને છતાં... કેમ નહીં ?" એણે જાતને જ પૂછ્યું. "મહાશય પેન્તાલિયોન" એ મોટેથી બોલ્યો.

બુઢ્ઢો આશ્ચર્યથી ચોંકી ઊઠ્યો, એણે પોતાની દાઢી મફલરમાં સંતાડી દીધી અને સાનિન તરફ ધ્યાનથી જોયું.

"ગઈકાલે શું બનેલું તે તમે જાણો છો ?" સાનિને પૂછ્યું.

પેન્તાલિયોનના હોઠ કંપ્યા અને ઝટકા સાથે વાળની મોટી લટ પાછળ ફેંકી.

"જી હા, જાણું છું."

(એમિલે ઘરે પહોંચતાં જ એને બધું કહી દીધું હતું.)

"અચ્છા, તો તમે જાણો છો. સારું, તો પછી હમણાં જ એક ઓફિસર મને મળવા આવ્યો હતો. એ અધમ મને દ્વન્દ્વ યુદ્ધ માટે પડકારી રહ્યો છે. મેં એનો પડકાર ઝીલી લીધો છે. પણ મારો કોઈ સહાયક નથી. તમને મારા સહાયક થવું ગમશે ?"

પેન્તાલિયોને નવાઈ પામી પોતાની ભ્રમર એટલી ખેંચી કે એના વાળની તીરછી લટો પાછળ સંતાઈ ગઈ. "શું ખરેખર તમારે લડવું જ પડશે ?" એ ઇટાલિયનમાં બોલ્યો, અત્યાર સુધી એ ફ્રેંચમાં બોલી રહ્યો હતો. "મારે લડવું જ પડશે, કેમ કે એ સિવાય બીજી કોઈ પણ વાત મારી ઇજ્જત હંમેશને માટે ધૂળમાં મેળવી દેશે."

"હં, અને જો હું તમારો સહાયક બનવાની ના પાડું તો તમે બીજા કોઈની તપાસ કરશો ?"

"હા, જરૂરી કરીશ."

પેન્તાલિયોને પોતાની આંખો ઝુકાવી, "ખૈર, શ્રીમાન સાનિન, તમે મને એટલું પૂછવાની રજા આપશો કે તમારા આ દ્વન્દ્વયુદ્ધથી કોઈની ઇજ્જત ઝાંખી તો નહીં પડે ?"

"હું નથી ધારતો કે એવું બને, અને તેમ છતાં એમ બને તો બીજો કોઈ ઉપાય નથી."

"હં" પેન્તાલિયોન એના મફલરમાં જાણે વધુ ઘૂસી ગયો. "અને પેલા પાજી ક્લૂબેરિયાનું શું થશે ?" એકદમ મોં ઊંચું કરી એ બોલ્યો.

"એનું ? કંઈ નહીં !"

"છટ્ !" પેન્તાલિયોને ઘૃણાથી પોતાના ખભા હલાવ્યા. "હકીકતમાં તો મારે તમારો આભાર માનવો જોઈએ." થોડીવારના મૌન પછી એણે કંપતા સ્વરે કહ્યું, "એટલા માટે કે મારી વર્તમાન તુચ્છ પરિસ્થિતિમાં પણ તમે મને એક ઇજ્જતદાર આદમી ગણ્યો.

આ કાર્ય દ્વારા તમે ખરેખર પોતાને એક સજ્જન સાબિત કર્યા છે. પરંતુ તમારા આ પ્રસ્તાવ માટે મારે વિચારવું પડશે."

"વિચારવાનો વખત નથી, મિત્ર મહાશય ચી, ચિપ્પા..."

"...તોલા" બુઢ્ઢાએ પૂરું કર્યું. હું વિચારવા માટે માત્ર એક કલાકનો સમય માંગું છું. મારા હિતેચ્છુઓની પુત્રી આમાં સંડોવાઈ છે....મારે એનો વિચાર કરવો જ પડશે...હું મજબૂર છું...તમને એક કલાકમાં મારા નિર્ણયની જાણ થઈ જશે...પોણા કલાકમાં જ..."

"સારું, હું રાહ જોઈશ..."

"હા, તો...કુમારી જેમ્માને હું શું જવાબ આપું ?" સાનિને એક કાગળનો ટુકડો લઈ એના પર લખ્યું,"પ્રિય મિત્ર, ચિંતા ન કરીશ. હું ત્રણેક કલાકમાં તમારી પાસે આવી જઈશ અને તમને બધું જણાવીશ. તમારી સહાનુભૂતિ બદલ હાર્દિક આભાર." આ પત્ર એણે પેન્તાલિયોનને આપ્યો.

બુઢ્ઢાએ એને પોતાના ગજવામાં સંભાળીને મૂક્યો અને "એક કલાકમાં" એ બોલતો...બોલતો દરવાજા તરફ ચાલ્યો. પરંતુ એકાએક એ પાછો ફર્યો અને સાનિન તરફ ધસ્યો, એનો હાથ પકડી ભાવાવેશમાં પોતાના કોટ ઉપર છાતી પર દબાવીને બોલ્યો,"ઉદારચિત્ત, અમીરજાદા, આ અશક્ત વૃદ્ધને તમારા પરાક્રમી હાથમાં હાથ મેળવવા દો." પછી એ એક કદમ પાછળ ઊછળ્યો, બંને હાથ ઊંચા કર્યા અને ચાલ્યો ગયો.

સાનિન એની પાછળ જોઈ રહ્યો. પછી એક સમાચાર પત્ર ઉઠાવી વાંચવા બેઠો. પરંતુ એની આંખો લીટીઓ પર વ્યર્થ ઘૂમી રહી, એક પણ શબ્દ એને સમજાતો નહોતો....

• • •

એક કલાક પછી બેરો ફરી સાનિન પાસે આવ્યો, આ વખતે એ એક ખૂબ જૂનું ડાઘાવાળું વિઝિટિંગ કાર્ડ આપવા આવ્યો હતો, એના પર લખેલું હતું,"પેન્તાલિયોન ચિપ્પાતોલા વરેસવી, મોડેનાના

મહાન ડ્યૂકના રાજ દરબારનો ગાયક" અને બેરાની પાછળ પાછળ પેન્તાલિયોન પોતે આવ્યો. હવે તો એ નખ-શિખ બદલાઈ ગયો હતો, એણે જૂના જેવો એક ફ્રોક-કોટ પહેરેલો હતો, એના પર જાડા સૂતરનો સફેદ વેસ્ટકોટ - આ વેસ્ટકોટમાં એક બનાવટી સોનાની ચેઈન ખૂબ શાનથી સજાવેલી હતી. એના કાળા સાંકડા પાટલૂન પર ખૂબ નીચે લટકતી લાલ માણેકની એક મોહર ઝૂલી રહી હતી. જમણા હાથમાં સસલાની રૂંવાટીનો બનેલો કાળો ટોપો હતો. અને ડાબા હાથમાં સ્વેડના જાડા ચામડાનાં મોજાંની જોડી...હંમેશ કરતાં એનો કાવાત વધારે ખુલ્લો અને ઊંચો હતો, એના કાંજી કરેલા ખમીશ પર "નીલરંગી" મણિજડિત પિન લગાવેલી હતી. જમણા હાથની તર્જની સળગતા હૃદયને જકડી રાખતા બે હાથના ચિહ્નથી અંકિત વીંટીથી શોભતી હતી. બુઢ્ઢાનાં કપડાંમાંથી એક જૂની કસ્તુરી અને કપૂર મિશ્રિત ગંધ આવતી હતી. પોતાના વર્તનમાં ગંભીરતા પ્રગટ કરવાની એની ઉત્સુકતા, અત્યંત ઉદાસ દર્શકનું ધ્યાન પણ પોતાની તરફ ખેંચતી હતી. સાનિન એને મળવા માટે ઊભો થયો.

"હું તમારો સહાયક છું." પેન્તાલિયોને આવતાં જ નર્તકોની જેમ પગના પંજા ફેલાવી કમરમાંથી ઝૂકીને ફ્રેંચમાં જાહેર કર્યું, "હું તમારો હુકમ લેવા આવ્યો છું. શું તમારી ઈચ્છા છેક સુધી લડી લેવાની છે ?"

"પ્રિય મહાશય, ચિપ્પાતોલા, છેક સુધી જ શા માટે ? જે શબ્દ મેં કહ્યો એમાંથી ફરી જવાનો મારો સહેજ પણ ઈરાદો નથી, પણ હું લોહીનો તરસ્યો નથી. જરા રાહ જુઓ, મારા વિરોધીનો સહાયક પણ એકાદ મિનિટમાં અહીં આવી પહોંચશે. તમે બંને જેમ ફાવે તેમ નક્કી કરશો. ત્યારે હું બીજા ખંડમાં ચાલ્યો જઈશ. મારા પર વિશ્વાસ રાખજો, તમારી સેવા હું કદી નહીં ભૂલું અને તમારો હાર્દિક આભાર માનીશ."

"ઈજ્જત સૌથી પહેલી..." પેન્તાલિયોને જવાબ આપ્યો અને સાનિન એને બેસવાનું કહે તે પહેલાં જ આરામખુરશીમાં એણે જમાવી દીધું. "જો પેલા પાજી, બદમાશ" એણે ઈટાલિયન અને

ફ્રેંચ શબ્દો એક-બીજામાં ભેળવી દેતાં કહ્યું : "જો દુકાનના કાઉન્ટર પાછળ ઊછળતો ક્લૂબર એનું શું કર્તવ્ય છે તે સમજતો નથી. જો એ એક નંબરનો કાયર છે તો જાય જહન્નમમાં. એ નકામો માણસ છે. એટલું જ બસ. દ્વન્દ્વયુદ્ધમાં નિયમો પ્રમાણે હું તમારો સહાયક છું અને તમારું ભલું કરવું એ મારો પવિત્ર ધર્મ છે. જ્યારે હું પદુઆમાં રહેતો હતો ત્યારે સફેદ રસાલાની એક રેજિમેન્ટે ત્યાં મુકામ કરેલો, અને એમાંના ઘણા અફસરો સાથે મારે ઘનિષ્ઠતા બંધાયેલી. હું એમના બધા અદબ-કાયદા સારી રીતે જાણું છું. અને ઘણીવાર હું આ પ્રશ્નો પર તમારા રાજકુમાર તાર્બુસ્કી સાથે વાતચીત કરતો.... શું બીજો સહાયક અહીં હમણાં જ આવવાનો છે ?"

"ગમે તે ક્ષણે એ અહીં આવશે એમ હું માનું છું. લો એ આવી ગયો." બારીમાંથી બહાર જોતાં સાનિને કહ્યું. પેન્તાલિયોન ઊભો થયો એણે પોતાની ઘડિયાળમાં જોયું અને આગળની લટો સરખી કરી. પાટલૂનના અંદરના ભાગમાં લટકતી દોરીને બૂટમાં જલદીથી ખોસી દીધી. યુવાન સેકન્ડ લેફ્ટેનન્ટે મૂંઝાતાં શરમાતાં પ્રવેશ કર્યો.

સાનિને બંનેને એકબીજાનો પરિચય કરાવ્યો. "મહાશય રિસ્ટર સેકન્ડ લેફ્ટેનન્ટ. સિન્યોર ચિપ્પાતોલા કલાકાર."

વૃદ્ધનો દેખાવ જોઈ સેકન્ડ લેફ્ટેનન્ટે જરા આશ્ચર્ય વ્યક્ત કર્યું. જો કોઈ એમના કાનમાં હળવેથી કહેત કે જે "કલાકાર" મહાશયનો એમને પરિચય કરાવ્યો છે એ પાકવિદ્યામાં પ્રવીણ છે, તો એમને કેવું લાગત ? પરંતુ પેન્તાલિયોન તો જાણે દ્વન્દ્વ યુદ્ધના પ્રબંધમાં ભાગ લેવો એ તો એનું રોજિંદું કામ ન હોય એવું દેખાડવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. એના રંગમંચના દિવસોનાં જૂનાં સ્મરણો આ વખતે એની મદદમાં આવ્યાં એમાં શંકા નથી. અને સહકારીનો અભિનય એવી રીતે અદા કરી રહ્યો હતો જાણે ખરેખર કોઈ નાટકમાં જ અભિનય કરી રહ્યો હોય ! બંને પક્ષે એક ક્ષણ માટે મૌન છવાઈ ગયું. પેન્તાલિયોને પહેલાં મૌનભંગ કર્યો.

"આપણે હવે શરૂ કરીશું ?" એણે પોતાના લાલ માણેકની મોહર રમાડતાં કહ્યું.

"પણ એક સેકન્ડ," લેફ્ટેનન્ટે જવાબ આપ્યો.

"પરંતુ દ્વન્દ્વયુદ્ધ લડનારામાંથી એકની હાજરી..."

"સજ્જનો, હું હમણાં જ અહીંથી ચાલ્યો જાઉં છું." સાનિન બોલ્યો અને અભિવાદન કરી શયનખંડમાં ચાલ્યો ગયો, અને બારણાં બંધ કરી દીધાં.

પથારીમાં પડી એ જેમ્મા વિશે વિચારવા લાગ્યો...પરંતુ બંધ બારણામાંથી પાર પણ એને સહાયકોની વાત સંભળાતી હતી. વાતચીત ફ્રેંચમાં જ ચાલતી હતી અને બંને પક્ષ નિર્દય રીતે પોતપોતાની રીતે ભાષાનું ખૂન કરી રહ્યા હતા. પેન્તાલિયોન પદુઆની ઘોડેસવાર ટુકડી અને રાજકુમાર તાર્બુસ્કીને ફરી ઘસડી લાવ્યો હતો અને સેકન્ડ લેફ્ટેનન્ટ યુવાન દિલફેંક અફસરની વાતનો હવાલો આપી રહ્યો હતો. પરંતુ ડોસો કોઈ યુવાન અફસરની વાત સાંભળવા તૈયાર નહોતો. અચાનક જ એ એક યુવાન અને નિર્દોષ યુવતી બાબત ભાષણ દેવા માંડ્યો એ સાંભળીને તો સાનિન ચોંકી જ ઊઠ્યો. આખી દુનિયાના બધા જ અફસરો એની ટચલી આંગળીની તોલે પણ ન આવે ! વારંવાર એ ગુસ્સાથી બોલતો હતો - "આ તો બદમાશી છે ! બદમાશી !"

પહેલાં તો સેકન્ડ લેફ્ટેનન્ટે કંઈ ધ્યાન ન આપ્યું. પરંતુ પછી યુવાનના અવાજમાં એક ગુસ્સાની કંપારી સંભળાવા લાગી. એ બોલ્યો,"હું અહીં નૈતિકતા પર ભાષણ સાંભળવા નથી આવ્યો."
"તમારી ઉંમરે તો આ બધી શાણી વાતો સાંભળવી હંમેશા ફાયદાકારક છે." પેન્તાલિયોને ભારપૂર્વક કહ્યું.

રહી રહીને બંને સમ્માનિત સહાયકોની ચર્ચામાં ગરમી આવી જતી હતી. લગભગ એક કલાકથી વધારે વખત સુધી આમ ચાલતું રહ્યું. પછી નીચેની શરતો નક્કી કરવામાં આવી :

"આવતી કાલે સવારે ૧૦ વાગે બેરોન વૉન ડોનહોફ અને

મોશિયે-દ-સાનિન બંને હનાઉ પાસેના એક નાના જંગલમાં મળશે. બંને વીસ કદમના અંતરે ઊભા રહી એકબીજા પર ગોળી ચલાવશે. બંને પક્ષ સહાયકનો સંકેત મળતાં જ બે વખત ગોળી ચલાવશે. પિસ્તોલ એક ઘોડાવાળી હશે. રાઇફલની નળીવાળી નહીં." હરવોન રિચ્ટર ચાલ્યો ગયો પછી ખૂબ ગંભીરતાપૂર્વક પેન્તાલિયોને આ મિટિંગનું પરિણામ સંભળાવવા માટે સૂવાના ખંડનો દરવાજો ખોલ્યો અને મોટેથી બોલ્યો, "શાબાશ રશિયન, શાબાશ યુવાન ! જીત તારી જ થશે."

કેટલીક ક્ષણ બાદ એ બંને રોસેલ્લીની દુકાન તરફ ચાલી નીકળ્યા. સાનિને પેન્તાલિયોન પાસે વચન લીધું કે દ્વન્દ્વયુદ્ધની વાત એ તદ્દન ગુપ્ત રાખશે. બધી વાતના જવાબમાં બુઢ્ઢાએ આંગળી ઊંચી કરી અને આંખો નચાવી જલદી જલદી બેવાર બોલ્યો, "ગુપ્ત" એની ઉંમર જાણે ઘટી ગઈ હોય એવું લાગતું હતું. એના પગમાં સ્ફૂર્તિ આવી ગઈ હતી. જોકે આ અસામાન્ય ઘટના દુઃખદાયી હતી છતાં એથી જાણે જ્યારે એ પોતે લોકોને પડકારતો હતો. એ રંગમંચના દિવસોમાં એ ફરી જઈ પહોંચ્યો હતો. આમેય બેરીટોન લોકો શેખી કરવાના શોખીન હોય છે. એ તો બહુ જાણીતી વાત છે.

• • •

એમિલ સાનિનનું સ્વાગત કરવા દોડી આવ્યો. એક કલાકથી પણ વધુ સમયથી એ એના આવવાની રાહ જોતો હતો. જલદી-જલદી સાનિનના કાનમાં ગણગણ્યો કે કાલની દુઃખદાયી ઘટનાની માને બિલકુલ ખબર નથી, એથી એ વાતનો સહેજે ઉલ્લેખ પણ ન થવો જોઈએ. એણે વધારામાં એ પણ કહ્યું કે, "મને ફરી દુકાન પર મોકલવામાં આવી રહ્યો છે...પરંતુ ત્યાં જવાની મારી જરાય ઇચ્છા નથી, હું ક્યાંક સંતાઈ જઈશ." થોડી પળમાં આ બધી વાત કહીને એ સાનિનના ખભે વળગી પડ્યો અને એકદમ એને ચૂમી લીધો અને પછી શેરીમાં ભાગી ગયો. અંદર દુકાનમાં સાનિનને જેમ્મા મળી, એણે કંઈક કહેવાનો પ્રયત્ન કર્યો પણ કહી ન શકી. એના હોઠ સહેજ કંપ્યા, આજુબાજુ નજર દોડાવતાં એણે પોતાની આંખો

સહેજ ઝીણી કરી. એણે જલદી જલદી એને આશ્વાસન આપતાં કહ્યું,"આ મામલો તો પૂરો થઈ ગયો...નકામું નહીં તો !"

"આજે તમને મળવા કોઈ નહોતું આવ્યું ?" જેમ્માએ કહ્યું.

"હા, એક મુલાકાતી આવેલા...અમે આ વિશે ચર્ચા-વિચારણા કરી લીધી. અને ખૂબ સંતોષકારક પરિણામ આવ્યું." જેમ્મા ફરી કાઉન્ટર પાછળ ચાલી ગઈ.

સાનિન મનમાં બોલ્યો,"આને મારા પર વિશ્વાસ નથી."

પછી એ પાછળના ખંડમાં ગયો, અહીં એને ફ્રાઉ લિનોરે મળી.

એનો માથાનો દુઃખાવો તો સારો હતો, પરંતુ મન ઉદાસ હતું. એને જોઈ એ સ્નેહપૂર્ણ હસી અને જણાવ્યું કે આજે તમારું મનોરંજન કરી શકું એમ નથી એટલે આજે મારો સાથ તમને બહુ નહીં ગમે. એ જ્યારે એની પાસે બેઠો ત્યારે એણે જોયું કે એની પાંપણો લાલ અને સૂજેલી હતી.

"તમને શું થયું, ફ્રાઉ લિનોર ? તમે જરૂર રડ્યાં છો."

"હિશ્," એમણે માથું હલાવી જ્યાં એમની પુત્રી ગયેલી તે બારણા તરફ ઈશારો કરી ધીમેથી કહ્યું,"આમ મોટે મોટેથી... આ બધું ન કહેશો."

"પણ તમે રડ્યાં કેમ ?"

"ઓહ, મોશિયે સાનિન, એની તો ખુદ મને જ ખબર નથી."

"કોઈએ તમારી લાગણીઓને દૂભવી છે શું ?"

"ના રે....અચાનક જ મન ખૂબ ઉદાસ થઈ ગયું. મને જિયોબાં બતિસ્તાની યાદ આવી ગઈ...મારી યુવાની...અને જોતજોતાંમાં તો બધું ચાલ્યું ગયું. મારા મિત્ર, હવે તો હું ઘરડી થવા માંડી...અને બસ એ વિચારમાત્રથી મને ખૂબ દુઃખ થાય છે... હંમેશા મનમાં એ જ લાગ્યા કરે છે... એ જ તો ઘડપણ છે, એ જ તો ઘડપણ છે..."

ફ્રાઉ લિનોરની આંખોમાં આંસુ ઊભરાઈ આવ્યાં. "તમે મને

ખૂબ આશ્ચર્યથી જોઈ રહ્યા છો...પણ મારા મિત્ર, તમેય ઘરડા થશો, અને ત્યારે જ તમને ખબર પડશે કે આ બધું કેટલું કષ્ટદાયી છે !"

સાનિને એમને બાળકોની યાદ આપી સાંત્વના આપી કે,"તમે તમારાં બાળકોમાં તમારી યુવાનીને નવા રૂપમાં પામી શકશો..." વળી એણે એની મજાક પણ કરી નાંખી કે,"હું તમારું અભિવાદન કરું એમ ઇચ્છો છો ?"

પરંતુ એણે સ્વરમાં સહેજે મજાક લાવ્યા વિના પ્રાર્થના કરી કે,"મહેરબાની કરી આમ ન કહો." ત્યારે જીવનમાં પહેલીવાર એણે અનુભવ્યું કે...આ જાતનો અનુતાપ, વધતી ઉંમરના જ્ઞાનથી ઉત્પન્ન થતો અનુતાપ-મન બહેલાવવાથી કે સાંત્વના દેવાથી દૂર ન કરી શકાય. માત્ર એટલું જ કરી શકાય કે એના પસાર થઈ જવાની રાહ જોવી જ રહી...એણે ગંજીપાની એક બાજી રમવાનું સૂચવ્યું. એનાથી સારી બીજી કોઈ બાબત એ ભાગ્યે જ વિચારી શકત. ફાઉ લિનોર પ્રસન્નતાથી રાજી થઈ ગઈ અને કાંઈક ખુશ દેખાઈ.

સાનિન ભોજનના પહેલાં અને પછી પણ એની સાથે પત્તાં રમતો રહ્યો. પેન્તાલિયોને પણ રમતમાં ભાગ લીધો. એની આગળની લટો જેટલી આજે માથા પર ઝૂલતી હતી, એની દાઢી કાવાતની અંદર જેટલી ઘૂસી ગઈ હતી, એટલી પહેલાં ક્યારેય નહોતી દેખાઈ. એની પ્રત્યેક હિલચાલ એક એવી તીખી ગંભીરતાથી બોઝિલ હતી કે એને જોતાં જ આશ્ચર્ય થયા વિના ન રહે, લાગતું હતું કે જાણે આ માણસ અત્યંત ખંતપૂર્વક કોઈ રહસ્યની રક્ષા કરી રહ્યો છે.

પરંતુ - ગુપ્ત, ગુપ્ત !

આખો દિવસ એ ખૂબ પ્રયત્નપૂર્વક સાનિન તરફ ગંભીર સમ્માન દર્શાવવાની કોશિશ કરતો રહ્યો. મહિલાઓને પસાર કરી ખૂબ દઢ ગંભીરતા સાથે એણે મેજ પર સાનિનને સૌ પ્રથમ ભોજન

પીરસેલું. પત્તાંની રમતમાં પણ એણે સાનિનને "જમા" દઈ દીધા અને જ્યારે સાનિને અંચઈ કરી "પાસ" કર્યું તો એક શબ્દ પણ એ બોલ્યો નહીં. પછી એણે કોઈ પણ કારણ વિના ઘોષણા કરી કે આખી દુનિયામાં રશિયનો જ સૌથી વધુ ઉદાર, વીર અને નિર્ણાયક હોય છે.

"પ્રપંચી બુઢ્ઢો," સાનિન મનમાં બોલ્યો.

માદામ રોસેલ્લીને જેવી એણે કલ્પેલી નહિ એવી માનસિક અવસ્થામાં જોયેલાં તેથી એને નવાઈ ન લાગી. એમની પુત્રીના પોતા પ્રત્યેના વર્તનથી એ નવાઈ પામ્યો. એણે સાનિન તરફ ખરેખર ઉપેક્ષા ન બતાવી, ઊલટું બધો વખતે એ એની એકદમ પાસે જ બેસી રહી, એને બોલતો સાંભળતી રહી, એની તરફ જોઈ રહી. પણ જાણે જિદ્દપૂર્વક એની સાથે વાતચીતમાં ભાગ લેવાનું ટાળતી રહી. જ્યારે પણ એ એને સંબોધતો ત્યારે એ ચૂપચાપ ઊઠીને થોડીવાર માટે ખંડની બહાર ચાલી જતી. ફરી પાછી આવતી અને કોઈક ખૂણામાં ચૂપચાપ બેસી પડતી - જાણે કંઈક વિચારતી હોય...એને ખૂબ નવાઈ લાગતી હોય...સૌથી વધુ તો એના મુખ પર વિસ્મયનો જ ભાવ હતો...અંતે ફ્રાઉ લિનોરનું ધ્યાન પણ એના આ અસામાન્ય વર્તન તરફ ગયું અને એમણે એક-બે વખત પૂછ્યું પણ ખરું કે "શું વાત છે ?"

"કાંઈ નહીં." જેમ્માએ જવાબ આપ્યો. "તમે જાણો છો કે ક્યારેક ક્યારેક હું એવી થઈ જાઉં છું."

"હા, એ વાત તદ્દન સાચી છે." એની માએ સંમતિ આપી.

આ રીતે આખો દિવસ વીતી ગયો. ન તો બહુ રાજીખુશીમાં વીત્યો, ન રડવામાં, ન બહુ આનંદમાં વીત્યો, ન ઉદાસીમાં. જેમ્માનું વર્તન જો જુદા પ્રકારનું હોત તો કદાચ સાનિન પોતાના મનની વાત એને કહેવાની લાલચ ન રોકી શકત અથવા તો કદાચ હંમેશાંને માટે વિદાય લેવાની સાંજે વેદનાના આવેગથી હૃદય ભરી લેત. પરંતુ જેમ્મા સાથે બોલવા જેવી કોઈ વાત જ ન થઈ. આથી કૉફી

આપવાના એક કલાક પહેલાં સુધી એ પિયાનોની નાનકડી કળો દબાવતો પોતાનું મન બહેલાવતો રહ્યો.

એમિલ મોડો આવ્યો અને તરત જ ચાલ્યો ગયો જેથી હર ક્લુબર વિશે પૂછાતા પ્રશ્નોથી બચી જાય. સાનિનના જવાનો સમય થઈ ગયો.

એણે જેમ્માને 'આવજો' કહ્યું. ન જાણે કેમ એને પુશ્કિનના 'યેવ્ગેની ઓનિગિન'માં ઓલ્ગા અને લેન્સ્કીની વિદાય યાદ આવી ગઈ. એણે જોરથી જેમ્માનો હાથ દબાવ્યો અને એની આંખમાં જોવાનો પ્રયત્ન કર્યો. પરંતુ જેમ્માએ પોતાની આંગળીઓ છોડાવી હળવેથી ચહેરો ફેરવી લીધો.

• • •

જ્યારે એ વરંડામાં દાખલ થયો ત્યારે બધા તારા ઊગી નીકળ્યા હતા. ઓહ, અસંખ્ય ઝૂમખાં, નાનાં-મોટાં, લાલ, પીળાં, ભૂરાં, સફેદ ! બધાં જ ચળકતાં, ક્યારેક ટમકતાં તો ક્યારેક ઝગમગતાં. ચંદ્ર નહોતો, પરંતુ ચંદ્ર સિવાય તરલ, છાયાહીન ગોધૂલીમાં દરેક વસ્તુ સ્પષ્ટ દેખાતી હતી. સાનિન સડકના નાકા સુધી ચાલ્યો આવ્યો... એને ઘેર જવાનું મન નહોતું, માત્ર ચોખ્ખી હવામાં ફરવાની અને એની મજા માણવાની એને ઇચ્છા હતી. એ પાછો વળ્યો અને ફરી રોસેલ્લીની દુકાનવાળા મકાન પાસે આવ્યો કે સડકની બાજુ પડતી બારી અચાનક ધડાક કરતી ખૂલી ગઈ અને એના ખાલી કાળા ચોખટામાં (ખંડમાં લાઇટ નહોતી) એક સ્ત્રી-દેહ દેખાયો. એને કોઈએ બોલાવ્યો,

"મોશિયે દિમિત્રી !"

એ બારી પાસે આવ્યો... એ જેમ્મા હતી. વાંકી વળીને એ બારી બહાર ઝૂકી હતી.

"મોશિયે દિમિત્રી !" એણે ખૂબ સાવચેતીભર્યા સ્વરે કહ્યું, "આખો દિવસ હું તમને કંઈક આપવા ઇચ્છતી હતી - પરંતુ ચોક્કસ એનો નિર્ણય ન લઈ શકી ! પણ અત્યારે અચાનક તમને અહીં જોતાં

થાય છે કે એ આપવાનું જ નિર્માણ..."

આ શબ્દ આગળ જેમ્મા આપોઆપ ચૂપ થઈ ગઈ. એ આગળ બોલી ન શકી. એ જ ક્ષણે એક અસામાન્ય ઘટના બની.

આકાશમાં ક્યાંય વાદળનું નામ-નિશાન સુધ્ધાં નહોતું છતાં એ ઘેરી શાંતિમાંથી અચાનક જ આંધીનું એક એવું પ્રચંડ મોજું આવ્યું કે જાણે આખી ધરતી ધ્રૂજી ઊઠી, તારાઓનો પારદર્શી પ્રકાશ જાણે કંપતો ધૂંધળો બની ગયો અને હવા તો જાણે ઘૂમરીએ ચડી. પવનનો આ ઝપાટો ઠંડો નહિ, ગરમ, ખૂબ ગરમ હતો. ઝાડવાં, છાપરાં અને દીવાલો સાથે અફળાતાં, સડક પર ઊથલ-પાથલ કરતો પવન સાનિનની હેટ ઉડાવી અને જેમ્માની વાળની લટો વિખેરી ચાલ્યો ગયો. સાનિનનું માથું બારીના પથ્થરની ઊંચાઈ સુધી પહોંચતું હતું. એ અજાણતાં જ ત્યાં દબાઈને ઊભો, જેમ્મા પોતાના બંને હાથથી એનો ખભો પકડી પોતાનું વક્ષ એના મસ્તક સાથે દબાવી ઊભી રહી. આંધીની આ ભંયકર ગર્જના લગભગ એકાદ મિનિટ ચાલી અને પછી જાણે મહાકાય પંખીઓનું ઝૂંડ ઊડી જતું હોય એમ પોતાની સર્વશક્તિ સમાપ્ત થઈ જવાથી આંધી ચાલી ગઈ...અને ફરી ઘેરી શાંતિ પથરાઈ ગઈ.

માથું ઊંચકી સાનિને એનો ચહેરો જોયો...કેટલો વહાલો, કેટલો ભયભીત, કેટલો ઉત્તેજિત હતો ! એણે આંખોમાં જોયું...કેટલી વિશાળ, કેવી વિસ્મયોત્તેજક, કેટલી મહાન હતી એ આંખો - એની સમક્ષ એક એવું સૌન્દર્ય સાકાર થયું કે લાગ્યું જાણે એના હૃદયની ધબક એક ક્ષણ માટે બંધ થઈ ગઈ ! પોતાની છાતી પર લટકતી એક રેશમી લટને ચૂમી એ માત્ર એટલું જ બોલ્યો, "ઓહ જેમ્મા !" "એ શું હતું ? વીજળી ?" ઊંચે આકાશમાં જોતાં જેમ્માએ પૂછ્યું, એના ઉઘાડા હાથ હજીયે સાનિનના ખભા પર હતા.

"જેમ્મા !" સાનિન ફરી બોલ્યો.

જેમ્માએ એક ઊંડો શ્વાસ લીધો અને વળીને ખંડમાં જોયું. પછી ખૂબ સ્ફૂર્તિથી પોતાના ઉપલાં વસ્ત્રોમાંથી એક કરમાયેલું

ગુલાબ બહાર કાઢી સાનિન ઉપર ફેંક્યું.

"હું આ ફૂલ તમને આપવા ઇચ્છતી હતી." એણે ગુલાબ ઓળખ્યું. ગઈકાલે તો આના પર કબજો લીધો હતો.

પરંતુ ધડાક દઈ બારી બંધ થઈ ગઈ અને કાળા કાચ પાછળ કંઈ જોઈ શકાતું નહોતું. કંઈ જ નહિ, પ્રકાશનો ઝગારો સુધ્ધાં નહિ...

સાનિન ટોપા વિના જ હોટેલ પર પાછો ફર્યો. એનો ટોપો ખોવાઈ ગયો છે એનું એને ધ્યાન જ નહોતું.

• • •

પરોઢિયે એને ઊંઘ આવી ગઈ, એની નવાઈ નહોતી. નવાઈની વાત તો એ હતી કે અચાનક ગરમ પવનની આંધીના ધક્કામાં એને જેમ્મા અત્યંત સુંદર છોકરી છે એવું નહોતું લાગ્યું, એ એને ખૂબ આકર્ષક લાગતી હતી એમે ય નહીં, એ બધું તો પહેલેથી જ જાણતો હતો...પરંતુ એ કે... એ એને...ચાહવા માંડ્યો છે. હવાની આંધીની જેમ એના પર પ્રણયનો હુમલો થયો છે. અને હવે પેલું મૂર્ખતાભર્યું દ્વન્દ્વયુદ્ધ ! તીવ્ર નિરાશા અને વિષાદપૂર્ણ દુશ્ચિંતાનું એના પર આક્રમણ થયું. એને મારી નાંખવામાં ન આવે તો પણ... આ છોકરી સાથે, બીજાની ભાવિ પત્ની સાથે પ્રેમ કરવાથી શો ફાયદો ? જો કે આ "બીજો" ખૂબ ભયંકર પ્રતિદ્વન્દ્વી તરીકે સાબિત ન થતો હોય અને જેમ્મા પણ એને પ્રેમ કરવા લાગી હોય અથવા કદાચ કરવા જ લાગી છે...તો શું થયું ? કેવો વિચિત્ર પ્રશ્ન?... એના જેવી સુંદરી... એ ખંડમાં આમતેમ આંટા મારતો રહ્યો, પછી ટેબલ પાસે બેઠો, કાગળનો એક ટુકડો લીધો અને જલદી જલદી થોડી લીટીઓ ઘસડી - અને એકદમ બધું ફાડી નાખ્યું.... એને જેમ્માના વિચારો આવવા લાગ્યા. તારાના પ્રકાશમાં કાળી બારીના ચોકઠામાં જડાયેલી જેમ્માની એ મૂર્તિ, પ્રચંડ આંધીમાં વિખરાયેલા એના વાળ...ગ્રીક દેવીની મૂર્તિઓ જેવા હાથ એને યાદ આવ્યા....એનો જીવંત ભાર એણે પોતાના ખભા પર

અનુભવ્યો....પછી જેમ્માએ બારી બહાર જે ગુલાબ એના ઉપર ફેંકેલું તે એણે ઉઠાવ્યું અને એવું લાગ્યું કે જાણે એની કરમાયેલી પાંખડીઓમાંથી આવતી સુગંધ સામાન્ય ગુલાબો કરતાં ક્યાંય વધારે સૂક્ષ્મ છે.

"અને જો એ મરી ગયો કે અપંગ બન્યો તો ?" એ પથારીમાં ન પડ્યો, પહેરેલા પોશાકે જ સોફા પર એને ઊંઘ આવી ગઈ. કોઈએ એનો ખભો થપથપાવ્યો...

આંખો ખોલી જોયું તો એની સામે પેન્તાલિયોન ઊભો હતો.

"બેબીલોનના યુદ્ધની રાતે સૂતેલા મહાન સિકંદરની જેમ આપ ઊંઘો છો" બુઢ્ઢો બોલ્યો.

"કેમ, કેટલા વાગ્યા છે ?" સાનિને પૂછ્યું.

"પોણા સાત થયા, હનાઉની બે કલાકની મુસાફરી છે અને આપણે જ ત્યાં પહેલાં પહોંચવું જોઈએ. રશિયનો તો હંમેશાં પોતાના દુશ્મનોથી આગળ રહેતા હોય છે. હું ફ્રૅંકફર્ટની ઉત્તમ ગાડી ભાડે લઈ આવ્યો છું." સાનિન હાથ-મોં ધોવા માંડ્યો.

"પિસ્તોલ ક્યાં છે ?"

"એ પાજી-બદમાશો પિસ્તોલ લાવશે. એક ડોક્ટર પણ એ જ લાવશે."

પેન્તાલિયોન ગઈકાલની જેમ આજે પણ પોતાની માનસિક શક્તિને ઊંચે ચડાવી રાખવાનો પ્રયત્ન કરી રહ્યો હતો એ સ્પષ્ટ હતું - પરંતુ એ જ્યારે ગાડીમાં સાનિનની બાજુમાં બેઠો અને કોચવાને ચાબુક ફટકારતાં જ ઘોડાઓ દોડવા માંડ્યા કે પાદુઆની ઘોડેસવાર ટુકડીનો આ મિત્ર જાણે એકદમ બદલાઈ ગયો. એ વ્યથિત તો જણાતો હતો, લાગ્યું કે ડરી ગયો છે. પોલી દીવાલની જેમ એની અંદરથી કાંઈક જાણે ભાંગી પડ્યું.

"ઓ મારા ભગવાન, દેવી મેડોના, આપણે આ શું કરી રહ્યા છીએ ?" પોતાના વાળને મૂળમાંથી મુઠ્ઠીમાં જોરથી પકડી કંપતા અવાજે એ બોલ્યો, "હું શું કરી રહ્યો છું, બુઢ્ઢો પાગલ !"

સાનિન આશ્ચર્યથી હસી પડ્યો અને પેન્તાલિયોનની કમર પર હાથ મૂકી એણે એને એક ફ્રેંચ કહેવત સંભળાવી, "પાણીમાં પડ્યા પછી મગરનો શો ડર ? શરાબ નીકળી ચૂક્યો છે તો પીવો જ પડશે."

"બરાબર, બરાબર" વૃદ્ધે જવાબ આપ્યો, "તમે અને હું પ્યાલાને તળિયાઝાટક કરી નાંખશું, પરંતુ તોય હું પાગલ તો છું જ. હા...હું પાગલ છું...બધું કેટલું સરસ અને શાંત હતું... અને અચાનક જ....ટા-ટા, ટા-ટા-ટા !"

સાનિન લૂખું હસીને બોલ્યો, "જાણે ઓરકેસ્ટ્રા તુત્તી વગાડવા માંડ્યું, એવી જ રીતે, એમાં તમારો વાંક નથી."

"હું જાણું છું કે મારો વાંક નથી. જો હોત તો સારું થાત એમ મને લાગે છે. પરંતુ એ ય મૂર્ખાઈ છે." પોતાની આગલી લટોને પાછળ ઉલાળી પેન્તાલિયોન શ્વાસ લેતો બોલ્યો, "શેતાન, શેતાન !"

અને ગાડી આગળ ચાલતી રહી.

• • •

સોહામણી સવાર હતી. ફ્રેંકફર્ટની શેરીઓ હમણાં જ જાગવા માંડેલી અને સ્વચ્છ તથા સુઘડ હતી. બારીઓ ટીનના પતરાની જેમ ચળકતી હતી. વિશાળ ફાટકોને પાર કરતાં એમણે ભૂરા પરંતુ ઊંચા આકાશમાં લાર્ક પક્ષીના મોટા અવાજ સાંભળ્યા. સડકના એક વળાંક પાસે અચાનક જ એક જાણીતી આકૃતિ ચિનારના એક મોટા વૃક્ષ પાછળથી નીકળી અને એમની તરફ કેટલાંક ડગ ભરી અટકી ગઈ. સાનિને ફરી જોયું..."ઓ મારા રામ, એમિલ !" "હેં? તો એ પણ શું જાણે છે ?" પેન્તાલિયોન તરફ ફરીને સાનિને પૂછ્યું.

"મેં કહ્યું ને હું પાગલ છું." અભાગિયો ઇટાલિયન જાણે નિસાસો નાંખી બોલ્યો. એનો અવાજ નિરાશાની ચીસ સુધી ઊંચો થઈ ગયો હતો. "એ કમબખ્ત છોકરાએ આખી રાત મને જંપવા દીધો નથી અને આજ સવારે મેં બધું કહી નાખ્યું."

"તમે આમ રહસ્ય જાળવો છો ?" સાનિન મનમાં બોલ્યો.

એમિલ ઊભો હતો ત્યાં ગાડી આવી. સાનિને કોચવાનને ગાડી રોકવાની આજ્ઞા આપી. એ "કમબખ્ત છોકરા"ને પાસે બોલાવ્યો. એમિલ અસ્થિર ડગલે એની પાસે આવ્યો, એના ચહેરા પર ફિક્કાશ હતી. હૃદયની બીમારીના હુમલાને દિવસે જેવી ફિક્કાશ હતી તેવી જ. એ પરાણે ઊભો રહ્યો હતો.

"તું અહીં શું કરે છે ? તું ઘરે કેમ ન રહ્યો ?" સાનિને એને રુક્ષતાથી પૂછ્યું.

"મને તમારી સાથે આવવા દો !" બે હાથ જોડીને ધ્રૂજતા સ્વરે એમિલે વિનંતી કરતાં કહ્યું. ખૂબ તાવ ચઢ્યો હોય તેમ એના દાંત કકડતા હતા..."હું જરાય આડો નહીં આવું. મને તમારી સાથે લઈ જાવ...બસ, મને તમારી સાથે લઈ જાવ."

"જો તને મારા માટે સહેજે લાગણી કે માન હોય તો તું જલ્દી ઘેર પાછો જા અથવા હર ક્લૂબરની દુકાને જા. કોઈને એક શબ્દ પણ કહેતો નહીં અને મારા પાછા આવવાની રાહ જોજે." સાનિને કહ્યું.

"તમારા પાછા ફરવાની..." એમિલ ફાટેલા સ્વરે દર્દભર્યું બોલ્યો,"અને જો તમે..."

"એમિલ !" કોચવાન તરફ સૂચક નજરે જોતો સાનિન બોલ્યો,"હિંમત રાખ ! તું ઘરે જા, એમિલ, હું તને વિનંતી કરું છું, મિત્ર મારી વાત સાંભળ. તું હમેશાં કહે છે કે તું મને ચાહે છે...સારું, તો પછી મારે ખાતર તું ઘેર જા." એણે પોતાનો હાથ લંબાવ્યો. એમિલ આગળ સરક્યો, ધ્રુસકાં ખાતાં એનો હાથ પોતાના હોઠે લગાડ્યો...અને તીરની જેમ સડક છોડી ફ્રૅંકફર્ટની તરફ ખેતરમાં થઈને ભાગ્યો.

"આ બીજો ઉમદા દિલનો આદમી છે." પેન્તાલિયોન બબડ્યો. પરંતુ સાનિને ભાવભરી નજરે એની તરફ જોયું કે બુઢ્ઢો સીટના ખૂણામાં સંકોચાઈ બેઠો. એ જાણતો હતો કે પોતે જ ગુનેગાર છે. શું ખરેખર એ સહાયકનું જ કામ કરી રહ્યો છે ? એણે જ ગાડી

લાવવાનો હુકમ કરેલો અને દરેક વસ્તુને જાતે જ જોઈ-તપાસી છે અને એ ય વહેલી સવારે છ વાગે પોતાનું શાંત ઘર છોડીને...? દરેક પળે આવું વિચારતાં વિચારતાં એનું આશ્ચર્ય વધી રહ્યું હતું. એ બધાંની પરાકાષ્ઠા રૂપે એના દુઃખતા પગોમાં ધીમું-ધીમું દર્દ થવા લાગ્યું.

સાનિનને થયું એને ખુશ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ અને એને ઉત્તેજિત કરવા યોગ્ય શબ્દ શોધી એણે એની અસલ નાડ પણ પકડી પાડી.

"મહામહિમ સિન્યોર ચિપ્પાતોલા, તમારી પહેલાંની હિંમત ક્યાં ગઈ ? પહેલાંનું શૌર્ય ક્યાં ગયું ?" સાનિને હિંમતથી કહ્યું, સિન્યોર ચિપ્પાતોલાએ ટટ્ટાર થઈ મોં ફૂંગરાવ્યું. "પહેલાંનું શૌર્ય ?" એ ઘેરા સ્વરે જોરથી બોલ્યો,"પહેલાંનું શૌર્ય હજીયે છે." ફરી ટટ્ટાર થઈ એણે પોતાની જીવનપ્રવૃત્તિ વિશે, ઑપેરાના મહાન સંગીતજ્ઞ ગાર્ચિયા વિશે કહેવા માંડ્યું. અને જ્યારે તેઓ હનાઉ પહોંચ્યા ત્યારે એ સંપૂર્ણપણે બદલાઈ ચૂકેલો. જો વિચારીએ તો "શબ્દ"થી વધારે શક્તિશાળી અને શબ્દથી વધારે નિર્બળ કંઈ જ નથી.

• • •

જ્યાં દ્વન્દ્વયુદ્ધ ખેલાવાનું હતું એ નાનકડું જંગલ હનાઉથી લગભગ પાએક માઈલ દૂર હતું. પેન્તાલિયોને પહેલાં કહેલું એમ સાનિન અને એ જ પહેલાં ત્યાં પહોંચ્યા. કોચવાનને જંગલની બહારની હદ પર રાહ જોવાનું કહી તેઓ અત્યંત સઘન જંગલી ઝાડીની આડમાં ગુમ થઈ ગયા. લગભગ એક કલાક એમને રાહ જોવી પડી.

સાનિનને આ પ્રતીક્ષા કંટાળાજનક ન લાગી. પંખીઓનો કલરવ સાંભળતો, ઊડતી મોટી માખીઓને અનુસરતો સાંકડી પગદંડી પર અહીંતહીં લટાર મારતો રહ્યો. આવી પરિસ્થિતિમાં પડેલા ઘણાંખરાં રશિયનોની જેમ કંઈ જ ન વિચારવાનો પ્રયત્ન કરતો હતો. માત્ર એકવાર એ વિચારોને વશીભૂત થઈ ગયેલો અને એ

ય કદાચ કાલની આકસ્મિક આંધીના શિકાર બનેલા એક લીંબુના નાનકડા ઝાડ પાસે આવીને. વૃક્ષ મરી રહ્યું હતું એ સ્પષ્ટ હતું. એનાં બધાં જ પાંદડાં કરમાઈને સંકોચાઈ ગયેલાં, "આ શું ? અપશુકન ?" એના મનમાં આવ્યું, પણ બીજી જ ક્ષણે એ સીટી વગાડતો, લીંબુના વૃક્ષના પડેલા થડને ઓળંગી લાંબાં ડગલાં ભરતો પગદંડી પર ફરતો રહ્યો. એથી વિપરીત, પેન્તાલિયોન એકધારું બબડતો, જર્મનોને ગાળો દેતો, ખાંસતો, પોતાની પીઠ અને ઘૂંટણ ખંજવાળતો હતો. ઉત્તેજિત થઈ એ બગાસાં ખાતો હતો. અને એથી એનું નાનકડું ચપટું મોં ખૂબ હાસ્યાસ્પદ દેખાતું હતું. સાનિને જ્યારે એને જોયો ત્યારે એ ખડખડાટ હસી પડ્યો. આખરે કાચી સડક પર પૈડાં ફરવાનો અવાજ એમને સંભળાયો. "તેઓ આવે છે," પેન્તાલિયોને એકદમ ટટ્ટાર થઈ "સાવધાન"ની મુદ્રામાં ઊભા રહી કહ્યું. તેમ છતાં એની આ હરકતમાં સહેજે ગભરાટનો અણસાર નહોતો એવું નહોતું. એણે જલ્દીથી મોઢેથી જોરથી "બર્રર" શબ્દ બોલતાં અને આજે સવારે ઘણી ઠંડી છે એવું બોલતાં છુપાવવાનો પ્રયત્ન કર્યો. ઘાસ-પાંદડાં બધું ઝાકળથી એકદમ ભીંજાઈ ગયેલું, પરંતુ જંગલની વચ્ચોવચ બફારો મારતી ગરમી છવાયેલી હતી.

વૃક્ષોની છાયામાં તરત જ બંને અફસરો દેખાયા. એમની સાથે એક નીચો ઠીંગણા જેવો માણસ ચાલ્યો આવતો હતો. એનો ચહેરો સુસ્ત અને લગભગ ઊંઘણશી જેવો જણાતો હતો - આ હતો રેજિમેન્ટનો ડૉક્ટર. જરૂર પડે એથી માટીનો એક કૂંજો ભરીને પાણી પોતાની સાથે લેતો આવ્યો હતો. એના ડાબા ખભા પર ઑપરેશન માટેનાં ઓજારો અને પાટાઓથી ભરેલો થેલો લટકી રહ્યો હતો. આ પ્રકારના પર્યટનથી એ ટેવાયેલો લાગતો હતો. કેમ કે આ તેનું આવકનું સાધન પણ હતું. દરેક દ્વન્દ્વયુદ્ધમાં એને બંને પક્ષ તરફથી ચાર-ચારના હિસાબે આઠ શેવોન્ત્સી મળતાં હતાં. હર વોન રિચ્ટરે પિસ્તોલની પેટી ઉપાડી હતી અને વોન ડોનહોફ પોતાના હાથમાં એક નાનકડું શિકારી હંટર ઘુમાવતો ચાલ્યો આવતો હતો. નિઃશંકપણે એ એને જ પોતાની શાન સમજી રહ્યો હશે.

"પેન્તાલિયોન" સાનિને વૃદ્ધના કાનમાં ધીરેથી કહ્યું, "જો હું હણાઉં તો જાણે છે કે ગમે તે બની શકે, તો મારા બાજુના ગજવામાંથી કાગળનો ટુકડો કાઢી લેજે, એમાં એક ફૂલ લપેટેલું છે, તે સિન્યોરિટા જેમ્માને આપી દેજે. તું સાંભળે છે ને ? વચન આપે છે ?" વૃદ્ધે એક કરુણાસભર દૃષ્ટિ એના પર નાંખી અને સ્વીકૃતિમાં માથું હલાવ્યું....પરંતુ ભગવાન જાણે સાનિને એને જે કરવાનું કહ્યું તે એ સમજ્યો હોય તો...

વિરોધીઓ અને સાથીઓએ એકબીજાની સામે માનથી ઝૂકીને રીતસર અભિવાદન કર્યું. માત્ર ડૉક્ટર જ સ્થિર રહ્યો. બગાસું ખાતો એ ઘાસ પર બેઠો. જાણે કહેતો હોય, "આ બધાં બહાદુરીભર્યા કાયદા પ્રમાણે વર્તવાની મારે કાંઈ જરૂર નથી." હર વૉન રિચ્ટરે હર "શિબાદોબા"ને જગ્યા પસંદ કરવા કહ્યું...હર "શિબાદોબા" એ ભાવાવેગથી ઘેરા અવાજે કહ્યું, (એની અંદરની "દીવાલ" ફરી ભાંગી પડી હતી.) "તમે જેમ યોગ્ય લાગે તેમ કરો, હું તો માત્ર જોયા કરીશ." અને હર વૉન રિચ્ટરે પોતાનું કામ શરૂ કર્યું. જંગલમાં એણે એક ખૂબ સુંદર, ચારેબાજુ ફૂલોથી છવાયેલી ખુલ્લી જગ્યા શોધી કાઢી. એણે પગલાં ભરી માપી જોયું અને તરત જ લાકડીને અણીદાર કરી એનાથી બંને છેડાઓ પર નિશાન કોતરી લીધાં. પેટીમાંથી પિસ્તોલ કાઢી ગોળી ભરવા માટે ઘાસ પર બેસી ગયો. ટૂંકમાં, પોતાનો પરસેવાથી નીતરતો ચહેરો વારંવાર સફેદ રૂમાલથી લૂછતા એનાથી જે થયું તે એણે કર્યું. પેન્તાલિયોન એની પાછળ પાછળ ફરતો રહ્યો, અને ઠંડીથી અકડાઈ ગયો હોય તેવો દેખાતો હતો. જ્યાં સુધી આ પ્રાથમિક કામ ચાલ્યું ત્યાં સુધી બંને વિરોધીઓ જરા ખસીને દૂર દૂર ઊભા રહ્યા, જાણે સજા પામેલા નિશાળના બે છોકરાઓ ઊભાં ઊભાં મનમાં ધૂંધવાતાં પોતાના શિક્ષકોને જોઈ રહ્યા હોય !

નિર્ણયની ક્ષણ આવી પહોંચી...
બંનેએ લીધી પિસ્તોલ...
પોતપોતાના હાથમાં,

પરંતુ અહીં હરવોન રિચ્ટરે જણાવ્યું કે દ્વન્દ્વયુદ્ધના નિયમ પ્રમાણે બંને વિરોધીઓએ 'સત્યાનાશી એક..બે..ત્રણ...કહેતાં પહેલાં સલાહની જેમ કાંઈક બોધ કે ઉપદેશ આપવો જોઈએ, જેથી તેઓ ઝઘડો પતાવી લે... જો કે આ ઉપદેશબાજીથી કાંઈ વળતું નથી, તેમ છતાં હર "શિબાદોબા" એ રીતે પોતાના ખભા પરથી થોડી જવાબદારી ઓછી કરશે, અને વળી આવું વ્યાખ્યાન આપવું એ ખરેખર પરિસ્થિતિના સાક્ષી તટસ્થ દર્શકોનું જ કર્તવ્ય છે. ત્યાં એવી કોઈ વ્યક્તિ ઉપસ્થિત ન હોવાથી વૉન રિચ્ટરે સ્વેચ્છાએ આ વિશેષાધિકાર પોતાના વડીલ સહયોગીને આપ્યો. એક-બીજા પર આક્રમણ કરતા અફસરોને જોવા ન પડે એટલે પેન્તાલિયોન પહેલેથી જ એક ઝાડીની ઓથમાં ખસી ગયેલો. પહેલાં તો હર વૉન રિચ્ટરની વાતનો એક શબ્દ પણ એને ન સમજાયો. રિચ્ટર નાકમાંથી બોલતો હતો એ કારણ પણ હોય. ખેર, ગમે તેમ કરીને બીજી ક્ષણે પેન્તાલિયોન પરાણે ઊઠતો, ઉત્સુકતાપૂર્વક આગળ વધ્યો અને છાતીમાં મુક્કા મારતો પોતાની હાસ્યાસ્પદ ભેળસેળ વર્ણશંકર ભાષામાં ફાટ્યાગળે ચીસ પાડતો બોલ્યો, "હાય હાય શું જંગલીપણું આદર્યું છે ! આટલા સારા બે નવયુવાનો અને આમ લડે ? આ શી મજાક ? શા માટે ? પોતપોતાના ઘેર જાવ."

"હું સમજૂતી કરવા તૈયાર નથી." સાનિન જલ્દીથી બોલ્યો.

"હું ય નહીં." વિરોધી પાછળ જ બોલ્યો.

"સારું ત્યારે, તો તમે હવે જોરથી એક, બે, ત્રણ બોલો." વૉન રિચ્ટરે ગૂંચવાયેલા પેન્તાલિયોનને કહ્યું.

પેન્તાલિયોન ફરી કૂદીને ઝાડીમાં ઘૂસ્યો, પરન્તુ ત્યાંથી અંગો પર કાબૂ રાખી, આંખો મટમટાવી અને માથું ઝાટકીને ગળું ફાડી બોલ્યો, "ઉના...દ્વે...એ...ત્રે..." (એક, બે, ત્રણ)

પહેલાં સાનિને પિસ્તોલ ચલાવી અને નિશાન ચૂકી ગયો. એની ગોળી જોરદાર ધડાકા સાથે એક વૃક્ષના થડ સાથે અથડાઈ. બૅરન ડૉનહોફે તરત જ એના પછી જાણી જોઈને એક બાજુ હવામાં

ગોળી છોડી.

એક બોઝિલ શાંતિ છવાઈ ગઈ...કોઈ હાલ્યું નહીં. પેન્તાલિયોન અત્યંત દુર્બળ અવાજે ઘૂરક્યો.

"આપણે આગળ વધીએ એવું તમે ઇચ્છો છો ?" ડૉનહોફે પૂછ્યું.

"તમે ગોળી હવામાં કેમ છોડી ?" સાનિને પૂછ્યું.

"તમારે એની સાથે શું નિસબત ?"

"તો શું બીજીવાર પણ તમે હવામાં જ ગોળી છોડવા માંગો છો ?" સાનિને પૂછ્યું.

"કદાચ કંઈ કહેવાય નહીં."

"સજ્જનો !" વૉન રિચ્ટરે કહ્યું, "નિયમ પ્રમાણે મુખ્ય ભાગ લેવાવાળાઓ એક-બીજા સાથે સીધી વાત ન કરી શકે એ તદ્દન ખોટું છે."

"હું ગોળી ચલાવવાનો મારો અધિકાર જતો કરું છું." એમ કહી સાનિને પિસ્તોલ જમીન પર ફેંકી "અને મને પણ આ દ્વન્દ્વયુદ્ધ ચાલુ રાખવાની કોઈ ઇચ્છા નથી." વૉન ડૉનહોફે પણ પોતાની પિસ્તોલ એક બાજુ ફેંકતાં કહ્યું, "સાથે જ હું કબૂલ કરું છું કે તે દિવસે ભૂલ મારી જ હતી." એક ક્ષણ એ અવઢવમાં ઊભો રહ્યો, પછી અત્યંત સંકોચાતા પોતાનો હાથ લંબાવ્યો. સાનિને એની પાસે જઈ તરત જ હાથમાં હાથ મિલાવ્યો. બંને નવયુવાનોએ સ્મિત સાથે એકબીજાની સામે જોયું અને બંનેના ગાલ શરમથી લાલ થઈ ગયા. "શાબાશ ! શાબાશ !" ઝાડીમાંથી જંગલી કબૂતરની જેમ ઝડપ મારી બહાર નીકળતાં તાળીઓ વગાડતાં ઉન્મત્તપણે ચીસો પાડતો પેન્તાલિયોન બોલી ઊઠ્યો. ડૉક્ટર જરા ખસીને એક કાપેલા વૃક્ષ પાસે બેઠો હતો. એકદમ ઊભા થઈ એણે કૂંજાનું પાણી એક બાજુ ઢોળી દીધું અને આળસભર્યા જંગલની હદ તરફ ચાલવા માંડ્યો. બંનેની ઇજ્જત બચી ગઈ એટલે "દ્વન્દ્વયુદ્ધ સમાપ્ત થાય છે." વૉન રિચ્ટરે ઘોષણા કરી. "ચાલ્યા જાવ" પેન્તાલિયોન ફરી

એકવાર ચીસ પાડી ઊઠ્યો - એનું મન ફરી ભૂતકાળમાં ચાલ્યું ગયું હતું.

• • •

અફસરોને અભિવંદન કરી ગાડીમાં બેઠા પછી કહેવું જોઈએ કે સાનિનને એવું લાગ્યું કે જાણે એનો આત્મા એક એવી અનુભૂતિથી ઘેરાઈ ગયો કે જેને આનંદની અનુભૂતિ તો ન કહી શકાય, પરંતુ કોઈ ભારે કામ પૂરું કર્યા પછી થાય તેવા એક સંતોષ અને મુક્તિની અનુભૂતિ હતી. એ જ વખતે એક બીજા પ્રકારની અનુભૂતિ પણ એના મનમાં સળવળતી હતી. કંઈક શરમ જેવી અનુભૂતિ...હમણાં જ એણે જે લડાઈમાં ભાગ લીધેલો, એ બધું એને એકદમ ખોટો આડંબર લાગ્યો, પરંપરાથી ચાલ્યો આવતો ઑફિસરોનો જીવન-વ્યવહાર કે વિદ્યાર્થી અફસરો વચ્ચેની રોજિંદી વાત લાગી. એને સુસ્ત ડૉક્ટરની યાદ આવી, એનું સ્મિત સાંભર્યું. અથવા ખાસ કરીને સાનિન અને બૅરન વૉન ડૉનહોફને હાથમાં હાથ રાખી જંગલમાંથી નીકળતા જોઈ જે રીતે એણે નાકનું ટીચકું ચઢાવેલું એ બધું એને યાદ આવ્યું. અને ત્યાર બાદ જ્યારે પેન્તાલિયોને ડૉક્ટરને એના હક્કના ચાર "શેવોત્સ્કી" આપ્યા હતા....ઊંહ...આ બધું કાંઈ રાજી થવાય એવું નહોતું.

હા, સાનિન શરમાતો હતો, પોતાને અપરાધી ગણતો હતો. પરંતુ નહીં તો ય પછી એ શું કરી શકત ? એ ગુનેગાર યુવાન અફસરને દંડ દીધા વિના તો પોતે ન જવા દેત. પોતે હર ક્લૂબરનું અનુકરણ પણ ન કરી શકત. એ પોતે જેમ્માના બચાવમાં આગળ આવેલો... આ બધું ઠીક છે, તેમ છતાં એનો આત્મા બેચેની અનુભવતો હતો, શરમાતો હતો. એક અપરાધી જેવી લાગણી અનુભવતો હતો.

પેન્તાલિયોનને લાગેવળગે ત્યાં સુધી તો જાણે એ જ જીતી ગયો ન હોય ! એવી અચાનક એક ગૌરવાનુભૂતિથી એ ભરાઈ ગયો હતો. યુદ્ધના મેદાનમાંથી હાલ જ જીતીને પાછા ફરતા સેનાપતિ

પણ આટલા આત્મોલ્લાસ અને આત્મસંતોષથી નહીં ફુલાઈ જતા હોય, જેટલો અત્યારે એ ફુલાઈ ગયો હતો....દ્વન્દ્વયુદ્ધ દરમિયાન સાનિનના વ્યવહારે એનામાં ઉત્સાહ પ્રેરેલો. એણે મનોમન સાનિનને એક એવા વીરનો ઈલ્કાબ આપ્યો જે ન તો કોઈનો ઉપદેશ સાંભળે છે ન યાચના. એણે સાનિનની તુલના "ડૉન જુઆન" જેવી સંગેમરમર કે તાંબાની મૂર્તિ સાથે કરી નાંખી. પોતાને માટે એણે સ્વીકાર્યું કે, "મને તો ધ્રાસ્કો પડેલો. પણ તમે જુઓ છો ને હું તો કલાકાર છું. મારા જ્ઞાનતંતુઓ નબળા છે. અને તમે તો બરફ અને પથ્થરની શિલાના પુત્ર છો."

આ ઉત્તેજિત કલાકારને શી રીતે શાંત કરવો એ સાનિનને સમજાતું નહોતું.

• • •

બે કલાક પહેલાં જ્યાં એમિલ મળેલો બરાબર ત્યાંથી જ એ ફરી એક ઝાડ પાછળથી આનંદની ચિચિયારી કરતો, ટોપી હલાવતો, ઊછળતો એવો તો ઊંધું ઘાલીને ગાડી તરફ દોડ્યો કે માંડ પૈડાં નીચે આવતો બચ્યો. ઘોડાની લગામ ખેંચાવાની રાહ જોયા વિના જ એ ગાડીના દરવાજામાંથી કૂદીને સાનિનને ભેટી પડ્યો. "તમે જીવતા છો, કોઈ ઘા પણ નથી થયો !" એ જોરથી બોલ્યો, "મેં તમારું કહ્યું નથી માન્યું એની મને ક્ષમા આપો. હું ફ્રેંકફર્ટ પાછો ગયો નથી...હું જઈ ન જ શક્યો...હું અહીં તમારી રાહ જોતો હતો. હવે મને બધું કહો. તમે શું એને મારી નાખ્યો ?"

એમિલને શાંત કરી, પરાણે પાસે બેસાડતાં સાનિનને મુશ્કેલી પડી.

પેન્તાલિયોને વધારીને મજા સાથે વિસ્તારથી દ્વન્દ્વયુદ્ધની બધી હકીકત જણાવી. આ વર્ણનમાં વારંવાર તાંબાના પેલા સ્મારક, કમાન્ડરની મૂર્તિને પણ વચ્ચે લાવવાનું એ ભૂલ્યો નહીં. સમતુલા જાળવવા માટે જરા પગ પહોળા રાખી એ ખરેખર ઊભો થઈ ગયો. કમાંડર સાનિનને રજૂ કરવા એણે છાતી પર હાથ ભીડ્યા, અને ખભા પર જરા ત્રાંસી તીખી નજર નાંખી. એમિલ તો બાઘાની

જેમ સાંભળી રહ્યો. ક્યારેક વચમાં આશ્ચર્યોદ્‌ગાર કાઢતો કે પોતાના બહાદુર મિત્રને ચૂમવા જલદીથી ઊભો થઈ જતો.

ગાડીનાં પૈડાં ફ્રૅંકફર્ટની સડક પર ખખડતાં ખખડતાં અંતે સાનિનની હોટેલ સામે આવીને અટક્યાં.

એ પોતાના બંને અનુયાયીઓ સાથે બીજે માળ જતી સીડી પર હજી ચડી રહ્યો હતો ત્યાં જ ગલીના અંધારામાંથી દોડતી એક સ્ત્રી આવી. એનો ચહેરો બુરખાથી ઢંકાયેલો હતો. એ એક પળ સાનિન સામે અટકી, જરા ઝૂકી, ખૂબ હાંફતી રહી અને પગથિયાં ઊતરી દોડીને શેરીમાં ગુમ થઈ ગઈ. બેરો નવાઈ પામ્યો કેમ કે એણે સાનિનને જણાવ્યું કે આ મહિલા લગભગ એક કલાકથી "વિદેશી મહાશય"ના પાછા ફરવાની રાહ જોતી હતી. જો કે એક પળ માટે જ એ છાયામૂર્તિ સામે આવેલી છતાં સાનિન જેમ્માને ઓળખી ગયો. બદામી બુરખાના જાડા રેશમી કપડાં પાછળથી એણે જેમ્માની આંખો જોઈ લીધેલી.

"તો શું ફ્રાઉલિન જેમ્મા પણ જાણતી હતી ?" ચીડભર્યા લાંબા સ્વરે એ બોલ્યો. એની પાછળ-પાછળ આવતાં પેન્તાલિયોન અને એમિલને સંબોધિત કરતાં એણે જર્મનમાં પૂછ્યું.

એમિલનો ચહેરો લાલ લાલ થઈ ગયો અને એના પર મૂંઝવણ દેખાતી હતી.

"મારે એને બધું કહેવું પડ્યું." એમિલે અચકાતાં અચકાતાં કહ્યું, "એણે અંદાજ કરી લીધો...તો પછી મારાથી રહેવાયું નહીં...પણ હવે એનું શું છે ?" એકદમ આનંદિત થઈ એણે કહ્યું, "હવે તો બધું સારી રીતે પતી ગયું છે, અને એણે તમને સાજા-સારા જોઈ લીધા." સાનિને એના તરફથી મોં ફેરવી લીધું. "તમે બંને ખૂબ વાતોડિયા છો ?" એમ રોષમાં બબડતો એ પોતાના ખંડમાં આવી એક ખુરશી પર બેસી ગયો.

"મારા પર નારાજ ન થશો." એમિલે ખુશામત કરી.

"બહુ સારું નહીં થાઉં." (અને ખરેખર સાનિન નારાજ નહોતો - જે કંઈ બને તે જેમ્મા બિલકુલ ન જાણે એવું તો કદાચ એ

ઊંઘાતો પણ નહોતો.)

"સારું ત્યારે ખૂબ ભેટ્યો. હવે જા...મારે જરા એકલા રહેવું છે જરા સૂઈ જઈશ, ખૂબ થાકી ગયો છું."

"ખૂબ સરસ વિચાર છે." પેન્તાલિયોન બોલી ઊઠ્યો. "તમને આરામની જરૂર છે. માનનીય સજ્જન, આપે આરામને લાયક કાર્ય કર્યું છે. એમિલ, ચાલો જઈએ. પગ દબાવીને, પગ દબાવીને... ધી ધી..."

સાનિનને તો સાથીદારોથી છૂટવા માટે પોતાને ઊંઘવું છે એમ કહેલું પણ જ્યાં એકલો પડ્યો કે એને અંગેઅંગમાં કળતર થતું લાગ્યું. પાછલી રાત્રે તો એણે ભાગ્યે જ એકાદ ઝોકું ખાધું હશે...અને આખરે પથારીમાં પડતાં એને ગાઢ ઊંઘ આવી ગઈ.

• • •

કલાક કલાક એ ગાઢ નિદ્રામાં ઊંઘતો રહ્યો. એને સ્વપ્ન આવ્યું કે જાણે એ હર ક્લુબરની સાથે દ્વન્દ્વયુદ્ધમાં લડી રહ્યો છે અને ફરના વૃક્ષ પર બેઠેલો એક પોપટ બોલી રહ્યો છે. આ પોપટ પેન્તાલિયોન છે, અને ચાંચેથી વારંવાર તીવ્ર અવાજ કરી રહ્યો છે. "ઉના...દુઈ...ત્રિ...ત્રિ...ત્રિ...ત્રિ..."

અને પછી એ ત્રિ...ત્રિ...ત્રિ...અવાજ એટલો સ્પષ્ટ થઈ ઊઠ્યો કે સ્વપ્ન જ ન રહ્યું...સાનિને આંખો ખોલી અને ઓશીકા ઉપરથી માથું ઊંચું કર્યું...કોઈ દરવાજો ખખડાવી રહ્યું હતું.

"અંદર આવો!" સાનિને જોરથી બૂમ પાડી. વેઈટરે આવીને કહ્યું, "કોઈ સન્નારી તમારી સાથે વાત કરવા આતુર છે." જેમ્મા-એના મગજમાં ઝબકારો થયો. પરંતુ એ સન્નારી જેમ્માની મા ફ્રાઉ લિનોર નીકળ્યાં.

ખંડમાં પ્રવેશતાં જ એ એક ખુરશી પર ધબ્બ દઈ બેસી પડી અને ધ્રુસકે ધ્રુસકે રડવા માંડી.

"માદામ રોસેલ્લી, કહો તો ખરાં, શું વાત છે?" સાનિને એમની પાસે બેસી ખૂબ કોમળતા અને સ્નેહથી એમનો હાથ સ્પર્શી

કહ્યું, "શું થયું ? હું વિનંતી કરું છું, જરા સ્વસ્થ થાઓ..."

"હાય, હું ખૂબ દુઃખી છું હર દિમિત્રી."

"તમે દુઃખી છો ?"

"ઉફ, હું ખૂબ દુઃખી છું...એ કોણ માની શકે ? અચાનક એક અણધારી..." એ ઊંડા શ્વાસ લેતી હતી.

"પરંતુ વાત શી છે ? કહો તો ખરાં. એક ગ્લાસ પાણી આપું ?"

"ના...આભાર !" ફ્રાઉ લિનોરે રૂમાલથી આંખો લૂછી અને પહેલાં કરતાંય વધુ જોર-જોરથી રડવા લાગી, "મને બધી ખબર છે...બધી ખબર છે..."

"બધી એટલે શું ?"

"આજે જે કંઈ થયું તેની મને બધી ખબર છે. અને એનું કારણ પણ હું જાણું છું...તમે તો એક ઉદાર મનુષ્ય જેવો વ્યવહાર કર્યો. પરંતુ કેવો કમબખ્ત પ્રસંગ આવી પડ્યો...હું તમને સોડેન જવા માટે અમસ્તી જ મનાઈ નહોતી કરતી...કંઈક કારણ હતું જ..(જે દિવસે પર્યટને ગયેલા તે દિવસે ફ્રાઉ લિનોરે એનો ઉલ્લેખ પણ નહીં કરેલો, તેમ છતાં હવે એમને પૂરી ખાતરી હતી કે એમને બધી વાતનો અંદાજ હતો.) જો કે હું તમને પાંચ દિવસથી જ ઓળખું છું છતાં તમારી પાસે એક મિત્રની જેમ - એક આદરણીય વ્યક્તિ પાસે જઈએ તેમ આવી છું...તમે જાણો છો કે હું વિધવા છું...એકલી છું...મારી પુત્રી..."

ફ્રાઉ લિનોરનો અવાજ આંસુને કારણે રુંધાઈ ગયો. એ શું કહેવા માગે છે એ સાનિન સમજી ન શક્યો. "તમારી પુત્રી" એ બોલ્યો. "મારી પુત્રી-જેમ્મા" આંસુથી ભીંજાયેલા રૂમાલ પાછળથી નિસાસા નાંખતા શબ્દો નીકળ્યા.

"જેમ્માએ મને કહી દીધું છે કે એ હર ક્લૂબર સાથે લગ્ન નહીં કરે અને આ વાત મારે એને સ્પષ્ટ કહી દેવી."

સાનિન જરા ચમક્યો. એણે આવું નહોતું ધાર્યું. ફ્રાઉ લિનોર

કહેતી રહી, "આજ સુધી કોઈએ સાંભળ્યું છે કે છોકરી પોતાના 'વર'નો અસ્વીકાર કરે ? હું અપમાનની વાત નથી કરતી પરંતુ હર દિમિત્રી, આથી તો અમારું સત્યાનાશ થઈ જશે." ફ્રાઉ લિનોર ખૂબ જોરજોરથી પોતાના રૂમાલના નાનકડા વીંટાને મસળતી રહી, જાણે એમાં પોતાનાં બધાં દુઃખદર્દને મસળી નાંખવા ઈચ્છતી ન હોય. "અમારી દુકાનની આવક પર તો અમે લોકો ન રહી શકીએ. હર દિમિત્રી ! હર ક્લૂબર ખૂબ ધનવાન છે. અને દરરોજ વધુ ને વધુ ધનવાન થતો જશે. એનો શા માટે અસ્વીકાર કરવામાં આવે છે ? માત્ર એટલા માટે જ ને કે એ પોતાની વાગદત્તાનો પક્ષ લેવા ઊભો ન થયો. ખેર, માની લઈએ કે એણે એ સારું ન કર્યું. અંતે તો એ એક સામાન્ય શહેરી માણસ છે, ક્યાંય યુનિવર્સિટીમાં ભણ્યો નથી. વળી, બીજું એ કે એના જેવો ઈજ્જતદાર વેપારી કોઈ જેવાતેવા અજાણ્યા અફસર સાથે આવી બેવકૂફીભર્યા લડાઈની ઘૃણા કરે તો એના માટે એ યોગ્ય જ છે. વારુ ત્યારે, એ શું ખરેખર કોઈ એવો મોટો અપરાધ હતો ?"

"ફ્રાઉ લિનોર, માફ કરો. તમે જાણે મારા ઉપર દોષારોપણ કરી રહ્યાં હો એવું લાગે છે."

"હું તમને કોઈ વાતમાં દોષી કહેતી નથી. તમે તદ્દન જુદા જ છો બધા રશિયનોની જેમ, આમ તો તમે પણ એક ફૌજી માણસ છો."

"માફ કરો, પરંતુ હું તે..."

"તમે પરદેશી છો, મુલાકાતી છો, હું તમારી ઘણી આભારી છું." સાનિનના શબ્દો પર ધ્યાન આપ્યા વિના જ ફ્રાઉ લિનોર બોલતી રહી. એણે ઊંડો શ્વાસ લીધો, હાવભાવ કરી રૂમાલ પર હાથ ફેરવી એની કરચલીઓ દૂર કરતી રહી અને જોરથી નાક સાફ કર્યું. જે રીતે એણે પોતાના દુઃખનું પ્રદર્શન કર્યું એના પરથી સ્પષ્ટ જણાઈ આવતું હતું કે એનો જન્મ ઉત્તરની ધરતી પર નથી થયો.

"જો પોતાના ગ્રાહકો સાથે આમ લડતો ફરે તો હર ક્લૂબર

પોતાની દુકાનદારી કેવી રીતે સંભાળી શકે ? આવું તો ક્યારેય સાંભળ્યું નથી ! હવે હું એને જઈને એમ કહું કે તમે 'અસ્વીકૃત' બની ગયા છો ? અમે જીવશું શાની પર ? પહેલાં તો એંજલ-કેક અને પિસ્તા મેળવીને 'નુગાત' બનાવવાવાળા, અમે એકલા જ હતા. હવે તો આલતુ-ફાલતુ બધા જ 'એંજલ-કેક' બનાવે છે. જરા વિચાર તો કરો, આ વાત સિવાય પણ તમારા દ્વન્દ્વયુદ્ધને લઈને ગામમાં દુનિયાભરની વાતો થશે. આવી વાતો કાંઈ છાની થોડી રહી શકે છે ? એમાં વળી અચાનક આ સગાઈ તૂટવાથી એક તોફાન મચશે. બદનામીનું તોફાન. આમ તો જેમ્મા બહુ સારી છોકરી છે. મારું કહ્યું માને છે, પણ એ ખૂબ જિદ્દી લોકતંત્રવાદી છે. એને જનમતથી ખૂબ નફરત છે. એક તમે એવા છો જે એની સાથે આ બાબતમાં કંઈ વાત કરી શકો..."

સાનિને અત્યંત આશ્ચર્ય સાથે કહ્યું, "હું, ફ્રાઉ લિનોર ?"

"હા, તમે માત્ર તમે, તમે જ ! એટલે જ તો હું તમારી પાસે આવી છું. આ સિવાય મારી પાસે બીજો કોઈ ઉપાય નહોતો. તમે સમજદાર અને સજ્જન છો. તમે એનો પક્ષ લઈ ઊભા થયા. એ તમારા પર વિશ્વાસ મૂકશે. તમારો વિશ્વાસ તો એણે રાખવો જ પડશે. તમે એના માટે તમારો જીવ જોખમમાં નાંખ્યો. મારાથી શક્ય તેટલું મેં કર્યું. હવે તો તમે જ એને કહી શકશો કે એ પોતાનું અને અમારા બધાનું સત્યાનાશ વાળી દેશે. તમે મારા દીકરાને બચાવ્યો, હવે મારી દીકરીને પણ બચાવી લો....તમે કહો તો, તમારા પગે પડી ભીખ માગું..."

અને ફ્રાઉ લિનોર પોતાની ખુરશી પરથી એવી રીતે અડધી ઊઠી કે જાણે સાનિનના પગે પડવાની હોય...સાનિને એને રોકી.

"ફ્રાઉ લિનોર ! હે ભગવાન ! આ તમે શું કરી રહ્યાં છો ?" એમણે આવેગથી સાનિનના હાથ પકડી લીધા, "તમે વચન આપો છો ને ?"

"ફ્રાઉ લિનોર, જરા પ્રયત્ન કરો અને વિચારી તો જુઓ, હું

કઈ રીતે...?"

"તમે વચન આપો છો ને ? હું હાલ જ તમારાં ચરણમાં પડીને પ્રાણ ત્યાગી દઉં એમ શું તમે ઇચ્છો છો ?" સાનિન સમજી ન શક્યો કે હવે શું કરવું. ઇટાલિયન સ્વભાવનું વ્યવહારુ રૂપ જોવાની તક એને ક્યારેય મળી નહોતી.

"જેમ તમે ઇચ્છો છો તેમ હું કરીશ." અંતે એ બોલી ઊઠ્યો, "હું ફ્રાઉલિન જેમ્મા સાથે વાત કરીશ.." ફ્રાઉ લિનોરના કંઠમાંથી આનંદનું રુદન ફૂટી નીકળ્યું. "પરંતુ ખરેખર મારી સમજમાં આવતું નથી કે આથી શું થશે ?"

"ઓહ, હવે ના ન પડશો, ન જ પાડશો !" ફ્રાઉ લિનોર આજીજી કરતી બોલી,"તમે વચન આપ્યું છે. મને પૂરી ખાતરી છે કે આનું પરિણામ સારું જ આવશે. ખેર, આથી વિશેષ તો હું કાંઈ કરી પણ ન શકું. મારી તો એ વાત જ સાંભળતી નથી."

"તો શું એ હર ક્લૂબરને પરણશે નહીં એવું નિશ્ચયાત્મક રૂપે એણે કહી દીધું છે ?" થોડીવાર અટકીને સાનિને પૂછ્યું.

"એણે ચોખ્ખી ના પાડી દીધી. એ પોતાના પિતા જીયોબાં બતિસ્તા પર પડી છે. એકદમ તેજ મિજાજ." "તેજ મિજાજ ? જેમ્મા?" સાનિન ધીરેથી બોલ્યો.

"હા, હા, પણ સાક્ષાત્ દેવી પણ છે. એ તમારું કહ્યું જરૂર માનશે. તમે હમણાં આવશો ને ? જલદી ? ઓહ, મારા રશિયન મિત્ર !" ફ્રાઉ લિનોર આવેશમાં ઊભી થઈ અને એણે પોતાના હાથ બેઠેલા સાનિનના ગળામાં પરોવી દીધા.

"એક માના આશીર્વાદ લો - અને મને એક ગ્લાસ પાણી આપો."

સાનિન માદામ રોસેલ્લી માટે એક ગ્લાસ પાણી લાવ્યો, જલદી આવવાનો વાયદો કર્યો. એમને સીડી ઊતરી નીચે સડક સુધી મૂકવા ગયો અને ખંડમાં પાછો આવ્યો અને પોતે પોતાની સામે મૂંઝાયેલો ઊભો રહ્યો.

"હવે આ ઘટનાઓનું વિષચક્ર ખૂબ જોરથી ફરવા માંડ્યું છે." એણે જાણે જાતને જ કહ્યું, "એટલા જોરથી કે મારું માથું ભમી રહ્યું છે."

એણે હૃદયને સમજવાનો પ્રયત્ન ન કર્યો કે ત્યાં શું બની રહ્યું છે. માત્ર એટલું જ એ જાણતો હતો કે બધી જ વસ્તુ અસ્ત-વ્યસ્ત થઈ ગઈ છે. "કેવો દિવસ ઊઠ્યો છે, કેવો દિવસ ઊગ્યો છે !" એના હોઠ પરથી આપોઆપ શબ્દો સરી પડ્યા.

"તેજ મિજાજ ? ખરેખર એ શું એવી છે ? ખુદ એની માએ કહ્યું ને... અને એને સલાહ આપવા મારી વરણી થઈ...એને સમજાવવા માટે ! આપવા માટેની શું સરસ સલાહ..."

ખરેખર સાનિનનું માથું ભમી રહ્યું હતું અને ભાવનાઓ, પ્રતિક્રિયાઓ, અસ્પષ્ટ વિચારોના વંટોળ ઉપર તરી રહી હતી જેમ્માની આકૃતિ ! વીજળીના કડાકા કરતી ગરમ રાતમાં એના માનસપટ પર અમીટરૂપે અંકિત થયેલી અંધકારભરી બારીના ચોકઠામાં ઘેરાયેલી, ટમકતા તારાઓનાં કિરણોમાં નહાયેલી, એ જ મૂર્તિ !

• • •

ડગમગતા પગે સાનિન માદામ રોસેલ્લીના ઘરે પહોંચ્યો. એનું હૈયું જોરજોરથી ધડકી રહ્યું હતું. એની પાંસળીઓ સાથે અથડાતું હોય એમ અનુભવાતું હતું, એ જાણે સાંભળી પણ શકતો હતો. એ જેમ્માને શું કહેવાનો હતો ? એ એને શી રીતે કહેશે ? એ દુકાનના રસ્તે નહીં પરંતુ પાછળના દરવાજામાંથી ઘરમાં પ્રવેશ્યો. બહારના નાના ખંડમાં જ એને ફ્રાઉ લિનોર મળી. એને જોઈને એ ખૂબ રાજી થઈ અને સચેત થઈ.

"હું તમારી જ રાહ જોતી હતી." એના બંને હાથને વારાફરતી પોતાના બંને હાથથી દબાવી હળવે હળવે બોલી, "બાગમાં જાઓ, એ ત્યાં છે. જરા ધ્યાન રાખજો, મારે તમારો જ આધાર છે." સાનિન બાગમાં ગયો.

કેડીની એક બાજુ બાંકડા પર બેઠેલી જેમ્મા એક મોટી ટોપલીમાંથી પાકી-પાકી ચેરી જુદી પાડી એક રકાબીમાં ગોઠવતી હતી. લગભગ સાત વાગવા આવેલા, સૂરજ ઢળી ગયો હતો અને માદામ રોસેલ્લીના બાગમાં સોનેરી નહીં પણ ગુલાબી ત્રાંસાં કિરણો વરસાવી રહ્યો હતો. રહી-રહીને પાંદડાંઓ ખૂબ કોમળ, અસ્ફુટ, મર્મરધ્વનિ કરી રહ્યાં હતાં. વારંવાર ગણગણાટ કરતી ઊડતી મધમાખીઓ એક ફૂલ પરથી બીજા ફૂલ ઉપર ઊડી રહી હતી અને એક હોલો એકધારો અશ્રાન્તપણે કૂજી રહ્યો હતો.

સોડેનના પ્રવાસે જતી વખતે જેમ્માએ જે મોટી હેટ પહેરેલી તે જ અત્યારે પહેરી હતી. એણે હેટની નીચે વળેલી કિનારમાંથી સાનિન પર નજર નાંખી અને વળી પોતાની ટોપલી પર ઝૂકી પડી.

સાનિન જેમ્મા તરફ ખેંચાયો. એનું પ્રત્યેક પગલું અજાણતાં જ પહેલાં કરતાં નાનું પડતું હતું અને.... અત્યારે તો એક જ વાત પૂછવાનું એને સૂઝ્યું, બસ એ જ કે એ ચેરી શા માટે ચૂંટે છે ?

એનો જવાબ દેતાં જેમ્માએ જરા વાર કરી.

"આ જે સૌથી વધુ પાકી છે ને-" અંતે એણે ગમે તેમ શબ્દો [illegible]સલ્યા, "એનો મુરબ્બો થશે અને આની માવાવાળી પૂરીઓ બનશે. તમને ખબર છે, અમે ફળોની ગળી ગોળ પૂરીઓ પણ બનાવીએ છીએ."

"તમારી પાસે બેસું ?"

"તમને મન હોય તો બેસો" જેમ્મા બેન્ચ પર જરા ખસી ગઈ. સાનિન એની પાસે બેઠો. એણે જાતને જ પૂછ્યું, "હું કેવી રીતે શરૂ કરું ?" પરંતુ જેમ્માએ જ એને મદદ કરી. "તો આજે દ્વંદ્વયુદ્ધ કરી આવ્યા." સહેજ ગભરાયેલા લાલ, અતિશય સુંદર મુખને સાનિન તરફ ફેરવીને ઉત્સુકતાથી એણે પૂછ્યું અને એની આંખોમાં ઘેરી કરુણતા ઝળકી ઊઠી.

"તમે કેટલા બધા શાંત છો ? મને લાગે છે કે જાણે ભય જેવું તમને કંઈ છે જ નહીં."

"અરે મૂકો એ વાત, જે કંઈ થયું એમાં મારા માટે ભય જેવું કંઈ હતું જ નહીં. બધું જ વગર ખટપટે સીધેસીધું પતી ગયું."

જેમ્માએ પોતાની એક આંગળી પોતાની આંખ સામે જમણી બાજુથી ડાબી બાજુ હલાવી, આ બીજી ઇટાલિયન મુદ્રા હતી..."ના, ના, એવું ન કહેશો. તમે મને છેતરી નહીં શકો, પેન્તાલિયોને મને બધું કહ્યું છે."

"અને તમે બધું માની લીધું. એણે મારી સરખામણી કમાન્ડરની મૂર્તિ સાથે કરી કે નહીં ?"

"એના શબ્દાલંકાર કદાચ હાસ્યાસ્પદ હશે પરંતુ એની અનુભૂતિમાં કે તમે આજે જે કાંઈ કર્યું તેમાં કાંઈ જ હાસ્યાસ્પદ નથી. અને એ પણ મારે કારણે....મારે માટે...હું આ વાત ક્યારેય નહીં ભૂલી શકું."

"ફ્રાઉલિન જેમ્મા, હું તમને ખાતરી આપું છું."

"હું કદી નહીં ભૂલું," એણે દૃઢતાથી સાનિન તરફ જોઈ ફરીથી કહ્યું અને પછી મોં ફેરવી લીધું. હવે એને જેમ્માના એક તરફના ચહેરાની અત્યંત સ્પષ્ટ રેખાઓ દેખાઈ અને એ મનોમન બોલ્યો કે આનાથી વધુ સુંદર મેં ક્યારેય કાંઈ નથી જોયું, આ ક્ષણે મન જેવું અનુભવે છે એવું ક્યારેય નથી અનુભવ્યું. એનો આત્મા પ્રજ્વલિત થઈ ચૂક્યો હતો.

"અને મારું વચન !" એના મનમાં ઝબકારો થયો.

"ફ્રાઉલિન જેમ્મા..." એક ક્ષણ અટકી એણે કહેવા માંડ્યું.

"કેમ ?"

એ એના તરફ ફર્યા વગર, માત્ર એમ જ પોતાની આંગળીઓનાં ટેરવાં વડે ડાંડી પકડી પકડીને પાકેલી ચેરીઓ સંભાળીને ઉપાડતી અને ખૂબ શ્રમપૂર્વક પાંદડીઓ તોડતી રહી...પરંતુ "કેમ" શબ્દમાં કેટલો આશ્વસ્ત સ્નેહ લહેરાઈ રહ્યો હતો ?

"તમારી માએ તમને કશા વિશે કંઈ નથી કહ્યું ?"

"શેના વિશે ?"

"મારા વિશે."

એકદમ જેમ્માએ હાલ જ ઉપાડેલી બધી ચેરીઓ પાછી ટોપલીમાં નાંખી દીધી.

"એણે તમારી સાથે વાત કરી ?" એણે પૂછ્યું.

"હા."

"એણે તમને શું કહ્યું ?"

"એમણે મને કહ્યું કે તમે-તમે એકાએક જ તમારો પહેલાંનો નિર્ણય બદલી નાંખવાનું નક્કી કર્યું છે."

જેમ્માએ ફરી માથું ઢાળી દીધું. જાણે પોતાની હેટની કિનાર નીચે એ છુપાઈ ગઈ ન હોય. કોઈ મોટા ફૂલની ડાળ જેવી એની નાજુક લચીલી ગરદન જ માત્ર દેખાતી હતી.

"કયો નિર્ણય ?"

"તમારા ભાવિ જીવનની તૈયારી...માટેનો...તમારો નિર્ણય."

"તમારો કહેવાનો અર્થ...તમે હર ક્લૂબર વિશે જ કહી રહ્યા છો ને ?"

"હા."

જેમ્મા બાંકડા પર જરા હાલી. બાસ્કેટ વાંકી થઈ ગઈ અને બધી ચેરી રસ્તા પર વિખરાઈ ગઈ. એક મિનિટ વીતી. પછી બોલી

"આ બધું એણે તમને શા માટે કહ્યું ?" જેમ્માનો સ્વર સંભળાયો.

હજી પણ સાનિનને જેમ્માની ગરદન સિવાય કંઈ જ દેખાતું નહોતું. એનું વક્ષ પહેલાં કરતાં વિશેષ ઝડપથી ઊંચું-નીચું થઈ રહ્યું હતું.

"એમણે મને શા માટે કહ્યું ? એમ ને ? આટલા થોડા સમયમાં જ હું અને તમે મિત્રો બની ગયાં છીએ, તમને મારામાં શ્રદ્ધા છે અને કદાચ હું તમને કંઈક સારી સલાહ આપી શકું. અને તમે મારી

વાત ધ્યાનથી સાંભળશો એવું તમારી માએ વિચાર્યું હશે."

જેમ્માના હાથ હળવેથી ખોળામાં સરી પડ્યા અને એ પોતાનાં કપડાંની કરચલીઓને મસળવા લાગી.

"તો મોશિયે દિમિત્રી, હવે તમે મને શી સલાહ આપો છો?" થોડીવાર ચૂપ રહી એણે પૂછ્યું. સાનિને જોયું કે ખોળામાં રહેલા જેમ્માના હાથ કંપી રહ્યા છે. પોતાની ધ્રુજારી છુપાવવા માટે જ એ કપડું મસળતી હતી. એણે એ ફિક્કી થયેલી કંપતી આંગળીઓ પર ખૂબ હળવેથી પોતાનો હાથ મૂકી દીધો. "જેમ્મા", એ બોલ્યો, "તું મારી સામે કેમ જોતી નથી ?"

અચાનક એક ઝાટકા સાથે જેમ્માએ પોતાની હેટ પાછળ પાડી નાંખી અને પહેલાંના જેવી જ વિશ્વાસ અને કૃતજ્ઞતાપૂર્ણ નજર એના પર નાંખી. એ એના બોલવાની રાહ જ જોતી હતી....પરંતુ એનો ચહેરો જોઈ એ વ્યગ્ર અને દિગ્મૂઢ બની ગયો. સાંધ્ય સૂર્યનાં ઉષ્માવાળાં કિરણોએ એના યૌવનપૂર્ણ ચહેરાને આલોકિત કરી દીધો હતો. એના ચહેરાનો ભાવ સૂર્યપ્રકાશ કરતાં પણ વિશેષ મુખર, સ્પષ્ટ અને દીપ્તિમંત હતો.

"મોશિયે દિમિત્રી, હું તમારી સલાહ માનીશ." એણે ખૂબ જ મંદ મંદ સ્મિત કરતાં અને પોતાની ભ્રમર ધીરે ધીરે ઊંચી ઉઠાવતાં કહ્યું,

"પણ આખરે તમારી મારા માટે શી સલાહ છે ?"

"સલાહ ?" સાનિને પુનરાવર્તન કર્યું, "જુઓ, તમારી માનો વિચાર એમ છે કે હર ક્લૂબરે તે દિવસે પોતાના સાહસનું વિશેષરૂપે પ્રદર્શન ન કર્યું. માત્ર એટલા માટે જ એનો અસ્વીકાર કરવો..."

"બસ, માત્ર એટલા માટે જ ?" વાંકા વળી બાસ્કેટ ઉપાડતાં જેમ્મા હળવેથી બબડી. બાસ્કેટ ઉપાડી એણે બાંકડા પર પોતાની પાસે મૂકી.

"અને આમેય આ રીતે તમારી ના પાડવી ખૂબ અયોગ્ય દેખાશે. એટલા માટે એવું કોઈ પગલું ભરતાં પહેલાં બધાં

પરિણામોનો સારી રીતે વિચાર કરી લેવો, એ જ મારી સલાહ છે. અને તમારા સંબંધોની સ્થિતિ તમારા કુટુંબની દરેક વ્યક્તિ પર એક ઉપકાર કરનારી છે."

"આ તો માની સલાહ છે." જેમ્મા બોલી પડી.

"એના જ તો આ શબ્દો છે. હું બહુ સારી રીતે જાણું છું. પરંતુ તમારી શું સલાહ છે ?"

"મારી સલાહ ?" સાનિન ચૂપ થઈ ગયો. એને પોતાનું ગળું રૂંધાતું હોય એમ લાગ્યું, શ્વાસ લેવામાં પણ મુશ્કેલી પડતી હતી. "હું પણ વિચારું છું કે..." પ્રયત્નપૂર્વક એ બોલ્યો.

જેમ્મા એકદમ ટટ્ટાર થઈ ગઈ, "તમે ? તમે પણ ?" "હા....મારો કહેવાનો અર્થ છે કે..." સાનિનથી એક શબ્દ પણ આગળ ન બોલાયો, ખરેખર એ બોલી ન શક્યો.

"સારી વાત છે." જેમ્માએ કહ્યું, "જો મિત્રની જેમ તમે મને મારો નિર્ણય બદલવા અર્થાત્ પહેલા નિર્ણયમાંથી ચલિત ન થવાની સલાહ આપો છો, તો હું વિચાર કરીશ." પોતે શું કરી રહી છે એનું એને ધ્યાન જ ન રહ્યું, અને એણે રકાબીમાંથી ચેરી ઉપાડીને પાછી બાસ્કેટમાં મૂકવી શરૂ કરી, "માને આશા છે કે તમે જે કહેશો તે હું કરીશ. તો બહુ સારું...કદાચ હું ખરેખર કરીશ..."

"પરંતુ ફ્રાઉલિન જેમ્મા, તમે કયા કારણથી લાચાર થઈ ગયાં છો તે હું જાણવા માંગું છું."

"તમે જે કહેશો, તે હું કરીશ." જેમ્મા બોલી.

એની ભ્રમરો સંકોચાઈ ગઈ. ગાલ ફિક્કા પડી ગયા અને એણે પોતાનો નીચેનો હોઠ દાંત વચ્ચે દબાવ્યો... "તમે મારા માટે એટલું બધું કર્યું છે કે તમે જે ઇચ્છશો તે મારે કરવું જ પડશે. મારે તમારી ઇચ્છા પૂરી કરવી જ પડશે. હું માને કહી દઈશ. એ વાતનો હું ફરી વિચાર કરીશ. ઓહ, લો આ એ જ આવે છે."

ખરેખર ફ્રાઉ લિનોર ઘરમાંથી બાગ તરફ ઊઘડતા બારણામાં દેખાઈ. એને ખૂબ ઉતાવળ હતી. એનાથી હવે ચૂપચાપ બેસી

શકાયું નહીં...હજી જોકે પંદર મિનિટ જ થઈ હશે, છતાં એણે ગણતરી કરી કે સાનિને જેમ્મા સાથેની વાતચીત ક્યારનીય પૂરી કરી લીધી હશે.

"નહીં...નહીં...નહીં...ભગવાને ખાતર હમણાં એમને કંઈ ન કહેશો, અત્યારે કંઈ ન કહેશો." સાનિને ઝડપથી વિનંતી કરી. "ઊભા રહો, હું તમને કહીશ, હું તમને લખીશ. ત્યાં સુધી કોઈ નિર્ણય લેશો નહીં...જરા રાહ જોજો..."

એણે જેમ્માનો હાથ દબાવ્યો અને બાંકડા પરથી કૂદી પડ્યો. નવાઈ પામેલી ફ્રાઉ લિનોર પાસેથી પોતાની હેટ ઊંચે ઉઠાવી ખૂબ અસ્પષ્ટ સ્વરે કંઈક બબડતો પસાર થઈ ગયો, અને જલ્દીથી અદશ્ય થઈ ગયો. ફ્રાઉ લિનોર પુત્રી પાસે આવી.

"જેમ્મા, મહેરબાની કરી કહે તો...."

એકદમ જેમ્મા ઊઠીને એમને ભેટી પડી, "વહાલી મા, થોડીવાર બસ; થોડીવાર તું રાહ નહીં જોઈ શકે ? કાલ સુધી ? રાહ જોઈશ ને ? અને આવતી કાલ સુધી આને વિશે એક શબ્દ પણ ન કહીશ." અચાનક ચળકતાં આંસુઓથી એ ભીંજાઈ ગઈ. અને ખુદ એને જ એનું ખૂબ આશ્ચર્ય થયું. ફ્રાઉ લિનોરને સૌથી વધુ વિસ્મય તો એ થયું કે જેમ્માના ચહેરા પર દુ:ખનો લેશ-માત્ર ભાવ નહોતો - માત્ર કોઈ ભાવ હતો તો એ ખુશીનો જ હતો.

"તને આ શું થઈ ગયું છે ?" એમણે પૂછ્યું.

"તું તો કદી રડતી નથી અને એકાએક આ..."

"કંઈ નહીં મા કંઈ નહીં. જરા થોભી જા !"

"આપણે બંને થોડીવાર થોભી જઈએ. આવતી કાલ સુધી મને કંઈ ન પૂછશો...આવો, સૂરજ ઢળ્યા પહેલાં ચેરી વીણી લઈએ."

"પણ, તું સમજી-વિચારીને કહીશ ને ?"

"હા, હું ખૂબ સમજી-વિચારીને કહીશ."

જેમ્માએ પૂર્ણ વિશ્વાસથી વિશિષ્ટ રીતે માથું હલાવ્યું. પોતાના

લજ્જાથી લાલ પડેલા ચહેરા પાસે લાવી લાવીને એણે ચેરીની નાની-નાની ઢગલીઓ બનાવી. એણે પોતાનાં આંસુ લૂછ્યાં નહીં, એ એના ગાલ પર જ સુકાઈ ગયાં.

• • •

લગભગ એકીશ્વાસે દોડતો-દોડતો સાનિન પોતાની હોટેલ પર આવ્યો. એને ખાતરી હતી કે જ્યારે એ તદ્દન એકલો હશે ત્યારે પોતાની અંદર શું બની રહ્યું છે તે જાણી શકશે. અને બન્યું પણ એવું કે ઓરડામાં ઘૂસી, ટેબલ સામે બેસી, બંને કોણી એના પર ટકવી પોતાની હથેળીથી ચહેરો દબાવ્યો કે એ અત્યંત ખાલી, દુઃખભર્યા અવાજે જાણે ચીસ પાડી ઊઠ્યો,

"હું એને ચાહું છું, હું એને અત્યંત ચાહું છું."

બળતા કોલસા પરની રાખનું પડ અચાનક ઊડી ગયું હોય એમ એની અંદર બધું ભભકી ઊઠ્યું. - માત્ર એક ક્ષણ એને સમજાયું નહીં કે એ એની પાસે કેવી રીતે બેસી રહ્યો, બોલતો રહ્યો, એ એના વસ્ત્રની એક-એક કરચલીઓને પૂજે છે અને નવયુવાનો કહે છે તેમ "એ એનાં ચરણોમાં પ્રાણ સુધ્ધાં ત્યાગવા તૈયાર હતો." એવું એણે ક્યારેય અનુભવ્યું નહોતું. બાગની અંતિમ મુલાકાતે એનામાં એ વાતનો પૂરો વિશ્વાસ પ્રેર્યો. આ વખતે એણે જેમ્મા વિશે વિચાર્યું તો એ તારાના પ્રકાશ વિખરાયેલા વાળવાળી જેમ્મા નહોતી રહી, પરંતુ માત્ર બેન્ચ પર બેઠેલી, એકાએક હેટને ઝાટકો મારી પાછળ પાડી અત્યંત વિશ્વાસપૂર્વક એની તરફ નિહાળતી જેમ્માને જોઈ અને એક પ્રેમની તડપ, પ્રેમની ભૂખ એની નસ-નસમાં તરતી એણે અનુભવી. પાછલા બે દિવસથી ગજવામાં લઈને ફરતા ગુલાબનો એને ખ્યાલ આવ્યો. એને કાઢી એટલા ઉન્મત્ત આવેગમાં હોઠ પર દબાવ્યું કે એ પોતે દર્દથી તડપી ઊઠ્યો. હવે ભવિષ્ય વિશે એના મનમાં કોઈ સંકલ્પ-વિકલ્પ, કોઈ ચિંતા કોઈ ગણતરી કે એને જોવાની ઇચ્છા નહોતી રહી. એણે પોતાની જાતને પોતાના આખાય ભૂતકાળથી મુક્ત કરી દીધી હતી. અને આગળને આગળ દોડતો હતો. કૌમાર્ય જીવનના એકાન્ત અને દુઃખભર્યા

કિનારા સાથે બાંધતા બધાં બંધનોને એણે તોડી નાંખ્યાં અને ઉલ્લાસથી ઊછળતા પ્રબળ પ્રવાહમાં કૂદી પડ્યો હતો - નિર્દ્વન્દ્વ, નિશ્ચિન્ત ! એ પ્રશ્ન પણ ન થયો કે એ જીર્ણ નાવ એને પાર ઉતારશે કે કોઈ શિલા સાથે ટકરાઈ પડશે. એને અત્યાર સુધી સાંત્વના આપતી આ ઉહલેન્ડના ભાવપ્રધાન ગીતોવાળી વીરગાથાની શાંત ધારા નહોતી, આ તો અત્યંત શક્તિશાળી અપ્રતિરોધ્ય લહેરો હતી. એનો વેગ વધતો ગયો અને એની સાથે એની ગતિ પણ તીવ્ર થતી ગઈ.

કાગળનું એક પાનું લઈ એને પોતાની તરફ ખેંચી એણે કાગળ પરથી કલમ ઉઠાવ્યા વિના એકપણ છેકછાક કે ડાઘ પાડ્યા વગર નીચેની પંક્તિઓ લખી નાંખી :

"પ્રિય જેમ્મા,

તને સલાહ દેવાની જવાબદારી મેં લીધેલી એ તું જાણે છે, તારી મા શું ઇચ્છે છે અને મારી પાસે શું કરાવવા ઇચ્છે છે એ પણ તું જાણે છે, પરંતુ જે તું નથી જાણતી અને મને લાગે છે કે મારે તને કહી દેવું જોઈએ તે એ છે કે હું તને ચાહું છું, મારા આ કુંવારા હૃદયની સર્વ ભાવનાઓથી ચાહું છું. જેણે પહેલાં ક્યારેય પ્રેમ નથી કર્યો. આ આગ મારા હૃદયમાં અચાનક ભડકી ઊઠી છે, પરંતુ એટલા વેગથી ભડકી છે કે એનું વર્ણન કરવા મને શબ્દો મળતા નથી. જ્યારે તારી મા મારી મદદ માગવા આવી ત્યારે તો એ માત્ર મારી ભીતરમાં જ બળતી હતી, નહીં તો જે કામ એમણે મારા ઉપર લાદ્યું, એને એક પ્રામાણિક મનુષ્યની જેમ મેં કદાચ ત્યારે જ નકાર્યું હોત... આ સમયે હું જે સ્વીકારી રહ્યો છું એ સ્વીકૃતિ પણ એક પ્રામાણિક મનુષ્યની સ્વીકૃતિ છે. કોની સાથે તારે વ્યવહાર કરવાનો છે એ જાણી લેવું તારા માટે જરૂરી છે, એના માટે આપણી વચ્ચે કોઈ ગેરસમજ ન રહેવી જોઈએ... જો કે હું તને કોઈ સલાહ આપી શકીશ નહીં, હું તને ચાહું છું, ચાહું છું, ચાહું છું - એ સિવાય મારા દિલમાં કે દિમાગમાં બીજું કંઈ નથી.

દિ. સાનિન"

પત્રની ઘડીવાળી બંધ કર્યાં પછી પહેલાં તો સાનિને ઘંટડી વગાડી બેરાને બોલાવી અને એના દ્વારા પત્ર મોકલવાની વાત વિચારી. "નહીં, એ ઠીક નહીં થાય. તો એમિલને લઈ જવા માટે કહું ? પરંતુ દુકાન પર જઈ બીજા સેલ્સમેન વચ્ચે એને શોધવો એ કઢંગું લાગશે. તદુપરાંત રાત થઈ ગઈ છે, કદાચ એ દુકાનેથી ચાલ્યો ગયો હશે." આમ વિચારતાં-વિચારતાં કોણ જાણે કેમ એણે હેટ પહેરી લીધી અને બહાર નીકળી પડ્યો. એ એક છેડાથી બીજા છેડા સુધી ભટકતો રહ્યો. અંતે જ્યારે એણે એમિલને શોધી કાઢ્યો ત્યારે એને વર્ણનાતીત આનંદ થયો. ખભે ચામડાનો થેલો, હાથમાં કાગળનું બંડલ લઈને ઉત્સાહી નવયુવાન ઘર તરફ ઉતાવળે જઈ રહ્યો હતો.

"દરેક પ્રેમીના તકદીરનો સિતારો બુલંદ હોય છે આ કહેવતમાં જરૂર કંઈ જાદુ છે." મનોમન આમ કહી સાનિને એમિલને બૂમ પાડી.

છોકરો પાછો વળ્યો અને તરત એની પાસે દોડી આવ્યો. સાનિને એને ભાવુકતા પ્રગટ કરવાનો વધુ સમય ન આપ્યો અને પત્ર પકડાવી એ કોને અને કઈ રીતે આપવાનો છે તે જણાવ્યું. એમિલ એની વાત ધ્યાનથી સાંભળી રહ્યો.

"...કે કોઈ જોઈ ન લે ?" એણે પૂછ્યું. એના ચહેરા પર આ સમયે એક એવો મહત્ત્વપૂર્ણ અને રહસ્યમય ભાવ હતો કે જાણે કહેતો હોય "આ શેના વિશે છે એ તો હું અને તમે જ જાણીએ છીએ."

"હા, મારા મિત્ર !" સાનિન બોલ્યો. એણે જરા બેચેની અનુભવી, પરંતુ એણે એમિલના ગાલ સ્નેહથી થપથપાવ્યા. "અને જો કોઈ જવાબ હોય તો એ મને લાવી આપજે. લાવી આપીશ ને? હું બધો વખત મારા ખંડમાં જ રહીશ."

"તમે સહેજ પણ ચિંતા ન કરશો." એમિલે ઉત્સાહથી કહ્યું અને માથું હલાવતો વળી વળીને ખભા ઉપરથી પાછળ નજર નાંખતો દોડતો ચાલ્યો ગયો.

સાનિન ખંડમાં પાછો આવ્યો મીણબત્તી પેટાવ્યા વિના જ ધમ્મ કરતો સોફા ઉપર જઈ પડ્યો. એણે પોતાના હાથ માથા નીચે મૂક્યા અને જેનો એ હમણાં જ પોતાની સામે સ્વીકાર કરી ચૂક્યો હતો એ નવા પ્રેમની ભાવનાઓના પ્રવાહમાં પોતાની જાતને એણે તડપવા દીધી. જેણે એનો અનુભવ કર્યો છે, તે જ એની ધીરે-ધીરે વધતી મધુરતા જાણી શકે છે. જેણે એ અનુભવ્યું નથી તેની પાસે એનું વર્ણન કરવાનો કોઈ અર્થ નથી.

બારણું ખૂલ્યું અને એમિલે અંદર ડોકિયું કર્યું. "હું લઈ આવ્યો." એ ધીરેથી બોલ્યો, "આ એનો જવાબ છે."

સાનિન સોફા પરથી ઊછળી પડ્યો અને એમિલના હાથમાંથી ઝાપટ મારી પત્ર લઈ લીધો. એની ભાવનાઓનો આવેગ એટલો પ્રચંડ હતો કે ખુદ જેમ્માના ભાઈ, એક છોકરાની સામે પણ છુપાવવા કે શિષ્ટાચારથી વર્તવાનો કોઈ વિચાર એના મનમાં ન આવ્યો. જો એમ એ વર્તી શક્યો હોત તો એ છોકરાની સામે એ પોતાને જરૂર કાબૂમાં રાખત, એથી એને ખુશી થાત.

એણે બારી પાસે જઈ હોટેલની સામેની લાઇટમાં નીચેની પંક્તિઓ વાંચી :

"હું વિનંતી કરું છું, હું પ્રાર્થના કરું છું કે આવતીકાલે આખો દિવસ તમે અમારે ત્યાં ન આવશો - તમારાં દર્શન ન દેશો. મારા માટે એ જરૂરી છે, ખૂબ જરૂરી છે. હું જાણું છું કે તમે મારી વાતનો અસ્વીકાર નહીં કરો. કેમ કે.....

જેમ્મા"

સાનિને આ પંક્તિઓ બે વાર વાંચી અને હૃદયસ્પર્શી, સુંદર, મધુરતાથી ભરેલી લાગી. પછી એક ક્ષણ વિચારીને એ જોરથી એમિલને બોલાવતો એની તરફ ફર્યો. એમિલ પોતાને એક વિશિષ્ટ વિવેકી નવયુવક બતાવવાની ચિંતામાં દીવાલ તરફ ઊભો રહી દાંતથી નખ કોતરતો હતો. એ જલદીથી એની તરફ સરકી આવ્યો.

"કહો, તમારા માટે શું કરું ?"

"સાંભળો દોસ્ત, શું તમે ?"

"મોશિયે દિમિત્રી," એમિલે ખૂબ કરુણભાવે વચ્ચે ટોકતાં કહ્યું, "મને તમે તું કહી કેમ નથી બોલાવતા ?"

સાનિન હસ્યો, "સારું." (એમિલ આનંદથી કૂદી પડ્યો.) શું તું એને, મારો કહેવાનો અર્થ તો જાણે જ છે કે કોને... જઈને કહી દઈશ કે જેમ એ ઇચ્છે છે, બરાબર તેમ જ થશે ?" (એમિલે હોઠ ભીડી દીધા અને ગંભીરતાથી ડોકું હલાવ્યું.)

"અને તું...તું કાલે આખો દિવસ શું કરીશ ?"

"હું ? તમે જ કહો હું શું કરું ?"

"જો બને તો કાલે સવારે જલદી મારી પાસે આવી જજે, અને આપણે ફ્રેંકફર્ટની આસપાસ જરા ફરી આવીશું. તને ગમશે ને ?"

એમિલ ફરી આનંદથી ઊછળ્યો. "મને એ ગમશે. એનાથી વધુ સારું બીજું શું હોય ? તમારી સાથે ફરવા જવું, અરે એ તો, ખરેખર એક ચમત્કાર કહેવાય. હું જરૂર આવીશ."

"ધાર કે એ લોકો તને ન આવવા દે તો ?"

"આવવા દેશે."

"સાંભળ, એને - તું જાણે છે કોને, ન કહીશ કે મેં તને આખા દિવસ માટે બોલાવ્યો છે."

"હું શા માટે કહું ? હું તો બસ ચાલી આવીશ, એથી શું બગડી જવાનું છે ?"

એમિલે અત્યંત ગદગદ્ થઈ સાનિનને ચૂમી લીધો અને દોડી ગયો.

સાનિન ઓરડામાં મોડે સુધી આંટા મારતો રહ્યો અને ખૂબ મોડેથી ઊંઘ્યો. પોતાની સામેના નવજીવનનો વિચાર કરતાં મનમાં જે કાંઈક ભયની અને આનંદમિશ્રિત પીડા થતી હતી, દિલ ચીરી નાખતો મીઠો ભાવોદ્રેક થતો હતો એણે એને પોતાને એના હાથમાં સોંપી દીધો. એણે એમિલને આવતીકાલે આખા દિવસ માટે બોલાવી લીધો છે એ વિચારે સાનિનને અનહદ ખુશી થતી હતી. એ બરાબર

એની બહેન જેવો જ હતો. "એ મને જેમ્માની યાદ અપાવ્યા કરશે." મનોમન બોલ્યો.

આજે એ જે કંઈ છે એના કરતાં આવતીકાલે ભિન્ન પ્રકારની વ્યક્તિ કેવી રીતે બની શકે એ પ્રશ્ને લગભગ એને સૌથી વધુ રોકી રાખ્યો. એને લાગ્યું કે એ જેમ્માને સદાય આવો જ પ્રેમ કરતો રહ્યો છે અને આજે કરે છે તેવો જ પ્રેમ હંમેશાં કરતો આવ્યો છે.

• • •

બીજા દિવસે સવારે આઠ વાગે ચામડાના પટ્ટે બાંધેલા તાર્તાગ્લિયાને પકડીને એમિલ સાનિનના ખંડ પર આવ્યો. જો એનાં મા-બાપ જર્મન હોત તો પણ એ આથી વધુ નિયમિત ન બની શક્યો હોત. એ ઘરે જૂઠું બોલીને આવેલો કે નાસ્તા પહેલાં એ સાનિન સાથે ફરવા જઈ રહ્યો છે અને પછી ત્યાંથી સીધો દુકાને પહોંચી જશે. જ્યારે સાનિન કપડાં બદલી રહ્યો હતો ત્યારે એમિલે જરા ડરતાં ડરતાં, જેમ્મા વિશે, જેમ્મા અને હર ક્લૂબરના ઝઘડા વિશે બોલ્યાં કર્યું. પરંતુ સાનિન દૃઢતાપૂર્વક ચૂપ રહ્યો. એમિલે જાણે આ મહત્ત્વપૂર્ણ પ્રશ્નનો સહેજ પણ ઉલ્લેખ કરવો શા માટે યોગ્ય નથી તે વાત એ સમજતો હોય એવી રીતે જોવાનો પ્રયત્ન કર્યો અને પછી વારંવાર સાનિન તરફ ખૂબ એકાગ્રચિત્તે – એટલે સુધી કે ભાવાતિરેકથી જોતાં પોતાને રોકી લીધો.

કૉફી પીને બંને મિત્રો હાઉઝેન તરફ ચાલતાં નીકળી પડ્યાં. એ ફ્રેંકફર્ટ પાસે જ જંગલથી ઘેરાયેલું એક નાનકડું ગામડું છે. અહીંથી આખી ટાઉનસ પર્વતમાળા દેખાતી હતી. ખૂબ સુંદર દિવસ હતો. સૂર્ય ઝળકતો હતો અને એમને દઝાડ્યા વિના સુખદ ગરમી આપતો હતો. લીલાં પાંદડાઓમાં તાજી હવા આનંદથી મર્મર ધ્વનિ કરી રહી હતી. આકાશમાં ખૂબ ઊંચે લહેરાતાં વાદળોના નાના પડછાયા - ધરતી પરથી આસ્તે-આસ્તે સરી રહ્યાં હતાં. બંને યુવાનોએ ઝડપથી શહેર પસાર કરી દીધું અને સ્ફૂર્તિ તથા ઉત્સાહથી જલ્દી - જલ્દી સાફ, લીસી સડક પર ચાલવા લાગ્યા. તેઓ જંગલમાં થોડીવાર

ફરતા રહ્યા. પછી એક વીશીમાં જઈ દાબીને પેટ ભરી ખાધું. પછી એક પહાડ ઉપર ચઢી દૃશ્યનો આનંદ લૂંટતા, એની પ્રશંસા કરતા રહ્યા, ઢાળ પરના પથ્થરો ગબડાવતા અને એમને સસલાની જેમ અજબ રીતે ઊછળતાકૂદતા જોઈ, આનંદથી તાળીઓ પાડતા રહ્યા. જ્યારે નીચેથી કોઈ અદૃશ્ય મુસાફરે એમને નીચે સાદે રૂક્ષ અવાજથી ગાળો સંભળાવી ત્યારે પોતાનો આ ખેલ એમણે બંધ કર્યો. પછી તેઓ પીળી, જાંબલી લીલ પર આળોટ્યા, પછી એક બીજી વીશીમાં જઈ બીઅર ચડાવી, દોડ લગાવી અને લાંબી છલાંગ ભરતા એકબીજાથી આગળ વધવાનો પ્રયત્ન કરતા રહ્યા. એક જગ્યાએ ખબર પડી કે એમના અવાજનો પડઘો પડે છે તો તેઓ ત્યાં જ વાતો કરવા માંડ્યા, ગાવા માંડ્યા અને જાતજાતના અવાજો કાઢતા રહ્યા. એકબીજા સાથે કુસ્તી કરી, ડાળીઓ તોડી અને હંસરાજનાં પાંદડાંઓથી પોતાની હેટ સજાવી, એટલે સુધી કે ખૂબ નાચ્યા. તાર્તાગ્લિયાએ પણ શક્ય તેટલો આ રમતોમાં ભાગ લીધો. એ વાત ખરી કે એણે પથ્થર ન ફેંક્યા, પણ એમની પાછળ ગબડતો-ઊછળતો એ પણ દોડતો રહ્યો... જ્યારે બંને યુવાનોએ ગીતો ગાયાં ત્યારે એ પણ ફૂં-ફૂં કરવા માંડ્યો. એટલે સુધી કે એણે બીઅર પણ પીધો જો કે સ્પષ્ટ રીતે નાક-મોં બગાડતાં જ - ક્યારેક જ્યારે એ કોઈ વિદ્યાર્થી પાસે હતો ત્યારે એને આ કલા શીખવવામાં આવેલી. એ જેટલું પોતાના માલિક પેન્તાલિયોનનું માનતો તેટલું એમિલનું કહેવું ન માનતો. જ્યારે એમિલે એને હુકમ કર્યો, "બોલ" અથવા "છીંક" ના, એ છેડેથી વળેલી જીભ અંદર-બહાર કરતો માત્ર પૂંછડી હલાવતો રહ્યો.

બંને યુવાનો અનેક વિષયો પર વાત કરતા હતા. ફરવાની શરૂઆતમાં ઉંમરમાં મોટા અને વધારે બુદ્ધિશાળી હોવાના દાવે ભાગ્ય કે પ્રારબ્ધ, મનુષ્યના ધંધાની પ્રકૃતિ, એનું મહત્ત્વ અને એને નિર્મિત કરતાં તત્ત્વો પર ચર્ચા શરૂ કરી. પરંતુ વળી પાછી વાતચીત હળવા વિષયો પર આવી ગઈ. એમિલે પોતાના વડીલ અને મિત્રને

રશિયા વિશે પૂછવાનું શરૂ કર્યું. ત્યાં દ્વન્દ્વયુદ્ધ કેવી રીતે ખેલાય છે? શું ત્યાંની સ્ત્રીઓ દેખાવમાં સુંદર હોય છે ? શું રશિયન શીખવામાં બહુ સમય લાગે છે ? જ્યારે પેલા અફસરે એની તરફ નિશાન તાક્યું ત્યારે એણે કેવું અનુભવ્યું ? પોતાનો વારો આવ્યો ત્યારે સાનિને પણ એને એના પિતા વિશે પૂછ્યું, એની મા વિશે તથા ઘણુંખરું એની કૌટુંબિક બાબતો વિશે પૂછ્યું, હા, એણે ખૂબ પ્રયત્નપૂર્વક જેમ્મા વિશે કાંઈ ન પૂછ્યું. પરંતુ એના સિવાય એ બીજા કોઈ વિશે વિચારી પણ નહોતો રહ્યો. ખરી વાત તો એ છે કે એ માત્ર જેમ્મા વિશે જ આખો દિવસ નહોતો વિચારતો, પરંતુ આવતીકાલ, એ અદ્ભુત રહસ્યમય કાલ વિશે પણ વિચારતો હતો. જે એના માટે અદ્વિતીય, અપૂર્વ આનંદ લાવનારી હતી. એનાં માનસચક્ષુ સમક્ષ રહી રહીને એક આછા પાતળા પડદા જેવી કોઈ ચીજ હળવે-હળવે લહેરાઈ ઊઠતી હતી અને એ પડદાની પાર દેવી જેવી આભાથી દીપ્ત, હોઠ પર મંદ સ્મિત, કૃત્રિમ તીખાપણું, ધારણ કરીને, ઝૂકેલી પાંપણવાળું એક શાંત યુવાન મુખડું એને દેખાતું હતું. જેમ્માનું આ મુખ જાણે સાક્ષાત્ પ્રસન્નતા જ હતું. અને અંતે એની એ ક્ષણ આવી. લહેરાતો પડદો ઊંચો થઈ ગયો. એ દૈવી શક્તિએ એને જોયો અને પ્રકાશની જેમ બધું જ ઝળકી ઊઠ્યું. અનંત આનંદ ! ચરમ ઉલ્લાસ ! એ જ્યારે પોતાની આ ક્ષણ વિશે વિચારતો, આ "આવતીકાલ"ની વાત વિચારતો ત્યારે આ આનંદમાં, નિરંતર વધતા જ્ઞાનની ચતુર વ્યાકુળતામાં એના હૃદયના ધબકારા ડૂબી જતા હોય એવું અનુભવાતું.

અને આ પૂર્વાભાસ, આ ઉત્સુકતા એવાં જ નિર્વિઘ્ન બની રહ્યાં. પ્રત્યેક ક્ષણ એનો એ અનુભવ કરતો હતો, છતાં એનાથી એને સહેજે મુશ્કેલી નથી પડી. એમિલ સાથે એક બીજી હોટેલમાં શાનદાર ભોજન લેતી વખતે પણ કોઈ વિઘ્ન ન નડ્યું. જમ્યા પછી એમિલ સાથે "દેડકો દેડકો" રમવામાં પણ આ તડપન આડે ન આવી. લીલા ઘાસના મોટા મેદાનમાં તેઓ રમત રમ્યા. એમિલની વાંકી વળેલી પીઠ પર કેવળ સુસ્તીથી પગ ફેલાવી, ચકલીની જેમ

ઉપર ચડતા તાર્તાગ્લિયાના તીણા ભસવાના અવાજ સાથે મેદાનના કિનારે બે અફસર દેખાયા અને જ્યારે એ એમને ઓળખી ગયો, ત્યારે જરા કલ્પના તો કરો કે ગભરાટ અને મૂંઝવણમાં પડેલા સાનિનના કેવા હાલ થયા હશે ? તેઓ એના ગઈકાલના વિરોધી હરવોન ડૉનહોફ અને હરવોન રિચ્ટર હતા. બંને પોતાની એક એક આંખ પર ચશ્મા ચડાવી જોઈ જોઈને ખડખડાટ હસતા હતા. સાનિન એકદમ ઊભો થયો. પાછો વળ્યો, જલ્દીથી ફેંકેલો કોટ પહેરી લીધો અને એમિલને ખૂબ ટૂંકાણમાં એ જ આદેશ આપ્યો. એણે પણ કોટ પહેર્યો અને બંને ત્યાંથી ઝડપથી ચાલ્યા ગયા. તેઓ ખૂબ મોડેથી ફ્રેંકફર્ટ પાછા ફર્યા.

"એ લોકો મને વઢશે." સાનિનથી વિદાય લેતાં એમિલ બોલ્યો, "પણ મને જરાય ચિંતા નથી, મારો તો આજનો દિવસ બહુ સરસ પસાર થયો."

સાનિન હોટેલ પર પાછો વળ્યો ત્યારે જેમ્માનો પત્ર એની રાહ જોતો હતો. ફ્રેંકફર્ટની ચારે-બાજુ આવેલા બગીચાઓમાંથી એકમાં બીજી સવારે સાત વાગે મળવાનો સમય નક્કી કર્યો હતો.

એનું હૃદય કેવું ધડકતું હતું ! એણે સર્વથા જેમ્માનું કહ્યું માન્યું હતું અને એથી એ કેટલો ખુશ હતો ! હે ભગવાન ! આ અનિવાર્ય કાલ કેટલી અવિશ્વસનીય, કેટલી અસંભાવ્ય, કેટલી અદ્ભુત - જેણે એને આશ્વાસન આપ્યું હતું. એણે શું આશ્વાસન નહોતું આપ્યું ?

જેમ્માનો પત્ર એણે ધ્યાનથી જોયો. કાગળની નીચે એના હસ્તાક્ષરમાં "જે" અક્ષર અત્યંત સુંદર રીતે લંબાવેલો. એની સહી કરતી એની સુંદર આંગળીઓ, એના હાથને સાનિનની આંખો સમક્ષ સાકાર કરી દીધો...એને યાદ આવ્યું કે આ હાથનો એણે ક્યારેય હોઠથી સ્પર્શ કર્યો નથી... એ વિચારવા માંડ્યો કે ઇટાલિયન સ્ત્રીઓ વિશે જે કહેવાય છે એના કરતાં ઊલટી જ એ ખૂબ શાલીન અને દૃઢ છે. ખાસ કરીને જેમ્મા ! એ તો રાણી છે...દેવી....એટલી પવિત્ર અને કૌમાર્યધારિણી જાણે સંગેમરમર જ જોઈ લો.

પરંતુ એ સમય આવશે.

બહુ દૂર તો નથી સમય હવે.

ફ્રેંકફર્ટમાં એ રાતે એ એકલો સૌથી વધુ ખુશખુશાલ મનુષ્ય હતો. એ સૂઈ ગયો, એ ધારત તો કવિતાના શબ્દોમાં કહી શકત :

"હું સૂતો છું... કિન્તુ રાહ જોતો ને સદા જાગતો...."

ગ્રીષ્મનાં સૂર્યકિરણોમાં ફૂલ પર વિશ્રામ કરતા પતંગિયાની પાંખો ફફડતી રહે તેમ એનું હૃદય હળવે હળવે ફફડતું રહ્યું.

● ● ●

પાંચ વાગે સાનિનની આંખ ઊઘડી, છ વાગે એ તૈયાર થઈ ગયો અને સાડા છ થતાં ન થતાંમાં તો બગીચાના એક નાનકડા ગ્રીષ્મ-ભવન સામે એ આંટા મારી રહ્યો હતો. જેમ્માએ પોતાના પત્રમાં આ જ ગ્રીષ્મ-ભવનનો સંકેત કર્યો હતો.

ખૂબ શાંત, સુખદ અને ધૂંધળી સવાર હતી. રહી રહીને લાગતું હતું, હમણાં પાણી વરસશે. હમણાં પાણી વરસશે. પરંતુ ફેલાયેલા તાડ વૃક્ષ પર સહેજ પણ ભીનાશ નહોતી. કોટની બાંયને ખૂબ ધ્યાનથી જોઈએ તો જ નાનાં નાનાં મણકા જેવાં ટીપાં શોધી શકાય. પછી તો આ ટીપાં પણ વરસવાં બંધ થઈ ગયાં. આ સમયે તો કોઈ પણ કહી શકત કે આંધી અને તોફાન જેવી કોઈ વસ્તુ ક્યારેય સંસારમાં હતી નહીં. સ્વર હવામાં તરતો નહોતો પરંતુ ક્યાંક ખોવાઈ જતો હતો. દૂરદૂર સફેદ ધુમ્મસ સ્પષ્ટ દેખાતું હતું. હવા શ્વેત પુષ્પોની સુગંધથી તર હતી.

દુકાનો હજી બંધ હતી, પણ પદયાત્રીઓ ફૂટપાથો ઉપર દેખાવા માંડ્યા હતા. રહી રહીને કોઈ એકલદોકલ ગાડીનાં પૈડાંનો અવાજ ફૂટપાથ પર સંભળાતો હતો... બાગમાં ફરવાવાળું કોઈ નહોતું. એક માળી ખૂબ આરામથી પોતાની કોદાળીથી પગદંડી ખોદી રહ્યો હતો. કાળા કપડાના બુરખામાં એક રોગિણી જેવી સારા ઘરની વૃદ્ધા વૃક્ષોની હારવાળી સડકથી નીચેની તરફ લંગડાતી ચાલતી જઈ રહી હતી. એ કમનસીબ પ્રાણીને સાનિન ભૂલથી પણ ક્યારેય જેમ્મા માનવા તૈયાર ન થાત તેમ છતાં એનું હૃદય આનંદથી

ઊછળી પડ્યું અને જ્યાં સુધી આ કાળું ધાબું આંખોથી એકદમ ઓઝલ ન થયું, ત્યાં સુધી એ એને જોતો રહ્યો. દેવળના મિનારા પરના ઘડિયાળે ટનટન....સાત વગાડ્યા.

સાનિન અચાનક અટકી ગયો. એ ન આવે એવું બને ખરું ? એનાં અંગેઅંગમાં એક ઠંડી ધ્રુજારી ફરી વળી અને એક ક્ષણ બાદ એણે ફરી એક ધ્રુજારી અનુભવી, આ વખતે કારણ બીજું હતું - સાનિને પોતાની પાછળ હળવો પદધ્વનિ, સ્ત્રીનાં કપડાંનો સરસરાટ સાંભળ્યો... એ પાછળ વળ્યો - એ જ હતી.

પગદંડી પર જેમ્મા એની પાછળ પાછળ ચાલતી હતી. એણે ભૂરો કોટ અને નાનકડી કાળી હેટ પહેરી હતી. જેમ્માએ એની તરફ જોયું અને બીજી બાજુ મોં ફેરવી લીધું, જ્યારે એની નજીક આવી ત્યારે પણ ઝડપથી પગ ઉપાડતી આગળ વધી ગઈ. "જેમ્મા !" ખૂબ અસ્પષ્ટ સ્વરે એણે એને બોલાવી. એણે ખૂબ હળવેથી માથું હલાવ્યું અને ચાલતી રહી. એ એને અનુસરવા માંડ્યો. એ ટૂંકા શ્વાસ લેતો હાંફતો હતો અને એના પગ જાણે પરાણે પડતા હતા.

જેમ્માએ "ગ્રીષ્મ-ભવન" વટાવ્યું અને જમણી તરફ વળી ગઈ. એક નાનકડા છીછરા ઝરણા, જેમાં એક ચકલી બેઠીબેઠી વ્યસ્તતાથી છપ-છપ કરતી હતી, પાસે જઈને ઊંચા ઊંચા બરુની ઝાડીની આડમાં આવેલા બાંકડા પર એ "ધમ" દઈ બેસી પડી. આ ખૂણો ખૂબ જ સુંદર - સુખદ હતો. અને આડમાં પડતો હતો. સાનિન એની પાસે બેસી ગયો.

કેટલીક ક્ષણો તો એમ જ પસાર થઈ ગઈ. અને બંનેમાંથી કોઈ બોલ્યું નહીં. જેમ્માએ એની તરફ જોયું સુધ્ધાં નહીં. સાનિન એના ચહેરા તરફ તો નહીં, પરંતુ એક નાનકડી છત્રીની ઉપર વળેલા એના હાથને જોતો રહ્યો. બોલે પણ શું ? એ બંને આટલી વહેલી સવારે એકલાં, એકબીજાની આટલા પાસે પાસે ઉપસ્થિત હતાં. આ સત્યથી વધારે તાત્પર્યપૂર્ણ કયા શબ્દો હોઈ શકે ?

"તમે.....તમે શું મારાથી નારાજ છો ?" અંતે સાનિન

મુશ્કેલીથી બોલ્યો.

આનાથી વધારે બેવકૂફીભરી બીજી વાત કદાચ ભાગ્યે જ એણે કરી હોત, અને મજા તો એ હતી કે આ વાત એ પોતે પણ જાણતો હતો. ખેર ગમે તેમ પણ ચૂપકીદી તો તૂટી.

"તમારાથી નારાજ ?" એ બોલી, "શા માટે ? જરાય નહીં."

"તમને શું મારા પર વિશ્વાસ છે ?" એણે આગળ કહ્યું.

"તમે જે કાંઈ પત્રમાં કહ્યું છે, એ વિષે તમે કહેવા માગો છો ને ?"

"હા."

જેમ્માએ માથું ઝુકાવ્યું અને કંઈ બોલી નહીં. છત્રી એની પકડમાંથી છૂટીને નીચે પડી ગઈ. પગદંડી પર પડતાં પહેલાં જ એણે ઝડપથી ઉપાડી લીધી.

"ઓહ, મારા પર વિશ્વાસ રાખજો. મેં જે કંઈ લખ્યું છે, એના પર વિશ્વાસ રાખજો." સાનિન બોલી ઊઠ્યો, એની બધી બીક એકદમ અદૃશ્ય થઈ ગઈ અને આવેશમાં બોલવા માંડ્યો, "જો દુનિયામાં સત્ય જેવી કોઈ ચીજ હોય, પવિત્ર, અખંડ સત્ય હોય તો તે એ છે કે હું તમને ચાહું છું, જેમ્મા, હું તને આવેશ...... ચાહું છું."

જેમ્માએ ત્રાંસી નજરે ફરી એકવાર એની તરફ જોયું અને ફરી પોતાની છત્રી લગભગ પાડી દીધી.

"મારા પર વિશ્વાસ રાખ જેમ્મા, મારા પર વિશ્વાસ રાખ." યાચનાભર્યા સ્વરે, હાથ ફેલાવી એ કહેતો હતો, પરંતુ એની જેમ્માને સ્પર્શ કરવાની હિંમત ન ચાલી. "હું તને શી રીતે ખાતરી કરાવું ?" જેમ્માએ ફરી એકવાર એના તરફ જોયું.

"સારું મોશિયે દિમિત્રી, મને કહો તો," એ બોલી "તે દિવસે તમે મને સમજાવવા આવેલા ત્યારે તમને ખબર નહોતી, તમે અનુભવ્યું નહોતું ?"

"હું અનુભવતો હતો." ઉત્સુકતાથી સાનિન ઝડપથી બોલ્યો,

"પરંતુ જાણતો નહોતો. મેં જ્યારથી તને જોઈ તે ક્ષણથી જ હું તને ચાહવા માંડ્યો છું, પરંતુ તું મારા માટે શું બની ગઈ છે એ વાત ક્યારેય સમજી ન શક્યો. તદુપરાંત મેં સાંભળ્યું કે તારી સગાઈ થઈ ગઈ છે.... અને વળી જ્યારે તારી મા એ મને વિનંતી કરી ત્યારે હું કેવી રીતે ના પાડું ? બીજું એ કે મને લાગે છે કે મેં એ કામ એવી રીતે પૂરું કર્યું છે કે તું અનુમાન કરી શકે..."

ત્યાં ભારે પગલાંનો અવાજ સંભળાયો અને એક ખભા પર ગાલીચાનો બનાવેલો થેલો લટકાવેલો એક હૃષ્ટ-પુષ્ટ સજ્જન, કદાચ કોઈ વિદેશી એકાએક ઝાડીની પાછળથી નીકળ્યો. એણે મુસાફરની જેમ એક અછડતી નજર બેંચ પર બેઠેલા આ યુગલ ઉપર નાંખી, જોરથી ખાંસ્યો અને પોતાને રસ્તે ચાલ્યો ગયો.

ભારે પગલાંનો અવાજ બંધ થતાં જ સાનિને કહ્યું, "તારી માએ મને કહ્યું કે તું ના કહેશે તો ચારેબાજુ બદનામી ફેલાઈ જશે... (જેમ્માએ લગભગ ન દેખાય તેમ મોઢું મચકોડ્યું.) અને મારી વર્તણૂકથી કેટલીક હદે મેં આ અપ્રિય ચર્ચાનું કારણ પણ ઊભું કરેલું.... પરિણામે....તું તારા ભાવિ પતિ હર ક્લૂબરનો અસ્વીકાર ન કરે એ સમજાવવા માટે એક રીતે હું વિવશ બની ગયો."

"મોશિયે દિમિત્રી" જેમ્માએ સાનિન તરફ પોતાના વાળ પર હાથ ફેરવી કહ્યું, "મહેરબાની કરી હર ક્લૂબરને મારો પતિ ન કહેશો, હું ક્યારેય એની પત્ની નહીં બની શકું. મેં ના પાડી દીધી છે."

"ના પાડી દીધી ? ક્યારે ?"

"કાલે."

"એના મોઢા પર ?"

"હા, એના મોઢે જ. મારે ઘેર એ અમને મળવા આવેલો."

"જેમ્મા, તો એનો અર્થ એ કે તું મને ચાહે છે."

એ એની તરફ વળી.

"જો ચાહતી ન હોત તો અહીં આવત ?" એ ધીરેથી બોલી, એના હાથ બાંકડા તરફ સરક્યા. બાંકડા પર મૂકેલા સીધી

હથેળીવાળા એ અસહાય હાથોને સાનિને જોરથી પકડી લીધા, પોતાની આંખે અડાડ્યા, હોઠ પર લગાવ્યા. અને કાલે જે પડદો એની આંખ સામે લહેરાતો હતો એ દૂર થઈ ગયો. આ જ તો સુખનું ઝગમગતું મુખારવિંદ છે.

એણે દઢ અને સીધી નજરે જેમ્મા તરફ જોયું અને માથું ઊંચક્યું. જવાબમાં જેમ્માએ જરા ઝૂકેલી નજરે એના તરફ જોતાં આંખ મિલાવી. એની નીચેની પાંપણ પર તરતાં આનંદાશ્રુના પડદા પાછળ એની આંખો ચમકી રહી. આ એના ચહેરાનું સામાન્ય સ્મિત નહોતું, હાસ્ય હતું - આનંદવિભોર નિઃશબ્દ હાસ્ય.

સાનિનને એને આલિંગવાની ઇચ્છા થઈ પરંતુ એ નિઃશબ્દ હસતી પાછળ ખસી ગઈ અને માથું હલાવી એને ના કહી દીધી, જાણે એની આનંદવિહ્વળ આંખો કહી રહી હતી જરા ધીરજ રાખો !

"ઓહ, જેમ્મા !" સાનિન લગભગ રડી પડ્યો. "શું હું ક્યારેય વિચારી શકત કે તું (જ્યારે આ "તું" શબ્દ એના હોઠ પરથી પહેલી વાર સર્યો ત્યારે એનું હૃદય સિતારના તારની જેમ ઝંકૃત થઈ ઊઠ્યું.) મને ચાહવા માંડીશ ?"

"મેં પોતે જ એવું ધાર્યું નહોતું." જેમ્મા ખૂબ મૃદુ સ્વરે બોલી.

"હું શું ક્યારેય વિચારી શકત કે," સાનિને કહેવા માંડ્યું, "ફ્રેંકફર્ટમાં, જ્યાં હું એક-બે કલાકથી વધુ રહેવા નહોતો ઇચ્છતો, એ ફ્રેંકફર્ટમાં મને મારા સમગ્ર જીવનનું સુખ મળી જશે ?!"

"તમારા સમગ્ર જીવનનું ? ખરેખર, સાચું કહો છો ?" જેમ્માએ પૂછ્યું.

"હા, સદાને માટે, મારા સમગ્ર જીવનનું." સાનિને નવા હર્ષોન્માદથી કહ્યું.

જે બાંકડા પર એ બેઠેલાં એનાથી બે ડગલાં દૂર માળીની કોદાળી ખખડી ઊઠી.

"ચાલો, ઘરે જઈએ." જેમ્મા હળવેથી બોલી. "સાથે જ જઈએ, તમે આવશો ?"

જો આ ક્ષણે એ કહેત, 'સમુદ્રમાં કૂદી પડો, તમને વાંધો નથીને ?' તો એનું વાક્ય ભાગ્યે જ પૂરું કરે એ પહેલાં જ સાનિને અતલ સાગરમાં છલાંગ મારી દીધી હોત.

બંને સાથે-સાથે જ બગીચાની બહાર આવ્યાં અને વસ્તીથી દૂર, ઉપનગરની સૂની સડકો પરથી પસાર થતાં ઘર તરફ ચાલી નીકળ્યાં.

• • •

સાનિન જેમ્માની બાજુમાં ચાલતો હતો. વારંવાર એ થોડાં ડગલાં પાછળ રહી જતો. એણે એક પળ પણ પોતાની નજર એના પરથી ખસેડી નહીં અને આખો વખત સ્મિત કરતો હતો. જોકે એ ઉતાવળમાં હોય એવું લાગતું હતું, છતાં વચ્ચે વચ્ચે એકાએક અટકી પડતી હતી. ખરી વાત તો એ હતી કે સુસ્ત અને ફિક્કો સાનિન તથા ભાવાવેશમાં ગુલાબી થઈ ગયેલી જેમ્મા, બંને એવી રીતે આગળ વધતાં હતાં, જાણે સ્વપ્નમાં ચાલી રહ્યાં હોય. હમણાં જ થોડીવાર પહેલાંનું એકબીજા પ્રત્યેનું હૃદયસમર્પણ એવું ભાવોચ્છ્વાસિત હતું, એટલું નવીન અને એટલું આતંકોત્પાદક હતું કે એ બંનેનું સમગ્ર જીવન એકાએક એવી રીતે રૂપાંતરિત અને પરિવર્તિત થઈ ગયેલું કે એ બંનેમાંથી એકેય સ્વસ્થ નહોતાં. એમને તો માત્ર એટલો જ ખ્યાલ હતો કે જેમ રાત્રિના તોફાને બંનેને એકબીજાના બાહુમાં ધકેલી દીધેલાં, તેમ તેઓ કોઈ વમળમાં સપડાઈ ગયાં છે. ચાલતાં-ચાલતાં સાનિનને એમ લાગ્યું કે જાણે એ જેમ્માને એક બીજી દૃષ્ટિથી જ જોવા માંડ્યો છે. એક જ ક્ષણમાં જેમ્માનાં હલન-ચલનમાં, એની પ્રસન્નતામાં કેટલીક વિશેષ વાતો એના ધ્યાનમાં આવી. હે ભગવાન, એ વાતો કેટલી પ્યારી, કેવા અનંત માધુર્યથી ઓતપ્રોત હતી ! ખુદ જેમ્માને પણ થયું કે સાનિન એને કોઈ નવી અને જુદી દૃષ્ટિથી જોઈ રહ્યો છે.

બંને પહેલી જ વાર પ્રેમમાં પડ્યાં હતાં, એટલે પ્રથમ પ્રણયની બધી જ વિલક્ષણતા એમનામાં પ્રગટ થઈ રહી હતી. પ્રથમ પ્રણય ક્રાન્તિ જેવો હોય છે. રોજનું નિયમિત એકધારું જીવન એક ક્ષણમાં છિન્ન-ભિન્ન થઈ નષ્ટ થઈ જાય છે અને યૌવન પોતાનો મોર્ચો લગાવી દે છે અને સૌથી ઉપર એનો શાનદાર ઝંડો ફરકે છે. મૃત્યુ કે નવજીવન, ભાગ્યમાં જે લખ્યું હોય તે બધાંનું ઉત્સાહથી સ્વાગત કરવા એ તૈયાર રહે છે.

"પેલું કોણ છે ? આપણો બુઢ્ઢો તો નહીં ?" પોતાને નજરથી બચાવવાના પ્રયત્નમાં મોં ઢાંકેલી એક ઝડપથી પસાર થતી છાયા તરફ ઈશારો કરી સાનિન બોલી ઊઠ્યો.

આનંદની અધિકતામાં એને જેમ્મા સાથે વાત કરવાનું મન થતું હતું - પ્રણયની વાત નહીં, કેમ કે એ બાબતમાં તો બધું નક્કી થઈ ગયું હતું, એ તો ખૂબ પવિત્ર વિષય હતો. એની ઈચ્છા તો કોઈ જુદા વિષય પર વાત કરવાની હતી.

"હા, પેન્તાલિયોન જ છે." જેમ્માએ પ્રસન્નતાપૂર્વક ઉલ્લાસિત સ્વરમાં કહ્યું, "એ કદાચ ઘરેથી નીકળતી વખતે મારી પાછળ-પાછળ આવેલો. કાલે મારી પાછળ આખો દિવસ છાયાની જેમ ફરતો રહ્યો. એ બધું સમજે છે."

"હા, બધું સમજે છે." પ્રસન્નતાથી સાનિન બોલ્યો. જેમ્મા કંઈ બોલે અને એને પ્રસન્નતા ન થાય એવી એ સમયે કઈ વાત હતી ?

સાનિને એને ગઈ કાલનું બધું વિવરણ સંભળાવવાનો આગ્રહ કર્યો. જેમ્માએ જલદી જલદી ગભરાતી હોય તેમ કહેવા માંડ્યું. ટૂંકા-ટૂંકા ઊંડા શ્વાસ, સ્મિત અને સાનિન સાથે એની ચમકતી આંખોનું મિલન વર્ણનની શોભામાં ઓર વધારો કરતાં હતાં. પાછલા દિવસની વાતચીત પછી મા કેવી રીતે એના મોઢે નિશ્ચયપૂર્વક "હા" કહેવડાવવા પાછળ પડી રહી, કેવી રીતે એક દિવસ પછી પોતાનો નિર્ણય જણાવવાનો વાયદો કરીને એ ફાઉ લિનોરનો સામનો કરતી રહી. કેવી કેવી મુસીબતોએ એને સ્થગિત કરી, જે વાસ્તવમાં ખૂબ

મુશ્કેલ હતું, પછી એકાએક હંમેશ કરતાં વધારે સજ્જ થયેલો હર ક્લૂબર આવી ચડ્યો. પછી એક અજાણ્યા રશિયનના અક્ષમ્ય બાલિશ વ્યવહાર વિશે ગુસ્સામાં સારું-ખોટું કેવી રીતે બોલતો રહ્યો, દ્વન્દ્વ-યુદ્ધ લડવાનો તમારો શો ઇરાદો હતો, એ જ કે એ રીતે એ હર ક્લૂબરનું (આ એના જ શબ્દો હતા.) ખરાબ રીતે અપમાન કરી શકે, એ ઇચ્છતો હતો કે આ ઘરમાં તમારી આવ-જા બંધ થઈ જાય, કેમ કે આગળ એણે કહેલું કે, (અહીં ખૂબ કુશળતાથી એની રીતભાત અને બોલીની નકલ કરતાં કહ્યું.)

"કેમ કે એથી મારી ઇજ્જત પર અસર થાય છે. પોતાની ભાવિ વધૂ માટે કોઈ અફસર સાથે લડે, એવી વાત ક્યારેય સાંભળી છે ? આ તો મારી આબરૂમાં ધૂળ પડી ! અને વિચારો તો ખરા, મા પણ એની સાથે સહમત થઈ ગઈ. પરંતુ મેં ત્યારે જ કહી દીધું કે તમારી આબરૂની અને તમારી જાતની તમે ચિંતા કરશો નહીં, પોતાની ભાવિ વધૂને કારણે થતી વાતોથી પોતાને અપમાનિત સમજવાની જરૂર નથી, કેમ કે હું હવે તમારી ભાવિ વધૂ નથી - અને ક્યારેય તમારી પત્ની બનીશ પણ નહીં. મારે કહેવું જોઈએ કે એની સાથે સંપૂર્ણ સંબંધ તોડતાં પહેલાં હું તમારી સાથે વાત કરવા માંગતી હતી. પરંતુ એ આવ્યો... અને પછી મારાથી રહેવાયું નહીં. મા તો બીકથી બૂમો પાડવા લાગી. પરંતુ હું બીજા ખંડમાં ગઈ અને ત્યાંથી એની વીંટી લાવી એને પાછી સોંપી દીધી. તમારું ધ્યાન નહોતું ગયું, મેં તે દિવસ પહેલાં જ વીંટી કાઢી નાંખેલી. એ ખૂબ નારાજ થયો. પરંતુ એ ખૂબ ઘમંડી અને પાખંડી છે. તેથી બોલ્યો કાંઈ નહીં અને ચાલ્યો ગયો. ખરેખર મા તરફથી મારે ખૂબ સહેવું પડ્યું. આ કારણે એને કેટલી તકલીફ થઈ એ જોઈ મને પણ ખૂબ દુઃખ થતું હતું. એટલે સુધી કે ક્યારેક મને થતું કે હું ઉતાવળ કરી રહી છું. ત્યારે જ તમારો પત્ર મળ્યો... મને તો એ પહેલાં જ ખબર પડી ગઈ હતી કે...."

"કે હું તને ચાહું છું." સાનિને ઝડપથી પૂરું કર્યું.

"હા, કે તમે મને ચાહો છો."

જેમ્મા વાતો કરતી રહી. ક્યારેક પોતાની વાતનો દોર ચૂકી જતી, ક્યારેક સ્મિત કરતી, ક્યારેક પોતાનો અવાજ ધીમો કરી નાંખતી અથવા જ્યારે કોઈ પાસેથી પસાર થતું કે નજીક આવતું તો એકદમ ચૂપ થઈ જતી. ગઈકાલે જેમ સાનિને એના લખાણની પ્રશંસા કરેલી, તેમ આજે એના કંઠસ્વરનો આનંદ લેતો ચરમ ઉલ્લાસમાં સાંભળી રહ્યો.

"માનો મિજાજ ભયંકર રીતે બગડેલો છે." જેમ્માએ કહેવાનું ચાલુ રાખ્યું. ઉતાવળમાં એના શબ્દો એકબીજા સાથે અથડાતા નીકળતા હતા. "એની સમજમાં કોઈ રીતે નથી ઊતરતું કે મને હર ક્લૂબર પસંદ નથી અને મેં એની સાથે પ્રેમથી સગાઈ નથી કરી, પરંતુ એ રાત-દિવસ મારી પાછળ પડેલી... એને.... તમારા - તમારા પર શંકા.... અને ખરી વાત એ છે કે એને શંકા છે કે હું તમને ચાહું છું. અને કમનસીબ તો એ છે કે કાલે આ વાત એના ભેજામાં જ ન આવી અને એણે તમને મને સમજાવવાનું કહી દીધું. કેવી અજબ વિનંતી હતી ને ? હવે એ કહે છે કે તમે ચોક્કસ લુચ્ચા ઠગ છો, તમે એના વિશ્વાસનો દુરુપયોગ કર્યો છે ! એ મને પણ ચેતવણી આપે છે કે તમે મને પણ દગો દેશો..."

"પણ જેમ્મા," સાનિન જોરથી બોલી ઊઠ્યો, "તેં એમને કહ્યું નહીં કે..."

"ના, મેં એમને કાંઈ કહ્યું નથી. તમારી સાથે વાત કર્યા પહેલાં મને શો હક હતો ?"

"જેમ્મા, મને આશા છે કે હવે તું એમને બધું કહી દેશે. મને એમની પાસે લઈ જા... હું તારી મા પાસે સાબિત કરવા ઈચ્છું છું કે હું સહેજે દગાબાજ નથી."

અંદરની અનેક ભાવનાઓ પ્રચંડ વેગથી ઊછળવાને કારણે સાનિનની છાતી ભાવોચ્છ્વાસથી ઊંચી-નીચી થવા લાગી.

જેમ્માએ એની તરફ પહોળી આંખે જોયું, "તો તમારો આશય

એ કે તમે હવે મારી સાથે મા પાસે આવશો ? મા તો કહે છે કે આપણા બે વચ્ચે એવું કાંઈ સંભવિત નથી - અને હોય તો પણ એનું કાંઈ પરિણામ નહીં આવે, એ મા પાસે આવશો ?" એક એવો શબ્દ હતો જેનું ઉચ્ચારણ કરવાનું સાહસ જેમ્મા ન કરી શકી, ન જાણે એ એના હોઠને બાળી દેત અને એ વાત સમજાતાં સાનિનને વાત કરવાની વધુ મજા આવી.

"તારી સાથે લગ્ન કરવામાં, જેમ્મા, તારા પતિ બનવાથી વિશેષ બીજા કોઈ આનંદની હું કલ્પના કરી શકતો નથી."

હવે તો એના પ્રેમની ઉદારતાની અને દૃઢ નિશ્ચયની કોઈ સીમા જ નહોતી રહી.

જ્યારે એણે આ વાત કરી ત્યારે જેમ્મા એક ક્ષણ તો સ્તબ્ધ ઊભી રહી, પછી પહેલાં કરતાં વધુ ઝડપથી ચાલવા માંડી, જાણે આ વિપુલ, અણધારી પ્રસન્નતાથી દૂર ભાગવા ઇચ્છતી ન હોય ! જાણે આ બધું એને માટે જરૂર કરતાં વધુ હોય.

પરંતુ એકાએક એના પગ કંપ્યા. સામે ચોકના ખૂણા પાસે, થોડાં કદમ દૂર, નવા કોટ અને નવી હેટમાં તીર જેવો સીધો અને નાનકડા જબરા કૂતરા જેવો વાંકડિયા વાળવાળો હર ક્લૂબર દેખાયો. પહેલાં જેમ્મા અને પછી સાનિનને જોતાં જ એક વાર તો એ મનોમન ધૂંધવાયો. પછી જ્યારે લહેરથી ઘૂમતો એમની તરફ આવ્યો ત્યારે પોતાની ભવ્ય મૂર્તિને જરા પાછળ ઝુકાવી. પહેલાં તો એને જોઈ સાનિન હેબતાઈ ગયો, પરંતુ એના ચહેરા પર નજર પડતાં જ એની બધી બીક દૂર થઈ ગઈ. હર ક્લૂબરે પ્રયત્નપૂર્વક પોતાના ચહેરા પર ઘૃણિત આશ્ચર્ય અને દયાનો ભાવ ધારણ કર્યો હતો. એ અત્યંત સાધારણ ગુલાબી ચહેરાને જોતાં જ અચાનક સાનિને પોતાની અંદર ગુસ્સાની એક લહેર ઊઠતી અનુભવી અને એ આગળ વધતો ચાલ્યો ગયો.

ખૂબ શાંત નિશ્ચયાત્મકતાથી જેમ્માએ સાનિનના હાથમાં હાથ પરોવ્યા અને પોતાના પ્રથમ પ્રેમીની આંખમાં આંખ મિલાવી. હર

ક્લૂબરની આંખ ઝીણી થઈ ગઈ, મનોમન જાણે એ સંકોચાઈ ગયો અને દાંત પીસી નાટકનો એ જ જૂનો પુરાણો ઘસાયેલો અંત બબડતો એક બાજુ થઈ ગયો અને પછી એ બનાવટી પ્રસન્નતાથી લચકાતો ચાલ્યો ગયો.

"એ બદમાશ શું કહેતો હતો ?" હર ક્લૂબર પાછળ દોડવા તૈયાર થતા સાનિને પૂછ્યું. પરંતુ જેમ્માએ પોતાનો હાથ એના હાથમાં નાંખેલો રાખી સાનિનને રોકી રાખ્યો. દૂર રોસેલ્લીની દુકાન દેખાઈ. જેમ્મા પાછી અટકી ગઈ.

"દિમિત્રી, મોશિયે દિમિત્રિ," એણે કહ્યું.

"હજી આપણે અંદર નથી ગયાં, હજી પણ આપણે માને મળ્યાં નથી... જો તમારે આ બધી વાત પર વિચાર કરવા વધુ સમય જોઈએ તો.... હજી તમને છૂટ છે દિમિત્રી."

આ બધાના જવાબમાં સાનિને એનો હાથ પોતાની છાતી પર જોરથી દબાવ્યો અને એને આગળ ઘસડતો લઈ ગયો.

જ્યાં ફ્રાઉ લિનોર બેઠેલી એ ખંડમાં સાનિન સાથે જઈ જેમ્મા બોલી, "મા, લો, હું તમારી પાસે યોગ્ય વ્યક્તિને પકડી લાવી છું."

• • •

જો જેમ્મા પોતાની માને કહેત કે હું કોલેરા અથવા સાક્ષાત્ મૃત્યુને લઈ આવી છું, તો પણ, ફ્રાઉ લિનોર એ વાત સાંભળી આટલી નિરાશ ન થાત. એ એક ખૂણામાં દીવાલ તરફ મોં કરી બેસી ગઈ અને જોર-જોરથી રડવા માંડી. રશિયન ખેડૂત સ્ત્રી પોતાના પતિ કે પુત્રની અર્થી પાસે બેસી વિલાપ કરે, તેમ એ વિલાપ કરી રહી હતી. ક્ષણેક તો જેમ્મા પણ એકદમ સ્તબ્ધ થઈ ગઈ. પોતાની મા પાસે ન જતાં ખંડની વચ્ચોવચ પથ્થરની જેમ જડ જેવી ઊભી રહી. બાકી રહ્યો સાનિન, એનું તો માથું જ ભમી ગયું અને એ રડવા જેવો થઈ ગયો. આશ્વાસન આપવું પણ મુશ્કેલ બને એવો આ વિલાપ એક કલાક - પૂરો એક કલાક ચાલુ રહ્યો. પેન્તાલિયોને તો દુકાનનું સડક તરફનું બારણું બંધ કરી દેવાનો નિર્ણય કર્યો, જેથી

કોઈ અજાણ્યો માણસ અંદર ન આવે. સદ્ભાગ્યે હજી તો આ વહેલી સવાર હતી. ખુદ બુઢ્ઢો પણ સ્તબ્ધ થઈ ગયેલો. સાનિન અને જેમ્માએ બતાવેલી ઉતાવળ એને બહુ પસંદ નહોતી. પરંતુ મનોમન ટીકા કરવા જેવું પણ એમાં એને કાંઈ મળ્યું નહીં. ક્લૂબર તો એને એટલો બધો નાપસંદ હતો કે જો એમને જરૂર પડત તો એ એમની રક્ષા કરવા સુધ્ધાં તૈયાર થઈ જાત. એમિલ તો પોતાને બહેન અને મિત્ર વચ્ચેની કડી સમજીને આ બધું આટલી સરળતાથી અને સફળતાથી પાર ઊતર્યું એ બદલ ગર્વ કરવા તૈયાર હતો. ફ્રાઉ લિનોર આટલી નારાજ કેમ છે એ વાત એની સમજમાં ન આવી. એટલે એણે એવું અનુમાન કર્યું કે ચાહે ગમે તેવી હોય, પણ અંતે તો સ્ત્રીઓ મૂર્ખ હોય છે. સાનિનની હાલત સૌથી વધુ ખરાબ હતી. જ્યારે એ ફ્રાઉ લિનોર નજીક જતો ત્યારે એ હાથ ઉઠાવી અને દૂર રાખતી જોરથી આક્રંદ કરવા માંડતી. એક ઉચિત અંતર રાખી એણે કેટલીયે વખત જોર-શોરથી કહ્યું કે, "હું તમારી પાસે તમારી પુત્રીનું પાણિગ્રહણ કરવાની અનુમતિ માંગવા આવ્યો છું," પણ એનું કાંઈ પરિણામ ન આવ્યું. ફ્રાઉ લિનોરને સૌથી વધુ ગુસ્સો પોતાના ઉપર હતો, બધું જોવા છતાં એ કેવી અંધ બની રહી ?

"જો મારા જિયોબાં બતિસ્તા જીવિત હોત તો," એમણે આંસુ વહાવતાં કહ્યું, "તો આ બધું ક્યારેય ન બનત." સાનિને પોતાની જાતને જ પૂછ્યું, "હે ભગવાન ! આ બધું શું છે ? ખરેખર તો આ બધું બિલકુલ અસંભવિત લાગે છે." જેમ્મા તરફ જોવાની એની હિંમત જ ન થઈ. જેમ્માથી પણ એના ચહેરા પર નજર નાંખી જોવાયું નહીં. એ ગમે તેમ ખૂબ ધીરજથી પોતાની માને મનાવવામાં પડેલી. જો કે પહેલાં તો માએ એને પણ એક બાજુ ધકેલી દીધેલી...

અંતે ધીરેધીરે તોફાન શમ્યું. ફ્રાઉ લિનોરે રડવાનું બંધ કર્યું અને જેમ્માના કહેવાથી જે ખૂણામાં એ સંકોચાઈને બેઠેલી ત્યાંથી ઊઠી, એના ટેકે બારી પાસે આરામખુરશી પર આવી બેઠી અને લીંબુનું શરબત લઈ ઘૂંટડે ઘૂંટડે પીવા માંડી. એણે સાનિનને પોતાની પાસે તો ન આવવા દીધો પરંતુ ખંડમાં એની હાજરી સામે વાંધો ન

લીધો. નહીં તો પહેલાં તો વારંવાર એ એને જલદીથી નીકળી જવાનું કહેતી હતી. અને જ્યારે એ બોલ્યો ત્યારે વચમાં ટોક્યો પણ નહીં. સાનિને તરત જ આ તોફાન પછીની શાંતિનો ફાયદો ઉઠાવતાં પોતાની પ્રભાવશાળી વક્તૃત્વ શક્તિનું પ્રદર્શન કર્યું. એટલા પ્રચંડ વિશ્વાસ સાથે એણે પોતાની ભાવનાઓ અને ઈચ્છાઓની વ્યાખ્યા એ વખતે કરી કે એટલી બધી એ ખુદ જેમ્મા સામે કરી શકત કે નહીં એમાં ખરેખર સંદેહ છે. સેવિલનો હજામ (૧૮મી સદીના પ્રસિદ્ધ ફ્રેન્ચ પ્રહસન 'Barber of Seville') અલમાવિવાની જેમ એની ભાવનાઓ તદ્દન સાચી હતી. એની ઈચ્છાઓ ખરેખર પવિત્ર હતી. પોતાની કામનાઓના ગેર-ફાયદા ન તો એણે ફ્રાઉ લિનોરથી છુપાવ્યા, ન ખુદ પોતાનાથી. ખરું પૂછો તો એ ગેરફાયદા માત્ર દેખાવના જ હતા. એ ખરું કે એ પરદેશી છે, થોડા સમયથી જ એમનાથી પરિચિત થયો છે અને એ લોકો એના વિશે કે એની આવકનાં સાધનો વિશે નિશ્ચિતરૂપે કંઈ જાણતાં નથી. પરંતુ પોતે એક માનનીય સદ્‌ગૃહસ્થ છે અને ભિખારી નથી એ વાતની તો એ ઢગલોએક સાબિતી આપવા તૈયાર હતો. પોતાના દેશના લોકો પાસેથી એ આ વાતના નિર્વિવાદ પ્રમાણ લાવવા તૈયાર હતો. એણે ખાતરી આપી કે જેમ્મા એની સાથે સુખી થશે અને પરિવારથી એના વિયોગના દુઃખને એ મધુરતાથી ભરી દેશે. પરંતુ "વિયોગ"ના નિર્દેશે, અરે "વિયોગ" શબ્દે જ લગભગ બધો પ્રભાવ ભૂંસી નાખ્યો. ફ્રાઉ લિનોર ખુરશીમાં આમ-તેમ પડખાં બદલતી ઉપરથી નીચે સુધી કંપી ઊઠી. સાનિને તરત જ ઉમેર્યું કે વિયોગ બહુ થોડા સમય માટે હશે અને અંતે વિયોગની કોઈ જરૂર પણ ન પડે એ પણ બનવાજોગ છે.

સાનિનના ભાષણની કંઈ અસર ન પડી એમ નહીં. ફ્રાઉ લિનોર એની તરફ જોવા માંડી. જો કે એમાં દુઃખ અને ભર્ત્સના બંને હતાં. છતાં પહેલાં જેવો ક્રોધ અને ઘૃણા નહોતાં. પછી એમણે સાનિનના પોતાની પાસે આવી બેસવામાં પણ વાંધો ન લીધો. (જેમ્મા એની બીજી બાજુ બેઠી હતી.) એમણે સાનિનને માત્ર

નજરથી જ નહીં, પરંતુ શબ્દોમાં પણ સારું-ખોટું કહેવા માંડ્યું. જોકે એમાં એમના હૃદયની કોમળતા જ દેખાતી હતી. ત્યાર પછી એમની ફરિયાદો પણ નરમ અને હળવી થતી ગઈ. ક્યારેક પોતાની પુત્રી સાથે અને ક્યારેક સાનિન સાથે સવાલ-જવાબના રૂપમાં પલટાઈ ગઈ. જ્યારે સાનિને ફ્રાઉ લિનોરનો હાથ પોતાના હાથમાં લીધો ત્યારે એમણે કાંઈ ન કહ્યું... ત્યાર પછી એમણે થોડાં વધુ આંસુ પાડ્યાં, પરંતુ એ તદ્દન જુદા પ્રકારનાં આંસુ હતાં. પછી એ ખેદથી હસી અને અફસોસ કરવા માંડી કે જિયોબાં બતિસ્તા આજે એમની વચ્ચે નથી - પરંતુ આ વખતે એનો અર્થ પહેલાં કરતાં તદ્દન જુદો હતો... એક ક્ષણ વધુ પસાર થઈ અને હવે બંને અપરાધીઓ - જેમ્મા અને સાનિન - ઘૂંટણભેર એમનાં ચરણમાં ઝૂકી પડ્યાં અને એ વારંવાર એમના મસ્તક પર હાથ મૂકી આશીર્વાદ આપી રહી હતી. એક વધુ ક્ષણ વીતી અને બંને ફ્રાઉ લિનોરને ભેટ્યાં અને ચૂમવા માંડ્યાં, પ્રસન્નતાથી ખીલી ઊઠેલા ચહેરે એમિલ ખંડમાં દોડી આવ્યો અને અત્યંત આત્મીયતાથી જોડાયેલાઓનું જૂથ બની ગયું.

પેન્તાલિયોને ખંડમાં ડોકિયું કર્યું, હસ્યો અને ફૂંગરાઈને મોં મચકોડતો સડક તરફનું બારણું ખોલવા દુકાનમાં ચાલ્યો ગયો.

• • •

નિરાશામાંથી ઉદાસીનતા અને ઉદાસીનતામાંથી નીરવ આત્મસમર્પણ - ફ્રાઉ લિનોરમાં પરિવર્તન બહુ ઝડપથી થતું ગયું. આ નીરવ આત્મસમર્પણને પ્રચ્છન્ન સંતોષનું રૂપ લેવામાં વાર ન લાગી, પરંતુ પોતાના શિષ્ટાચારને કારણે એમને છુપાવવું અને રોકવું પડ્યું. એકદમ પહેલે દિવસે જ ફ્રાઉ લિનોરે સાનિનને પોતાના પરિચિતોમાંનો એક માની લીધેલો અને જ્યારે એકવાર એને જમાઈ બનાવી લેવાનો વિચાર દિલમાં ઉતાર્યો તો એમાં એને નારાજ થવા જેવી કોઈ ખાસ વાત દેખાઈ નહીં, તેમ છતાં ચિંતા અને ઘવાયેલાપણાનો ભાવ થોડીવાર પોતાના ચહેરા પર ઢાળી રાખવાની પોતાની ફરજ છે એવું એને લાગ્યું. એક એકથી ચડિયાતી પાછલા કેટલાય દિવસની ઘટનાઓ કેટલી મહત્ત્વપૂર્ણ બની રહી છે ! એક

વ્યવહારકુશળ સ્ત્રી અને મા તરીકે ફ્રાઉ લિનોરે જાતજાતના પ્રશ્નો સાનિનને પૂછવામાં પોતાનું કર્તવ્ય માન્યું. જો કે સવારે જ્યારે સાનિન જેમ્માને મળવા બહાર નીકળેલો ત્યારે એણે જેમ્મા સાથે લગ્ન કરવાની વાત વિચારી નહોતી. એ વિશે કાંઈ જ વિચાર્યું નહોતું, પરંતુ ભાવાવેશના જાદુઈ પ્રભાવમાં એણે પોતાને સંપૂર્ણ સમર્પિત કરી દીધો. અને હવે પૂરી તૈયારી સાથે, અથવા એમ કહીએ કે પૂરા જોરશોરથી વિવાહાતુર પ્રેમીના વેશમાં મંચ પર પ્રવેશ્યો અને તત્પરતાથી દરેક સવાલનો ખૂબ વિસ્તારથી જવાબ આપ્યો. ફ્રાઉ લિનોરને પોતાને પૂરી રીતે સંતોષ થયો કે એ ખરેખર સારા કુળનો અને ખાનદાન છે. એના રાજકુમાર ન હોવા પર જરા આશ્ચર્ય પ્રગટ કર્યું. એ અત્યંત ગંભીર બની ગઈ. એમણે સાનિનને ચેતવી દીધો કે માનું પવિત્ર કર્તવ્ય મને ફરજ પાડે છે કે જે વાત થશે, હું તમારા મોઢે સ્પષ્ટ કહીશ. એના જવાબમાં સાનિને કહ્યું કે એથી સહેજે ઓછી આશા મને તમારી પાસે નથી અને તમે મારી સાથે શિષ્ટાચારથી ન વર્તો એ જ મારી વિનંતી છે.

ત્યારે ફ્રાઉ લિનોરે જણાવ્યું કે હર ક્લૂબર, (એણે એનું ઉચ્ચારણ જરા અચકાતાં હોઠ દાબીને હળવો ઠંડો શ્વાસ લેતાં કર્યું.) જેમ્માનો પ્રથમ પ્રેમી હર ક્લૂબર હજી પણ દર વર્ષે આઠ હજાર ગિલ્ડર્સ(ગિલટનો સિક્કો)ની આવક ધરાવે છે અને આ રકમ દર વર્ષે ઝડપથી વધતી જશે અને તમારી આવક કેટલી છે તે હું જાણવા ઇચ્છું છું.

"આઠ હજાર ગિલ્ડર્સ" સાનિન ધીરે-ધીરે ગણગણ્યો. "એટલે અમારા સિક્કામાં લગભગ પંદર હજાર રૂબલ... મારી આવક તો ખાસ્સી ઓછી છે. મારી પાસે તુલા જિલ્લામાં એક નાનકડી જાયદાદ છે. જો સારો વહીવટ કરવામાં આવે તો પાંચ-છ હજાર મળી આવે... એટલું તો ગમે તેમ મળી જ રહે... વળી જો હું કોઈ સરકારી નોકરી લઈ લઉં તો સહેલાઈથી બે હજારનું વેતન મેળવી શકું..."

"રશિયામાં નોકરી ?" ફ્રાઉ લિનોર બોલી ઊઠી, "એનો અર્થ એ કે મારે જેમ્માથી છૂટા પડવું પડશે."

"હું દૂતાવાસ વિભાગમાં નોકરી કરી શકું." સાનિને મક્કમતાથી કહ્યું,"મારા એવા સંબંધો છે... એનો અર્થ એ કે વિદેશમાં રહેવું - અથવા તો હું જે કરવા માગું છું તે તમને કહી દઉં છું... હું વિચારું છું કે મારી જાયદાદ વેચી કોઈ નફાકારક ઉદ્યોગમાં પૈસા રોકું, જેવું કે તમારી મીઠાઈની દુકાનનો વેપાર વધારવાનું કામ, તો એ સૌથી વધારે સારું થશે." સાનિન પોતે જાણતો હતો કે આ બધું માત્ર અર્થહીન વક્તવ્ય છે પરંતુ એક અદ્ભુત બેપરવાહી એના પર સવાર થઈ ગયેલી. એણે જેમ્મા તરફ જોયું. વાતચીતે જેવું વ્યાવહારિક રૂપ લીધું કે જેમ્મા ક્યારેક ખંડમાં આમતેમ ફરતી હતી, ક્યારેક બેસતી હતી, એણે એના તરફ જોયું અને ત્યારે એના માટે કોઈ દ્વિધાનું અસ્તિત્વ ન રહ્યું. જેમ્માને ચિંતામુક્ત કરવા અત્યારે જ દરેક ચીજની સારામાં સારી વ્યવસ્થા કરવા, કાંઈ પણ કરવા માટે એ તૈયાર હતો.

"વેપાર વધારવા માટે હર ક્લૂબર પણ મને થોડી રકમ આપવા તૈયાર હતો." એક ક્ષણ અચકાઈને ફ્રાઉ લિનોર બોલી.

"મા, ભગવાનને ખાતર મા, આ બધું રહેવા દો." જેમ્મા ઇટાલિયનમાં જોરથી બોલી.

"યોગ્ય સમયે આ બધી વાતચીત થઈ જાય તો સારું, બેટા." એ જ ભાષામાં ફ્રાઉ લિનોરે જવાબ આપ્યો.

પછી ફરી સાનિન તરફ વળીને રશિયામાં લગ્નના શું કાયદા છે, કોઈ કેથલિક સંપ્રદાયના માણસ સાથે લગ્ન કરવામાં રશિયામાં કાંઈ મુશ્કેલી તો નથી આવતી ને જેવી પ્રશિયામાં આવે છે તે વિશે પૂછવા માંડી. (સન ૧૮૪૦માં પ્રશિયાની સરકાર અને કોલોનના આર્ચબિશપ વચ્ચે મિશ્ર-વિવાદના પ્રશ્નને કારણે જે ઝઘડો થયેલો, તે અત્યારે પણ આખા જર્મનીને યાદ હતો.) ખેર, જ્યારે ફ્રાઉ લિનોરને ખબર પડી કે રશિયન ખાનદાનમાં લગ્ન કર્યા પછી એની પુત્રીને

પણ ખાનદાનીનું સમ્માન પ્રાપ્ત થશે તો એમણે સંતોષ પ્રગટ કર્યો.

"પરંતુ એ માટે પહેલાં તમારે રશિયા જવું પડશે, હેં ને ?"

"શા માટે ?"

"અરે, તમારા રાજાની આજ્ઞા લેવા માટે."

સાનિને એમને સમજાવી દીધું કે એવી કોઈ જરૂર નથી. પરંતુ કદાચ લગ્ન પહેલાં એણે ખરેખર એકવાર જલદીથી રશિયા જઈ આવવું પડે. (જ્યારે એ આ શબ્દો બોલ્યો ત્યારે એનું હૃદય પીડાથી તંગ થઈ ગયું, જેમ્માએ એને જોતાં જ એના હૃદયની પીડાનું અનુમાન કર્યું. એ લજ્જાથી લાલ અને સુસ્ત થઈ ગઈ.) અને ત્યાં રહેવાના એટલા થોડા સમયમાં જ એ પોતાની મિલકત વેચવાનો પ્રયત્ન કરશે... ખેર જે હોય તે પાછા વળતાં એ જરૂર પોતાની સાથે પૈસા લેતો આવશે.

"ખબર નહીં તમે મારા માટે, એક કોટ માટે અસ્ત્રાખાની ફર લાવી શકશો કે નહીં ?" ફ્રાઉ લિનોર બોલી, "લોકો કહે છે કે ત્યાં એ બહુ સરસ અને ખૂબ સસ્તું મળે છે."

"જરૂર, જરૂર. એથી તો હું ખૂબ રાજી થઈશ. હું જેમ્મા માટે પણ કંઈ લેતો આવીશ." સાનિન બોલી ઊઠ્યો.

"અને મારા માટે ચાંદીના તારથી ભરેલી મોરક્કો - ચામડાની એક ટોપી પણ," ખંડમાં ડોકિયું કરી એમિલે પોતાની માંગણી રજૂ કરી.

"સારું લાવીશ. અને પેન્તાલિયોન માટે ચપ્પલ !"

"સારું, આ બધી નાની-મોટી વાતો ઘણી થઈ." ફ્રાઉ લિનોર બોલી, "આપણે ગંભીર વિષયો પર વાત કરી રહ્યા છીએ. પરંતુ એક વાત બીજી-" એ વ્યવહાર-કુશળ મહિલા બોલી, "તમે કહો છો કે તમે તમારી જાયદાદ વેચી દેશો; એ માટે તમારે તમારા ખેડૂતો પણ નહીં વેચવા પડે શું ?"

સાનિને હૃદયમાં એક તીવ્ર વેદના અનુભવી. એને યાદ આવ્યું કે જ્યારે આ માદામ રોસેલ્લી અને એમની પુત્રી સાથે ભૂમિદાસ

પ્રથા પર વાતચીત કરતો હતો ત્યારે - એના પોતાના શબ્દોમાં જ એક ગંભીર ક્રોધ પોતાની અંદર ભડકી ઊઠેલો અને એણે વારંવાર ખાતરી આપેલી કે પોતાના ખેડૂતોને એ કોઈ પણ હાલતમાં વેચશે નહીં કેમ કે આવા ખરીદ-વેચાણને એ અનૈતિક ગણે છે.

"હું મારી મિલકત સ્થિતિસંપન્ન માણસને વેચવાનો પ્રયત્ન કરીશ." સહેજ ખચકાટભર્યા સ્વરે એ બોલ્યો, "અથવા તો કદાચ ખેડૂત જ પોતાની કિંમત આપીને પોતાની સ્વતંત્રતા ખરીદવા ઇચ્છે."

"એ તો સૌથી સારું." ફ્રાઉ લિનોરે સંમત થતાં કહ્યું. "કેમ કે ગમે તેમ હોય, પણ જીવતા-જાગતા માણસોને વેચવા...."

"જંગાલિયત છે." પેન્તાલિયોને એમિલની પાછળથી એકાએક દરવાજામાં પ્રગટ થઈ ઘૂરકિયું કરતાં કહ્યું અને પછી તરત જ પોતાની ટોપી ઉછાળતો અદશ્ય થઈ ગયો.

"મને આ પસંદ નથી." સાનિને મનમાં કહ્યું ને એકવાર છૂપી નજરે જેમ્મા તરફ જોયું. એને લાગ્યું જાણે એના અંતિમ શબ્દો એના કાને નથી પડ્યા. એને થયું, "ખેર ! કંઈ વાંધો નહીં."

આમ આ વ્યાવહારિક વાતચીત ભોજનના સમય સુધી ચાલતી રહી. અંતે તો ફ્રાઉ લિનોર એકદમ આત્મીય થઈ ગઈ, એને દિમિત્રી કહી બોલાવવા માંડી અને પ્રેમથી એની તરફ બનાવટી ક્રોધથી આંગળી ઊંચી કરી ધમકાવવા માંડી કે, "આ કપટનો બદલો લઈને જ રહીશ." એ સાનિનને એના પરિવાર વિશે ખૂબ વિસ્તારથી પ્રશ્નો પૂછતી રહી, કેમ કે આ વાત પણ ખૂબ મહત્ત્વની હતી. પછી એને રશિયન દેવળમાં લગ્ન કેવી રીતે થાય એ વિસ્તારપૂર્વક કહેવાનો આગ્રહ કર્યો અને અંતે આનંદ-વિહ્વળ બનીને જેમ્માના રૂપનું વર્ણન કરવા લાગી કે લગ્નના સફેદ પોશાક અને માથા પર સોનેરી મુગટ પહેરેલી એ કેવી લાગશે !

"એ રાણી જેવી સુંદર તો છે જ." એમણે માતૃગર્વથી કહ્યું, "ખરું પૂછો તો આખી દુનિયામાં કોઈ રાણી પણ એનાથી સુંદર હોઈ શકે નહિ."

"આખી દુનિયામાં બીજી જેમ્મા નથી." સાનિન જોરથી બોલી ઊઠ્યો.

"એમ જ, એટલે જ તો એને 'રત્ન' કહે છે." (ઇટાલિયન ભાષામાં જેમ્માનો અર્થ રત્ન થાય છે.)

જેમ્મા માને ચૂમવા માંડી... એવું લાગ્યું જાણે હવે જ એણે મોકળે મને શ્વાસ લીધો હોય... જાણે એના ખભા પરથી ભારે બોજો ઉતારી લીધો હોય.

અને અચાનક સાનિનને નસેનસમાં ભાવવિભોર કરતી પ્રસન્નતાનો અનુભવ થયો. આ દિવસોમાં આ ખંડમાં બેઠાં બેઠાં જે સ્વપ્નોમાં એ ડૂબેલો રહેતો એ બધાં હવે વાસ્તવિકતામાં પરિવર્તિત થઈ રહ્યાં છે. એ વિચારીને બાળક જેવો આનંદ એના મનમાં થવા લાગ્યો. એને પોતાની અંદર એક એવો ઉલ્લાસ છલકતો લાગ્યો કે એને થયું તરત દુકાનમાં જવું જોઈએ. ગલ્લાની પાછળ જેમ કેટલાક દિવસ પહેલાં ઊભો રહેલો તેમ ઊભો રહી જાય...

"મને એનો પૂરો અધિકાર છે. જાણતા નથી, હું આ પરિવારનો જ એક સભ્ય છું."

ખરેખર એ ગલ્લાની પાછળ જઈ ઊભો રહ્યો અને ગ્રાહકોની માંગણી પૂરી કરવા માંડ્યો. એણે બે નાનકડી છોકરીઓને અર્ધો શેર મીઠાઈ વેચી, અથવા તો એમ કહેવું વધુ યોગ્ય છે કે એણે એક એક શેર મીઠાઈ આપી દીધી પરંતુ પૈસા માત્ર અર્ધો - અર્ધો શેરના જ લીધા.

જમવાના સમયે એક સ્વીકૃત - ભાવિ પતિની જેમ જેમ્માની પાસે બેઠો. ફ્રાઉ લિનોર હજી પણ વ્યાવહારિક વિચારમાં હતી.

"જ્યારે તમે જાવ ત્યારે મને પણ તમારી સાથે રશિયા લઈ જજો એમ કહીકહીને એમિલ ખૂબ હસતો હતો અને સાનિનનો જીવ ખાતો હતો. એક પખવાડિયામાં સાનિન ચાલ્યો જશે એવું નક્કી થયું. પેન્તાલિયોનનું મોઢું જરા ઊતરેલું દેખાયું, એટલે ફ્રાઉ લિનોર એને ચીડાવવા માંડી કે, "તું જ તો એનો સાથી બનવા ગયેલો."

પેન્તાલિયોનનું મોઢું વિશેષ બગડ્યું.

આ બધા સમય દરમિયાન જેમ્મા ભાગ્યે જ એકાદ શબ્દ બોલી હશે, પરંતુ પહેલાં ક્યારેય એનો ચહેરો આટલો સુંદર અને ખીલેલો નહોતો લાગ્યો. જમ્યા પછી એણે સાનિનને થોડીવાર પોતાની સાથે બાગમાં આવવા કહ્યું. બે દિવસ પહેલાં જે બાંકડા પર એ ચેરી વીણતી હતી એની પાસે અટકીને એ બોલી, "દિમિત્રી, નારાજ ન થશો, હું તમને ફરી એકવાર કહી દઉં છું, એવું ન સમજશો કે હું તમને મજબૂર..." સાનિને એને વાક્ય પૂરું જ ન કરવા દીધું. જેમ્માએ પોતાનું મોં બીજી બાજુ ફેરવી લીધું.

"અને સાંભળો, માએ અલગ-અલગ ધર્મને કારણે જે કંઈ કહ્યું છે... એ તો જુઓ..."

પોતાના ગળાના પાતળા દોરામાં લટકતા લાલ માણેકના ક્રોસને પકડીને જેમ્માએ એટલા જોરથી ઝાટકો માર્યો કે દોરો તૂટી ગયો. ક્રોસ એણે સાનિનના હાથમાં મૂકી દીધો.

"જો હું તમારી છું તો જે ધર્મ તમારો છે તે મારો પણ છે."

જ્યારે એ અને જેમ્મા બંને મકાનની અંદર પાછા ફર્યાં ત્યારે સાનિનની આંખો તરલ બની ગયેલી.

રાત થતાં થતાંમાં બધું સ્વાભાવિકપણે ચાલવા માંડ્યું. એટલે સુધી કે એ લોકો બેસીને "ત્રિસેતી" (પત્તાં) રમતાં હતાં.

● ● ●

બીજે દિવસે સવારે સાનિન ખૂબ જલદી જાગી ગયો. એ માનવીય આનંદના ચરમશિખર પર હતો. પરંતુ એની નિદ્રાભંગનું એ કારણ નહોતું... કેવી રીતે પોતાની મિલકત જલદી અને વધુમાં વધુ ફાયદામાં વેચી નાંખે, એ પ્રશ્ને, એ જ મુખ્ય અને ભયાનક પ્રશ્ને એની ઊંઘ હરામ કરી દીધેલી. દુનિયા આખીની યોજનાઓ એના ભેજામાં ઘૂમરાતી હતી પરંતુ હજી સુધી કાંઈ જ નીપજ્યું નહોતું. એ ઘણું ઇચ્છતો હતો કે પૂર્ણ નિશ્ચિત યોજના સાથે જ જેમ્મા સામે જવું.

બરાબર સામે પેલી કોની મૂર્તિ છે ? ભારે, મજબૂત અંગોવાળી, પરંતુ સારાં વસ્ત્રોમાં, હલકી લહેરાતી, સાથેસાથે જાણે લંગડાતી ચાલી રહી હોય... શણ જેવા રંગવાળા વાળના ગુચ્છાવાળી ગર્દનનો પાછલો ભાગ, ખભાની ઉપર સીધું ઊગેલું માથું, નરમ જાડી પીઠ, કોઈની પ્રતીક્ષા કરતા માંસલ હાથ-એ બધું એણે ક્યાં જોયું છે ? નિશાળનો જૂનો સાથી પોલોઝોવ તો નથી? એને પાછલાં પાંચ વર્ષથી જોયો નથી. સાનિને ઝડપથી ચાલીને એ મૂર્તિને પકડી, એનાથી આગળ જઈ પાછળ વળીને જોયું. પહોળો પીળો ચહેરો, નાનકડી સુવર જેવી આંખો, સુંદર પાંપણો અને ભમરો, એકબીજાને ચીટકેલા જાડા-જાડા હોઠ, વાળ વગરની ગોળ દાઢી અને ચહેરાની એ જ ભાવ ભંગિમા - ચીડાયેલો, આળસુ, અવિશ્વસનીય...અરે હા એ જ.... ઇપ્પોલિત પોલોઝોવ જ છે આ તો...

સાનિનના મગજમાં ઝબકારો થયો, "મારા કિસ્મતનો સિતારો ફરી ચમક્યો."

"પોલોઝોવ ઇપ્પોલિત સિદોરિચ, તમે ?"

મૂર્તિ અટકી પડી. એની નાની-નાની આંખો ઊંચી થઈ. ક્ષણભર ચૂપ રહી, અંતે હોઠ ઊઘડ્યા અને ફાટેલા ગળે ઊંચો અવાજ નીકળ્યો.

"દિમિત્રી સાનિન ?"

"હા, હું જ છું." સાનિન જોરથી બોલ્યો અને એણે પોલોઝોવના માંસલ બાજુઓથી જોડાયેલા હંમેશાની જેમ નિષ્પ્રાણ જેવા લટકતા નાના હાથના મોજાથી ઢંકાયેલા હાથને ભીંસી નાંખ્યો. "અહીં શું બહુ દિવસથી છો ? અહીં ક્યાંથી ટપકી પડ્યા ? ઊતર્યા છો ક્યાં ?"

"હું કાલે જ વાઇઝબાદેનથી આવ્યો છું." એ જ જૂની આળસભરી રીતે પોલોઝોવે જવાબ દીધો.

"આજે મારી પત્ની માટે કંઈક ખરીદી કરીશ પછી આજે જ

વાઈઝબાદેન પાછો ચાલ્યો જઈશ."

"અરે હા, તેં તો હવે લગ્ન કરી લીધાં છે ને ! લોકો કહે છે અનુપમ સુંદરી સાથે તું પરણ્યો છે."

પોલોઝોવે હવે આંખો ફેરવી. "હા, લોકો એમ કહે તો છે."

"તું તો જેવો નિશાળમાં હતો તેવો જ પરમહંસ છે એવું લાગે છે." સાનિન હસી પડ્યો.

"બદલાઉં પણ શા માટે ?"

"લોકો તો એમ પણ કહે છે કે -" સાનિને 'કહે છે' શબ્દ પર ભાર મૂકી કહ્યું - "તારી પત્ની ખૂબ પૈસાદાર છે."

"હા, લોકો કહે તો છે."

"અને ઈપ્પોલિત સિદોરિચ, તું આ વાત નથી જાણતો !"

"જો...બુઢ્ઢા દિમિત્રી... એ....પાવલોવિચ, દાદા પાવલોવિચ, જો હું મારી પત્નીના મામલામાં દખલ નથી કરતો."

"બિલકુલ નથી કરતો ? કશામાં ય નહીં ?"

પોલોઝોવ પાછો એક તરફ જોવા માંડ્યો, "હા ભાઈ, કશામાં ય નહીં... એ પોતાને રસ્તે ચાલે છે, તો હું પણ મારા રસ્તે ચાલું છું."

"અત્યારે ક્યાં જાય છે ?" સાનિને પૂછ્યું.

"જતો તો ક્યાંય નથી. સડક પર ઊભો-ઊભો તારી સાથે વાત કરું છું. જ્યારે આપણી વાત પૂરી થશે ત્યારે હોટેલ પર પાછો જઈશ અને નાસ્તો કરીશ."

"હું તને સાથ આપું ?"

"તું, શું કહેવા માંગે છે - નાસ્તામાં..."

"હા."

"હા, હા, જરૂર. સાથે ખાવું એ તો ખૂબ સારું છે. તું, બહુ વાતોડિયો તો નથી."

"હું નથી માનતો."

"તો પછી ચાલ."

પોલોઝોવ ચાલવા લાગ્યો અને સાથે-સાથે સાનિન પણ. પોલોઝોવના હોઠ તો ફરી એકબીજા સાથે ચોંટી ગયા. એ ડોલતો, સુસવાટા કરતો ચાલતો હતો. સાનિન મનોમન બોલ્યો, "આવા બુડથલે આવી ધનવાન અને સુંદર પત્ની કેવી રીતે પડાવી ? એ પોતે નથી પૈસાદાર, નથી પ્રખ્યાત કે નથી ચાલાક. નિશાળમાં પણ એ સુસ્ત, કમઅક્કલ, ઊંધી ખોપરીનો અને સ્વાર્થી ગણાતો હતો. એનું નામ "લાળ ટપકાવનારો" (વેવલો) પડી ગયું હતું. આ પણ કેવી અજબની વાત છે ! અને જો એની પત્ની ખરેખર એટલી ધનવાન હોય - લોકો તો કહે છે કે એક જાતના ઈજારેદારની દીકરી છે - તો મારી મિલકત કેમ નહીં ખરીદી શકે ? એ કહે છે કે પત્નીની બાબતમાં એ કંઈ બોલતો નથી. પણ એ તો અશક્ય છે. પછી તો હું વાજબી, આકર્ષક કિંમત કહીશ. શા માટે પ્રયત્ન ન કરી જોઉં? મારા કિસ્મતનો સિતારો ચડતો છે એટલે જ કદાચ આ બધું થવા માંડ્યું છે. તો એ જ બરાબર છે. હું પ્રયત્ન કરીશ...!"

પોલોઝોવ સાનિનને ફ્રેંકફર્ટની સૌથી સારી હોટેલમાં લઈ ગયો. કહેવાની જરૂર નથી કે એમાં એણે સૌથી સારો ખંડ લઈ રાખ્યો હતો. બધી ખુરશીઓ અને ટેબલો, કાર્ડબોર્ડના ડબ્બાઓ, લાકડાંના ડબ્બાઓ અને પડીકાંથી ખડકાયેલાં હતાં... "મિત્ર, આ બધી ખરીદી મારિયા નિકોલાયેવ્ના માટે કરી છે." (પોલોઝોવની પત્નીનું નામ મારિયા નિકોલાયેવ્ના હતું.) પોલોઝોવ ટાઈ ઢીલી કરીને અને કણસતો એક આરામખુરશીમાં બેસી પડ્યો. "આ ગરમી !" પછી એણે મુખ્ય બેરાને બોલાવવા માટે ઘંટડી વગાડી અને નાસ્તા માટે લાંબો - મોટો ઓર્ડર આપી દીધો. "અને હા, એક વાગ્યા સુધીમાં મારી ગાડી તૈયાર થઈ જવી જોઈએ; બરાબર એક વાગે. સાંભળે છે ?"

મુખ્ય બેરો સાષ્ટાંગ પ્રણામ કરતો હોય તેમ નીચે નમ્યો. ગુલામો જેવી નમ્ર સ્ફૂર્તિથી ગાયબ થઈ ગયો. પોલોઝોવે પોતાના કોટનાં બટન ખોલી નાંખ્યાં. ભવાં ચઢાવ્યાં, નસકોરાં ફુલાવ્યાં અને

નાક સિકોડ્યું. એ બધા ચેનચાળાથી એટલું સ્પષ્ટ જણાતું હતું કે વાતચીત કરવી એને માટે કેટલો ભારે બોજો બની જશે. એ જાણે ચિંતિત અને આશંકિત લાગતો હતો કે કદાચ સાનિન એને બોલવાની ફરજ ન પાડે અને વાતચીત ચલાવવાનો બધો ભાર એના પોતા ઉપર ન લઈ લે.

સાનિને મિત્રની મનઃસ્થિતિ પારખી લીધી અને ઓછામાં ઓછા જરૂરી પ્રશ્નોમાં જ પોતાની જાતને મર્યાદિત કરી એને વધારે અકળાવ્યો નહીં. એને જાણવા મળ્યું કે પોલોઝોવે ઉહ્લેન્સમાં બે વર્ષ લશ્કરી નોકરી કરી છે(પોશાકના નાના જાકીટમાં એ જરૂર જોવા જેવો લાગતો હશે !). ત્રણ વર્ષ પહેલાં એણે લગ્ન કર્યાં અને વિદેશમાં પોતાની પત્ની સાથે એક વર્ષથી પણ વધુ ફર્યો. એની પત્ની આજકાલ વાઈઝબાદેનમાં તબિયત સુધારે છે. એનો ઇરાદો અહીંથી પેરિસ જવાનો છે. સાનિને પોતાના પાછલા જીવન અથવા ભવિષ્યની યોજનાઓનું વિષયાંતર ન કર્યું અને એ સીધો પોતાના મુખ્ય વિષય પર આવી ગયો. પોલોઝોવને પોતાની મિલકત વેચવાનો ઇરાદો જણાવ્યો.

વચ્ચે વચ્ચે બારણા તરફ નજર ફેંકતો પોલોઝોવ એની વાત ચૂપચાપ સાંભળતો રહ્યો. અંતે નાસ્તો આવ્યો. મુખ્ય બેરો પોતાના બે મદદનીશો સાથે ચાંદીના ઢાંકણથી ઢાંકેલી કેટલીયે થાળીઓ લઈને દાખલ થયો.

"તારી મિલકત તુલા ગુબેર્નિયા જિલ્લામાં છે ?" પોલોઝોવે ટેબલ પર બેસતાં રૂમાલને ખમીશના કોલરમાં ખોસતાં પૂછ્યું.

"હા, ત્યાં જ છે."

"યેફ્રેમોવ તાલુકામાં ને ? મને એની ખબર છે."

"તું એલેક્સિયેવ્કાને જાણે છે ?" સાનિને એની બાજુમાં આસન લેતાં પૂછ્યું.

"હા, હા, બધું જાણું છું." પોલોઝોવે કાંટાને આમલેટ અને બિલાડીના ટોપથી ભરીને મોંમાં ખોસી દીધો. "બાજુમાં જ મારી

પત્ની મારિયા નિકોલાયેવ્નાની પણ એક મિલકત છે. વેઇટર બૉટલનું ઢાંકણું ખોલી દે. જમીન તો સારી છે, પરંતુ તારા ખેડૂતોએ એનું બધું જ ઈમારતી લાકડું કાપી નાંખ્યું છે. તારે એને વેચવી છે શું કામ ?"

"મિત્ર, મને રૂપિયાની જરૂર છે. ખૂબ સસ્તી વેચી દઈશ. હા, એક વાત છે, તું જ કેમ એ ખરીદી લેતો નથી ?"

પોલોઝોવે એક ગ્લાસ વાઇન ગટગટાવ્યો, નેપકિનથી હોઠ લૂછ્યા પછી ધીરેધીરે "ચપ-ચપ" કરતો ખાવા લાગ્યો.

"હું ?" અંતે એ બોલ્યો. "હું મિલકત ખરીદતો નથી. પૈસા જ નથી. જરા માખણ આપ તો. હા, મારી પત્ની ઇચ્છે તો જરૂર ખરીદી શકે... એની સાથે જરૂર વાત કરી જુઓ. જો વધુ નહીં માંગે તો કદાચ એ ખરીદી જ લેશે. પરંતુ આ જર્મન લોકો કેવા ગધેડા છે ! માછલી રાંધવાનું ય જાણતા નથી. તું જ કહે, માછલી રાંધવા જેવું સહેલું બીજું શું છે ? તે છતાંય આ લોકો બરાડ્યા કરે છે કે 'સમગ્ર પિતૃભૂમિ એક થઈ જવી જોઈએ.' વેઇટર, ઢોર ખાય તેવું ખાવાનું અહીંથી લઈ જા."

"તો તમારા કહેવાનો આશય એ છે કે તમારી પત્ની જાતે જ બધી દેખભાળ કરે છે ?" સાનિને પૂછ્યું.

"હા, હા. આ વખતે કટલેસ ખરેખર સરસ છે. ચાખી જુઓ. દિમિત્રી પાવલોવિચ મેં તમને કહ્યું ને કે મારી પત્નીની બાબતમાં હું બિલકુલ દખલ કરતો નથી - અને એ જ વાત હું ફરી કહું છું." પોલોઝોવ ખૂબ ઝડપથી ચાવવા માંડ્યો.

"હમ્.... પરંતુ ઇપ્પોલિત સિદોરિચ હું એની સાથે વાતચીત કેવી રીતે કરું ?"

"દિમિત્રી પાવલોવિચ, એમાં શું વાત છે ? મારી સાથે વાઈઝબાદેન ચાલો, અહીંથી દૂર પણ નથી. વેઇટર, અંગ્રેજી રાઈ નથી ? જંગલીઓ ! હવે તમે સહેજે સમય બરબાદ ન કરશો. આપણે પરમદિવસે રવાના થઈશું. લાવો, તમારા માટે એક ગ્લાસ ભરી દઉં - આ વાઇનમાં એક ખાસ જુદી જ સુગંધ છે - સરકો

નથી."

પોલોઝોવનો ચહેરો આનંદથી લાલ બની ખીલી ઊઠ્યો. જ્યારે એ ખાતો કે પીતો હતો ત્યારે એના ચહેરા પર એક ચમક આવી જતી હતી.

"ખરેખર, મારી સમજમાં નથી આવતું કે હું શું કરું ?" સાનિન બબડ્યો.

"તારે વેચવાની ઉતાવળ છે ?"

"હા, મિત્ર, એ તો વાત છે."

"અને તારે ઘણા રૂપિયાની જરૂર છે શું ?"

"હા, હું... કેવી રીતે સમજાવું ? મારા મનમાં... લગ્ન કરી નાંખવાની વાત જામી ગઈ છે."

"લગ્ન !" એકદમ લૂખા, આશ્ચર્યથી ભારે અવાજમાં એ બોલ્યો અને પોતાના માંસલ હાથને પેટ પર પસારી દીધા, "અચાનક ?"

"હા, ખૂબ ઉતાવળ છે."

"તારી વાગ્દત્તા તો રશિયામાં જ હશે ને ?"

"ના, એ રશિયામાં નથી."

"તો પછી ક્યાં છે ?"

"અહીં ફ્રેંકફર્ટમાં."

"અને એ કોણ છે ?"

"જેમ્મા - ખરેખર તો એ ઇટાલિયન છે એમ કહેવું જોઈએ. ફ્રેંકફર્ટમાં રહે છે."

"માલદાર છે ?"

"ના, બિલકુલ નહીં."

"તો તો તારો પ્રેમ ખૂબ ઊંડો હશે."

"ખરો મશ્કરો છે તું. અરે, એ તો વાત છે."

"તો એટલે જ તને પૈસાની જરૂર છે ?"

"અરે હા... હા, એટલા માટે જ, ભાઈ."

પોલોઝોવે વાઈન ગટગટાવ્યો, મોઢું ઘસીને લૂછી નાંખ્યું, પાણીમાં આંગળીનાં ટેરવાં બોળી ખૂબ સાવચેતીથી નેપકિનથી લૂછ્યા. સિગારેટ કાઢી સળગાવી. સાનિન ચૂપચાપ એને જોતો રહ્યો.

"બીજો કોઈ રસ્તો નથી." ઝટકા સાથે માથું પાછળ ટેકવી, ધુમાડાની પાતળી સેર છોડતા પોલોઝોવે લવરી કરતાં કહ્યું. "મારી પત્નીને જઈને કહે. જો એ ઇચ્છે તો તારી બધી જ મુશ્કેલી દૂર કરી શકે."

"પરંતુ હું એને મળું કઈ રીતે ? તું કહે છે કે તું પરમદિવસે જાય છે."

પોલોઝોવે આંખો બંધ કરી દીધી.

"કઈ રીતે તે હું તને કહું છું." એણે ઊંડો શ્વાસ લઈ સિગારેટ હોઠમાં ફેરવતાં કહ્યું. "ઘરે જા, જલદી સામાન બાંધ અને અહીં આવી જા. હું એક વાગે રવાના થાઉં છું. મારી ગાડીમાં પૂરતી જગ્યા છે, તને મારી સાથે લઈ જઈશ. એ જ બરાબર છે. હવે હું જરા ઊંઘીશ. મિત્ર, જમ્યા પછી ઊંઘવું એ મારી મજબૂરી છે, પ્રકૃતિની માંગ છે અને હું પણ એનો વિરોધ કરતો નથી. સારું, હવે મને એકલો રહેવા દે."

એક ક્ષણ સાનિને વિચાર્યું અને અચાનક માથું ઊંચું કર્યું. એણે એક નિર્ણય કરી લીધો હતો.

"સરસ. આભાર, હું સંમત છું. હું સાડા બાર વાગે અહીં આવી જઈશ. અને આપણે સાથે જ વાઈઝબાદેન જઈશું. મને આશા છે કે તારી પત્ની ચીઢાશે નહિ."

પરંતુ ત્યાં સુધીમાં તો પોલોઝોવનાં નસકોરાં બોલવા માંડ્યાં હતાં. "મને અકળાવ નહીં." એમ બબડતાં, એણે બેચેનીથી પગ હલાવ્યા અને બાળકની જેમ તરત જ સૂઈ ગયો.

સાનિને એ ભારેખમ કદ પર છેલ્લી નજર નાંખી - માથું, ગરદન અને ગોળ ઉપસેલી દાઢી. હોટેલમાંથી બહાર આવી એ

ઝડપથી રોસેલ્લીની દુકાન તરફ ચાલ્યો. જેમ્મા તૈયાર થઈ ગઈ હશે.

• • •

એ તેને પોતાની મા સાથે દુકાનમાં જ મળી. ફ્રાઉ લિનોર બે બારી વચ્ચેનું અંતર માપપટ્ટીથી માપી રહી હતી. જ્યારે એણે સાનિનને જોયો ત્યારે ટટ્ટાર ઊભી રહી. પ્રસન્નતાથી એનું સ્વાગત કર્યું. પણ એના વર્તનમાં જરા મૂંઝવણની છાયા હતી.

"કાલે તમે મને કહ્યું," એ બોલી, "ત્યારથી મારી દુકાનને સુધારવાના જાતજાતના વિચાર મારા મગજમાં ઘૂમ્યા કરે છે. હું વિચારું છું કે અહીં આપણે કાચનાં ખાનાંવાળાં બે કબાટ મૂકીશું. તમને ખબર છે ? આજકાલ તો એ ફેશન બની ગઈ છે.. અને પછી..."

"વાહ, વાહ !" સાનિન વચમાં જ બોલી પડ્યો. "એ બધું તો વિચારી જ લેવું જોઈએ... પણ જરા સાંભળો, મારે કંઈક કહેવું છે... એણે ફ્રાઉ લિનોર અને જેમ્માને પોતાનો એકએક હાથ પકડાવી દીધો અને એમને દુકાનના પાછળના ખંડમાં લઈ આવ્યો. ફ્રાઉ લિનોર તો ડરી ગઈ - માપપટ્ટી એના હાથમાંથી નીચે પડી. જેમ્મા પણ પહેલાં જરા ડરી ગઈ. પરંતુ પછી એકવાર સાનિન તરફ જોતાં જ નિરાંત અનુભવી. એનો ચહેરો ગંભીર જરૂર હતો પરંતુ એમાં પ્રસન્નતાપૂર્ણ દૃઢ નિશ્ચયાત્મકતા જ પ્રગટ થતી હતી.

બંનેને બેસવાનું કહી એ પોતે સામે ઊભો રહ્યો અને અત્યંત નાટકીય રીતે વાળ પર હાથ ફેરવતાં બધી વાત કહી સંભળાવી - પોલોઝોવનું મળવું, વાઈઝબાદેન જવાનો ઉકેલ, મિલકત વેચવાની સંભાવના. "હું... કેટલો ખુશ છું એની તમને કલ્પના પણ નહીં આવે." અંતે એ બોલ્યો, "વાત કંઈક એવી રીતે આગળ વધે છે કે મને લાગે છે કે મારે રશિયા જવાની જરૂર જ નહીં પડે... અને આપણે જેમ વિચાર્યું છે તેમ લગ્ન એથી પણ વહેલાં કરી લઈશું."

"તમારે ક્યારે જવું છે ?" જેમ્માએ પૂછ્યું.

"આજે જ - એક કલાકમાં જ - મારા મિત્રે એક ગાડી ભાડે રાખી લીધી છે. એ જ મને એની સાથે લઈ જશે."

"તો તમે અમને પત્ર લખશો ને ?"

"એક ક્ષણનો પણ વિલંબ કર્યા વગર જેવી એ સ્ત્રી સાથે મારી વાતચીત પતશે કે હું તરત જ લખીશ."

"તમે કહો છો કે એ સ્ત્રી બહુ પૈસાદાર છે." ફ્રાઉ લિનોરે કહ્યું.

"પુષ્કળ ! એના પિતા લખપતિ હતા, અને બધું જ એના નામે કરી ગયા છે."

"બધું જ એના નામે ? ખેર ! એ તો તમારું સૌભાગ્ય છે. પરંતુ ધ્યાન રાખજો, ક્યાંક મિલકત બહુ સસ્તી ન વેચી દેતા. સમજણપૂર્વક અને કડકાઈથી વરતજો. ભાવનામાં બહુ વહી ન જતા. જેમ્માને બને એટલી જલદી તમારી પત્ની બનાવવાની તમારી ઇચ્છા હું સારી રીતે સમજું છું, પરંતુ... ધ્યાન રાખજો, મિલકતના જેટલા વધુ પૈસા ઊપજશે, એટલા જ તમને-તમારાં બાળકોને મળશે."

જેમ્મા એક બાજુ ખસી ગઈ. સાનિને એકવાર હાથ હલાવતાં કહ્યું, "ફ્રાઉ લિનોર, મારી બુદ્ધિ પર વિશ્વાસ રાખો. વધારે ભાવતાલ કરવાની મારી દાનત નથી. હું યોગ્ય કિંમત કહી દઈશ. જો એ સ્વીકારી લે તો ખૂબ સારું, અને ન સ્વીકારે તો એને ફાવે તેમ કરે."

"તમે એ.... એ સ્ત્રીને ઓળખો છો ?" જેમ્માએ પૂછ્યું.

"ક્યારેય જોઈ પણ નથી."

"પાછા ક્યારે આવશો ?"

"જો સોદો પાર ન પડ્યો તો પરમ દિવસે જ અને જો બધું બરાબર પાર પડશે તો મારે કદાચ એક-બે દિવસ વધારે રોકાવું પડે. તું તો જાણે જ છે કે દિલ તો હું અહીં મૂકીને જાઉં છું. પરંતુ, લો, હું અહીં ઊભો ઊભો તમારી સાથે ગપ્પાં મારું છું અને મારે

એના રવાના થતાં પહેલાં હોટેલ પર પહોંચી જવાનું છે... સફળતા અને સૌભાગ્ય માટે ફ્રાઉ લિનોર, તમારો હાથ મારા હાથમાં આપો. રશિયામાં હંમેશાં અમે એમ કરીએ છીએ."

"જમણો કે ડાબો ?"

"ડાબો - એ હૃદયની વધારે નજીક છે. તો હું પરમદિવસે મારી ઢાલ સાથે પાછો આવું છું. જાણે કશુંક મને કહે છે કે હું વિજયી બનીને જ પાછો ફરીશ... અચ્છા, વિદાય... મારાં સ્નેહીઓ."

એણે ફ્રાઉ લિનોરને હાથ વીંટાળી ચૂમી લીધી, પરંતુ એણે જેમ્માને એક મિનિટ બીજા ખંડમાં જવાનું કહ્યું - એને જેમ્મા જોડે ખૂબ જરૂરી વાત કરવી હતી... અને ખરું કહીએ તો એ એકાંતમાં એની વિદાય લેવા ઇચ્છતો હતો. ફ્રાઉ લિનોર સમજી ગઈ અને પછી એ જરૂરી વાત શું છે એ પૂછવાનો પ્રયત્ન ન કર્યો.

અત્યાર સુધી ક્યારેય સાનિન જેમ્માના ખંડમાં નહોતો ગયો. જેવો એણે એ પવિત્ર ઉંબર પાર કર્યો કે પ્રણયનો બધો જાદુ, એની બધી જ્વાળાઓ, એનો સમગ્ર ઉલ્લાસ, સમગ્ર મધુર આશંકાઓ જાણે એકસાથે ભડકી ઊઠી. એણે અત્યંત ભાવુકતાથી ચારેબાજુ જોયું. આ મધુમયી સુંદરીનાં ચરણમાં નમી પડવાનું એને મન થયું, જાણે એની કમર પર મોં રાખી એને બાહુપાશમાં જકડી લે...

"તમે મારા છો ને ?" એ ધીરેથી બોલી. "જલદી પાછા વળશો ને ?"

"હું તારો જ છું. જલદી પાછો ફરીશ." એણે હાંફતાં હાંફતાં કહ્યું.

"પ્રિયતમ ! હું તમારી રાહ જોઈશ."

થોડીવાર પછી સાનિન સડક પર હોટેલ તરફ ઝડપથી જતો હતો. વિખરાયેલા વાળ સાથે, ઊંચા હાથ કરી જાણે એને ધમકાવતો હોય એમ એની પાછળ-પાછળ દુકાનના બારણા સુધી પેન્તાલિયોન કંઈક બૂમો પાડતો આવ્યો, પરંતુ સાનિનને એ સાંભળવાની ફુરસદ

જ ક્યાં હતી ?

• • •

સાનિન બરાબર પોણા વાગે પોલોઝોવ સામે આવી ઊભો. ચાર પૈડાંવાળી ગાડી પહેલેથી જ હોટેલ સામે આવી ઊભી હતી... એને જોઈને પોલોઝોવે માત્ર એટલું જ કહ્યું, "તો અંતે તેં નિર્ણય કરી જ લીધો !" પછી એણે પોતાનો ટોપો પહેર્યો, કોટ ચડાવ્યો. વરસાદના બૂટ પહેર્યા અને ગ્રીષ્મઋતુની એટલી ગરમીમાંય એણે કાન ઉપર ઉન અને રૂનું મુલાયમ મફલર પહેરીને બહાર વરંડામાં આવ્યો. એના હુકમથી એણે ખરીદેલી અગણિત વસ્તુઓ વેઇટરોએ પોલોઝોવ જ્યાં બેસવાનો હતો તેની ચારેબાજુ મૂકી દીધી... વળી શકે તેવા ગાદલાઓ, થેલા, બંડલો, એ સિવાય એના પગ પાસે પણ ખાવા-પીવાની વસ્તુઓ નેતરની ટોપલીઓમાં મૂકી દીધી. કોચવાનની સીટ સાથે પણ એક ખોખું બાંધ્યું. આ સેવાઓ બદલ પોલોઝોવે ઉદાર હાથે બક્ષિસ આપી અને ખૂબ મુશ્કેલીથી સૂવરની જેમ ઘૂરકતો ગાડીમાં ચડ્યો. ખૂબ શાલીનતા અને અદબ સાથે દરવાને પાછળથી એને ટેકો દીધો. ગમેતેમ કરીને એણે જાતને બેઠક પર ગોઠવી, જાતજાતનાં બંડલોને પોતાની ચારેબાજુ બરાબર ગોઠવ્યાં... એક સિગારેટ કાઢી સળગાવી અને પછી સાનિન તરફ જોઈ એવી રીતે ઇશારો કર્યો, જાણે કહેતો ન હોય, "તમે પણ ગાડીમાં આવી જાઓ ને !" સાનિન એની બાજુમાં બેસી પડ્યો. દરવાન મારફતે પોલોઝોવે કોચવાનને હુકમ દીધો કે જો બક્ષિસ લેવી હોય તો ગાડી સારી રીતે ચલાવવી. ગાડીનાં પૈડાં ખખડ્યાં.... દરવાજો જોરથી બંધ થયો અને ગાડી આગળ ચાલી.

• • •

આજે તો ફ્રૅંકફર્ટથી વાઈઝબાદેન જવામાં રેલને એક કલાકથી પણ ઓછો સમય લાગે છે, એ જમાનામાં તો એક્સપ્રેસ ટપાલગાડીને એટલું અંતર કાપતાં ત્રણ કલાક થયા... ઓછામાં ઓછા પાંચવાર ઘોડા બદલવા પડ્યા.

પોલોઝોવ કદાચ ઊંઘતો હોય કે ખાલી હડદા ખાતો હોય, સિગારેટ એના હોઠમાં જ રહી. એ ભાગ્યે જ એકાદ શબ્દ બોલ્યો હશે. બારીની બહાર પણ એણે જોયું નહીં ! સુંદર રમણીય દશ્યો પણ એને સહેજે આકર્ષિત કરી શક્યાં નહીં. એણે તો એટલે સુધી કહી દીધું કે પ્રકૃતિ એને માટે ઝેર છે. સાનિન પણ એકે શબ્દો બોલ્યો નહીં, ને દશ્યાવલોકન કે દશ્યોની પ્રશંસામાં વધુ વખત ગુમાવ્યો. વિચારવા માટે બીજું ઘણુંય હતું. એણે વિચારો અને સ્મૃતિમાં પોતાની જાતને ડુબાડી દીધી. પોલોઝોવ દરેક પડાવ પર જેટલા પૈસાની જરૂર પડતી બરાબર એટલા ચૂકવી દેતો. પોતાની ઘડિયાળમાં સમય તપાસતો, કોચવાનોને ખૂબ ઉદારતાથી એમના ઉત્સાહ પ્રમાણે ઇનામ આપતો કે વઢતો. જ્યારે અડધી સફર પૂરી થઈ ત્યારે એણે નેતરની ટોપલીમાંથી બે સંતરાં કાઢ્યાં. સારું પોતાને માટે રાખી બીજું સાનિનને આપ્યું. સાનિને પોતાના મિત્રને ધ્યાનથી નિહાળ્યો અને પછી ખડખડાટ હસી પડ્યો.

"તું શાના પર હસ્યો ?" પોતાના નાના નાના સફેદ નખથી ખૂબ ધ્યાનથી સંતરું છોલતાં પોલોઝોવે પૂછ્યું.

"હું ?" સાનિને જવાબ આપ્યો, "હું આપણી આ મુસાફરી પર હસી રહ્યો છું."

"એમાં એવું શું છે ?" પોલોઝોવે સંતરાની એક અર્ધચંદ્રાકાર ચીર મોંમાં ખોસતાં પૂછ્યું.

"ખૂબ વિચિત્ર લાગે છે, મારે કહેવું જોઈએ કે કાલે તમારે વિષે મેં એટલોય વિચાર નહોતો કર્યો જેટલો ચીનના કોઈ બાદશાહ માટે કર્યો હોય, અને આજે જેને વિશે હું પૂરું જાણતોય નથી તેવી મારી મિલકત તમારી પત્નીને વેચવા તમારી સાથે ગાડીમાં બેસીને જાઉં છું."

"કોઈ કંઈ જ કહી ન શકે." પોલોઝોવ બોલ્યો, "જરા [illegible] મોટો થા, પછી તને એકેય વાત વિચિત્ર નહીં લાગે. શું તું ઘોડાની પીઠ પર બેઠેલા એક મામૂલી અફસરના રૂપમાં મારી કલ્પના

કરી શકે ? પરંતુ હું એમાંનો જ એક હતો અને ગ્રાન્ડડ્યૂક મિખાઈલ પાવલોવિચ હુકમ કરતા, 'આ મોટા વાજાને સડસડાટ દોડાવો - ખૂબ ઝડપથી. ઝડપથી સડસડાટ દોડાવવામાં જ એને મજા આવતી હતી.'" સાનિને માથાની પાછળ ખંજવાળવા માંડ્યું.

"ઈપ્પોલિત સિદોરીચ, તારી પત્ની કેવી છે એ મને કહે ! એનો સ્વભાવ કેવો છે ? મારે એના વિશે જરા જાણી લેવું જોઈએ."

"મને ઝડપથી સડસડાટ દોડાવવામાં જ એને મજા આવતી હતી." એકાએક જોરથી પોલોઝોવ વચમાં બોલી પડ્યો, "પરંતુ મારું શું એનો તો વિચાર કરો." મેં મનમાં વિચાર્યું - "ચૂલામાં જાય આ હોદ્દો અને કૂવામાં પડે આ ગણવેશ; મારે એની જરૂર નથી."

"વારુ ! મારી પત્ની ? ભાઈ, એ પણ અંતે તો માણસ છે ને ? હા, ક્યારેય એની નજરમાં ઊંઘતો જ ઝડપાઈ જઈશ, એને એ ગમતું નથી. બસ, મુખ્ય વાત એ છે કે એની સાથે ગપ્પાં માર્યાં કરો, એને કંઈ ને કંઈ હસવાનું આપો. એને તારા પ્રણય વિશે કહો... અને એ જ જાતની વાતો... બસ, જરા વાતોને મનોરંજક બનાવી દેવી."

"મનોરંજક ?"

"હાસ્તો વળી. તેં હમણાં જ મને નહોતું કહ્યું કે તું પ્રેમમાં પડ્યો છે અને લગ્ન કરવા ઇચ્છે છે. બસ, એને એ બધું કહેજે."

સાનિનને માઠું લાગ્યું, "એમાં તને મનોરંજક શું લાગ્યું ?" પોલોઝોવે માત્ર આંખો નચાવી. સંતરાંનો રસ એની દાઢી પરથી નીચે ટપક્યો.

"શું આ બધી વસ્તુઓ ખરીદવા જ તારી પત્નીએ તને ફ્રેંકફર્ટ મોકલ્યો હતો ?" થોડીવાર મૂંગા રહી સાનિને પૂછ્યું.

"હા, એણે જ મોકલેલો."

"શું ખરીદવાનું હતું ?"

"તને ખબર નથી ? રમકડાં."

"રમકડાં ? તો શું તમારે બાળકો પણ છે ?"

પોલોઝોવ સાનિનથી જરા દૂર ખસ્યો. "શું ? મારે શા માટે બાળકો હોય ? તું નથી જાણતો, એ બધું સ્ત્રીઓનો આડંબર, દેખાવ અને રમત જ છે."

"અને આ બધી વાતો તું સમજી જાય છે ?"

"જરૂર."

"પરંતુ હમણાં જ તેં ન કહ્યું કે તારી પત્નીની બાબતમાં બિલકુલ દખલ કરતો નથી ?"

"મારો કહેવાનો અર્થ હતો કે બીજી બાબતમાં... એ બધું ચાલ્યા કરે. કંઈ સારું કામ કરવાનું નથી એટલે આ બધું કરું છું. મારી પત્નીને મારી રુચિ પર વિશ્વાસ છે. પરંતુ ભાવ-તાલ કરવામાં હું પૂરો અણઘડ છું."

પોલોઝોવનું ભાષણ હવે વચ્ચે-વચ્ચે લથડિયાં ખાતું હતું. એ થાકી ગયો હતો.

"શું તારી પત્ની ખૂબ પૈસાદાર છે ?"

"પૈસાદાર છે એ તો ઠીક પણ પોતાના રૂપિયા પોતાની પાસે જ રાખે છે..."

"ખેર, મને લાગે છે કે તને ફરિયાદ નહીં હોય."

"હું એનો પતિ છું. છું ને ? પછી અવસરને શા માટે હાથમાંથી જવા દઉં ? વળી હું એને માટે ખૂબ ઉપયોગી છું. હું એનો ખૂબ લાડકો છું. હું ખૂબ જ અનુકૂળ પતિ છું."

પોલોઝોવે રેશમી રૂમાલથી મોં લૂછ્યું અને ખૂબ જોરથી છીંક્યો, જાણે પ્રાર્થના ન કરતો હોય, "મારા ઉપર કૃપા કરો ! હવે મારી પાસે એકપણ અક્ષર ન બોલાવીશ. જોને, મને કેટલી તકલીફ પડે છે."

સાનિને એને આરામ કરવા દીધો અને ફરી એકવાર ચિંતનમાં ડૂબી ગયો.

• • •

વાઈઝબાદેન હોટેલ સામે ગાડી અટકી, એ તો જાણે એક

નાનકડો મહેલ જ હતી. તરત જ અંદર ખૂબ દૂર દૂર સુધી ઘંટડીઓ રણકવા લાગી અને બહુ જોરશોરથી દોડધામ અને કોલાહલ શરૂ થઈ ગયાં. પાછળ લટકતા કાળા કોટ પહેરેલા પ્રતિષ્ઠિત દેખાતા માણસો મુખ્ય દ્વાર પાસે આંટા મારવા માંડ્યા. સુંદર ઝભ્ભામાં ચમકતા એક પટાવાળાએ ખૂબ માનભેર ગાડીનો દરવાજો ખોલ્યો.

પોલોઝોવ વિજયી વીરની જેમ ઊતર્યો અને સુવાસિત ચટાઈ બિછાવેલી સીડી પર ચડવા લાગ્યો. નખશિખ સજેલા પરંતુ રુસી જેવા ચહેરામહોરાવાળા એક સાહેબ એને મળવા દોડ્યા. એ એનો પોતાનો નોકર હતો. પોલોઝોવે એને કહ્યું કે "હવે ભવિષ્યમાં હું હંમેશાં તને મારી સાથે લઈ જઈશ. કેમ કે, આગલે દિવસે રાત્રે ફ્રેંકફર્ટમાં મને ગરમ પાણી જ ન મળ્યું." નોકરના ચહેરા પર ભય દેખાયો. એ પોતાના માલિકના ભારેખમ વરસાદી જોડા ઉતારવા માટે ખૂબ તત્પરતાથી નીચો વળ્યો.

"મારિયા નિકોલાયેવ્ના અહીં છે ને ?" પોલોઝોવે પૂછ્યું. "હા સરકાર, માદામ તૈયાર થઈ રહ્યાં છે. આજે એ કાઉન્ટેસ લસુન્સ્કાયાની સાથે ભોજન લેવાનાં છે."

"એમ - એઈ ! એક મિનિટ સાંભળ. ગાડીમાં કેટલીક વસ્તુઓ છે, એને તું પોતે જ કાઢીને ઉપર લઈ આવ. અને દિમિત્રી પાવલોવિચ, તમે," એણે આગળ કહ્યું, "એક ખંડ પસંદ કરી લો અને પોણા કલાકમાં પાછા આવી જાઓ. તમારે મારી સાથે ભોજન લેવાનું છે."

પોલોઝોવ મંદ-મંથર ગતિએ ડોલતો હતો. સાનિને એક સસ્તો ખંડ લઈ લીધો. હાથ-મોં ધોયાં અને થોડો આરામ કર્યો. પછી એ લાંબા-પહોળા સૂટવાળા મહામાનવ રાજકુમાર પોલોઝોવને શોધવા નીકળ્યો.

એક ખૂબ મોટા ભવ્ય ખંડની વચ્ચોવચ શાનદાર મખમલી આરામખુરશી પર આરામ કરતા આ 'રાજકુમાર' દેખાયા. સાનિનના આ જડ મિત્રે નહાઈને સાટિનનો ભભકાદાર ડ્રેસિંગ-ગાઉન પહેર્યો

હતો. માથા પર કિરમજી રંગની ફૂમતાવાળી તુર્કી ટોપી હતી. સાનિન એની પાસે જઈ જરાવાર એનું નિરીક્ષણ કરતો ઊભો રહ્યો. પોલોઝોવે ન તો સાનિન સામે જોયું કે ન માથું ફેરવ્યું, ન આંખ ઊંચકી જોયું, મોઢેથી એક શબ્દ પણ બોલ્યો નહીં - જ્યાં હતો ત્યાં મૂર્તિવત્ બેસી રહ્યો ! હકીકતમાં ખૂબ રાજાશાહી રંગ-ઢંગ હતા ! એક-બે મિનિટ ચૂપચાપ અને ધ્યાનથી જોઈ કંઈક બોલીને સાનિન પરમશાંતિનો ભંગ કરવા જતો હતો કે બીજા ખંડનો દરવાજો અચાનક ખૂલ્યો અને કાળી દોરીથી ગાંઠ વાળેલા સફેદ પોશાકમાં એક સુંદર યુવતી બારણામાં દેખાઈ - એની આંગળીઓમાં અને ગળા ફરતે હીરાઓ હતા. આ મારિયા નિકોલાયેવ્ના પોલોઝોવા હતી. એના ઘટ્ટ સુંદર બદામી રંગના વાળ એના ચહેરાની બંને બાજુ ઝૂલી રહ્યા હતા. વેણી ગૂંથેલી હતી, પણ ક્લિપ-પિન લગાવી નહોતી.

• • •

"માફ કરજો." એણે જરા મૂંઝવણ, જરા વ્યંગથી હસીને, પોતાની વેણીનો છેડો ઊંચકતા કહ્યું. પછી પોતાની મોટી મોટી પાણીદાર આંખોને સાનિન પર ઠેરવી બોલી, "આપ અહીં છો, મને ખબર નહોતી."

"આ મારા બાળપણના મિત્ર દિમિત્રી પાવલોવિચ સાનિન છે." હજી પણ માથું ઊંચક્યા વિના કે ફેરવ્યા વિના સાનિન તરફ ઇશારો કરીને પોલોઝોવે કહ્યું.

"જી હા, હું જાણું છું - તમે મને કહેલું. આપને મળીને ખરેખર ખૂબ આનંદ થયો. પરંતુ ઇપ્પોલિત સિદોરિચ, હું તમને એક વાત પૂછવા માંગું છું.... મારી નોકરાણીએ આજે એવી બેવકૂફી કરી..."

"તારા કેશ ગૂંથવામાં ને ?"

"હા, ખરાબ ન લગાડશો. માફ કરજો." સાનિન તરફ માથું નમાવી પહેલાંની જેમ જ હસતી મારિયા નિકોલાયેવ્ના બોલી. પછી એ ઝડપથી વાંકી વળીને બારણામાંથી અદશ્ય થઈ ગઈ. પરંતુ

અત્યંત સુંદર ગરદન, ઘાટીલા ખભા અને આશ્ચર્યજનક કમરનું દોલાયમાન સૌન્દર્ય પાછળ છોડતી ગઈ.

ચિંતાતુર ડોલતો ડોલતો પોલોઝોવ ઊભો થયો અને એ જ બારણામાં અંદર પ્રવેશી અદશ્ય થઈ ગયો.

ગૃહસ્વામિની ખૂબ સારી રીતે જાણતી હતી કે એ રાજકુમાર પોલોઝોવના ખંડમાં મોજૂદ છે, એ વિષે સાનિનને એક ક્ષણ પણ શંકા નહોતી ગઈ. એ પોતાના વાળનું પ્રદર્શન કરવા ઇચ્છતી હતી. વાળ ખરેખર સુંદર હતા. સાનિન માદામ પોલોઝોવની આ ચાલાકી પર મનોમન ખૂબ ખુશ થયો. જો માત્ર પોતાના દેખાવથી જ એ મારા ઉપર પોતાની છાપ પાડવા ઇચ્છે છે તો મિલકતની કિંમત માટે બહુ ખેંચતાણ નહીં કરે. એના દિલ પર જેમ્મા જ એવી છવાઈ ગઈ હતી કે બીજી સ્ત્રીઓ એના માટે તદ્દન નકામી હતી. એ એની તરફ ભાગ્યે જ જોતો અને આ વખતે પણ એણે પોતાને સમજાવી લીધો કે "મને જે કહેવામાં આવેલું તે બરાબર છે. આ સ્ત્રી ખરેખર 'ફટાકડી' જ છે."

જો આ સમયે એ ખૂબ ઉચ્ચ માનસિક અવસ્થામાં ન હોત તો નિઃસંદેહ પોતાને બીજા જ રૂપમાં રજૂ કરત. મારિયા નિકોલાયેવ્ના પોલોઝોવા અર્થાત્ કુમારી કોલિશ્કિના ખરેખર ગજબ વ્યક્તિત્વવાળી સ્ત્રી હતી. એ કોઈ સાક્ષાત્ સુંદરતાની મૂર્તિ હતી એ કારણ નહોતું - ખરું પૂછો તો એનો જન્મ સામાન્ય કુટુંબમાં થયો હશે. એનાં સ્પષ્ટ લક્ષણો એના ચહેરા પર દેખાતાં હતાં. નાનું કપાળ, સહેજ ઊંચું માંસલ નાક અને પોતાની ત્વચાની નજાકત કે હાથ-પગના કોમળ સૌંદર્ય ઉપર પણ ગર્વ કરી શકે તેમ નહોતી. કોઈ ખાસ વિશેષતા એનામાં નહોતી. પણ એથી શું થયું ? પુશ્કિને કહ્યું છે તેમ એનામાં 'સૌન્દર્યનું મંદિર' નહોતું જે જોવાવાળાને ચોંકાવીને સ્થંભિત કરી દે, પરંતુ એનામાં સ્ત્રીત્વનું શક્તિશાળી આકર્ષણ હતું - રુસી અને જિપ્સીનું મિશ્રિત ઓજ એનામાં હતું જેણે સાનિનને સહસા અને સ્વેચ્છાપૂર્વક બાંધી લીધો હતો.

પરંતુ જેનાં ગીત પ્રાચીન કવિઓએ ખૂબ ગાયાં છે તેવા ત્રણભાગવાળા કવચની જેમ જેમ્માની મૂર્તિએ સાનિનની રક્ષા કરી.

દસ મિનિટ પછી પોતાના પતિ સાથે મારિયા નિકોલાયેવ્ના ફરી દેખાઈ. એ સાનિન પાસે એવા પદસંચલન સાથે આવી કે એનાથી જૂના જમાનામાં ન જાણે કેટલાય મૂર્ખોનાં મગજ ફરી ગયાં હશે. "એ આવ્યા તમારી પાસે જાણે જીવનની ખુશીઓ લઈને !" એણે સાનિનની લગોલગ આવી ખૂબ મધુર પરંતુ અત્યંત સંક્ષિપ્ત રશિયન ભાષામાં "આપ મારી થોડીવાર પ્રતીક્ષા કરી શકશો ? કેમ કરી શકશો ને ? હું હમણાં જ આવું છું." એમ કહેતાં હાથ લંબાવ્યો.

સાનિને માનભેર નમસ્કાર કર્યા. મારિયા નિકોલાયેવ્ના બહારના બારણા પર લટકતા પડદા પાછળ અદૃશ્ય થઈ ગઈ હતી. જતી વખતે એ જ રીતે સ્મિત કરતી, ખભા પાછળ વળી વળીને જોતી, પોતાની પાછળ એવો જ પહેલાંનો ગંભીર પ્રભાવ પાડતી ચાલી ગઈ.

જ્યારે એ હસતી ત્યારે એક નહીં, બે નહીં પણ ત્રણત્રણ ખંજન એના ગાલમાં પડતાં હતાં. ડાબી બાજુએ બે નાના તલવાળા મધુર ગુલાબી હોઠ કરતાં મોટી-મોટી આંખો વિશેષ હસતી હતી.

પોલોઝોવ ફરી ડોલતો ડોલતો ખંડમાં આવી પોતાની આરામ ખુરશી પર પડ્યો. હંમેશની જેમ એ ચૂપ તો હતો જ. હા, એના કસમયે કરચલી પડેલા ફિક્કા ગાલ પર હળવું વિચિત્ર હાસ્ય રહીરહીને ફરકતું હતું.

સાનિન કરતાં એ માત્ર ત્રણ વર્ષ મોટો હતો છતાં ખૂબ મોટો લાગતો હતો. એણે પોતાના મહેમાનનું જે ખાણાથી સ્વાગત કર્યું એ મહા ભોજન વિલાસીઓને જ સંતોષી શકે તેવું હતું. સાનિનને લાગ્યું કે એ ક્યારેય પૂરું નહીં થાય - અસહ્ય રીતે ત્રાસદાયક પોલોઝોવ ધીરેધીરે ખાતો હતો. લોકો જેમ વિદ્યાર્થીઓને ધ્યાન દઈને ભણવાનું કહે છે, બરાબર એ જ રીતે એણે પણ થાળી પર ખૂબ એકાગ્રતાથી નીચા વળીને દરેક કોળિયા પહેલાં રીતસર નાકથી

સૂં સૂં ફૂં કરતાં કરતાં ખાધું. કોળિયો ગળતાં પહેલાં એ મોઢાને શરાબના ઘૂંટડાથી ખૂબ સાફ કરી લેતો અને પછી હોઠ ચાટતો... પરંતુ જેવો કબાબ પીરસાયો કે એણે બોલવાનું શરૂ કર્યું અને બોલવાનું પણ શેના વિશે ? ઘેટાં વિશે, પોતે ઘેટાંનું એક ઝૂંડ ખરીદવા ઈચ્છતો હતો. દરેક વખતે એમના માટે પ્રેમભર્યાં નાનાં નાનાં બચલાં જેવા શબ્દો વાપરતો હતો. અને જ્યારે એ ઊકળતી કૉફીનો એક પ્યાલો ચડાવી ચૂક્યો (ખિજાઈને બરાડતા, વેઇટરને કેટલીયે વખત યાદ દેવડાવ્યું હતું કે, ગઈકાલે મને "બરફ જેવી ઠંડી કૉફી આપી હતી.") ત્યારે પોતાની આદત પ્રમાણે વાંકાચૂકા, પીળા દાંતથી સિગારેટનો છેડો ચાવતાં ઊંઘવા માંડ્યો, એટલે સાનિનને જરા શાંતિ થઈ. એ જેમ્માની સાથે પોતાના ભાવિ જીવન અને અહીંથી લઈ જવાના ખુશખબરનાં સ્વપ્નાં જોતો ખંડમાં આંટા મારતો હતો. જાડા ગાલીચામાં પગ ઊંડે ખૂંપી જતા હતા. પરંતુ પોલોઝોવ બીજા દિવસો કરતાં જરા જલદી ઊઠી ગયો, અને બોલ્યો, "હું તો ફક્ત દોઢ કલાક જ ઊંઘ્યો છું." પછી એણે એક ગ્લાસ બરફ ભેળવેલું જર્મન સોડાવૉટર પીધું. ત્યાર બાદ એક છોકરો લીલા કાચની 'કિએવ' બરણીમાં રશિયન મુરબ્બો આપી ગયો તે આરોગ્યો. એના મત મુજબ આ બધા વિના એ જીવી જ ન શકે. ત્યાર બાદ એણે પોતાની ભારે પાંપણોવાળી આંખો સાનિન તરફ ફેરવી 'દુરાકી'★ ની એક બાજી રમવાનો પ્રસ્તાવ મૂક્યો. સાનિન જલદી રાજી થઈ તૈયાર થઈ ગયો. કેમ કે નહીં તો એને ડર હતો કે એ ફરી પોતાનાં ઘેટાં, મેંઢી અને જાડી પૂંછડીવાળાં ઘેટાં વિશે બોલવું શરૂ કરી દેશે. અતિથિ અને ગૃહસ્થી બંને ડ્રોઇંગ રૂમમાં આવી ગયા હતા. વેઈટરે પત્તાંની એક જોડ લાવી દીધી અને ખેલ શરૂ થયો. એ લોકો પૈસાથી નહોતા રમતા.

મારિયા નિકોલાયેવ્ના કાઉન્ટેસ લાસુન્સ્કાયાને ત્યાંથી પાછી ફરી ત્યારે તેણે આ બંનેને નિર્દોષ રમતમાં ગૂંથાયેલા જોયા.

★ "દુરાકી" (બુદ્ધુ) - એક પ્રકારનો પત્તાંનો પ્રાચીન ખેલ

પત્તાં રમવાનું ટેબલ અને પત્તાં જોઈ એ ખડખડાટ હસી પડી. સાનિન સટાક કરતો ઊભો થયો, પરંતુ "રમો, રમો. હું હમણાં કપડાં બદલી આવું છું." એમ કહેતી કપડાં લહેરાવતી, છાલ ઉતારતી હોય એમ હાથનાં મોજાં ઉતારતાં એકવાર ફરી અદૃશ્ય થઈ ગઈ.

અને ખરેખર એ ઝડપથી પાછી આવી. પોતાનો કીમતી પોશાક બદલી જાંબલી રંગનો ખુલ્લી બાંયવાળો રેશમી ગાઉન પહેર્યો હતો. કમર પર જાડી મોટી દોરી બાંધી હતી. પછી આવીને પોતાના પતિની બાજુમાં બેસી પડી અને એના 'બુદ્ધુ' જાહેર થવાની રાહ જોતી રહી. અને જ્યારે એ 'બુદ્ધુ' બની ગયો ત્યારે બોલી, "આટલું બસ છે. જાડિયા." (આ 'જાડિયા' શબ્દ સાંભળી સાનિને નવાઈથી જોયું, પરંતુ એ આનંદથી હસી રહી - પોતાના ગાલનાં બધાં જ ખંજનોનું પ્રદર્શન કરતાં સહેજે ખચકાટ વિના એણે આંખો મેળવી.) "આટલું બસ છે, મને લાગે છે કે તને ઊંઘ આવે છે. મારા હાથને ચૂમ અને જા. હું અને મોશિયે સાનિન હવે કાંઈ કામની વાત કરીશું."

"ઊંઘ તો મને નથી આવતી." પોતાની ખુરશી પરથી પરાણે ઊઠતાં ઊઠતાં પોલોઝોવ ઘૂરક્યો.

"પરંતુ જો તું ઇચ્છતી હોય તો હું ચાલ્યો જાઉં. લાવ તારો હાથ ચૂમી લઉં."

સાનિન પર પોતાની સ્મિતપૂર્ણ નજર સ્થિર રાખીને એણે હથેળી ઉપર કરી પોતાનો હાથ એની તરફ લંબાવ્યો.

પોલોઝોવે પણ એના તરફ એક નજર નાંખી અને પછી શુભરાત્રિ કહ્યા વિના જ ચાલ્યો ગયો.

"સારું, હવે મને બધી વાત કહો." મારિયા નિકોલાયેવ્નાએ પોતાની ઉઘાડી કોણીઓને ટેબલ પર ટેકવી અધીરાઈથી એક હાથની આંગળીઓના નખને બીજા હાથની આંગળીઓ પર ઠપકારતાં કહ્યું, "જે સાંભળ્યું છે તે શું ખરેખર સાચું છે ? તમે લગ્ન કરવાના છો ?"

બોલતી વખતે મારિયા નિકોલાયેવ્નાએ સાનિનની આંખોમાં સ્થિર અને શોધક નજરે જોવા માટે પોતાનું માથું જરા ત્રાંસું કરી નાંખ્યું.

• • •

એમ તો સાનિન કેટલાય ઘાટનું પાણી પી ચૂક્યો હતો અને અનાડી પણ નહોતો, છતાં માદામ પોલોઝોવ તરફથી જે સ્વચ્છંદ વ્યવહાર જોયો એ બધાં પાછળ જો પોતાની કાર્યસફળતાનાં શુભ લક્ષણ ન દેખાયાં હોત તો કદાચ એ જરા મૂંઝવણમાં પડી ગયો હોત.

એણે પણ નિર્ણય કર્યો કે, "ચાલો ધનવાન મહિલાની બધી ધૂનો પૂરી કરી દઈએ." જેવી મજાકમાં એણે પ્રશ્ન પૂછેલો એવી જ રીતે આનંદમાં આવી જઈ એણે ઉત્તર આપ્યો,

"હા, હું લગ્ન કરવાનો છું."

"કોની સાથે ? કોઈ પરદેશી છે ?"

"જી, હા."

"એટલે કે તમે એને વધારે સમયથી તો નથી જાણતા ને ? મુલાકાત ફ્રેંકફર્ટમાં થયેલી ?"

"ચોક્કસ."

"હું પૂછી શકું, એ કોણ છે ?"

"જરૂર પૂછો, એક મીઠાઈવાળાની પુત્રી છે."

મારિયા નિકોલાયેવ્નાની આંખો પહોળી થઈ અને ભ્રમર સહેજ ઉપર ખેંચાઈ.

"વાહ, ઘણું સરસ." ધીરેથી એ બોલી.

"કેવી અજબ વાત છે ! હું તો એમ વિચારતી હતી કે તમારા જેવા કોઈ નવયુવાન સાથે તો ભાગ્યે જ મુલાકાત થાય. મીઠાઈવાળાની છોકરી !"

"મને લાગે છે કે તમને એથી આશ્ચર્ય થાય છે." સાનિને અદબપૂર્વક કહ્યું, "પરંતુ પહેલી વાત એ છે કે મને કોઈ પણ જાતનો પૂર્વગ્રહ નથી..."

"પરંતુ મુખ્ય વાત તો એ છે કે એથી મને સહેજે આશ્ચર્ય નથી થયું." મારિયા નિકોલાયેવ્નાએ અધવચ્ચેથી કહ્યું, "મારો પણ કોઈ પૂર્વગ્રહ નથી. હું તો એક ખેડૂતની દીકરી છું. હા, છું જ તો. ઠીક વાત છે. જે ખરેખર નીડર બનીને પ્યાર કરી શકે છે એવા એક પુરુષને મળીને મને સાનંદાશ્ચર્ય થાય છે. તમે એને ચાહો છો. ચાહો છો ને ?"

"જી, હા."

"શું એ ખૂબ ખૂબ સુંદર છે ?"

આ પ્રશ્નથી જરા સાનિન ક્ષુબ્ધ થયો.... પરંતુ હવે પાછા વળવાનો કોઈ રસ્તો નહોતો.

"મારિયા નિકોલાયેવ્ના, તમે તો જાણો જ છો." એણે કહ્યું, "કે પોતાની પ્રેમિકા જેવું કોઈ સુંદર નથી એવો જ દરેક પ્રેમીનો ખ્યાલ હોય છે. પરંતુ મારી ભાવિ પત્ની ખરેખર બહુ જ સુંદર છે."

"ખરેખર ! એની રેખાઓ કેવી છે ? ઇટાલિયન કે પ્રાચીન રોમન ?"

"જી હા, એના ચહેરામાં આશ્ચર્યકારક સપ્રમાણતા છે."

"એના જેવી બીજી કોઈ તમને મળી જ નહીં ?"

"ના." (એ દિવસોમાં ફોટોગ્રાફી નહોતી અને ડેગરિયોટાઇપ નામની એક ફોટો-પ્રણાલી લોકપ્રિય થવા માંડી હતી.)

"એનું નામ શું છે ?"

"એનું નામ છે - જેમ્મા."

"અને તમારું ?"

"દિમિત્રી !"

"અને તમારી અટક ?"

"પાવલોવિચ."

"સાંભળો." મારિયા નિકોલાયેવ્ના ધીમા સૂરે બોલી, "દિમિત્રી પાવલોવિચ, તમે મને ગમો છો. મને વિશ્વાસ છે કે તમે

ભલા માણસ છો. તમારો હાથ મને આપો, આપણે મિત્રતા બાંધીએ."

એણે પોતાની મજબૂત, સફેદ સુંદર આંગળીઓમાં જોરથી સાનિનનો હાથ દબાવી દીધો. એનો હાથ સાનિનના હાથ કરતાં ખૂબ નાનો, છતાં વધારે ગરમ, સુંવાળો, મુલાયમ હતો અને જાણે એમાં ચેતન પણ વધુ હતું.

"મારા મનમાં હમણાં શું ચાલતું હશે, એ તમે વિચારી શકશો?"

"શું ?"

"તમે ચીઢાશો તો નહિ ને ? નહીં ચીઢાઓ ને ? તમે કહો છો કે એ તમારી વાગ્દત્તા છે. પરંતુ ખરેખર એ શું આ.... એ બધું બહુ જરૂરી હતું...?"

સાનિન ક્ષુબ્ધ બન્યો, "મારિયા નિકોલાયેવ્ના, તમારી વાત હું સમજ્યો નહીં."

મારિયા નિકોલાયેવ્ના ખૂબ શાંત ભાવે હસી અને પછી ગાલ પાસે ઝૂકેલી વાળની એક લટને ઝાટકા સાથે પાછળ નાંખી. "ખરેખર! ત્યારે તો તમે પ્રેમમાં પડ્યા છો." એણે કંઈક ઉદાસ, કંઈક ખોવાયેલા સ્વરે હોઠ ફફડાવ્યા. "બસ, એક ઉમરાવ પછી તો સાચો આદર્શવાદી કોઈ નથી રહ્યો એમ જે કહે છે એમની વાત પર વિશ્વાસ કરવો પડશે."

મારિયા નિકોલાયેવ્ના શુદ્ધ રશિયન લહેકામાં મોસ્કોની શુદ્ધ બોલી બોલતી રહી. પણ અભિજાતપૂર્ણ રીતે નહીં, સામાન્ય લોકોની જેમ જ.

"કદાચ તમારો ઉછેર ભગવાનથી ડરતા જુનવાણી કુટુંબમાં થયો છે." એ બોલી, "તમે રશિયાના કયા પ્રદેશના છો ?"

"તુલા ગુબેર્નિયા જિલ્લો."

"ત્યારે તો આપણે એક પ્રદેશનાં જ વતની છીએ.... મારા પિતા... તમે જાણો છો, મારા પિતા કોણ હતા - નથી જાણતા ને ?"

"જી હા, જાણું છું."

"તુલામાં એમનો જન્મ થયો - તુલાના જ હતા. સારું" (મારિયા નિકોલાયેવ્નાએ જાણી જોઈને આ શબ્દો તદ્દન મધ્યમવર્ગી લહેકામાં કહ્યા.) "તો હવે આપણે આપણી ધંધાદારી વાતો કરીએ..."

"એટલે....ધંધાદારી વાતો કરીએ ? તમે શું કહેવા ઇચ્છો છો ?"

મારિયા નિકોલાયેવ્નાની આંખો ઝીણી થઈ, "અરે, તમે અહીં આવ્યા છો શાને માટે ?" (જ્યારે એ પોતાની આંખો ઝીણી કરતી હતી ત્યારે એની આંખોમાં ખૂબ કરુણ અને કંઈક પરિહાસમય ભાવ દેખાતો હતો અને જ્યારે એ પૂરી ખોલી નાંખતી ત્યારે ઠંડી ચમકતી આંખોના ઊંડાણમાં કંઈક સખ્તાઈ અને દુષ્ટતા જેવું દેખાતું હતું. એની જાડી અર્ધચંદ્રાકાર રાત જેવી કાળી ભ્રમરોએ એની આંખોને એક વિશેષ સૌંદર્ય પ્રદાન કર્યું હતું.)

"હું તમારી મિલકત ખરીદી લઉં એવું તમે ઇચ્છો છો. તમને તમારાં લગ્ન માટે રૂપિયાની જરૂર છે ને ? શું આ વાત સાચી નથી ?"

"જી, હા."

"તમને ઘણાબધા રૂપિયા જોઈએ છે ?"

"શરૂઆતમાં તો થોડા હજાર ફ્રાંકમાં કામ ચલાવી લઈશ. તમારા પતિ મારી મિલકત વિશે જાણે છે. તમે એમની સલાહ લઈ લો. હું ખૂબ ભારે કિંમત નહીં માંગું."

મારિયા નિકોલાયેવ્નાએ ડાબી બાજુથી જમણી બાજુ ધીરે રહીને પોતાનું માથું હલાવ્યું. "પહેલી વાત તો એ કે -" દરેક શબ્દનું અલગ ઉચ્ચારણ કરતી અને સાનિનના ફ્રોક-કોટની બાંય પર આંગળીનાં ટેરવાંથી ટપારતી બોલી, "કપડાં સિવાય બીજી કોઈ વાતમાં મને પતિની સલાહ લેવાની ટેવ નથી: કપડાંની વાતમાં એને કોઈ ન પહોંચે. બીજી વાત એ કે તમે ઓછા પૈસા માંગશો એમ કેમ કહો છો ? તમે પ્રેમમાં પડ્યા છો અને કોઈ પણ જાતનો

ભોગ આપવા તૈયાર છો. એટલે હું એ બધાંનો સહેજ પણ ફાયદો લેવા નથી ઇચ્છતી... હું તમારા તરફથી કોઈ ત્યાગ સ્વીકારીશ નહીં. તમારી... તમારી એને શું કહેવાય ? હં, ભાવનાઓને પ્રોત્સાહિત કરવાને બદલે તમારી જીવતી ચામડી ઉતરડી લઉં ? નહીં, એ મારી આદત નથી. વખત આવ્યે હું ખૂબ નિર્દય પણ બની જાઉં છું પરંતુ બીજી રીતે..."

સાનિન સમજ્યો નહીં કે એ હકીકતમાં એની મજાક કરે છે કે પ્રામાણિકતાથી આ બધું કહી રહી છે. પરંતુ મનમાં કહેતો હતો "હું તમને સમજી લઈશ, શ્રીમતીજી."

રશિયન ચાદાની લઈને એક નોકરે પ્રવેશ કર્યો - એક મોટી ટ્રેમાં ચાનો સામાન, માખણ, પરોઠા અને બીજી સ્વાદિષ્ટ વાનગીઓ હતી. આ બધું સાનિન અને માદામ પોલોઝોવ વચ્ચે મૂકી એ અદૃશ્ય થઈ ગયો.

મારિયા નિકોલાયેવ્નાએ એના માટે ચાનો એક કપ ભર્યો. "આશા છે કે આંગળીઓ અડે તો તમને ખરાબ નહીં લાગે." કહીને એણે એના કપમાં એક ચપટીભરી સાકર નાંખી દીધી. "નહીં, જરાય નહીં... આવા સુંદર હાથ..." એણે વાક્ય પૂરું કર્યા વિના જ ચાની પહેલી ચૂસ્કી લેવા કપને હોઠે અડાડ્યો જે એના ગળામાં અટકી ગઈ. સ્વચ્છ, સ્થિર નજરે એ એકીટશે એને જોતી રહી.

"મેં મારી મિલકતની ઓછી કિંમત એટલા માટે કહી કે," એણે પોતાની વાત ચાલુ રાખી, "મેં વિચાર્યું કે તમે બહાર છો એટલે કદાચ રૂપિયા તમારી પાસે તૈયાર ન હોય. તદુપરાંત હું પોતે જ અનુભવું છું કે આવી હાલતમાં મિલકતની વેચણી કે ખરીદીની વાત જરા અસાધારણ લાગે એવી છે. હું આ બધી જ વાતનો વિચાર કર્યા કરું છું."

સાનિન પોતાની દલીલોમાં ગૂંથાઈ ગયો હતો અને મારિયા નિકોલાયેવ્ના આરામખુરશી પર પાછળ લળીને હાથ સમેટી સ્વચ્છ સ્થિર નજરે એની સામે જોઈ રહી હતી. અંતે એણે બોલવાનું બંધ કર્યું.

"કંઈ વાંધો નહીં, તમારી વાત ચાલુ રાખો..." એ જાણે એની મદદ કરતી હોય તેમ બોલી, "હું સાંભળું છું, તમને સાંભળવા મને ગમે છે, તમે બોલવાનું ચાલુ રાખો."

સાનિને પોતાની મિલકતનું વર્ણન કર્યું - એમાં કેટલા એકર જમીન છે, એનું ચોક્કસ સ્થાન ક્યાં છે, આર્થિક લાભનાં કયાં કયાં સાધનો એમાં છે અને એનાથી વધુમાં વધુ ફાયદો કેવી રીતે મેળવાય... એટલે સુધી કે ઘર પણ કેવી સુંદર રમણીય જગ્યાએ છે એનો ઉલ્લેખ પણ એણે કર્યો. મારિયા નિકોલાયેવ્ના પ્રફુલ્લતાથી એની તરફ ખૂબ ધ્યાનથી જોતી રહી, ક્યારેક એના હોઠ સહેજ ફફડી ઊઠતા હતા પરંતુ એના પર સ્મિત નહોતું. એણે નીચલો હોઠ કરડ્યો. અંતે સાનિનને કંઈક અજબ જેવું લાગવા માંડ્યું અને એ વખતે એ ચૂપ થઈ ગયો.

"દિમિત્રી પાવલોવિચ," મારિયા નિકોલાયેવ્નાએ પોતાની વાત શરૂ કરી પરંતુ પછી વિચારવા માટે જરાવાર ચૂપ થઈ ગઈ. એ ફરી બોલી, "દિમિત્રી પાવલોવિચ, જુઓ મને ખાતરી થઈ ગઈ છે કે તમારી મિલકત ખરીદવાથી મને લાભ થશે અને હવે આપણે શરતો નક્કી કરી નાંખવી જોઈએ. તમે મને બે દિવસ, હા બે જ દિવસ આપો. તમારી વાગ્દત્તાથી બે દિવસનો વિયોગ આપ સહી લેશો. એ વિશે તમે શું માનો છો ? તમારી ઇચ્છા વિરુદ્ધ હું તમને વધુ નહીં રોકું... હા, જો પાંચ-છ હજાર ફ્રૅંક હાલ જોઈતા હોય તો હું ખૂબ રાજીખુશીથી ઉધાર આપી શકીશ, એનો હિસાબ આપણે પછી સમજી લઈશું."

સાનિન ઊભો થયો, "મારિયા નિકોલાયેવ્ના મારે આપનો ખરેખર ખૂબ-ખૂબ આભાર માનવો જોઈએ કે આપ એક તદ્દન અપરિચિત માણસને આટલી ઉદારતા અને આત્મીયતાથી મદદ કરવા તૈયાર થઈ ગયાં. પરંતુ જો ખરેખર આપને બે દિવસની જરૂર હોય તો હું મારી મિલકત બાબત આપના નિર્ણયની પ્રતીક્ષા કરવાનું યોગ્ય માનીશ, અને અહીં બે દિવસ વધુ રોકાઈ જઈશ."

"ખરેખર મારે જરૂર છે, દિમિત્રી પાવલોવિચ એથી તમને બહુ મુશ્કેલી તો નહીં પડે ને ?....બહુ જ મુશ્કેલી ? કહો તો ?"

"મારિયા નિકોલાયેવ્ના, હું મારી ભાવિ પત્નીને ખૂબ ચાહું છું અને એનો વિયોગ મારે માટે બહુ સહન કરી શકાય એવો નથી."

"તમે પણ અજબના માણસ છો !" મારિયા નિકોલાયેવ્નાએ ઊંડો શ્વાસ લીધો. "હું તમને ખાતરી આપું છું કે હું તમને વધુ પ્રતીક્ષા નહીં કરાવું. સારું ત્યારે, હવે આપ જશો ?"

"હા, ખૂબ મોડું થઈ ગયું છે." સાનિન બોલ્યો.

"આ મુસાફરી અને મારા પતિ સાથે દુરાકી રમ્યા પછી તમને આરામની જરૂર તો છે. અરે હા, એક વાત તો કહો, શું તમે મારા પતિ ઇપ્પોલિત સિદોરિચના ખૂબ ઘનિષ્ઠ મિત્ર છો ?"

"અમે નિશાળમાં સાથે હતા."

"એ વખતે પણ શું એ આવા જ હતા ?"

"કેવા ?" સાનિને જવાબ ટાળતાં પૂછ્યું.

મારિયા નિકોલાયેવ્ના એકાએક હસી પડી. એનો ચહેરો લાલ થઈ ગયો ત્યાં સુધી હસતી રહી, એણે હોઠ પર રૂમાલ દાબી દીધો, જાણે ખૂબ થાકી ગઈ હોય તેમ ખુરશી પરથી ડગમગતી હોય તેમ ઊભી થઈ. સાનિન પાસે જઈ પોતાનો એક હાથ એની તરફ લંબાવી દીધો.

નમીને અભિવાદન કરી એ દરવાજા તરફ ચાલ્યો.

"કાલે સવારે અહીં જલદી આવી જજો. તમે સાંભળ્યું ?" એણે પાછળથી કહ્યું. ખંડમાંથી બહાર જતાં એણે પાછા વળીને જોયું કે પોતાના હાથ પાછળ ફેલાવી એ ખુરશી પર પડી ગઈ છે... અને એના ગાઉનની ઢીલી બાંય ખભા સુધી ખસી ગઈ છે. એના બાહુની, એના સમગ્ર શરીરની આ મુદ્રા રોમાંચક રીતે સુંદર હતી... એ વાત ન માનવી એ અસંભવ હતું...

● ● ●

મધ્યરાત્રિ પછી પણ ખૂબ મોડે સુધી સાનિનના ખંડમાં બત્તી બળતી રહી. એ ટેબલ પાસે બેસીને "પોતાની જેમ્મા"ને પત્ર લખતો રહ્યો. એણે એને બધી જ વાત કહી દીધેલી - પોલોઝોવ અને એની પત્નીનું એને માટે પૂરું વર્ણન કર્યું હતું. પરંતુ વિશેષ ભાર તો પોતાની ભાવનાઓ પર જ મૂક્યા કર્યો. ત્રણ દિવસમાં એના મળવાનો સમય નક્કી કરીને પત્ર પૂરો કર્યો. (અહીં એણે ત્રણ આશ્ચર્યચિહ્નો કર્યાં.) બીજે દિવસે જલદી પોસ્ટ કરવાના ઈરાદાથી પત્ર લઈને કુરહાઉસ બગીચામાં ટહેલવા માટે નીકળ્યો. અહીં પહેલેથી બેન્ડ વાગતું હતું. હજી ખૂબ થોડા માણસો આવ્યા હતા. એ બેન્ડની સામે ઊભો રહીને 'રોબર્ટ લા દ્યાબેલ'ની એક "પો-પુરી" (મિશ્ર સૂર) સાંભળતો રહ્યો, પછી કૉફી પીને મુખ્ય રસ્તેથી ગલીમાં જઈ વિચારવા માટે એક બેંચ પર આવી બેસી પડ્યો.

અચાનક કોઈકે લેડીઝ છત્રીના હાથાથી એના ખભા પર ભારે પ્રહાર કર્યો. એ ચોંકી ઊઠ્યો... એની સામે મારિયા નિકોલાયેવ્ના ઊભી હતી. આછા વાદળી - લીલાં કપડાં પહેરેલી, મસ્તક પર બારીક સફેદ રેશમી હેટ અને હાથમાં 'સ્વેડ'નાં મોજાં. ગ્રીષ્મની પરોઢ જેવી એ તાજી-ગુલાબી હતી. પરંતુ એની નજરમાં અને શારીરિક હલનચલનમાં લાંબી નિર્વિઘ્ન નિદ્રાનું આલસ હજી પણ ઝળકતું હતું. "નમસ્કાર" એ બોલી, "આજે સવારે મેં તમને બોલાવેલા, પણ તમે તો નીકળી ગયેલા. મેં હજી હમણાં જ પાણીનો બીજો ગ્લાસ પીધો. ભગવાન જાણે કેમ અહીં લોકો મને પાણી પીવા મજબૂર કરે છે ! મારા કરતાં વધુ તંદુરસ્ત બીજું કોણ હોઈ શકે ? એટલે મારે એકાદ કલાક અહીં ફરવું પડે છે. મારી સાથે આવશો ? પછી આપણે કૉફી પીશું."

"મેં કૉફી પી લીધી છે." સાનિન ઊઠતાં ઊઠતાં બોલ્યો, "પરંતુ તમારી સાથે ફરવાની મને મજા આવશે."

"તો પછી તમારા હાથનો ટેકો આપો. ડરશો નહીં, તમારી ભાવિ પત્ની અહીં નથી. એ તમને નહીં જોઈ શકે."

સાનિન પરાણે હસ્યો. મારિયા નિકોલાયેવ્ના જ્યારે-જ્યારે જેમ્માનો ઉલ્લેખ કરતી ત્યારે-ત્યારે એક અણગમાનો ભાવ એ અનુભવતો. પરંતુ એ તરત નમ્રતાથી એની તરફ ઝૂકી પડતો. મારિયા નિકોલાયેવ્નાનો હાથ સરકતો-સરકતો એના હાથ પર આવી ગયો હતો અને એના હાથને જાણે જકડી લીધો હતો.

"આ બાજુ ચાલો." એણે પોતાની ઉઘાડી છત્રી પોતાના એક ખભા પર ટેકવતાં કહ્યું "આ પાર્કમાં મને ખૂબ પોતાપણું લાગે છે. અહીંની બધી રમણીય જગાઓ હું તમને બતાવીશ. અને જુઓ," (આ બે શબ્દો એને ખૂબ પ્રિય હતા.) "આપણે ખરીદી વિશે જરાય વાત નહીં કરીએ. નાસ્તા પછી દિલ ખોલીને એની વાત કરીશું. તમે તમારા વિશે કંઈક કહો એવું હું ઇચ્છું છું... જેથી હું જાણી તો લઉં કે મારે કોની સાથે પનારો પડ્યો છે. અને ત્યાર બાદ તમે ઇચ્છશો તો હું મારા વિશે પણ કંઈક કહીશ. કબૂલ ?"

"પરંતુ મારિયા નિકોલાયેવ્ના, એમાં તમને રસ પડશે કે ?..."

"ઊભા રહો, તમારી ગેરસમજ થઈ છે. હું તમારી સાથે પ્રણયચેષ્ટા કરવાનો ડોળ નથી કરતી." મારિયા નિકોલાયેવ્નાએ ખભા હલાવ્યા. હું એવા માણસ સાથે પ્રણયચેષ્ટા શા માટે કરું જેની પ્રિયતમા પ્રાચીન મૂર્તિ જેવી હોય ! પરંતુ તમારી પાસે માલ છે, અને હું વેપારી છું. અને હું તમારા માલ બાબત બધું જ જાણી લેવા માંગું છું. સારું ત્યારે, મને એના વિશે કહો. હું માત્ર શું ખરીદું છું તે જ નહીં જેની પાસેથી ખરીદું છું તેના વિશે પણ જાણવા માગું છું. એ મારા પિતાનો નિયમ હતો. અચ્છા, શરૂ કરો... તમે બાળપણની વાત જવા દો, બસ વિદેશમાં તમે ક્યારથી છો ત્યાંથી જ સીધું શરૂ કરો. અત્યાર સુધી ક્યાં ક્યાં રહ્યા ? પણ આમ ઉતાવળે ન ચાલો... આપણે સહેજે ઉતાવળ નથી..."

"હું ઇટાલીથી અહીં આવ્યો છું... ત્યાં હું થોડા મહિના રહ્યો..."

"લાગે છે કે ઇટાલીની બધી જ વસ્તુઓ પ્રત્યે તમને આકર્ષણ

છે. તમારી પસંદગીની કોઈ ચીજ તમને ન મળી એની નવાઈ લાગે છે. કલામાં તમને રુચિ છે ? ચિત્રોમાં ? કે પછી તમને સંગીતનો વધારે શોખ છે ?"

"મને કલા ગમે છે... બધી જ સુંદર વસ્તુઓ મને ગમે છે."

"અને સંગીત ?"

"સંગીત પણ."

"પરંતુ મને સહેજે ગમતું નથી. મને તો માત્ર રશિયન ગીતો ગમે છે. અને એય તે વસંતઋતુ અને પોતાના દેશનાં જ - જુઓ, ગીત અને નૃત્ય બંને સાથે સાથે.... લાલ-લાલ છાંટ હોય, સ્ત્રીઓના માથા પર કીડિયાંની માળા હોય, મેદાનોમાં લીલું ઘાસ ઊગ્યું હોય, ધુમાડાની ગંધ આવતી હોય, આ વસ્તુઓ મને ગમે છે. પરંતુ મને માત્ર મારા વિશે જ ન બોલવા દેશો. ચાલો, તમે તમારા વિશે શરૂ કરો..."

મારિયા નિકોલાયેવ્ના ક્યારેક સાનિન પર નજર નાંખતી ટહેલતી હતી. એ ઊંચી હતી અને એનો ચહેરો લગભગ સાનિનના ચહેરાની અડોઅડ આવતો હતો. પહેલાં તો ખૂબ અનિચ્છાપૂર્વક અને અનાકર્ષક રીતે એણે પોતાના જીવન વિશે કહેવું શરૂ કર્યું પરંતુ પછી તો વિષયના પ્રભાવથી જ એ એકદમ વાચાળ બની ગયો. મારિયા નિકોલાયેવ્ના એક સારી શ્રોતા હતી અને એના વ્યવહારમાં પણ એક એવી મોકળાશ હતી કે બીજા પણ અજાણતાં જ એની પાસે સંકોચમુક્ત બની જતા હતા. જેને કાર્ડિનલ રેત્ઝ ઘનિષ્ઠ બનવાનો ભયાનક ગુણ કહેતા તે એનામાં હતું. સાનિન એને પોતાની મુસાફરી વિષે, પીટર્સબર્ગની જિંદગી વિષે, પોતાની યુવાનીના દિવસો વિષે કહેતો ગયો... જો મારિયા નિકોલાયેવ્ના અત્યંત સુરુચિપૂર્ણ વ્યવહાર વાળી, વિભિન્ન પ્રકારના સમાજમાં હળવા-મળવાને જ પોતાના જીવનનો ઉદ્દેશ સમજવાવાળી સ્ત્રી ન હોત તો કદાચ સાનિન આટલા ઉન્મુક્ત ભાવે એની સાથે વાત ન કરી શકત, પરંતુ એ પોતાને ગૃહિણી તરીકે ઓળખાવતી હતી અને સહેજે શિષ્ટાચાર સહન કરી

શકતી નહોતી. ખરેખર એ પોતાને સાનિન પાસે એ જ રૂપમાં રજૂ કરતી હતી અને સાથે-સાથે જ આ "ભલી મહિલા" બિલ્લી જેટલી ચપળતાથી એના હાથ પર ઝૂકી, એના ચહેરા તરફ જોતી. એક **એવું ઉધામ, ઉન્માદક સૂક્ષ્મ સંમોહન નીતરતી યુવતી સાથે સાથે ચાલી રહી હતી જે આપણા જેવા સાંસારિક જીવોને માટે ખૂબ પ્રાણઘાતક છે !** આવું સંમોહન સ્લાવપ્રકૃતિ સિવાય બીજા કોઈમાં ન હોઈ શકે અને એય જેમનું લોહી શુદ્ધ ન હોય અને જેમાં ક્યાંક ને ક્યાંક મિશ્રણ હોય તે લોકોમાં જ એ હોય છે.

સાનિન અને મારિયા નિકોલાયેવ્ના એક કલાકથી યે વધુ ટહેલતાં રહ્યાં, ગપ્પાં મારતાં રહ્યાં. એક ક્ષણભર પણ ક્યાંય અટક્યાં નહીં, ઊલટું પાર્કની અગણિત પગદંડીઓ પર ઢાળ ચડતાં, અટક્યા વિના, દશ્યોનો આનંદ માણતાં, ક્યારેક ઢાળ ઊતરતાં, ગાઢ અભેદ્ય છાયામાં પેસતાં, આખો વખત હાથમાં હાથ લઈ ટહેલતાં ચાલતાં રહ્યાં - ચાલતાં રહ્યાં. સાનિનને ક્યારેક પોતાની અંદર હળવી સંતાપની એક લહેર ઊઠતી અનુભવાતી. પોતાની જેમ્મા, વહાલી જેમ્મા સાથે ક્યારેય આટલે લાંબે સુધી ફરવા નથી ગયો... અને આ સ્ત્રીએ તો જાણે એનો કબજો જ લઈ લીધો છે... અને એને જુઓ તો ખરા ! "તમે થાક્યા તો નથી ?" એણે એકથી વધુ વખત એને પૂછેલું પણ ખરું. "હું કદી થાકતી નથી." એણે જવાબ આપ્યો. એમને વારંવાર બીજા ટહેલનારાઓ મળી જતાં... એમાંનાં લગભગ બધાં એ મારિયા નિકોલાયેવ્નાને નમસ્કાર કર્યા... કેટલાંકે માત્ર શિષ્ટાચારની જેમ તો કેટલાકે લગભગ ખુશામતની જેમ... એમાંના એક અત્યંત સુસજ્જ કાળા સજ્જનને દૂરથી જોતાં જ પેરિસની તળપદી લઢણમાં એ બોલી ઊઠી હતી - "સાંભળ્યું કે કાઉન્ટ, મને મળવા આવવાની જરૂર નથી, આજે ય નહીં, કાલે પણ નહીં."

એણે વગર બોલ્યે પોતાની હેટ સહેજ ઊંચી કરી અને ઝૂકીને અભિવાદન કર્યું.

"એ કોણ છે ?" સાનિને પૂછ્યું.

બધાં જ રશિયનોની જેમ એને પણ પ્રશ્ન પૂછવાની ટેવ હતી.

"એ ? એક ફ્રેંચ છે - અહીં તો ઘણા ફ્રેંચ લોકો અહીં તહીં ઘૂમતા દેખાશે... એ પણ મારી પાસે આવે છે. પરંતુ હવે તો કૉફીનો સમય થઈ ગયો છે. ચાલો, આપણે ઘરે જઈએ. મને લાગે છે કે હવે તમને ફરી ભૂખ લાગી ગઈ હશે. કદાચ મારા ભોળા વાલમિયાની આંખો હવે ખૂલી ગઈ હશે."

"ભોળો વાલમિયો ! આંખો ખૂલી ગઈ હશે !" સાનિન મનમાં બોલ્યો, "કેવું ગજબનું ફ્રેંચ બોલે છે, અદ્‌ભુત જીવડો છે."

મારિયા નિકોલાયેવ્નાની વાત ખોટી નહોતી. જ્યારે એ અને સાનિન હોટેલ પર પહોંચ્યાં ત્યારે 'ભોળો વાલમિયો' કે 'જાડિયો' માથા પર એ જ અનિવાર્ય ટોપી પહેરી, નાસ્તાથી ભરેલા ટેબલ પર બેઠો હતો.

"મને થયું કે તું હવે આવીશ જ નહીં." રીસમાં હોઠ સંકોચી એ બોલ્યો, "હું તો તારા વગર જ કૉફી પી લેવાનો હતો."

"કંઈ વાંધો નહીં," મારિયા નિકોલાયેવ્ના ખુશ થઈ બોલી, "નારાજ થઈ ગયા'તા શું ? જુઓ, તમારી તંદુરસ્તી માટે એ ખૂબ સારું છે, નહીં તો તમે એકદમ જડ બની જાવ. જુઓ, હું તમારા માટે એક મુલાકાતી લાવી છું. જલદી ઘંટડી તો વગાડો. આપણે હવે કૉફી પીએ...દુનિયાની ઉત્તમ કૉફી, સફેદ દૂધિયા ટેબલક્લૉથ પર ડ્રેસડેનના કાચના વાસણ..."

એણે હેટ અને મોજાં એક બાજુ ફેંક્યાં અને તાળી પાડી. ભમર નીચેથી પોલોઝોવે એના પર એક નજર ફેંકી. "મારિયા નિકોલાયેવ્ના, આજે કેમ આટલી આનંદમાં છે ?" એણે દબાયેલા અવાજે પૂછ્યું.

"ઈપ્પોલિત સિદોરિચ, એ બધા સાથે તમારે કોઈ નિસ્બત નથી. તમે ઘંટડી વગાડો ! દિમિત્રી પાવલોવિચ, બેસી જાઓ...હવે ફરીવાર કૉફી પીઓ. ઓહ હુકમ કરવો મને કેવો ગમે છે ! આ

ધરતી પર એના જેવો આનંદ બીજે ક્યાંય નથી."

"એટલે કે બધાં તારો હુકમ માને... એમ જ ને ?" એના પતિદેવ ઘૂરક્યા.

"કેમ, એમાં શું ? એટલે તો આજે એટલી ખુશ છું, ખાસ કરીને તમારી સાથે...કેમ જાડિયા, છું ને ખુશ ? અને લો, આ કૉફી પણ આવી ગઈ."

વેઈટર મોટી ટ્રે લઈને આવ્યો, એમાં થિયેટરની જાહેરાત હતી. મારિયા નિકોલાયેવ્નાએ એ ઝડપી લીધી.

"નાટક !" ગુસ્સામાં એણે ચીસ પાડી..."જર્મન નાટક ! ખેર ! ચાલો જર્મન પ્રહસન કરતાં તો એ સારું હશે." એ વેઈટર તરફ ફરીને બોલી,"મારા માટે રંગભૂમિના તખ્તાની નજીકના બૉક્સ માટે કહી દો, અથવા તો નહીં...પરદેશીઓ માટેનું બૉક્સ જ સારું પડશે. સાંભળ્યું તેં - મારે તો પરદેશીઓ માટેનું બૉક્સ જ જોઈએ."

"અને જો મહામાન્ય સ્ટડ ડિરેક્ટરે પરદેશીઓ માટેનું બૉક્સ પહેલેથી જ લઈ લીધું હોય તો.." વેઈટરે હિંમત કરી પૂછ્યું.

"મહામાન્યને દસ થેલર આપી દેજે, મને તો પરદેશીઓ માટેનું બૉક્સ જ મળવું જોઈએ. તેં સાંભળ્યું ?"

વિનમ્રતાપૂર્ણ સ્વીકાર સાથે એણે પોતાનું માથું નમાવ્યું.

"દિમિત્રી પાવલોવિચ, તમે મારી સાથે આવશો ? આમ તો આ જર્મન અભિનેતાઓ ભયંકર હોય છે. પરંતુ તમે કહો કે આવશો... આવશો ને ? ખરેખર ? તમે કેટલા સારા છો ! જાડિયા, તું તો નહીં આવે ને ?"

પીવા માટે હોઠ સુધી ઊંચકેલા પ્યાલામાં જ પોલોઝોવ બોલ્યો,"તું કહે તેમ."

"સારું, તો તું ઘરે જ આરામ કર. તું હંમેશાં થિયેટરમાં સૂઈ જાય છે. વળી તને જર્મન પણ સારી રીતે સમજાતું નથી. ઠીક ત્યારે, હું તને કહું...તું તારા દીવાનજીને આપણી મિલ બાબતમાં જવાબ લખી નાંખ... ખેડૂતના અનાજ દળવા બાબતમાં એને કહી દેજે કે

મને એની જરૂર નથી. લો ત્યારે તારા માટે આખી સાંજ તને રોકી રાખે એવું કામ નક્કી થઈ ગયું..."

"બહુ સારું." પોલોઝોવ બોલ્યો.

"સારી વાત છે. તું ખૂબ હોશિયાર છે વહાલા ! અચ્છા સજ્જનો, આપણે દીવાનજીનો ઉલ્લેખ કરી દીધો છે એટલે આપણી મુખ્ય વાત પર પણ વિચારવિનિમય કરી લઈએ. દિમિત્રી પાવલોવિચ, વેઇટર નાસ્તાનો સામાન - વાસણ લઈ જાય એટલે તમે તમારી મિલકત વિશે બધી માહિતી આપશો - પૂરેપૂરી માહિતી - તમે શું કિંમત લેવા માંગો છો, કેટલી ડિપોઝિટ તમને આગળથી જોઈએ ? - બધી જ માહિતી." ("અંતે એ સમય આવ્યો" સાનિને વિચાર્યું "ભગવાનનો આભાર.") "કેટલીક વાતો તો તમે પહેલાં જ કહી ચૂક્યા છો - મને યાદ છે, તમે કેટલા ખુશ થઈને તમારા બાગનું વર્ણન કરી રહ્યા હતા, પરંતુ ત્યારે જાડિયો નહોતો, એને પણ સાંભળવા દો, કદાચ એ કંઈક ઉપયોગી સૂચવી શકે. હું માનું છું કે તમારાં લગ્ન બાબતમાં હું તમને મદદ કરી શકું - તદુપરાંત મેં વાયદો કર્યો જ છે કે નાસ્તા પછી હું તમારી હકીકતનો વિચાર કરીશ. હું હમેશાં મારો વાયદો પાળું છું, કેમ ઈપ્પોલિત સિદોરિચ, પાળું છું ને ?"

"કોઈને દગો દેતી નથી એ પણ કહેવાનું હોય ?"

"અને એ વાતનો હું ક્યારેય ઈનકાર નહીં કરું કે દગો દઈશ પણ નહીં," પોલોઝોવ મોઢું લૂછતાં બોલ્યો.

"અચ્છા, તો દિમિત્રી પાવલોવિચ, આપણે પ્રાચીન રોમની રાજસભા-સેનેટમાં જેમ કહીએ છીએ તેમ હવે તમે તમારી વાતની સવિસ્તાર વ્યાખ્યા કરો."

• • •

સાનિને પોતાના "ઉદ્દેશની વ્યાખ્યા" કરવા માંડી અર્થાત્ આ વખતે એના કુદરતી સૌંદર્યનું વિસ્તારથી વર્ણન કર્યા વિના એણે બીજી વાર પોતાની મિલકતનું વર્ણન કર્યું. સાથે-સાથે ઉપસ્થિત

કરેલા 'તથ્યો અને આંકડાઓના' સમર્થનમાં પોલોઝોવનો વારંવાર ઉલ્લેખ કરવા લાગ્યો. પરંતુ પોલોઝોવ માત્ર ઘૂરકતો અને માથું હલાવતો રહ્યો. ભગવાન જાણે, સમર્થનમાં કે વિરોધમાં પરંતુ મારિયા નિકોલાયેવ્નાને એની મદદની જરૂર નહોતી. એણે વ્યાવસાયિક અને વહીવટી એવી યોગ્યતા દેખાડી કે અચંબામાં નાંખી દે. એ તો જાણે વહીવટીતંત્રની નસેનસથી વાકેફ હતી. એણે જે પ્રશ્નો કર્યા એ ઊંડી તપાસ કરનારા હતા. એ દરેક વસ્તુમાં ઊંડી ઊતરી. એના મોંમાંથી નીકળેલો દરેક શબ્દ નિશાન પર જ વાગતો હતો, એણે શબ્દે શબ્દની છણાવટ કરી. સાનિનને આવી પ્રશ્નોત્તરીની આશા નહોતી અને એ એને માટે તૈયાર પણ નહોતો. દોઢ કલાક સુધી પ્રશ્નોત્તરી ચાલ્યા કરી. કોઈ સૂક્ષ્મ અને તીખી નજર વાળા ન્યાયાધીશની સામે પોતે અપરાધીની જેમ બેઠા હોય એવું સાનિનને લાગ્યું. "પરંતુ, આ તો કાયદેસર પ્રશ્નો છે !" એણે મનમાં ખીજવાતા કહ્યું. મારિયા નિકોલાયેવ્ના જાણે આ બધું મજાકમાં ગણતી હોય તેમ સતત હસતી હતી, પરંતુ આ બધાંથી સાનિનને સહેજે સરળતા ન થઈ. અને આ પ્રશ્નોત્તરીમાં જ્યારે જણાયું કે એને ક્યારો બનાવવો અથવા ખેડવાનો ખરેખર શો અર્થ થાય એ ય ખબર નથી ત્યારે તો એ પરસેવે રેબઝેબ થઈ ગયો...

"સારું ત્યારે," અંતે નિર્ણયાત્મક રીતે મારિયા નિકોલાયેવ્ના બોલી, "હવે હું તમારી મિલકત વિશે જાણી ગઈ છું... જેટલું તમે જાણો છો એટલું તો જાણી જ ગઈ છું...ઠીક તો તમે માણસ દીઠ શું કિંમત લેશો ?" એ વાત જાણીતી છે કે એ દિવસોમાં મિલકતની રકમ એમાં કામ કરતા ખેડૂતોના હિસાબ પ્રમાણે આંકવામાં આવતી.

"કેમ ?...મારા ખ્યાલ પ્રમાણે...પાંચસો રૂબલથી ઓછા મારે ન માંગવા જોઈએ..." સાનિન મહામુશ્કેલીએ બોલ્યો.

(ઓ પેન્તાલિયોન, પેન્તાલિયોન, તું ક્યાં છે ? આ જ વખત છે તારે 'બર્બર' કહી પોકારવાનો !)

જાણે વિચારમાં પડી હોય તેમ મારિયા નિકોલાયેવ્ના અગાસી

તરફ જોવા માંડી, "કેમ નહીં ?" જરા વાર રહી એ બોલી. "મને આ કિંમત સ્વીકારવા યોગ્ય છે એમ લાગે છે. હા, મેં બે દિવસ પછી સોદો કર્યો છે એટલે તમારે કાલ સુધી રહેવું પડશે. મને લાગે છે કે આપણે શરતો મંજૂર કરી લઈએ પછી તમે કેટલી ડિપોઝિટ માંગશો એ પણ જણાવી દેશો." સાનિનને કંઈ વાંધો લેવા જતો જોઈને એ તરત બોલી ઊઠી, "સારું, હવે બહુ થયું. રૂપિયાપૈસાના ગંદા લાભની આપણે પૂરતી વાતો કરી લીધી છે...જુઓ, હું તમને..."(એણે પોતાના પટ્ટામાં ખોસેલી નાનકડી મિનાકારીવાળી ઘડિયાળ પર નજર નાંખતા કહ્યું.) "ત્રણ વાગ્યા સુધી તમે મને આરામ કરવા દો, ત્યાં સુધી તમે જઈને જરા રૂલેટ (જુગાર) રમો."

"હું જુગાર રમતો નથી."

"ખરેખર ? તમે તો પૂર્ણતાની પ્રતિમા છો. વાત થઈ છે તો કહી દઉં હું પોતે પણ જુગાર રમતી નથી. એમ રૂપિયા ફેંકી દેવા એ મૂર્ખતા છે. સારું તો કસીનોમાં જઈ કોઈ નવા ચહેરા જોઈ આવો. તમને જાત-જાતના માણસો ત્યાં મળશે. ત્યાં મુગટ અને મૂછવાળી એક બુઢ્ઢી પણ છે. એ પણ એક અજબની ચીજ છે. અમારા એક રાજકુમાર છે. એ પણ ખાસ્સા મશ્કરા છે. ખૂબ રૂવાબદાર, સોયની અણી જેવું નાક અને જ્યારે 'થેલર' દાવ પર લગાવે ત્યારે વેઈસ્ટકોટની અંદરથી છાનામાના બીજી તરફ પહોંચતા કરે છે. અથવા તો છાપું વાંચો, બહાર ફરો.. નહીં તો એક શબ્દમાં કહું તો જે ગમે તે કરો...પરંતુ હું ત્રણ વાગે તમારી રાહ જોઈશ...નક્કી આપણે યોગ્ય સમયે ભોજન લઈ લેવાનું છે...આ કમબખ્ત જર્મનો સાંજનો ખેલ સાત વાગે શરૂ કરે છે." એણે પોતાનો હાથ આગળ ધર્યો,

"નારાજ નથી થયા ને ?"

"આ તમે શું કહો છો મારિયા નિકોલાયેવ્ના. હું શા માટે તમારા પર નારાજ થાઉં ?"

"તમને તકલીફ તો આપું છું. જરા રાહ જુઓ, હજી તો ઘણી

યે આપવાની છે !" એણે આંખો ઝીણી કરી કહ્યું અને લજ્જાથી લાલ બનેલા એના કપોલ પર ખંજન ઊપસી આવ્યાં.

"સારું ત્યારે, નમસ્કાર."

સાનિન આદરભેર નીચો નમ્યો અને બહાર નીકળ્યો. પોતાની પાછળ એને અટ્ટહાસ્યના પડઘા સંભળાયા, અને પસાર થતાં એક અરીસામાં જોયું કે મારિયા નિકોલાયેવ્નાએ પોતાના પતિની આંખો પર ટોપી દબાવી રાખેલી અને એ અસહાય બની પોતાના બંને હાથ આમતેમ ફંગોળી રહ્યો હતો.

● ● ●

ઓહ ! પોતાના ખંડમાં પોતાને એકલો જોઈ સાનિને શાંતિથી ઊંડો શ્વાસ લીધો. મારિયા નિકોલાયેવ્નાએ ખરું કહેલું કે એને આરામની જરૂર છે - આ બધા નવા પરિચયો, નવા સંઘર્ષો વાર્તાલાપોથી આરામ... એવો આરામ જ્યાં પેલી તદ્દન અપરિચિતા વિદેશી નારીની એકાએક, અયાચિત ઘનિષ્ઠતાએ પોતાનાં દિલ-દિમાગમાં ભરી દીધેલા ધુમ્મસ અને ધુમાડાને ઝાટકીને ફેંકી શકે ! અને આ બધું ક્યારથી શરૂ થયું ! જ્યારે એને ખબર પડી કે જેમ્મા એને ચાહે છે, અને જેમ્મા સાથે એનું વેવિશાળ નક્કી થઈ ગયું છે એની ખબર પડી એના આગલા દિવસથી જ લગભગ આ બધું શરૂ થઈ ગયું છે ! કેટલી શરમ, કેટલી બદનામીની વાત છે ? પછી એ મનોમન પોતાની એ પવિત્ર, અકલંકિત 'કબૂતરી' પાસે એનો અપરાધ શો છે એ નિશ્ચિતરૂપે જાણ્યા વિના જ હજાર હજારવાર ક્ષમા માંગવા માંડ્યો. હજાર વાર તો એણે આપેલા ક્રોસને એણે ચૂમ્યા કર્યો. એને આશા હતી કે આ સોદો ઇચ્છા મુજબ અને જલદી પતી જશે. (આ ઉતાવળ તો એને વાઈઝબાદેન લઈ આવી હતી) નહીં તો કોણ જાણે ક્યારનો એ..વહાલા ફ્રૅંકફર્ટને, એ વહાલા ઘરને, જે એને પોતાના ઘર જેવું જ લાગતું હતું...પોતાની પ્રિયતમાનાં ચરણોમાં પડવા દોડત. હવે તો કોઈ ઉપાય નહોતો. હવે તો એણે જે કંઈ ગળામાં પડે તે ગળવાનું છે...કપડાં પહેરો,

ભોજન લેવા જાવ, અને પછી ત્યાંથી થિયેટર પર જાવ..કદાચ કાલે જરા જલદી જવા દે !

એક બીજી વાતે પણ એને ખૂબ હેરાન કર્યો, હેરાન જ શું ? એને ગુસ્સો આવવા માંડ્યો. એક કૃતજ્ઞ ઉલ્લાસ અને પ્રેમથી ભર્યો ભર્યો એ જેમ્માના વિચારોમાં પોતાના સંમિલિત જીવન અને ભાવિના ગર્ભમાં પ્રસન્નતાનો જે ખજાનો છે... એ સર્વમાં નિરંતર ડૂબેલો રહેતો હતો.. છતાં આ વિલક્ષણ સ્ત્રી...આ માદામ પોલોઝોવ જાણે પરાણે એના ઉપર છવાઈ રહી હતી...એટલું જ નહીં એની આંખો પર પથરાઈ રહી હતી..અને એ પોતે એની છબીને ઝાટકીને દૂર નથી ફેંકી શકતો. એના સ્વરોના ધ્વનિતરંગોને ભૂલી નથી શકતો...એનાં વસ્ત્રોમાંથી આવતી નાનકડા-પીળા લીલીનાં ફૂલોની અજબ ભીની-ભીની તાજી અને તનમનમાં સમાઈ જતી સુગંધને એ નિરંતર સૂંઘતો રહ્યો છે. આ સ્ત્રી એની સાથે રમત રમે છે એ તદ્દન સ્પષ્ટ છે... એક પછી બીજી ચાલ ચાલી રહી છે. પરંતુ શા માટે? એને શું જોઈએ છે ? શું એ માત્ર એક ધનવાન અને ખરાબ એવી સ્ત્રી કે જેનું વર્ણન લગભગ 'વ્યભિચારિણી' કહીને કરવામાં આવ્યું છે ?... કે ધૂની છે ? અને પતિદેવ ? કેવું અજબનું પ્રાણી ? એનો એ સ્ત્રી સાથે છેવટે સંબંધ શું છે ? પરંતુ આ બધા પ્રશ્નો શા માટે સાનિને માથે લેવા જોઈએ ? પોલોઝોવ અને એની પત્ની સાથે એને શું નિસ્તબ ? તો પછી આ દિલ-દિમાગ પર છવાયેલી છબીને કેમ ઝાટકીને ફેંકી દેતો નથી ? જ્યારે એનું હૃદય વાસંતી દિવસ જેવા ઉજ્જવળ અને નિર્મળ એવા એક બીજા રૂપ ઉપર ન્યોચ્છાવાર હોય ત્યારે તો એણે ખાસ એ બધું ઘણું દૂર ફેંકી દેવું જોઈએ. કેવી રીતે આ રૂપ પેલા સ્વર્ગીય રૂપની પાછળ ડોકિયાં કરતાં રહેવાની હિંમત કરતું હશે ? પરંતુ એ ડોકિયાં કરે છે, જાણે એક ઉપહાસપૂર્ણ અટ્ટહાસ્ય કરી ખીજવતું ડોકિયાં કરે છે. એ ભૂખરી-ભૂખરી શિકારી આંખો, ગાલનાં એ ખંજન, નાગ જેવી લટો...શું ખરેખર આ બધાંએ એને એવો જકડી નથી લીધો કે જેથી આ બધું ખંખેરી નાંખવાની એની શક્તિ સમાપ્ત થઈ ગઈ?

છટ્…આ બધું વ્યર્થ છે. કાલે તો આ બધું એવું અદૃશ્ય થઈ જશે કે એનું નામનિશાન પણ નહીં રહે. પરંતુ શું એ તેને કાલે જવા દેશે ?

આ બધા પ્રશ્નો સાથે એણે વારંવાર મગજમારી કરી અને પછી ત્રણ થવા આવ્યા હતા. એણે કાળો ફ્રોક-કોટ પહેર્યો અને પોલોઝોવના ખંડમાં જતા પહેલાં પાર્કમાં ફરવા નીકળી પડ્યો.

● ● ●

એના દીવાનખાનામાં એને કોઈ એલચીઘરનો સેક્રેટરી મળ્યો - જર્મન જાતિનો સોનેરી વાળવાળો લાંબો વ્યક્તિ. બાજુમાંથી જોતાં એનો ચહેરો જરા ઘોડા જેવો દેખાતો હતો. એણે માથાના પાછળના ભાગમાં વાળમાં સેંથો પાડ્યો હતો. (એ દિવસોમાં આ એક નવી વાત હતી.) પરંતુ બીજા સાહેબ કોણ હશે ? અરે, આ તો વૉન ડૉનહોફ - જેની સાથે થોડા દિવસ પહેલાં એ દ્વન્દ્વયુદ્ધ લડેલો એ જ અફસર છે ! એ અહીં મળી જશે એવી તો સહેજે કલ્પના નહોતી, જો કે અભિવાદન માટે એ નીચો નમ્યો છતાં એક ક્ષણ તો એણે બેચેની અનુભવી.

"તમે લોકો શું પહેલાં ક્યારેય મળ્યા છો ?" મારિયા નિકોલાયેવ્નાએ સાનિનની પરેશાની પામી જતાં પૂછ્યું.

"જી હા, મને એ સૌભાગ્ય પહેલાં મળી ચૂક્યું છે." ડૉનહોફે ઉત્તર આપ્યો અને મારિયા નિકોલાયેવ્ના તરફ જરા નીચા નમીને દબાયેલા સ્વરે સ્મિત કરતાં કહ્યું,

"આ એ જ તો છે જેમના વિશે મેં આપને કહેલું…આપના… દેશવાસી…રશિયન.."

"ના હોય, ખરેખર ?" એની તરફ ધમકાવતી હોય એમ આંગળી હલાવતી એ પણ દબાયેલા સૂરે બોલી ઊઠી. પછી એકદમ એણે એની અને પેલા દૂબળા-પાતળા સેક્રેટરી મહાશયની વિદાય લીધી. એમના દરેક વર્તનથી સ્પષ્ટ હતું કે મારિયા નિકોલાયેવ્નાના સૌન્દર્યે ખરેખર એમનાં અંગે-અંગને વીંધી નાખ્યું છે… તે એની

તરફ મોં ફાડી જોયા કરતો હતો. તરત જ ડૉનહોફે ઘરના એક પરિચિત મિત્રની જેમ ખૂબ નમ્રતાપૂર્ણ શાલીનતા દર્શાવતાં વિદાય લીધી. જાણે વગર કહ્યે જ સમજતો ન હોય કે એણે હવે શું કરવાનું છે ! સેક્રેટરી સાહેબે જરા જક્કીવેડાં કર્યાં, પરંતુ મારિયા નિકોલાયેવ્નાએ ખૂબ સંક્ષિપ્ત શિષ્ટાચારપૂર્વક એમનો પીછો છોડાવ્યો.

"તમારી મહારાણી પાસે જાઓ," એ બોલી (એ વખતે વાઈઝબાદેનમાં બીજા દરજ્જાની રંગિણી જેવી કોઈ મોનાકોની રાજકુમારી રહેતી હતી.) "મારા જેવી સામાન્ય ખાનદાનવાળી સ્ત્રી સાથે તમારો વખત શા માટે બરબાદ કરો છો ?"

"શ્રીમતીજી, સાંભળો..." કમભાગી સેક્રેટરીએ એને વિશ્વાસમાં લેતાં કહ્યું," દુનિયાની બધી રાજકુમારીઓ..."

પરંતુ મારિયા નિકોલાયેવ્ના કઠોર હતી એટલે સેક્રેટરી સાહેબને પાછળ પાડેલા સેંથા સાથે વિદાય લેવી પડી.

આપણાં દાદીમા જેમ કહેતાં કે,"લાભ માટે શણગાર સજવા" મારિયા નિકોલાયેવ્ના બરાબર એવી જ રીતે શણગારાયેલી હતી. અત્યારે એણે ફોતોંજની ફેશનવાળો બાંયવાળો રેશમી, ચમકદાર ગુલાબી પોશાક પહેર્યો હતો, કાનમાં એક-એક હીરો હતો. એની આંખો હીરા કરતાં સહેજે ઓછી ચમકદાર નહોતી.. એ મોજમાં હતી અને જાણે અત્યારે પૂરેપૂરી ખીલી હતી.

એણે સાનિનને પોતાની બાજુમાં બેસાડ્યો અને પેરિસ વિશે વાતો કરવા માંડી. થોડા દિવસોમાં એને ત્યાં જવાનું હતું. જર્મન લોકો વિશે કહેવા માંડી કે તેઓ એને ખૂબ કંટાળો આપે છે, જ્યારે ચાલાક દેખાવાનો પ્રયત્ન કરે છે ત્યારે તો પૂરેપૂરા બેવકૂફ લાગે છે અને જે બેવકૂફ હોય છે તે હેરાન કરવાવાળા ચાલાક નીકળે છે. પછી અચાનક એણે સાનિનને વિષયાંતર કરી પૂછી લીધું કે શું એ વાત ખરી છે કે એ કોઈ મહિલાને માટે એક અફસર સાથે દ્વન્દ્વયુદ્ધ લડેલો ?

"આ બધું તમે ક્યાં સાંભળ્યું ?" સાનિન આશ્ચર્યમૂઢ થઈ બબડ્યો.

"દિમિત્રી પાવલોવિચ, આ દુનિયા આખી જાતજાતની અફવાઓથી ભરી છે. અને મને એ પણ ખબર છે કે તમે જે કંઈ કર્યું તે સોળ આની સારું છે. તમે એક ખરા બહાદુર જેવું કામ કર્યું છે. કહો ને, એ મહિલા શું તમારી ભાવિ પત્ની જ છે ને ?"

જરા ગુસ્સામાં સાનિનના કપાળમાં કરચલીઓ પડી...

"ઠીક ત્યારે, હું તો પૂછું" મારિયા નિકોલાયેવ્ના તરત જ બોલી, "તમે એ વિશે વાત કરવા નથી ઈચ્છતા, મને ક્ષમા કરો, હવે હું વધારે નહીં પૂછું. માઠું ન લગાડશો." બાજુના ખંડમાંથી હાથમાં છાપું લઈ પોલોઝોવે પ્રવેશ કર્યો. "હવે શું કરવું છે ? કે પછી ભોજન તૈયાર છે ?" એણે પોલોઝોવને પૂછ્યું.

"એક જ મિનિટમાં ભોજન પીરસવામાં આવશે પણ મેં હમણાં જ 'નોર્ધન બી' છાપામાં વાંચ્યું કે રાજકુમાર ગ્રોમ્બોઈ મૃત્યુ પામ્યાં છે."

મારિયા નિકોલાયેવ્નાએ આંખો ઉઠાવી જોયું. "અરે, શું મૃત્યુ પામ્યાં ? પરમાત્મા એમના આત્માને શાંતિ આપે !" પછી સાનિન તરફ ફરીને એ બોલી, "મારા જન્મદિવસે દર ફેબ્રુઆરીમાં એ મારો આખો ખંડ મોરપીંછનાં ફૂલોથી શણગારતાં હતાં. તે છતાં શિયાળામાં પીટર્સબર્ગમાં રહેવા માટે એ પૂરતું નથી હોતું. એ લગભગ સિત્તેર વર્ષથી પણ મોટી ઉંમરનાં હશે." એણે ફરી પોતાના પતિને સંબોધિત કરી પૂછ્યું, "હા, છાપામાં એમના અંતિમ સંસ્કારનું વર્ણન છે. આખો દરબાર ત્યાં હતો. રાજકુમાર કોવ્રિઝિકને આ પ્રસંગે શોકાંજલિ લખી હતી."

"કેવું સદ્ભાગ્ય !"

"તમને વાંચી સંભળાવું ? રાજકુમારે તો એમને સાચા રાજનીતિજ્ઞ કહી ઓળખાવ્યાં છે."

"ના, ના, રહેવા દો. એ રાજનીતિજ્ઞ હતાં ! એ તાત્યાના

યુર્યેવનાના માણસ સિવાય બીજું કાંઈ જ નહોતાં. ચાલો, આપણે ભોજન લઈ લઈએ. મડદાંઓને મડદાં દાટવા દો. દિમિત્રી પાવલોવિચ તમારો હાથ આપજો તો !"

• • •

આગલા દિવસ જેવું જ ઉમદા ભોજન હતું. આનંદભર્યા વાર્તાલાપમાં સમય પસાર થઈ ગયો. મારિયા નિકોલાયેવ્ના વાતો કરવામાં કુશળ હતી. સ્ત્રીઓમાં - ખાસ કરીને રશિયન સ્ત્રીઓમાં આવી પ્રતિભા ઓછી મળે. શબ્દોની પસંદગી પર એણે ખાસ ધ્યાન ન આપ્યું, એની વાતચીતનો મુખ્ય શિકાર એના વતનની સ્ત્રીઓ જ બની...એના કેટલાક તીખા અને રસીલા પ્રયોગ પર તો સાનિન કેટલીયે વાર ખડખડાટ હસી પડ્યો. મારિયા નિકોલાયેવ્નાને આ ઢોંગ, ચાપલૂસી અને ખરીખોટી વાતો પર નફરત હતી...પરંતુ લગભગ બધે જ એ બધું જોવા મળતું હતું. જે નીચલા થરના વાતાવરણમાં એનો ઉછેર થયેલો એની મગરૂબી સાથે પ્રશંસા કરી, એના વિશે પૂરતાં ગપ્પાં માર્યાં કર્યાં, પોતાના સંબંધીઓ અને પોતાના બાળપણ વિશે કંઈક અજબની વાતો સંભળાવી. પોતાને ગામડાંની ગામડિયણ સુધ્ધાં કહી નાંખી...સાનિન સમજી ગયો કે એણે પોતાની ઉંમરની અન્ય સ્ત્રીઓ કરતાં વધુ દુનિયા જોઈ છે.

પોલોઝોવે પેટ દબાવીને ખાધું, પિવાય એટલું પીધું. ક્યારેક-ક્યારકે એ પોતાની પત્ની અને સાનિન તરફ ફિક્કી, ધૂંધળી પણ જોઈ શકાય તેવી આંખે જોઈ લેતો હતો...પરંતુ ખરું પૂછો તો એકદમ આંખો ફાડીને જોતો હતો. મારિયા નિકોલાયેવ્નાએ તેની તરફ ફરીને કહ્યું, "તમે પણ કેટલા ચતુર છો, વહાલા, જુઓ ને, ફ્રેંકફર્ટથી કેવી સરસ ખરીદી કરી આવ્યા છો ? એટલે જ તો હું તમારા કપાળે ચૂમી લઈશ. હા, પણ ફરી આવું કામ કરવાની કોશિશ ન કરશો."

"નહીં કરું," ફળ કાપવાના ચાંદીના ચપ્પુથી અનાનાસ કાપતાં પોલોઝોવે કહ્યું.

મારિયા નિકોલાયેવ્નાએ ટેબલ પર ટકોરા મારતાં તેની તરફ અંદરથી જોયું. "આપણી શરત મંજૂર ?" ખૂબ અર્થપૂર્ણ રીતે એણે

પૂછ્યું.

"ચોક્કસ-ચોક્કસ."

"સારું, તમે જ હારશો."

પોલોઝોવે પોતાની દાઢી આગળ ધરતાં કહ્યું,"જો મારિયા નિકોલાયેવ્ના, હું માનું છું કે તને આટલો બધો આત્મવિશ્વાસ હોવા છતાં આ વખતે તું હારીશ."

"શું હું જાણી શકું કે કઈ વાતની શરત છે ?" સાનિને પૂછ્યું.

"હમણાં નહીં." મારિયા નિકોલાયેવ્ના જવાબ આપી હસી પડી.

ઘડિયાળમાં સાતના ડંકા પડ્યા. વેઈટરે આવી કહ્યું કે ગાડી તૈયાર છે. પોલોઝોવ પત્નીને બહાર સુધી મૂકવા ગયો અને પછી જલદીથી આવી પોતાની ખુરશી પર ઢળી પડ્યો.

"ધ્યાન રાખજો, દીવાનને પત્ર લખવાનું ભૂલી ન જશો !" મારિયા નિકોલાયેવ્નાએ હોલમાંથી જ બૂમ પાડી.

"નહીં ભૂલું, ફિકર ન કરીશ ! હું વાયદાનો પાકો માણસ છું."

• • •

ઈ.સ. ૧૮૪૦માં વાઈઝબાદેન થિયેટર એક જીર્ણ ઈમારત હતી. બધાં જ જર્મન થિયેટરોનાં એ જ હાલ હતા. સામાન્ય કક્ષાની ફાંકાબાજી અને નિયમપાલનની દૃષ્ટિએ સાધારણ નાટકમંડળી પણ એ જ સ્તરની હતી. પ્રખ્યાત હર ડેવ્રિયેન્ટના નિર્દેશનમાં સંચાલિત કાર્લરૂયે, આજના સમયમાં આવા થિયેટરનું જીવતું-જાગતું ઉદાહરણ છે.

"મહામાન્યા માદામ વૉન પોલોઝોવ" માટે જે બૉક્સ નક્કી હતું (ભગવાન જાણે વેઈટરે એ કઈ રીતે રોકાવ્યું, ડાયરેક્ટરને લાંચ તો એ આપી ન શકે, કે પછી કોણ જાણે આપી યે શકે !) એની પાછળ સોફાથી સુસજ્જ એક નાનકડો ખંડ હતો. બૉક્સમાં પ્રવેશતાં પહેલાં મારિયા નિકોલાયેવ્નાએ સાનિનને થિયેટરને તેના બીજા વિભાગથી જુદો કરતો ઝીણો પડદો નાંખી દેવા કહ્યું.

"લોકો મને જુએ એવું હું ઈચ્છતી નથી."

એણે કહ્યું,"નહીં તો બધાં અહીં જ ભીડ કરશે." એણે સાનિનને હોલ તરફ પીઠ રખાવી પોતાની પાસે બેસાડ્યો, જેથી બૉક્સ ખાલી

દેખાય.

ઑર્કેસ્ટ્રાએ ફિગારોના લગ્નનો (નાન્દી) પાઠ શરૂ કર્યો...પડદો ઊઠ્યો, ખેલ શરૂ થયો.

આ નાટક પણ ઘણાંબધાં ઘરેલુ નાટક જેવું પ્રતિભાશીલ કરતાં પાંડિત્યપૂર્ણ વધુ હતું. લેખક, ખૂબ શ્રમપૂર્વક, નિર્દોષ છતાં એવી જ શૈલીમાં, ખરાબ રીતે 'શક્તિશાળી' અને 'ગંભીર' વિચારોને દુઃખપૂર્ણ સંઘર્ષના રૂપમાં, ખાસ 'એશિયન નિરસતા'ને વિસ્તારપૂર્વક રજૂ કરે છે. આ 'એશિયન નિરસતા' પણ સાધારણ કોલેરા કરતાં ભિન્ન 'એશિયન કૉલેરા' જેવી કોઈ ચીજ છે. મારિયા નિકોલાયેવ્ના અડધા એક કલાક સુધી તો ચૂપચાપ બેસી રહી, પરંતુ જ્યારે પ્રેમીએ પોતાની પ્રેમિકાની બેવફાઈ જાણી પછી (એણે ફૂલેલી બાંયવાળો અને મખમલી કૉલરવાળો બદામી ફ્રોક-કોટ અને છીપોનાં બટનવાળો કળીવાળો વેઈસ્ટ કોટ, ચામડાનો પટ્ટો, લીલો પાયજામો અને એક બાજુથી ચમકતી સપાટીવાળા સફેદ મોજાં પહેર્યાં હતાં.) સાંકડા ખૂણાની જેમ કોણીઓવાળી, મુટ્ઠીઓ છાતી સામે દબાવી કૂતરાની જેમ ભસવા લાગ્યો ત્યારે મારિયા નિકોલાયેવ્નાથી રહેવાયું નહીં.

"કોઈ માઈલો દૂર શહેરનો તદ્દન ખરાબ ફ્રેંચ અભિનેતા પણ આ અત્યંત પ્રસિદ્ધ જર્મન અભિનેતા કરતાં વધુ સારો અને વધુ સ્વાભાવિક અભિનય કરી શકે..." ચિડાઈને એ બોલી. એણે બાજુમાં સોફો થપથપાવતાં સાનિનને કહ્યું, "અહીં આવો...આપણે વાતો કરીએ."

સાનિને એમ જ કર્યું.

મારિયા નિકોલાયેવ્નાએ એની તરફ જોયું. "તમે તો મીણ જેવા નરમ છો. તમારી પત્ની તમારી જોડે સુખી થશે. આ રંગલો." એણે પોતાના પંખાની ડાંડીથી ચીંધતા બરાડા પાડતા અભિનેતા તરફ સંકેત કર્યો, તે અભિનેતા કોઈ કુટુંબમાં ગૃહ-શિક્ષકનો અભિનય કરી રહ્યો હતો—"આ રંગલાએ મને ફરીથી યુવાનીના દિવસો યાદ કરાવ્યા. એકવાર હું એક શિક્ષકના પ્રેમમાં પડી હતી. એ મારો પહેલો નહીં, બીજો પ્રેમી હતો. પહેલીવાર હું દોનસ્કોય મઠના સીધાસાદા બ્રહ્મચારીના

પ્રેમમાં પડી હતી. ત્યારે હું બાર વર્ષની હતી...માત્ર રવિવારે જ હું એને જોતી હતી. એ મખમલી ઝભ્ભો પહેરતો, લવંડર જળથી પોતાને સુગંધિત બનાવતો અને ફ્રેંચમાં 'ક્ષમા કરો, માફ કરો' કહેતો-કહેતો ધાતુની ધૂપદાની લઈ મહિલાઓની ભીડમાં ઘૂમતો. ક્યારેય આંખો ઊંચી કરી જોતો નહિ અને એની પાંપણો તો એટલી લાંબી હતી...આટલી લાંબી હતી!" મારિયા નિકોલાયેવ્નાએ પોતાની ટચલી આંગળીના નખથી પોતાની અડધી આંગળી જેટલી લંબાઈ સાનિનને બતાવી. "મારા શિક્ષકનું નામ મોશિયે ગાસ્તન હતું. એ ખૂબ વિદ્વાન હતા અને તમને ખબર છે ખૂબ કડક હતા. એ સ્વિસ હતા. એમનો ચહેરો તો ખૂબ કડક હતો. મોટી-મોટી ગુચ્છાદાર કાળી ડામર જેવી મૂછો, લોઢું પિગાળીને બનાવ્યા હોય તેવા હોઠ. મને એમની બીક લાગતી હતી. એ મારા ભાઈના શિક્ષક હતા. ભાઈ મરી ગયો, ડૂબી ગયો. એક વખત એક વણજારાએ પણ મારા ભયંકર મૃત્યુની આગાહી કરી હતી, પરંતુ એ બધાં ગપ્પાં. મને એ બધામાં વિશ્વાસ નથી. તમે ક્યારેય ઇપ્પોલિત સિદોરિચને છરી લીધેલા કલ્પી શકો છો ?"

"છરા જેવી બીજી ઘણીયે વસ્તુઓ છે જેનાથી માણસનું મૃત્યુ થઈ શકે."

"એ બધી નકામી વાતો છે. તમે કેવા અંધશ્રદ્ધાળુ છો ! હું તો સહેજે નથી. જે થવાનું છે તે તો થવાનું જ છે. હા, તો મોશિયે ગાસ્તન અમારા મકાનમાં જ રહેતા હતા. એમનો ખંડ મારા ખંડ પાસે જ હતો. ક્યારેક રાત્રે મારી આંખો ખૂલી જતી તો હું એમના પગલાંનો અવાજ સાંભળ્યા કરતી. એ ખૂબ મોડા ઊંઘતા. ક્યારેક તો મને ડરથી અથવા તો કોઈ બીજી લાગણીથી એવું થતું કે જાણે એકદમ બેભાન થઈ જઈશ...મારા પિતા તો ભાગ્યે જ કક્કો શીખ્યા હશે. પરંતુ એમણે અમને સારું શિક્ષણ આપ્યું હતું. તમે માનશો, હું લેટિન પણ જાણું છું."

"તમે અને લેટિન ?"

"હા, હું ! મોશિયે ગાસ્તાને મને શીખવ્યું. એમની પાસે મેં 'ઇનિડ' વાંચેલું. ખૂબ નીરસ હતું. પરંતુ એમાં કેટલાક ભાગો ખૂબ સુંદર છે. તમને પેલું યાદ છે જ્યારે દીદો અને ઇનિયાસ જંગલમાં..."

"હા, હા, મને યાદ છે ને." સાનિન તરત જ બોલ્યો. કોણ જાણે ક્યારનોય એ લેટિન ભૂલી ગયો હોય અને 'ઈનિડ'ની ધૂંધળી છાપ એના મન પર ન રહી ગઈ હોય !

મારિયા નિકોલાયેવ્નાએ નજર ઉઠાવી ત્રાંસી આંખે ભરી-ભરી નજર નાંખતા કહ્યું,"પરંતુ એમ ન માનશો કે હું કોઈ વિદુષી છું. ભગવાન જાણે છે કે હું નથી, મને કોઈ વિદ્યા આવડતી નથી. હું પરાણે લખી શકું છું...હું મોટેથી વાંચી પણ શકતી નથી, ખરેખર! પિયાનો નથી વગાડી શકતી, ચિત્ર નથી દોરી શકતી, કંઈ જ આવડતું નથી...તમને જેવી દેખાઉં છું એથી વિશેષ હું કાંઈ જ નથી."

એણે પોતાના હાથ પસાર્યા, અને કહેવાનું ચાલુ રાખ્યું,"હું આ બધું તમને કહું છું કેમ કે સૌથી પહેલું એ કે આ જડબુદ્ધિઓની વાત ન સાંભળવી પડે (એણે રંગમંચ તરફ લેટિનમાં લખેલું મહાકવિ વર્જિલના મહાકાવ્ય તરફ ઈશારો કર્યો જ્યાં અત્યારે પોતાની કોણી કાઢી અભિનેતાની જગ્યાએ એક અભિનેત્રી આક્રંદ કરી રહી હતી.) અને બીજું હું તમારી દેવાદાર છું...તમારા વિશે તો તમે કાલે બધું કહી ચૂક્યા છો."

"મારા વિશે જાણવા તમે જ ઈચ્છ્યું હતું." સાનિને કહ્યું.

મારિયા નિકોલાયેવ્ના એકદમ એના તરફ ઢળી,"અને શું તમને એ જાણવામાં રસ નથી કે હું કેવા પ્રકારની સ્ત્રી છું ? પણ ખેર...મને એની નવાઈ નથી." પોતાના સોફાની ગાદી પર ફરી પીઠ ટેકવતાં એણે કહ્યું,"જ્યારે કોઈ પુરુષ પ્રેમ ખાતર લગ્ન કરવાનો હોય અને એમાંય એક દ્વન્દ્વયુદ્ધ લડી ચૂક્યો હોય તો એને બીજી સ્ત્રી વિશે વિચારવાની પણ ફુરસદ ક્યાંથી હોય ?"

મારિયા નિકોલાયેવ્ના અટકી. પોતાના મોટામોટા, સફેદ દૂધ જેવા દાંતથી પંખાની ડાંડી ધીરે ધીરે ચાવવા માંડી.

સાનિનને થયું પાછલા બે દિવસથી જેનાથી એનો શ્વાસ રુંધાતો હતો એ જ ધુમાડો ફરી એના દિમાગમાં છવાતો જાય છે. એની અને મારિયા નિકોલાયેવ્ના વચ્ચે ખૂબ દબાયેલા કંઠે લગભગ ગૂસપૂસ જેવા અવાજે વાર્તાલાપ થતો હતો અને એથી એ વિશેષ ઉશ્કેરાઈ ગયો,

ઉત્તેજિત થયો.

આ બધાનો અંત ક્યારે આવશે ? નબળી ઈચ્છાશક્તિવાળા માણસો કાંઈ પણ વસ્તુનો અંત પોતે નથી લાવતા, ઊલટું એ આવે તેની રાહ જ જોયા કરે છે. મંચ પર કોઈ છીંક્યું. લેખકે હાસ્ય લાવવા માટે નાટકમાં છીંક ગોઠવી દીધી હતી. નાટકમાં જરાય હાસ્યનું તત્ત્વ નહોતું એટલે આટલાથી જ કૃતજ્ઞ પ્રેક્ષકો હસી પડ્યા. આ હાસ્યે સાનિનને ઉશ્કેર્યો.

ક્યારેક એવી ક્ષણો પણ આવતી જ્યારે એના માટે પણ એ સમજવું મુશ્કેલ બનતું કે એ નારાજ છે કે ખુશ, કંટાળી ગયો છે કે પ્રસન્ન બની રહ્યો છે. કદાચ જેમ્મા એને જોઈ શકી હોત તો !

● ● ●

"કેવું રમૂજી છે, છે ને ?" અચાનક મારિયા નિકોલાયેવ્ના બોલી ઊઠી, "એક વ્યક્તિ ખૂબ શાંતિથી કહે છે, 'હું લગ્ન કરવાનો છું. પરંતુ હું પાણીમાં પડવા જાઉં છું.' એવી વાત કોઈ શાંતિથી નથી કહેતું. અચ્છા તો આ બેમાં શો ફેર છે ? બંને હાસ્યાસ્પદ છે. કેમ છે ને ?" સાનિન ખૂબ ગુસ્સે થઈ ગયો હતો.

"આ બન્નેમાં ઘણો ફેર છે, મારિયા નિકોલાયેવ્ના. કેટલાક માણસો માટે પાણીમાં કૂદી પડવું એ કાંઈ ભયાનક વાત નથી. તેઓ તરી શકે છે, અને રહી આ વિચિત્ર લગ્નોની વાત, તમે જ્યારે વાત છેડી જ છે તો –"

મારિયા નિકોલાયેવ્નાએ પંખાની દાંડી પોતાની હથેળીમાં પછાડતાં કહ્યું, "દિમિત્રી પાવલોવિચ, તમે જે કહેતા હતા તે પૂરું કરો. તમારી વાત પૂરી કરો. શી વાત હતી તે હું જાણું છું. તમે કહેવા માંગતા હતા કે શ્રીમતીજી, તમે જ્યારે વાત છેડી છે તો કહેવું પડે છે કે તમારાં લગ્નથી વિશેષ બીજું વિચિત્ર શું હોઈ શકે ? ભૂલશો નહિ, હું તમારા પતિદેવને તદ્દન નાનપણથી જાણું છું. તમે પોતે તો જાણે મોટા તરવૈયા ન હો, એમ આ બધું કહેવા માંગતા હતા ને ?"

"માફ કરજો..." સાનિને પોતાની વાત શરૂ કરી, "શું એ સાચું નથી ? સારું નથી ?" મારિયા નિકોલાયેવ્નાએ ભારપૂર્વક કહ્યું, "આમ

જુઓ, મારી આંખમાં આંખ મેળવી કહો કે મેં જે કહ્યું છે તે સાચું નથી."

ક્યાં જોવું તે સાનિન સમજ્યો જ નહિ. અંતે એ બોલ્યો,"ત્યારે તો ઠીક - તમે જો એમ માનતાં હો તો એ જ ખરું છે."

મારિયા નિકોલાયેવ્નાએ માથું હલાવ્યું. "સારું ત્યારે...તમારા જેવા સારા તરવૈયાએ શું ક્યારેય તમારી જાતને નથી પૂછ્યું કે આવી સ્ત્રી માટે જે ગરીબ નથી, મૂર્ખ નથી, ફૂવડ કે કદરૂપી નથી, એને આવું અદ્ભુત કામ કરવાનું શું કારણ હોઈ શકે ? જવા દો. કદાચ એમાં તમને રસ ન હોય, હા, હું, તમને એનું કારણ જણાવીશ. પણ હમણાં નહિ, ઈન્ટરવલ પૂરો થશે પછી જણાવીશ. મને દર વખતે ડર લાગે છે કે ક્યાંક કોઈ આવી ન પડે..."

મારિયા નિકોલાયેવ્નાએ ભાગ્યે જ પોતાનું વાક્ય પૂરું કર્યું હશે કે બૉક્સનો દરવાજો અડધો ખૂલ્યો અને તિરાડમાંથી એક ચહેરો ધસી આવ્યો. લાલ-લાલ, પરસેવાથી નીતરતો, યુવાન હોવા છતાં બાંકો, જેના પર વાંકું નાક, પાતળી લાંબી લટોથી ઘેરાયેલા ઊંચા ઊડેલા ચામાચીડિયા જેવા કાન, અર્ધી મીંચેલી જિજ્ઞાસુ આંખો ઉપર સોનેરી ફ્રેમવાળાં ચશ્માં અને ચશ્માં પર પણ નાક ન દબાવી દેતાં બીજાં ચશ્માં...એ ચહેરાએ આજુબાજુ જોઈ મારિયા નિકોલાયેવ્નાને શોધી કાઢી, બાળી મૂકે એવું હાસ્ય કર્યું, અને કેટલીયે વાર ગુનેગારની જેમ માથું હલાવ્યું. માથા નીચે એક પાતળી દોરડા જેવી ડોક દેખાતી હતી.

મારિયા નિકોલાયેવ્નાએ ચહેરા તરફ રૂમાલ હલાવ્યો,"મારી તબિયત સારી નથી. મારી તબિયત સારી નથી." એ ચહેરા પર આશ્ચર્યના ભાવ પ્રગટ્યા. ચહેરાનો માલિક પરાણે હસતા રોતલ અવાજે, ક્યારેક જેનાં ચરણોમાં પડેલા એ લિટ્ઝની નકલ કરવા જતો. જતાં પહેલાં બોલ્યો,"બહુ સારું, બહુ સારું."

"આ વિચિત્ર પ્રાણી કોણ છે ?" સાનિને પૂછ્યું. "આ ? વાઈઝબાદેનના એક વિવેચક છે. તમે એને સાહિત્યિક વિવેચક કહો કે ખુશામતિયા કહો, જે ગમે તે કહો. અહીંના સ્થાનિક કૉન્ટ્રેક્ટરના પગારદાર છે એટલે દરેક ચીજનાં એમણે વખાણ કરવાં પડે છે. દરેક

વિશે ઉત્સાહ બતાવવો પડે છે. ભલે એમના મનમાં આ બધાં વિરુદ્ધ વિદ્રોહ ભર્યો હોય, પરંતુ એ વિદ્રોહ બહાર આવવાનું સાહસ નથી કરી શકતો. મને એમનો બહુ ડર લાગે છે, ભયંકર વાતોડિયા છે. હું અહીં થિયેટરમાં છું એમ એ બધાંને કહેતા ફરશે. ખેર, પણ એથી શો ફેર પડે ?"

ઑર્કેસ્ટ્રાએ યુગલનૃત્યની ધૂન બજાવી, પર્દા હાલ્યા અને ઊંચા ઊઠ્યા. અત્યંત અવાસ્તવિક અને રુદનમય દૃશ્ય સામે ખૂલ્યું. "ઓહ" - મારિયા નિકોલાયેવ્નાએ પોતાના સોફા ઉપર આરામથી બેસતાં કહ્યું, "તમે લાચાર છો અને તમારી પ્રિયતમાના સંગમાં આનંદ માણવાને બદલે તમારે પરાણે મારી બાજુમાં બેસી રહેવું પડ્યું છે. એટલે આંખો આવી લાલ-પીળી ન કરશો. હું તમારી મનઃસ્થિતિ સમજું છું, એટલે તો મેં તમને વચન આપ્યું છે કે તમે મનફાવે ત્યાં જજો. પરંતુ અત્યારે તો તમારે મારી વાત સાંભળવાની છે. તમને એ જાણવું ગમશે કે હું સૌથી વધુ પ્રેમ શેને કરું છું ?"

"સ્વતંત્રતા," સાનિને અનુમાન કર્યું. મારિયા નિકોલાયેવ્નાએ પોતાનો હાથ એના હાથ ઉપર મૂકી દીધો.

"હા, દિમિત્રી પાવલોવિચ," એ બોલી. એના સ્વરમાં સાચી પ્રામાણિકતા અને ગંભીરતા ધ્વનિત થતી હતી, "સૌથી વિશેષ અને સૌથી પહેલી સ્વતંત્રતા. હું બહુ અભિમાનથી કહું છું એમ ન માનશો, વખાણવા જેવી વાત નથી. છતાં હું હંમેશાં સ્વતંત્ર રહી છું અને મરીશ ત્યાં સુધી રહીશ ! હું માનું છું કે મેં પૂરતી ગુલામી જોઈ છે અને નાનપણમાં હું પોતે ભોગવી પણ ચૂકી છું. અને...અને...મોશિયે ગાસ્તન...મારા શિક્ષકે મારી આંખો ખોલી નાંખી. કદાચ હવે તમે સમજી શકશો કે મેં ઇપ્પોલિન સિદોરિચ સાથે લગ્ન કેમ કર્યાં ? હું એમની સાથે સ્વતંત્ર છું, તદ્દન સ્વતંત્ર, હવાની જેમ, આંધીની જેમ સ્વતંત્ર છું. હું લગ્ન પહેલાં જ જાણતી હતી કે લગ્ન થયા બાદ હું પોતે જ મારી સ્વામિની બની રહીશ."

મારિયા નિકોલાયેવ્ના થોડીવાર ચૂપ રહી અને પોતાનો પંખો એક બાજુ હડસેલી દીધો, "અને એક બીજી વાત પણ તમને કહેવામાં

મને કોઈ વાંધો નથી. એ વિચારવામાં મને ક્યારેય મુશ્કેલી નથી પડી, એમાં મને મઝા આવે છે, એટલા માટે તો આપણને ભેજું મળ્યું છે. પરંતુ હું ક્યારેક મારાં કાર્યોનાં પરિણામ વિશે વિચારતી નથી. ન તો હું એનો વિચાર કરું છું, ન એને લઈને બહુ અફસોસ કરું છું. અરે, આ દુનિયામાં જે થવાનું હોય તે થયા કરે, એ શું એટલું મહત્ત્વનું છે?... મારો તો સિદ્ધાંત છે. એથી કંઈ ફેર પડતો નથી. રશિયનમાં એને કઈ રીતે કહું? અને આ દુનિયામાં એવું શું છે જેથી ક્યાંય ફેર પડે? જુઓ, આ દુનિયામાં મારી પાસે કોઈ હિસાબ માંગવાનું નથી અને 'ત્યાં' (એણે ઉપર ઈશારો કર્યો.) ખેર ત્યાંવાળા પોતાની રીતે સમજ્યા કરે. જ્યારે કોઈ મારો ન્યાય કરશે ત્યારે હું 'હું' નહીં હોઉં. સાંભળો છો? કંટાળો તો નથી આવતો ને?"

સાનિન માથું નીચું કરીને બેઠો હતો. હવે એણે માથું ઊંચક્યું, "મારિયા નિકોલાયેવ્ના, હું સહેજે કંટાળ્યો નથી. ખૂબ ઉત્સુકતાથી તમારી વાતો સાંભળું છું. પણ મને કહેવા દો કે ખુદ મને જ પ્રશ્ન થાય છે કે તમે આ બધું મને કેમ કહો છો?"

મારિયા નિકોલાયેવ્ના સોફા પર જરા સરકી, "તમે તમારી જાતને જ પૂછો ને...ખરેખર શું તમે મૂર્ખ છો? કે પછી આ માત્ર તમારું સૌજન્ય જ છે?"

સાનિને પોતાનું માથું જરા વધારે ઊંચું કર્યું, મારિયા નિકોલાયેવ્ના પોતાના ચહેરાના ભાવ કરતાં તદ્દન જુદા જ શાંત સ્વરે કહેતી હતી, "હું આ બધું તમને કહું છું કેમ કે તમે મને ગમો છો. નવાઈ ન પામશો. હું મજાક નથી કરતી...તમને સુખદ ન લાગે એવી કોઈ મારી સ્મૃતિ તમે તમારી સાથે ન લઈ જશો એટલે કે - કોઈ ખોટી સ્મૃતિ. જો કે એની મને બહુ ચિંતા નથી. એટલે જ હું તમને અહીં લલચાવીને લઈ આવી છું અને તમારી સાથે આમ મુક્ત રીતે એકાંતમાં વાત કરું છું. જી હા, ખોટું નથી કહેતી, ખૂબ દિલ ખોલીને વાતો કરી રહી છું, દિમિત્રી પાવલોવિચ, અને ધ્યાન રાખજો, હું એ પણ જાણું છું કે તમે કોઈ બીજી યુવતીને ચાહો છો, એની સાથે લગ્ન કરવાના છો. કંઈ નહિ તો મારી નિઃસ્વાર્થતાને સમજો. પરંતુ હા, તમે પણ જો ઈચ્છો તો કહી શકો કે

એથી શો ફેર પડે છે ?"

એ હસી પડી, પરંતુ એનું હાસ્ય અધવચ્ચે જ અટકી પડ્યું, અને એકદમ એવી ગતિહીન બનીને બેઠી કે જાણે એના પોતાના શબ્દોએ જ એને આશ્ચર્યચકિત કરી નાંખી ન હોય ! હંમેશાં પ્રફુલ્લિત અને નિડર રહેતી આંખો પર એક છાયા ઘેરાઈ હતી - ડરની કે વિષાદની છાયા.

સાનિન મનમાં જ બોલ્યો,"કેવી નાગણ છે, ઓહ કેવી નાગણ છે ! પરંતુ કેવી સુંદર નાગણ !"

"મારું દૂરબીન આપો તો," મારિયા નિકોલાયેવ્ના ઓચિંતી બોલી ઊઠી. "શું ખરેખર આ યુવાન સ્ત્રી આવી ભયાનક હોઈ શકે એ જરા મારે જોવું છે. તમને ખબર હશે કે નૈતિકતાની દૃષ્ટિએ સરકારે એને છુટ્ટી કરી છે કે જેથી નવયુવાનો એના પ્રેમમાં ન પડે."

સાનિને દૂરબીન એના હાથમાં આપ્યું. એને હાથમાં લઈ એક ક્ષણ એણે એનો હાથ પોતાના હાથમાં પકડી રાખ્યો. "આટલા બધા ગંભીર થવાની જરૂર નથી," એણે સ્મિત કરતાં ધીરા અવાજે કહ્યું,"જુઓ, મને કોઈ બાંધીને રાખે એમ નથી, એટલે હું પણ કોઈને બાંધી રાખવાનો પ્રયત્ન નથી કરતી. મને સ્વતંત્રતા પ્રિય છે એમાં કોઈના પર ઉપકાર નથી કરતી. અને એ વાત માત્ર મારા માટે જ નથી. હવે જરા સરકીને બેસો અને આપણે નાટક જોઈએ."

મારિયા નિકોલાયેવ્નાએ રંગમંચ તરફ દૂરબીન તાક્યું. બૉક્સના ઝાંખા અંધારામાં બાજુમાં બેઠેલા સાનિન અજાણતાં જ એના માંસલ દેહની ગરમી અને સુગંધને શ્વાસમાં પીતો રહ્યો અને એ જ અજ્ઞાત રીતે એણે આજે સાંજ દરમ્યાન જે કહ્યું હતું, ખાસ કરીને હમણાં જ થોડીવાર પહેલાં જે કંઈ કહ્યું હતું એ બધું મનમાં ઊલટસૂલટ કરતો રહ્યો.

● ● ●

નાટક લગભગ એક કલાક કે એથી પણ સહેજ વધુ સમય ચાલ્યું, પરંતુ સાનિન અને મારિયા નિકોલાયેવ્ના રંગમંચ તરફ જોવાનું બંધ કરી વાત કરવામાં મશગૂલ બની ગયાં. પહેલાંની જેમ જ તેમની વાતો ચાલતી રહી, પરંતુ આ વખતે સાનિન મૂંગો ન રહ્યો. એ મનોમન પોતાના ઉપર અને મારિયા નિકોલાયેવ્ના પર ચિડાઈ રહ્યો હતો, એણે

મારિયા નિકોલાયેવ્નાના 'સિદ્ધાંતો'ની આધારહીનતા એવી રીતે બતાવવાનો પ્રયત્ન કર્યો કે જાણે એ ખરેખર સિદ્ધાંતોમાં રસ ધરાવતી હોય. એને દલીલો કરતો જોઈ મારિયા નિકોલાયેવ્નાએ પ્રચ્છન્ન પ્રસન્નતા અનુભવી. જો એ દલીલો કરે છે તો એનો અર્થ એ કે કાં તો એ માની ગયો છે કે માની જશે. એ ચારો ચણી રહ્યો છે, અને ફસાઈ રહ્યો છે, દાસ બનવાની પ્રક્રિયામાં છે. એણે દલીલો કરી, હસી, સંમત થઈ, વિચારમગ્ન જેવી દેખાઈ, અને એકદમ ઝાપટ મારી, અને આ સમય દરમ્યાન એમના ચહેરા નજીક અને વધુ નજીક આવતા ગયા, સાનિનની આંખો હવે એની આંખોથી દૂર ખસતી નહોતી...એની નજર પણ જાણે સાનિનના ચહેરા પર, એની મુખમુદ્રાઓ પર ફરતી રહી, વળતો એ પણ નમ્રતાથી હસ્યો. સાચી વાત એ હતી કે ફરીફરીને એ માન્યતાઓ વિશે જ વાતો કરી રહ્યો હતો. પરસ્પરના સંબંધોની પ્રામાણિકતાને લઈને એ દલીલો કરતો રહ્યો. કર્તવ્ય, પ્રેમ અને લગ્નની પવિત્રતા સંબંધી વાદ-વિવાદ કરતો રહ્યો અને એ બધું મારિયા નિકોલાયેવ્નાની યોજનાને અનુકૂળ પણ હતું. બધાં જ જાણે છે કે આવી માન્યતાઓ જ શરૂ કરવાનું સૌથી સારું બહાનું હોય છે...

જેઓ મારિયા નિકોલાયેવ્નાને સારી રીતે જાણતા હતા, તેઓ બુલંદ અવાજે કહેતા કે એના તંદુરસ્ત અને સશક્ત સ્વભાવમાં કંઈક કોમળ અને નમ્ર એક લજામણી જેવી લજ્જા (અને એ કંઈક આ ધરતી પર ક્યાંથી ટપક્યું ?) જાગી ઊઠે તો...તોબા...એનો અર્થ એ કે મામલો ખતરનાક બની રહ્યો છે.

સાનિન માટે હવે ખરેખર મામલો ખતરનાક બની રહ્યો હતો. એને એકાગ્ર ચિત્તે એકાદ ક્ષણ પણ વિચારવાનો સમય મળત તો કદાચ એનામાં આત્મતિરસ્કાર જાગી ઊઠત. પરંતુ એને ન તો એકાગ્ર થવાનો સમય હતો કે ન જાતનો તિરસ્કાર કરવાનો. હા, મારિયાનો સમય ખૂબ મજાથી પસાર થયો. એનું એકમાત્ર કારણ એ હતું કે સાનિન દેખાવમાં ખરાબ નહોતો. બાકી શું ફાયદો થયો કે શું નુકસાન થયું એ વિશે કોઈ શું કહી શકે ?

• • •

નાટક પૂરું થયું. મારિયા નિકોલાયેવ્નાએ સાનિનને એના ખભા પર શાલ ઓઢાડવા કહ્યું, અને જેટલો સમય એ એના શાનદાર ખભા પર શાલની મુલાયમ સળો ગોઠવતો રહ્યો ત્યાં સુધી એ ચૂપચાપ ઊભી રહી. પછી એ એનો હાથ હાથમાં લઈ અને વરંડા તરફ ચાલવા ગઈ કે એકાએક જાણે ચીસ પાડી ઊઠી, બોક્સના દરવાજા પર ભૂત જેવો ડૉનહોફ ઊભો હતો. એની બરાબર પાછળ વાઈઝબાદેન વિવેચકની વિચિત્ર મૂર્તિ ઊભી હતી. સાહિત્ય સમીક્ષકનું ચમકતું મુખારવિન્દ બદલો વાળ્યાના આનંદથી ખીલી ઊઠ્યું હતું.

"મૅડમ, રજા આપો તો તમારી ગાડીની ભાળ કાઢું." નવયુવાન અફસર બોલ્યો. એના અવાજમાં અપ્રગટ ક્રોધનો કંપ હતો.

"નહીં, આભાર," એણે જવાબ આપ્યો. "મારો નોકર એ કરી લેશે. તમે તકલીફ ન લેશો." એણે ધીરા આદેશપૂર્ણ અવાજમાં કહ્યું અને સાનિનને પોતાની પાછળ ઘસડતી સ્ફૂર્તિથી ચાલી ગઈ.

"જહન્નમમાં જાઓ ! તમે મને કેમ વળગ્યા છો ?" એકાએક ડૉનહોફ વિવેચક તરફ ફરીને બરાડ્યો, એને કોઈક પર પોતાની લાગણીનો ઊભરો ઠાલવવો હતો.

"ખૂબ સારું, ખૂબ સારું." બાજુએ ખસીને જતાં-જતાં વિવેચક બોલ્યો.

મારિયા નિકોલાયેવ્નાનો નોકર આંગણામાં ઊભો ઊભો રાહ જોઈ રહ્યો હતો. એણે એક જ નજર નાંખી જોઈ લીધું કે ગાડી ક્યાં છે. એ ઝડપથી એમાં ચઢી. સાનિન પણ એની પાછળ ઊછળીને ચડી બેઠો. ફટાક કરતાં દરવાજો બંધ થયો અને મારિયા નિકોલાયેવ્નાનો હાસ્યનો ફુવારો ફૂટી નીકળ્યો.

"તમે કેમ હસો છો ?" સાનિને એને પૂછ્યું.

"ઓહ, માફ કરજો...મારા મનમાં હમણાં જ વિચાર આવ્યો છે. જો ડૉનહોફને મારે કારણે તમારી સાથે એક વધુ દ્વન્દ્વયુદ્ધ લડવું પડે તો કેવી મજા આવે ! શું મજા ન આવે ? તમે એને સારી રીતે ઓળખો છો ?" સાનિને પૂછ્યું.

"એ છોકરો ? અરે એ તો મારાં નાનાંમોટાં ટાંપાં કરી દે છે. તમે

ચિંતા ન કરશો."

"હું સહેજે ચિંતા કરતો નથી."

મારિયા નિકોલાયેવ્નાએ ઊંડો શ્વાસ લીધો. હા, મને ખબર છે કે તમને સહેજે ચિંતા નથી. પણ જુઓ, તમે કેટલા સારા છો, મને ખાતરી છે કે તમે મારી છેલ્લી વિનંતીનો અસ્વીકાર નહીં કરો. હું ત્રણ દિવસમાં તો પેરિસ જતી રહેવાની અને તમે ફ્રેંકફર્ટ. કોણ જાણે આપણે ફરી ક્યારે મળીશું ?"

"કઈ વિનંતી ?"

"હું માનું છું કે તમને ઘોડેસવારી આવડે છે."

"જી હા !"

"સારું, તો પછી હું તમને કાલે સવારે મારી સાથે લઈ જઈશ. આપણે શહેર બહાર જરા ફરીશું. આપણે જાતવાન ઘોડા લઈશું. પાછા ફરીશું પછી આપણી ધંધાદારી વાત પતાવીશું, બસ આટલું જ. નવાઈ ન પામશો, આ ધૂન છે. હું પાગલ છું એમ પણ ન કહેશો, સંભવ છે કે હોઉં, પરંતુ તમે માત્ર એટલું કહો - 'હું આવીશ.'"

મારિયા નિકોલાયેવ્નાએ પોતાનો ચહેરો સાનિન તરફ ફેરવ્યો. ગાડીમાં અંધારું હતું અને એથી એની આંખો વિશેષ ચમકવા લાગી.

"સારી વાત છે, આવીશ." સાનિન ઊંડો શ્વાસ લેતો બોલ્યો.

"ઉફ્" એ ચિડાતી બોલી,"મને ખબર છે તમે કેમ આમ ઊંડો શ્વાસ લીધો. તમારો આશય એ છે કે ખાંડણિયામાં માથું નાંખ્યું પછી સાંબેલાથી શું કરવાનું ? પણ નહીં, નહીં - તમે તો ખૂબ વહાલા લાગો એવા છો. ખૂબ સારા છો. અને હું મારો વાયદો જરૂર પૂરો કરીશ. મોજાં વિનાનો આ મારો હાથ રહ્યો, જમણો હાથ. આ હાથ પકડો અને એના પર વિશ્વાસ રાખો. હું પોતે જ નથી જાણતી કે હું કઈ જાતની સ્ત્રી છું. પરંતુ હું એટલી વિશ્વાસપાત્ર છું કે તમે મારી સાથે સોદો કરી શકો."

જ્યારે સાનિને એ હાથ પકડીને ચૂમી લીધો ત્યારે જ એને ભાન આવ્યું કે પોતે શું કરી રહ્યો છે. હળવેથી હાથ ખેંચી લઈ મારિયા

નિકોલાયેવ્ના ચૂપ થઈ ગઈ અને ગાડી અટકી ત્યાં સુધી કોઈ એક શબ્દ પણ ન બોલ્યું. એ બહાર જવા ઊઠી. એ શું થયું? શું એ માત્ર સાનિનની કલ્પના જ હતી કે ખરેખર એણે એકાએક પોતાના ગાલ પર જલતો સ્પર્શ અનુભવ્યો ?

"કાલે !" સીડી તરફ જતી મારિયા નિકોલાયેવ્ના બબડી. એને જોતાં જ હોલના દરવાને ચૌમુખી મીણબત્તી ઉઠાવી સીડીને પ્રકાશિત કરી દીધી. એની આંખો નમેલી જ હતી."કાલે !"

પોતાના ખંડમાં પ્રવેશ્યો ત્યારે સાનિનને ટેબલ પર જેમ્માનો પત્ર મળ્યો. એના મનમાં પહેલો ભાવ જાગ્યો તે ભયનો હતો. બીજી જ ક્ષણે એ ખીલી ઊઠ્યો - કદાચ પોતાની જાત પાસે જ મનના ભાવ છુપાવવા માટે. પત્રમાં બે-ચાર પંક્તિઓ જ હતી. સોદાની આશાજનક શરૂઆત માટે તે ખૂબ ખુશ હતી. ધીરજ રાખવાની સલાહ આપી હતી. આગળ લખ્યું હતું કે અહીં સૌ કુશળ છે અને તમારા પાછા ફરવાની ખૂબ આનંદથી રાહ જોઈ રહ્યા છે. સાનિનને લાગ્યું કે પત્ર જરા ઠંડો છે, પણ એણે પેન લીધી, કાગળનો એક ટુકડો લીધો, પછી બંને ફેંકી દીધા... "હું હવે શું લખું ? કાલે તો હું જ જાઉં છું. અને વળી ખૂબ મોડું થઈ ગયું છે."

એ પથારીમાં પડ્યો અને શક્ય તેટલો ઊંઘી જવાનો પ્રયત્ન કરવા માંડ્યો. જો એ જાગતો બેસી રહેત તો જરૂર જેમ્મા વિશે વિચારવા માંડત. જેમ્માની વાત વિચારવામાં ન જાણે કેમ એને શરમ લાગવા માંડી. જાણે વિવેકનો સાદ એને ઉશ્કેરી રહ્યો હતો. પછી કાલે આ બધું ખતમ થઈ જશે એવું વિચારી પોતાની જાતને આશ્વાસન આપ્યું, આ દિલફેંક સ્ત્રીની એ હંમેશ માટે વિદાય માંગી લેશે અને આ બધો લવારો એકદમ ભૂલી જશે.

નિર્બળ ઇચ્છાશક્તિવાળા માણસો જ્યારે જાત સાથે વાત કરે છે ત્યારે એમને જુસ્સાદાર શબ્દો અને વાક્યો વાપરવાં ખૂબ સારાં લાગે છે... "એથી શું ફેર પડવાનો છે..."

● ● ●

સૂતી વખતે સાનિનના આવા વિચારો હતા, પરંતુ બીજે દિવસે સવારે મારિયા નિકોલાયેવ્ના પોતાની ચાબુકની મૂઠથી સાનિનનો દરવાજો ખખડાવતી અધીરાઈભરી દરવાજે આવી ઊભી. ઘોડેસવારીના ઘેરા ભૂરા પોશાકની પાછળની ઝૂલ એના હાથ પર લપેટેલી હતી. એની ઢીલી-ઢાલી સેરોવાળા વાળ પર પુરુષો પહેરે તેવો એક નાનકડો ટોપો હતો, ખભા પર પાછળની બાજુ એક બુરખો હતો, અને એક આહ્વાનભર્યું સ્મિત એની આંખોમાં, હોઠો પર અને સમગ્ર ચહેરા પર રમી રહ્યું હતું. એ વખતે સાનિન શું વિચારતો હશે ? ઇતિહાસ એ વિશે મૌન છે.

"અરે, શું તમે તૈયાર છો ?" મારિયાનો આનંદભર્યો અવાજ રણકી ઊઠ્યો.

મૂંગાં મૂંગાં જ સાનિને કોટનાં બટન બીડ્યાં અને હેટ ચડાવી. મારિયા નિકોલાયેવ્નાએ પોતાની ઉજ્જ્વળ દૃષ્ટિ એની તરફ ફેંકી, માથું હલાવ્યું અને દાદરા પરથી ઝડપથી નીચે ઊતરી ગઈ. એ પણ પાછળ પાછળ ઊતર્યો.

પ્રવેશદ્વાર સામે જ રસ્તા પર ઘોડા આગળથી ઊભા હતા. ત્રણ ઘોડા હતા. મારિયા નિકોલાયેવ્ના માટે બદામી રંગની ઉમદા જાતની ઘોડી હતી...પાતળાં નસકોરાં, વાંકા હોઠ, મોટી-મોટી કાળી આંખો, સાબર જેવા પગ, દૂબળીપાતળી પણ ખૂબસૂરત, અને આગની જાળ જેવી ઉદ્દંડ ! સાનિન માટે એકદમ કાળો, શક્તિશાળી, પહોળી છાતીવાળો, જરા ભારે શરીરવાળો ઘોડો હતો. ત્રીજો સાઈસ માટે હતો. મારિયા નિકોલાયેવ્ના સ્ફૂર્તિથી કૂદીને જીન પર ચડી બેઠી. ઘોડીએ જમીન પર પગ ઠોક્યો, ઊછળી-કૂદી, પૂંછડાને કમાનની જેમ ખેંચ્યું અને જોરથી પેંક સંકોચી લીધી...પરંતુ મારિયા નિકોલાયેવ્નાએ ત્યાં સુધી પોતાની બેઠક લઈ લીધી હતી. (ગજબની સવાર હતી એ સ્ત્રી !) એને હજી પોલોઝોવની વિદાય લેવાની હતી, જે એની અનિવાર્ય ટોપી સાથે ડ્રેસિંગ ગાઉનમાં બારણા પર ઊભો ઊભો પોતાના મલમલનો રૂમાલ હલાવી રહ્યો હતો. ચહેરા પર સ્મિતનું નિશાન સુધ્ધાં

નહોતું...હા, એક જાતની ચીઢ જરૂર હતી. સાનિન પણ પોતાના ઘોડા પર ચડી ગયો. મારિયા નિકોલાયેવ્નાએ પોતાની ચાબુકથી પોલોઝોવનું અભિવાદન કર્યું અને ઘોડીની ધનુષાકાર સમતલ ડોક ઠપકારી. ઘોડી પહેલાં પાછળ ખસી, આગળ ઊછળી અને પછી પગથી માથા સુધી થરકતી, લગામ ઝટકારતી, અટકી-અટકીને જોરથી દાંત ભીંસતી અને હણહણાટી કરતી ઝડપથી દોડવા માંડી. મારિયા નિકોલાયેવ્નાને જોતો સાનિન પોતાના ઘોડા પર પાછળ પાછળ આવતો હતો. દબાવીને નહીં પણ કસીને બાંધેલી મારિયા નિકોલાયેવ્નાની લચીલી સુકુમાર દેહલતા સહજ સંદેહહીન સૌંદર્ય સાથે આંદોલિત થવા માંડી. પાછળ જોઈને એણે સાનિનને આંખના ઇશારાથી પોતાની પાસે બોલાવ્યો. એ તેની બાજુમાં આવી ગયો.

"સારું લાગે છે ને ?" એ બોલી, "વિદાય થતાં પહેલાં મારે તમને કહેવું હતું કે ખરેખર તમે ખૂબ વહાલા છો અને તમને આનો ક્યારેય પસ્તાવો નહીં થાય."

આ છેલ્લા શબ્દો બોલતી વખતે એણે કેટલીયે વાર માથું હલાવ્યું. જાણે એ શબ્દો પર જોર દઈને સાનિનના મનમાં એનું મહત્ત્વ ઠસાવવા માંગતી હોય !

એને આટલી બધી ખુશ જોઈ સાનિનને આશ્ચર્ય થયું હતું. જ્યારે ખૂબ ખુશ હોય ત્યારે બાળકના ચહેરા પર હોય એવો ભોળો ભાવ એના ચહેરા પર એ વખતે આવી પ્રગટ થતો હતો.

શહેરના નજીકના ફાટક સુધી તો તેઓ સાધારણ ચાલે જતાં હતાં. પરંતુ પહોળી સડક પર સડસડાટ દોડવા માંડ્યાં. શાનદાર મોસમ, ગ્રીષ્મઋતુનો દિવસ. તેજ હવા એમના ચહેરા પર અથડાતી અને ખૂબ મધુરતાથી એમના કાનમાં સાંય-સાંય કરતી વહેતી હતી. તેઓ ખૂબ ખુશ હતાં. જવાનીથી ભરપૂર, તંદુરસ્ત જિંદગીની જે તેજ સ્વચ્છન્દ ચાલે તેઓ જઈ રહ્યાં હતાં, એની એક જ અનુભૂતિ એ બંને ઉપર સવાર હતી અને એમનાં પ્રત્યેક હલન-ચલનમાં પણ આજ અનુભૂતિ ઘેરી થતી ગઈ. મારિયા નિકોલાયેવ્નાએ પોતાની ઘોડીની લગામ ખેંચી

અને પછી ધીમી ચાલે ચલાવવા માંડી. સાનિને પણ એમ જ કર્યું.

"ઓ હા !" એ આનંદિત ઉચ્છ્વાસ સાથે બોલી ઊઠી, "માત્ર આટલા ખાતર જ જીવી શકાય. તમે જે મેળવવા ઇચ્છો અને જે અસંભવ લાગે તે સાકાર થઈ ઊઠે ! મારો જામ, મારું હૃદય છલોછલ ભરાઈ ગયું છે." એણે પોતાનો હાથ પોતાના ગળા પર ચારેબાજુ પસવાર્યો. "આવા વખતે માણસ પોતાને કેટલો ભલો, ઉન્મુક્ત અનુભવે: જુઓ ને, મારું મન કેટલું ઉદાર બની ગયું છે ! દિલ થાય છે કે જાણે આખી દુનિયાને બાહુમાં બાંધી લઉં. નહીં, નહીં, એવું હું આની સાથે નહીં કરી શકું." સડકની એક બાજુએ સરકતા ચીંથરેહાલ બુઢ્ઢા તરફ એણે ચાબુકથી ઈશારો કર્યો. "જો એને આનાથી આનંદ મળે તો કદાચ મને કાંઈ વાંધો નથી. લો, આ લઈ લો." એણે જર્મનમાં જોરથી બોલીને રૂપિયાની થેલી એ બુઢ્ઢાના પગ પાસે ફેંકી. નાનકડી વજનદાર થેલી (એ દિવસોમાં બટવા જેવી કોઈ ચીજ નહોતી.) સડક પર ધફ્ કરતી પડી. રાહગીર બાવરો બની ઊભો રહી ગયો, પણ મારિયા નિકોલાયેવ્ના માત્ર ખડખડાટ હસી અને પોતાની ઘોડી ઝડપથી દોડાવી મૂકી.

"તમને ઘોડેસવારી આટલી બધી પ્રિય છે ?" સાનિને એના ઘોડા પાસે પહોંચ્યો ત્યારે પૂછ્યું.

મારિયા નિકોલાયેવ્નાએ એકદમ ઘોડીની લગામ ખેંચી. ઘોડો રોકવાની બીજી કોઈ રીત એને ગમતી નહોતી.

"હું એના આભાર-પ્રદર્શનથી દૂર ભાગી જવા ઇચ્છતી હતી. જો કોઈ આભાર માને તો મારો બધો આનંદ નષ્ટ થઈ જાય છે. જુઓ, મેં એના માટે તો આ કર્યું નહોતું. મેં તો મારા માટે કર્યું હતું. વળી મારો આભાર માનવાની એની શી હિંમત ? શું કહ્યું તમે ? મેં સાંભળ્યું નહીં."

"હું તમને પૂછતો હતો કે....જાણવા માંગતો હતો કે આજે તમે આટલાં ખુશ કેમ છો ?"

"જુઓ" મારિયા નિકોલાયેવ્ના બોલી. આ વખતે પણ એણે

સાનિનની વાત સાંભળી નહીં કે પછી એના પ્રશ્નનો ઉત્તર દેવાનું ઉચિત ન માન્યું. "આપણી પાછળ જે સાઈસ આવી રહ્યો છે એનાથી હું કંટાળી ગઈ છું. કદાચ રહી-રહીને એને આશ્ચર્ય થાય છે કે આ ભલાં માણસો ક્યારે ઘેર પાછાં ફરશે...એનો પીછો કેવી રીતે છોડાવવો ?" એણે સ્ફૂર્તિથી પોતાના ગજવામાંથી એક નાનકડી નોટબૂક કાઢી. "એક પત્ર આપીને એને પાછો શહેરમાં મોકલી દઉં તો કેમ રહે ? નહીં, એનાથી કામ નહીં ચાલે. હા, હવે સમજાયું. પેલી બરાબર સામે વીશી છે ને ?"

એણે જે બાજુ ઈશારો કરેલો તે તરફ સાનિને નજર માંડી.

"લાગે છે તો એવું જ."

"વાહ, હું એને અહીં રોકી લઉં છું, જ્યાં સુધી આપણે પાછા ન ફરીએ ત્યાં સુધી એ બેઠો-બેઠો ભલે બીઅર પીએ."

"પણ એ શું માનશે ?"

"એથી આપણું શું બગડી જવાનું ? અને એ તો કંઈ જ નહીં માને, બસ, બેઠો-બેઠો બીઅર ચડાવશે. આવો સાનિન (આ પહેલી જ વખત એણે એને સાનિન કહી બોલાવ્યો હતો.) આવો, ઝડપથી ચાલ્યા આવો."

જ્યારે તેઓ વીશી પાસે પહોંચ્યાં ત્યારે મારિયા નિકોલાયેવ્નાએ સાઈસને બોલાવીને વાત કરી. સાઈસ અંગ્રેજ જાતનો અને અંગ્રેજ મિજાજવાળો જ હતો. કંઈ પણ બોલ્યા વગર એણે હાથ ટોપી સુધી ઊંચો કર્યો અને જીન પરથી નીચે કૂદી પડ્યો. પછી લગામ પકડી પોતાના ઘોડાને એક બાજુ લઈ ગયો.

"હવે આપણે પવન જેટલાં મુક્ત છીએ !" મારિયા નિકોલાયેવ્ના ખુશીથી બોલી પડી, "કહો ક્યાં જઈશું ? ઉત્તર, દક્ષિણ, પૂર્વ કે પશ્ચિમ? જુઓ, અત્યારે હું હંગેરીના અભિષિક્ત બાદશાહથી સહેજે ઊતરું તેમ નથી." (એણે ચાબુકથી ચારેબાજુ ઈશારો કર્યો.) "આ બધું આપણું જ છે. નહીં, હું તમને બતાવું છું....જુઓ, પેલો કેવો સુંદર પહાડ છે અને જંગલ દેખાય છે ને? આવો, ત્યાં પહાડ પર જ જઈએ...પર્વત

પર, પર્વત પર ! અને જ્યાં ન કોઈ બંધન છે, ન મનાઈ !..."

અચાનક મુખ્ય સડક પરથી વળીને એક મોટી સાંકડી અને વણવપરાયેલી કેડી પર ઘોડી દોડાવવા લાગી. આ પગદંડી સીધી પહાડો પર જતી હોય એમ લાગતું હતું. સાનિને પણ એની પાછળ-પાછળ ઘોડો દોડાવ્યો.

● ● ●

પગદંડી ધીરે-ધીરે સાંકડી થતી ગઈ અને અંતે એક ખાઈ પાસે પહોંચીને એકદમ અદશ્ય થઈ ગઈ. સાનિને પાછા વળવાની સલાહ આપી, પણ મારિયા નિકોલાયેવ્નાએ કહ્યું,"નહીં, હું તો પહાડ પર પહોંચવાની જ. ચાલો હવે આપણે એકદમ સીધા જઈએ. અને એણે પોતાની ઘોડી એ ખાઈ ઉપરથી કુદાવી દીધી. સાનિને પણ પોતાનો ઘોડો કુદાવ્યો. ખાઈ પછી મેદાન આવ્યું, પહેલાં સૂકું મેદાન, પછી સહેજ ભેજવાળું અને ત્યાર બાદ અંતે એકદમ કાદવિયું, જ્યાં ત્યાં પાણી રેલાતું હતું. જાણી જોઈને મારિયા નિકોલાયેવ્ના ઘોડીને ખાબોચિયામાંથી લઈ જતી હતી, હસતી હતી અને કિલકિલાટ કરતી હતી. "માની લો કે આપણે બાળક છીએ."

"તમને ખબર છે કાદવમાં શિકાર કોને કહે છે ?" એણે સાનિનને પૂછ્યું.

"હા, મને ખબર છે," તે બોલ્યો.

"મારા કાકા શિકાર કરવા શિકારી કૂતરા સાથે લઈને જતા," તે બોલતી રહી. "હું વસંતના દિવસોમાં એમની સાથે ઘોડેસવારી કરતી. અદ્દ્ભુત ! અને અત્યારે તમે અને હું આ નાળાઓનાં કીચડ વચ્ચે શિકાર કરી રહ્યાં છીએ. મારી તરફ જુઓ ! તમે એક રશિયન છો, અને છતાંય એક ઈટાલિયન સાથે લગ્ન કરવાનાં છો ? ઓહ, પણ એ તો તમારો પ્રશ્ન છે. આ શું છે ? બીજો મોટો ખાડો ? સંભાળજો ?" ઘોડીએ છલાંગ મારી અને મારિયા નિકોલાયેવ્નાની હેટ નીચે પડી, એના વાંકડિયા વાળ ખભા પર પથરાઈ ગયા. સાનિન નીચે ઊતરીને હેટ લેવા જતો હતો ત્યાં તો એણે બૂમ પાડી: "એને અડશો નહીં !

હું જાતે જ ઉપાડીશ !" ખરેખર એણે   અદાથી વાંકા વળીને હેટ લઈ માથા પર ગોઠવી દીધી, વાળ બાંધવાની પરવા ન કરી અને ચાબુક વીંઝતી આગળ નીકળી ગઈ. એની લગોલગ સાનિન પણ ખાબોચિયાં, નાળાં, વાડ અને ઝરણાં કુદાવતો-ક્યારેક ચઢતો, તો ક્યારેક ઊતરતો, પરંતુ એની નજર એ જ ચહેરા પર થંભી ગઈ હતી. અને એ ચહેરો પણ કેવો અદ્ભુત હતો - જાણે તાજું ખીલેલું ફૂલ ! પહોળી, ઉત્સુક, ચમકતી અને નિર્ભય આંખો, અર્ધખુલ્લા હોઠ અને આતુરતાથી તાજી હવા સમાવી લેતું અણિયાળું નાક. એ એવી રીતે જોઈ રહી હતી કે જાણે નિર્ભય આત્મા પ્રત્યેક દશ્ય ચીજને પોતાની અંદર સમાવી લેવા ઇચ્છતો હોય...ધરતી, આકાશ, તડકો અરે ! હવાને પણ ! એને એક જ અફસોસ હતો કે એટલું જોખમ કે આહ્વાન નહોતું કે એ બધાં પર સવાર થઈ જાય. જોરથી એ બોલી,"સાનિન આ બધું તો બુર્જરના લિનોરે જેવું લાગે છે. તફાવત એટલો જ છે કે તમે મડદા જેવા નથી. છો ? મડદું નથી ને ? અને હું જીવંત છું." અંદરનું નિરંકુશ પશુ અત્યારે સ્પષ્ટપણે વેગથી ડોલી રહ્યું હતું. અત્યારે એ એમેઝોન નહોતી જે પોતાનો ઘોડો સડસડાટ કુદાવતી જઈ રહી હોય...એ અર્ધ દેવી અને અર્ધ પશુ યુવતી-સેન્ટોર હતી. હા, અજબ શાનદાર સાફસૂથરાં ખેતરો, મેદાનો એના ઉદ્દંડ ઉલ્લાસને જોઈ મૂક આશ્ચર્યમાં એની સામે બાહુ પસારી પડ્યાં હતાં.

અંતે મારિયા નિકોલાયેવ્નાએ ફીણ ઉડાડતી કીચડથી લથપથ ઘોડીની લગામ ખેંચી. તે એના બોજાથી લથડતી હતી અને સાનિનનો તેજ ઘોડો નસકોરાં બોલાવતો શ્વાસ લઈ રહ્યો હતો. "આ જ આનંદ નથી ?" મારિયા નિકોલાયેવ્નાએ આંતરિક ઉલ્લાસથી ધીરેથી પૂછ્યું.

"ખરેખર, આ જ તો આનંદ છે." સાનિને ઉત્સાહથી ઉત્તર આપ્યો. એનું લોહી પણ ઉન્મત્ત બની ડોલી રહ્યું હતું.

"જરા શ્વાસ ખાઈ લો, હજી ખેલ ખતમ નથી થયો." મારિયા નિકોલાયેવ્નાએ પોતાનો હાથ આગળ ધર્યો - મોજું ફાટી ગયું હતું.

"મેં તમને કહેલું ને ? હું તમને જંગલોમાં લઈ જઈશ, પહાડો

પર ફેરવીશ - લો આ પહાડ છે." હા, એ ઊંચા જંગલનો મુગટ પહેરેલા પહાડ જ હતા. આ બંને પાગલ સવાર જ્યાં પહોંચીને અટકેલાં ત્યાંથી લગભગ બસો ગજ દૂર એ ફેલાયેલા હતા. "જુઓ, પેલી સડક પહાડ પર જાય છે. જરાક આપણે વિશ્રામ કરી લઈએ. પછી આગળ વધીશું. પરંતુ ધીરે-ધીરે જ જઈશું. ઘોડાઓને પણ જરાવાર આરામ લેવા દેવો જોઈએ."

અને એ લોકો આગળ ચાલ્યાં. મારિયા નિકોલાયેવ્નાએ એક જોરદાર ઝાટકા સાથે પોતાના વાળ પાછળ ઉલાળ્યા. પોતાનાં મોજાં તરફ જોયું, અને પછી કાઢી નાંખ્યાં, "મારા હાથમાંથી ચામડાની વાસ આવશે" એ બોલી, "પણ તમે ખરાબ નહીં લગાડો, બરાબર ને ?"

મારિયા નિકોલાયેવ્નાએ સ્મિત કર્યું તો સાનિને પણ વળતું સ્મિત કર્યું. આ ભયંકર ઘોડેસવારીએ એમની ઘનિષ્ઠતાને વિશેષ પૂર્ણતા અર્પી. એમને આત્મીય બનાવી દીધાં.

"તમને કેટલાં વર્ષ થયાં ?" એકાએક એણે પૂછ્યું.

"બાવીસ."

"ખરેખર ? મને પણ બાવીસ થયાં. અત્યંત સુંદર ઉંમર છે. જો બંનેની ઉંમરને ભેગી કરીએ તો ય ઘડપણ દૂર રહે. પરંતુ ઓહ ગરમી કેટલી છે ? કહો તો, મારો ચહેરો લાલ થઈ ગયો છે ?"

"ખસખસના ફૂલ જેવો લાલ થઈ ગયો છે."

મારિયા નિકોલાયેવ્નાએ રૂમાલથી પોતાનું મોં લૂછી નાખ્યું.

"જો આપણે સામે પેલા જંગલમાં જતાં રહીશું તો ઠંડક થશે. જૂનું પુરાણું જંગલ જાણે કોઈ જૂનો દોસ્ત હોય ! સારું, તમારે કોઈ મિત્ર છે ?" સાનિન વિચારમાં પડ્યો,

"હા, છે તો...પણ બહુ નથી...સાચો મિત્ર એકેય નથી."

"મારે સાચા મિત્રો છે પણ તેઓ જૂના નથી. જુઓ, આ મારી ઘોડી છે, એ મારી ખૂબ સારી મિત્ર છે. જુઓ, કેટલી સંભાળીને મને લઈ જાય છે. ઓહ, અહીં કેટલું સરસ લાગે છે ! શું હું ખરેખર પરમ દિવસે પેરિસ જવાની છું ?"

"હા, શું ખરેખર તમે જવાના ?" સાનિને પડઘો પાડ્યો.

"અને તમે ફ્રેંકફર્ટ જવાના ?"

"ચોક્કસ હું ફ્રેંકફર્ટ જવાનો."

"ઓહ, સારું ત્યારે, તમે ખુશ રહો એ જ ઇચ્છા છે. પરંતુ આજનો દિવસ તો આપણો છે...ફક્ત આપણો જ..."

ઘોડા જંગલની બહારની સરહદ પર આવી પહોંચ્યાં. જંગલમાં પ્રવેશતાં જ તેઓ ચારેબાજુ ફેલાયેલી ઘેરી ઘટામાં ઢંકાઈ ગયા. "આ જ તો સ્વર્ગ છે !" મારિયા નિકોલાયેવ્ના ભાવાવેશમાં બોલી,"આવો સાનિન, ઘેરી ઘટામાં વધુ અંદર જઈએ."

ઘોડા ધીરે-ધીરે ડોલતાં જોરજોરથી શ્વાસ લેતાં છાયાની ઘટામાં પ્રવેશી રહ્યાં. એકાએક પગદંડી એક જગ્યાએ વળીને એક સાંકડી કેડીમાં પલટાઈ ગઈ. હંસરાજ અને રાળની ગંધ, ભીની માટી અને ગયા વર્ષના સડેલાં પાંદડાંની ગંધની સાથે ભળી ગઈ હતી, અને એ મિશ્રિત ગંધથી એ સઘન તંદ્રિય વાતાવરણ ઘેરાઈ ગયું હતું. પહાડની ભૂરી-ભૂરી કરાડોમાંથી તીવ્ર ઠંડક નીકળી રહી હતી. પગદંડીની બંને બાજુ લીલથી ઢંકાયેલા નાના-નાના ગોળગોળ ટેકરાઓ હતા. "થોભો !" મારિયા નિકોલાયેવ્ના મોટેથી બોલી,"મને થાય છે કે અહીં અટકીને જરા આ મખમલી ગાદલા પર આરામ કરીએ. ઊતરવા માટે ટેકો કરજો."

સાનિન જીન પરથી કૂદી પડ્યો અને દોડીને એની પાસે પહોંચ્યો. એ એના ખભાનો ટેકો લઈ સ્ફૂર્તિથી ઊતરી અને પછી લીલભર્યા ટેકરા પર જઈ બેઠી. સાનિન બંને ઘોડાની લગામ પકડી એની સામે ઊભો રહ્યો. એણે પોતાની આંખો એના ચહેરા પર સ્થિર કરી કહ્યું,"સાનિન, કેવી રીતે ભૂલી શકાય એ તું જાણે છે ?"

સાનિનને આગલા દિવસની ગાડીવાળી વાત યાદ આવી. એણે વળતો પ્રશ્ન પૂછ્યો,"આ પ્રશ્ન છે કે તિરસ્કાર ?"

"મેં જિંદગીમાં ક્યારેય કોઈનો તિરસ્કાર કર્યો નથી. સારું, શું તને જાદુમાં વિશ્વાસ છે ?"

"તમારો કહેવાનો આશય શું છે ?"

"જાદુમાં. તને ખબર છે, આપણાં ગીતોમાં, રશિયન લોકગીતોમાં લોકો શું ગાય છે ?"

"તો તમે એ જાદુ વિષે કહેવા માગો છો." ધીરે-ધીરે સાનિન બોલ્યો.

"હા, મને તો એમાં વિશ્વાસ છે. તારે પણ કોઈક દિવસ કરવો પડશે."

"જાદુ," સાનિન બોલ્યો,"બધું જ સંભવ છે. પહેલાં હું એમાં નહોતો માનતો. પરંતુ હવે માનવા માંડ્યો છું. હવે તો જાણે હું મને જ નથી ઓળખતો." મારિયા નિકોલાયેવ્ના જાણે કંઈક વિચારમાં પડી ગઈ અને પાછળની બાજુ જોવા માંડી.

"આ જગા ખૂબ જાણીતી લાગે છે. પેલા એક વૃક્ષની પાછળ જુઓ તો સાનિન, ત્યાં લાકડાનો બનેલો લાલ ક્રોસ તો નથી ? સાનિને એ તરફ થોડાં ડગ ભર્યાં, "હા, છે તો."

મારિયા નિકોલાયેવ્ના હરખી પડી, "ઠીક, હવે ખબર પડી કે આપણે ક્યાં છીએ. એટલે એમ કે અત્યાર સુધી આપણે ભટકતાં નહોતાં. આ અવાજ શેનો થયો ? કોઈ કઠિયારો છે કે શું ?" સાનિને ઘેરી ઝાડીમાં જોયું,"હા, કોઈ સૂકી ડાળીઓ પાડી રહ્યું છે."

"જરા મારા વાળ સરખા કરી લઉં." મારિયા નિકોલાયેવ્ના બોલી,"નહીં તો મને જોઈને એ શું વિચારશે ?" એણે પોતાનો ટોપો ઉતાર્યો અને ખૂબ ગૌરવભર્યું મૌન રાખીને પોતાની લાંબી લટોનો ચોટલો વાળવા માંડી. સાનિન એની સામે ઊભો રહ્યો. સવારીના પોશાકની ઘેરી સળો પાછળ પણ એનાં ઘાટીલાં સુઘડ અંગ-પ્રત્યંગ સ્પષ્ટ દેખાતાં હતાં, એ પોશાક પર જ્યાં-ત્યાં લીલના ગુચ્છા ચોંટ્યા હતા.

સાનિન પાછળ ઊભેલા ઘોડામાંથી એકે અચાનક માથું ઝાટક્યું અને ત્યારે અજાણતાં જ સાનિન પગથી માથા સુધી થથરી ગયો. એની અંદરની પ્રત્યેક વસ્તુ જાણે એક ભીષણ ઝંઝાવાતમાં સપડાઈ ગઈ હતી,

એની નસો સિતારના તારની જેમ ખેંચાઈ ગઈ હતી, એની એ વાત કે - "હું હવે મને જ નથી ઓળખતો"-માં સચ્ચાઈ હતી. ખરેખર તો જાણે એ સંમોહમાં બંધાઈ ગયો હતો. એનું આખુંય અસ્તિત્વ એક જ ચીજ, એક જ વિચાર અને એક જ આકાંક્ષાથી આંદોલિત થઈ ઊઠ્યું હતું ! મારિયા નિકોલાયેવ્નાએ કંઈક ફંફોળતી નજર એના પર નાંખી.

"હવે કંઈક ઠીક થયું." અંતે તે માથા પર ફરી પોતાનો ટોપો ચડાવતી બોલી,"તમે બેસતા કેમ નથી ? નહીં, એક મિનિટ રહો. બેસશો નહીં. પેલું શું છે ?" એક ખોખારા ગડગડાટે વૃક્ષની ટોચ પર વાતાવરણને કંપિત કરી મૂક્યું.

"વાદળાં તો ગરજતાં નથી ?"

"લાગે છે તો એવું જ." સાનિને જવાબ આપ્યો.

"અરે, આ તો ખરેખર રજાનો દિવસ થઈ ગયો, એકદમ રજાનો દિવસ. હવે તો મજા પડી ગઈ." પેલો બોદો ગડગડાટ ફરી સંભળાયો, જરા મોટો થયો અને પછી એક ગુંજતા ગર્જનમાં ડૂબી ગયો. "શાબાશ ! વધુ ગરજો. ગઈકાલની 'ઇનીદ'વાળી વાત યાદ છે ? તેઓ પણ જંગલમાં તોફાનમાં સપડાઈ ગયેલાં. પણ આપણે ક્યાંક આશરો લેવો પડશે." એ ઝડપથી ઊભી થઈ, "મારી ઘોડી પાસે લાવજો, જરા તમારો હાથ આપજો તો, હં, એમ બરાબર છે. મારામાં બહુ વજન નથી."

પંખી જેટલી સ્ફૂર્તિથી એ કૂદીને પોતાના જીન પર ચડી બેઠી. સાનિન પણ પોતાના ઘોડા પર ચડી ગયો. "હવે ઘેર જઈ રહ્યાં છો ને?" સાનિને અનિશ્ચયાત્મક ભાવે પૂછ્યું.

"ઘેર ?" પોતાની મુઠ્ઠીમાં પકડેલી લગામ ખેંચતી મારિયા નિકોલાયેવ્નાએ પડઘો પાડ્યો અને પછી લગભગ કડક સ્વરે આજ્ઞા આપી,"પાછળ પાછળ ચાલ્યા આવો."

એ પગદંડી પર ચાલતી રહી, પેલા લાલ ક્રોસથી પણ આગળ નીકળી ગઈ. પછી મેદાનમાં ઊતરી અને આગળ ચાલતાં-ચાલતાં ચાર રસ્તા પર પહોંચી જમણી બાજુ વળી ગઈ. આ વખતે ફરી એણે પહાડો પર ઉપર જતી પગદંડી પકડી લીધી. એ ગાઢ જંગલમાં, ખૂબ ગાઢ

જંગલમાં જતી પગદંડી પર ચાલી જતી હતી...એ સારી રીતે જાણતી હતી કે પોતે ક્યાં જાય છે. એ કંઈ જ ન બોલી, પાછળ વળી જોયું પણ નહીં, બસ...જાણે એણે આગળ ને આગળ ચાલ્યા જવાની જિદ્દ લીધી હતી, અને સાનિન ચૂપચાપ શાંત આજ્ઞાંકિતની જેમ એની પાછળ-પાછળ જતો હતો. એનું દિલ ધડકતું હતું અને એમાં ઇચ્છાશક્તિની એક ચિનગારી પણ નહોતી રહી. એ પોતાની ઘોડીને એડી મારતી આગળ વધતી રહી. સાનિન પણ પાછળ નહોતો રહ્યો. લીલા-લીલા દેવદારના એક ઘટાદાર વૃક્ષ પાછળ રહેલી એક ભાંગી-તૂટી ઝૂંપડી પર એની નજર પડી. એની દીવાલમાં એક જાળીવાળો દરવાજો હતો. ભૂરા રંગના છાપરા નીચે આ ઝૂંપડી બની હતી. મારિયા નિકોલાયેવ્ના પોતાની ઘોડીને પરાણે વૃક્ષોની એ ઊગેલી ઝાડીમાં થઈને લઈ જતી હતી. બરાબર ઝૂંપડીના દરવાજા સામે કૂદીને એ ઊતરી પડી. ખૂબ ધીરેથી એ બોલી, "ઇનિયાસ ?"

• • •

ચાર કલાક પછી મારિયા નિકાલાયેવ્ના અને સાનિન, જીન પર ઊંઘતા, સાઈસની સાથે પોતાની હોટેલ તરફ પાછા ફરી રહ્યાં હતાં. પોલોઝોવ હાથમાં દીવાનજીના નામનો પત્ર લઈ પોતાની પત્નીને મળ્યો. તીક્ષ્ણ નજરે એના તરફ જોયું, અને ચહેરા પર કંઈક અસંતોષનો ભાવ દેખાયો. "તું માને છે કે હું હારી ગયો?" એ બબડ્યો.

જવાબમાં મારિયા નિકોલાયેવ્નાએ માત્ર પોતાના ખભા હલાવ્યા. અને એ જ દિવસે બે કલાક પછી સાનિન પોતાના ખંડમાં મારિયા નિકોલાયેવ્નાની સામે ઊભો હતો. બધું ખોઈ ચૂકેલો, હારી ગયેલો માનવી. "હવે કહો, તમે ક્યાં જઈ રહ્યા છો ?" મારિયાએ પૂછ્યું.

"પેરિસ કે ફ્રેંકફર્ટ ?"

"જ્યાં તું જઈશ, ત્યાં હું પણ જઈશ અને જ્યાં સુધી તું મને ધુત્કારીને કાઢી ન મૂકે ત્યાં સુધી જ્યાં તું રહીશ ત્યાં હું પણ રહીશ." એણે હારેલા સ્વરે જવાબ આપ્યો. પોતાના હોઠથી એના હાથને ચૂમતો ઘૂંટણભર બેસી પડ્યો. મારિયાએ હાથ છોડાવીને એના મસ્તક પર

મૂક્યો, પછી એકાએક એના વાળને મુઠ્ઠીમાં જકડી લીધા. એના મુલાયમ વાળમાં હળવે-હળવે આંગળીઓ પસવારી અને એને હળવેથી ઝટકારી એ ટટ્ટાર ઊભી રહી, એક વિજયભર્યું સ્મિત વિજયમાળાની જેમ એના હોઠ પર નાચી રહ્યું, એની મોટી-મોટી સફેદ ચમકતી આંખોમાં એક નિષ્ઠુર શૂન્યતા અને વિજય સિવાય બીજો કોઈ ભાવ નહોતો. પોતાના પંજામાં સપડાયેલા પંખીના શરીરમાં નહોર ભરાવતા બાજની આંખો બરાબર એવી જ હોય છે.

● ● ●

અભ્યાસખંડની નિઃસ્તબ્ધતામાં કાગળોને ઉથલાવતાં સાનિનને જ્યારે નીલમનો બનેલો ક્રોસ હાથ લાગ્યો ત્યારે આ કથા એને યાદ આવી ગઈ. એક પછી એક સિલસિલાબંધ બધી જ ઘટનાઓ સ્પષ્ટપણે એનાં અંતઃચક્ષુ સમક્ષ ખડી થઈ. ધીરે-ધીરે માદામ પોલોઝોવ સમક્ષ પોતાના અપમાનજનક પ્રાર્થના પ્રસંગની ક્ષણ સાંભરી. એણે પોતાની જાતને મારિયા નિકોલાયેવ્નાનાં ચરણમાં સમર્પી દીધી હતી અને અહીંથી જ એની ગુલામી શરૂ થઈ હતી. અહીં આવીને પોતે જ મનમાં એમને વધુ યાદ કરવાનું સાહસ એ ન કરી શક્યો. એની યાદશક્તિએ એને દગો દીધો હતો એમ નહોતું. નહીં, એ વાત નહોતી. એ પછી શું થયું એ એ જાણતો હતો. ખૂબ સારી રીતે જાણતો હતો. આજે આટલાં વર્ષો વીત્યાં છતાં શરમથી એનો શ્વાસ રુંધાય છે. એ ડરતો હતો અને સારી રીતે જાણતો હતો કે જો એ પોતાનાં સ્મરણોને કચરી નહીં નાખે તો દુર્જેય આત્મધિક્કારની અનુભૂતિ એક મોટા મોજાની જેમ પ્રત્યેક બીજી ભાવનાને ડુબાડતી, વહાવતી લઈ જશે. જાગતી સ્મૃતિઓથી ભલે એ મોં ફેરવી લે પણ સંપૂર્ણપણે એ એનું ગળું નહીં ઘૂંટી દઈ શકે. એને એ દીન, અશ્રુપૂર્ણ, જુઠ્ઠો અને દયનીય પત્ર આજે પણ યાદ હતો જે એણે જેમ્માને મોકલેલો અને જેનો એને કોઈ જવાબ નહોતો મળ્યો. આટલા વિશ્વાસઘાત, છલના પછી એને મોં બતાવવું, જઈને એનો સામનો કરવો ! નહીં-નહીં એટલો વિવેક અને સ્વમાન હજી પણ એનામાં બાકી હતું. હા, એ સિવાય પોતાનો બધો જ આત્મવિશ્વાસ બધું જ

સ્વમાન ખોઈ ચૂક્યો હતો. કોઈ વાતનો જવાબ આપવાની હિંમત હવે એનામાં નહોતી રહી. સાનિનને એ પણ યાદ આવ્યું કે (ઓહ ! કેટલું શરમજનક !) કેવો એણે પોલોઝોવના નોકરને ફ્રેંકફર્ટથી પોતાનો સામાન લેવા મોકલ્યો હતો, એ કેટલો બધો ભયભીત થઈ ગયેલો અને એ વખતે એના મગજમાં કેવી માત્ર એક જ ધૂન હતી - ચાલો પેરિસ. જલદી પેરિસ પહોંચો. મારિયા નિકોલાયેવ્નાના હુકમ પર એણે કેવી પોતાની જાતને ઇપ્પોલિત સિદોરિચના મન પ્રમાણે ઢાળી દીધેલી, મારિયા નિકોલાયેવ્નાએ એને આપેલી બરાબર એવી જ લોઢાની વીંટી જેની આંગળીમાં હતી એ ડોનહોફ સાથે કેવી મિત્રતા બાંધી હતી. પછી તો વિશેષ ખરાબ અને શરમજનક સ્મૃતિઓ એની સમક્ષ ઊઠવા માંડી. વેઇટરે એને એક વિઝિટિંગ કાર્ડ આપ્યું હતું જેના પર "પેન્તાલિયોન ચિપ્પાતોલા, મોડેનાના મહામાન્ય ડ્યુકના દરબારી ગાયક" એવા શબ્દો લખ્યા હતા. એ વખતે એ વૃદ્ધથી એણે મોં છુપાવેલું. તેમ છતાં હોટેલના વરંડામાં થયેલી મુલાકાતને એ ટાળી ન શક્યો. સફેદ વાંકડિયા વાળની લટો નીચે ક્રોધથી વિકૃત થયેલો ચહેરો આજે પણ એ પોતાની સામે સ્પષ્ટ રીતે જોઈ શકતો હતો. એ વૃદ્ધ આંખો અંગારાની જેમ સળગી ઊઠી હતી અને એનું ડરામણું ગર્જન અને શાપ સાનિનને સંભળાતાં હતાં. એણે આ શબ્દો સાંભળી લીધા હતા. "ઘૃણિત ! કાયર ! બદમાશ ! વિશ્વાસઘાતી !" સાનિન ધ્રૂજી ઊઠ્યો. એણે માથું ધુણાવ્યું, વારંવાર અહીંથી ત્યાં ગયો પરંતુ તેમ છતાં એ પોતાને સફર-ગાડીમાં સામેની સાંકડી ગાદી પર બેઠેલો જુએ છે. પાછળની આરામદાયક સીટ પર મારિયા નિકોલાયેવ્ના અને ઈપ્પોલિત સિદોરિચ આરામથી મસ્ત પડ્યાં છે. ચાર ઘોડા પોતાની રેવાલ ચાલે વાઈઝબાદેનની સડક પર થઈ પેરિસ તરફ ઝડપથી જઈ રહ્યા છે - પેરિસ તરફ ! ઇપ્પોલિત સિદોરિચ સાનિને પોતાને માટે છોલેલી નાશપતી ખાઈ રહ્યો છે, અને મારિયા નિકોલાયેવ્ના પોતાના એ જ ચિરપરિચિત સ્મિત સાથે સાનિન તરફ - એક પરાજિત વ્યક્તિ તરફ જુએ છે. એ સ્મિત એક માલિકણનું, એક મલેકાનું સ્મિત છે.

પરંતુ હે ભગવાન, શહેરના છેડા પરની સડકની એક બાજુ શું ફરી એ જ પેન્તાલિયોન ઊભો છે ? અને એની સાથે બીજું કોણ છે? એમિલ તો નથી ? હા, હા, એ જ તો છે..એ જ ઉત્સાહી, શ્રદ્ધાળુ છોકરો. હજી હમણાં સુધી તો કેવું એનું કિશોર હૈયું પોતાના બહાદુર વીર માટે, પોતાની આદર્શ વ્યક્તિ માટે માનથી ભર્યું હતું...અને અત્યારનો કેવો કરમાયેલો ચહેરો, જેના પર મારિયા નિકોલાયેવ્નાનું ધ્યાન પણ ગયું અને એણે બારીમાંથી ડોકિયું કરી જોયું...એ શાંત સૌમ્ય ચહેરો ઘૃણા અને ક્રોધથી ફૂંગરાઈ ઊઠ્યો હતો. એ આંખો...બરાબર જેમ્મા જેવી આંખો...સાનિન તરફ કેવી કરડી બની ગઈ છે...હોઠ જોરથી ભીડી દીધા છે. ખૂલે છે તો માત્ર ગાળો દેવા માટે જ...

હવે પેન્તાલિયોન એકદમ પોતાનો હાથ જોરથી લાંબો કરી સાનિનને બતાવી રહ્યો છે...કોને બતાવે છે ? પોતાની પાસે ઊભેલા તાર્તાગ્લિયાને. તાર્તાગ્લિયા સાનિનને જોઈ ભસે છે. એક ઈમાનદાર કૂતરાના ભસવામાં પણ કેવું અસહ્ય અપમાન છે....ઉફ્ !

અને પછી પેરિસનું જીવન - બધું જ અપમાન, પ્રતારણા. એ બધી જ કુત્સિત, ઘૃણિત ગુલામને અપાતી યાતનાઓ, જેને પોતાની ઈર્ષા બતાવવાનો, ફરિયાદ કરવાનો કોઈ અધિકાર નથી. અને અંતે જે વાપરેલાં મોજાંની જેમ એક બાજુ ફેંકી દેવામાં આવે છે.

અને પછી પોતાના વતનમાં પાછા વળવું, વિષભરી સડેલી જિંદગી. એ જ ચિંતાઓ, નકામી ફિકરો, તીખો નિષ્ફળ પશ્ચાત્તાપ, અને એથીયે વિશેષ તીખી અને નકામી વિસ્મૃતિ. એની આ સજાની કોઈ રૂપરેખા નહોતી. એને સ્પર્શી શકાતું નહોતું પરંતુ પ્રત્યેક ક્ષણે, નિરંતર એના મનમાં કોઈ ઝીણી વેદના હંમેશાં રહેતા કાંટાની જેમ ખટકતી હતી. જાણે કોઈ અપરિમેય હોય અને એને એક-એક પાઈ કરીને ચૂકવી રહ્યો હોય...એનું મન ભરાઈ ગયું હતું...છલોછલ.

• • •

જેમ્માનો આપેલો આ નાનકડો ક્રોસ કેવી રીતે બચી ગયો ? એણે એ પાછો કેમ ન આપ્યો ? અને અત્યાર સુધી એની નજરે કેમ ન

પડ્યો? એ ક્યાંય સુધી ધ્યાનમગ્ન બેસી રહ્યો અને એટલાં વર્ષોના અનુભવ પછી પણ એની સમજમાં એ ન આવ્યું કે જે જેમ્મા એને પ્રાણથી પણ વધુ વહાલી હતી, એ જેમ્માને એક એવી સ્ત્રી જેણે એને રત્તીભર પ્રેમ નથી કર્યો એને માટે કેવી રીતે છોડી શક્યો? બીજા દિવસે પોતાના મિત્રો અને પરિચિતોને પોતે વિદેશ જઈ રહ્યો છે એમ જણાવીને આશ્ચર્યચકિત કરી દીધા.

સમાજ સ્તબ્ધ બની ગયો કે હમણાં જ એક ખૂબ શાનદાર સજાવેલો ખંડ ભાડે રાખ્યા પછી સાનિન શિયાળાની અધવચમાં પીટર્સબર્ગ છોડી જઈ રહ્યો છે. એણે તો ઇટાલિયન ઓપેરાની આખી મોસમની ટિકિટ ખરીદી લીધેલી - આ ઓપેરામાં માદામ પત્તી, હા, માદામ પત્તી પોતે જ ભાગ લઈ રહી છે - મિત્રો અને પરિચિતો અવાક્ બની ગયા. કેમ કે બીજાની વાતને વધુ સમય વિચાર્યા કરવી એ માણસના સ્વભાવમાં નથી એટલે વિદેશ જતી વખતે સાનિનને સ્ટેશન પર મૂકવા એકમાત્ર વ્યક્તિ આવેલી તે એનો ફ્રેંચ દરજી હતો ! એ પણ એનો હિસાબ ચૂકતે થઈ જવાની આશામાં આવેલો, કાળા મખમલથી બનેલ એક ખૂબ શાનદાર નેવી-શર્ટ માટે....

• • •

સાનિને પોતાના મિત્રોને પોતે વિદેશ જઈ રહ્યો છે એ જણાવેલું, પરંતુ ચોક્કસ કઈ જગ્યાએ જઈ રહ્યો છે એ નહીં કહેલું. વાચકો સહેલાઈથી અનુમાન કરી શકશે કે એ સીધો ફ્રેંકફર્ટ ગયો હશે. સર્વવ્યાપી રેલની મહેરબાનીથી એ પીટર્સબર્ગથી નીકળી ત્રણ દિવસમાં જ ત્યાં પહોંચી ગયો. ઈ.સ. ૧૮૪૦ પછી એ એ શહેરમાં ગયો નહોતો. 'શ્વેત-મરાલ' અત્યારે પણ પોતાની પહેલાંના સ્થળે જ જામી ગઈ હતી. પરંતુ હવે પ્રથમ કક્ષાની હોટેલ નહોતી ગણાતી. ફ્રેંકફર્ટની મુખ્ય સડક 'ઝેઈલ' બહુ ઓછી બદલાયેલી હતી. હા, માદામ રોસેલ્લીના મકાનનું જ કોઈ નામનિશાન નહોતું રહ્યું. એટલે સુધી કે જ્યાં મીઠાઈની દુકાન હતી એ સડક પણ નહોતી રહી. ક્યારેક પોતાની ખૂબ જાણીતી એવી સડકો પર સાનિન ભટકતો રહ્યો પરંતુ પોતાનાં જૂનાં સ્મરણો

તાજાં કરે તેવું કંઈ એને મળ્યું નહીં. જૂનાં મકાનો અદૃશ્ય થઈ ગયાં હતાં, એની જગ્યાએ રસ્તાઓ, શાનદાર ભવનો અને મોટાં-મોટાં મકાનોની લાંબી હારમાળા જણાતી હતી. જ્યાં સાનિને જેમ્માને પોતાના પ્રણયની વાતો કરી હતી, એ સાર્વજનિક બાગનાં વૃક્ષો મોટાં અને ઝાડી ગીચ બની ગઈ હતી. જગ્યા એટલી બધી બદલાયેલી દેખાતી હતી કે સાનિને ખુદ પોતાને જ પૂછ્યું - શું ખરેખર આ એ જ જગ્યા છે ? હવે એ શું કરે ? કેવી રીતે અને કોને પૂછે ? ત્રીસ વર્ષનો સમય વીતી ચૂક્યો છે. પોતે જે કામ લીધું હતું એ સરળ નહોતું. બની શકે તેટલી એણે અહીં-તહીં પૂછપરછ કરી પરંતુ કોઈ જ એવું ન મળ્યું જેણે એમિલનું નામ પણ સાંભળ્યું હોય. હોટેલના માલિકે એને સાર્વજનિક પુસ્તકાલયમાં તપાસ કરવાની સલાહ આપી. કહ્યું કે ત્યાં એને જૂનાં છાપાં મળશે - પરંતુ એથી શો ફાયદો થશે ? એ તો હોટેલ માલિક પણ ન કહી શક્યો. અંતે થાકીને એણે હર ક્લૂબર વિશે પૂછ્યું. આ નામને હોટેલ માલિક સારી રીતે જાણતો હતો, પરંતુ અહીં ફરી એને નિરાશાનો સામનો કરવો પડ્યો. એ રૂઆબદાર દુકાનદાર, જે ખૂબ ચમક્યો અને ધનવાનોમાં ગણાવા માંડ્યો હતો, મોટી ખોટ જવાથી દેવાળિયો બની ગયો અને જેલમાં જઈ મૃત્યુ પામ્યો. ખેર, આ ખબરથી સાનિનને સહેજે દુઃખ ન થયું. હવે એ પોતાની યાત્રાને અસાધ્યને સાધન કરવાનો પ્રયત્ન માનતો હતો.

એક દિવસ ફ્રેંકફર્ટની 'ડિરેક્ટરી'નાં પાનાં ફેરવતાં એને અચાનક "ડૉનહોફ" મેજર પદથી નિવૃત્ત (મેજર વી.ડી.) મળી ગયું. તરત જ એક ગાડી લઈ ચાલી નીકળ્યો. આ ડૉનહોફ જેને પોતે જાણતો હતો તે જ છે કે નહીં એ પોતે પણ જાણતો નહોતો છતાં અને માનો કે એ જ હોય તો ય એ એને રોસેલ્લી કુટુંબ વિશે શું કહી શકે ? પણ ડૂબતો માણસ તરણું ઝાલે.

નિવૃત્ત મેજર ઘરે જ મળ્યા. સફેદ વાળવાળા સજ્જન સ્વરૂપે એણે પોતાના જૂના શત્રુને ઓળખી લીધો. વૉન ડૉનહોફ પણ એને માત્ર ઓળખી જ ન ગયા, પરંતુ એને મળી આનંદિત થયા, કેમ કે આ

મુલાકાતે એમને એમની યુવાની અને યુવાનીની મસ્તી તાજી કરાવી દીધી. એમની મારફતે સાનિને જાણ્યું કે રોસેલ્લી કુટુંબે ઘણા સમય પહેલાં અમેરિકાના ન્યૂ યૉર્કમાં વસવાટ કર્યો હતો. જેમ્માએ એક વ્યાપારી સાથે લગ્ન કરી લીધાં હતાં. સદ્ભાગ્યે એ (ડૉનહોફ) એક એવી વ્યક્તિને જાણે છે જે પોતે મોટો વેપારી છે. એ જ કદાચ એમનું સરનામું જાણતો હશે, કેમ કે અમેરિકા સાથે એમનો બહોળો વેપાર છે. પછી ગમે તે રીતે સાનિને વૉન ડૉનહોફને તેના એ પરિચિતને મળવા મોકલ્યો, અને જ્યારે એ જેમ્માના પતિનું સરનામું લઈ આવ્યો ત્યારે સાનિનના આનંદની અવધિ ન રહી. "શ્રી જેરેમી સ્લોકમ, ૫૦૧ બ્રોડ વે, ન્યૂ યૉર્ક." પરંતુ આ સરનામું ઈ.સ. ૧૮૬૩નું હતું.

વૉન ડૉનહોફ પોકારી ઊઠ્યો, "આપણે આશા રાખીએ કે ફ્રૅંકફર્ટની આપણી ભૂતપૂર્વ સુંદરી હજી પણ જીવંત હોય અને એણે હજી ન્યૂ યૉર્ક છોડ્યું ન હોય. વારું, પણ એક વાત છે," એણે જરા ધીમા અવાજે કહ્યું, "પેલી રશિયન મહિલા એ જ જે એકવાર વાઈઝબાદેનમાં રહેતી - શું નામ હતું એનું ? માદામ....વૉન... વૉ...નોવ... પોલોઝોવ શું હજી છે ?"

"નહીં." સાનિન બોલ્યો, "એ ઘણા સમય પહેલાં મરી ગઈ."

વૉન ડૉનહોફે એની તરફ નજર નાંખી પરંતુ જ્યારે સાનિનને ઘૃણાથી મોં બગાડી બીજી તરફ મોં ફેરવતો જોયો કે એકપણ શબ્દ બોલ્યા વિના ચાલ્યો ગયો.

• • •

તે જ દિવસે સાનિને ન્યૂ યૉર્કમાં શ્રીમતી જેમ્મા સ્લોકમને એક પત્ર પાઠવ્યો. એમાં એણે જણાવ્યું કે, "આ પત્ર હું ફ્રૅંકફર્ટથી લખું છું. અહીં માત્ર તારી શોધ માટે જ આવ્યો છું. હું ખૂબ સારી રીતે જાણું છું કે તારી પાસેથી જવાબ મેળવવાનો અધિકાર હું ખોઈ બેઠો છું. મને તું ક્ષમા કરે એને લાયક મેં કાંઈ જ કર્યું નથી અને મને આશા છે કે તારા વર્તમાન સુખી વાતાવરણમાં તું મારું અસ્તિત્વ પણ વીસરી ચૂકી હોઈશ." એણે આગળ લખ્યું કે, "તને મારી ફરી યાદ દેવડાવવાનો નિર્ણય મેં

એટલે જ કર્યો કે એક આકસ્મિક ઘટનાએ સંપૂર્ણ ભૂતકાળને મારી સમક્ષ સજીવ સાકાર કરી દીધો છે." એણે પોતાની એકલતામય, આનંદહીન, પત્ની કે બાળક વિનાની જિંદગી વિશે જણાવ્યું. એણે જેમ્માને વિનંતી કરી કે,"આશા છે કે મેં આ પત્ર તને કેમ લખ્યો એ સમજવાનો તું પ્રયત્ન કરશે. અપરાધની જે તીક્ષ્ણ શૂળ આટલા દિવસોથી ક્ષમા કર્યા વિના જ વાગી રહી છે...એને હવે કબર સુધી મને જ લઈ જવા દઈશ. મને વિશ્વાસ છે કે તું તારા ન્યૂ યોર્કના જીવનની (જ્યાં તું વસી છે.) નાની એવી ખબર આપીને...પ્રસન્નતા અર્પીશ." સાનિને પત્રના અંતમાં લખ્યું,"તું મને માત્ર એક શબ્દ પાઠવીશ તો હું સમજીશ કે તેં ખરેખર તારા મહાન હૃદયને શોભે એવું જ કાર્ય કર્યું છે. એ માટે હું મૃત્યુ પર્યંત તારો ઋણી રહીશ. હું 'શ્વેત-મરાલ'(એણે એ શબ્દોને રેખાંકિત કર્યા)માં ઊતર્યો છું અને વસંત સુધી અહીં તારા પત્રની પ્રતીક્ષા કરીશ."

પત્ર ટપાલમાં રવાના કરી રાહ જોતો એ ત્યાં જ રહ્યો. એ ત્યાં છ અઠવાડિયાં મુકામ કરીને રહ્યો. ન તો એ ખંડની બહાર ગયો કે ન કોઈને મળ્યો. રશિયામાંથી કે બીજે ક્યાંયથી એને પત્ર લખવાવાળું કોઈ હતું જ નહીં અને આ સમયે તો એ જ એને માટે બરાબર હતું. આ દિવસોમાં જો કોઈ પત્ર આવત તો એ એમ જ સમજત કે જેની એને રાહ હતી એ જ આ પત્ર છે. સવારથી સાંજ સુધી એ વાંચ્યા કરતો - માસિક પત્રિકાઓ નહીં, પરંતુ ઇતિહાસનાં મોટાં થોથાં. એ એકધારું વાંચન, શાન્તિ, આશ્રમ જેવું એકાંત જીવન, એ બધું તો એની મનઃસ્થિતિ અત્યારે ઇચ્છતી હતી, અને એ મનઃસ્થિતિ સ્વયં જેમ્માને આભારી હતી. ખરેખર એ જીવે છે કે મૃત્યુ પામી ? જવાબ દેશે ?

આખરે અમેરિકાની ટિકિટ લગાવેલો ન્યૂ યોર્કથી એક પત્ર એના નામે આવ્યો. પરબીડિયા પરના અક્ષરોની લખાવટ અંગ્રેજ હાથની જણાતી હતી. એ એને ઓળખી ન શક્યો. દિલમાં એક કમકમાટી ઊઠી. પત્ર તરત ફોડીને જોઈ લેવો કે નહીં એનો એ નિર્ણય ન કરી શક્યો, અને જ્યારે એણે ખોલ્યો ત્યારે સૌ પહેલા હસ્તાક્ષર જ જોયા

- "જેમ્મા". આંખમાં અશ્રુ ઉભરાઈ આવ્યાં. બીજું કોઈ નામ પાછળ લખ્યા વિના, હસ્તાક્ષરમાં માત્ર પોતાનું નામ લખવું એ જ સુલેહ અને ક્ષમા કરી દેવાનો સંકેત હતો. પત્રના પાતળા ભૂરા કાગળની ઘડી એણે ખોલી કે એક ફોટો સરી પડ્યો. એણે ઝડપથી ઉઠાવી લીધો અને આશ્ચર્યથી સ્તબ્ધ બની ગયો. એ જેમ્મા પોતે જ હતી ! જીવિત જેમ્મા, જેવી એણે ત્રીસ વર્ષ પહેલાં જોઈ હતી તેવી જ યુવતી, એ જ આંખો, એ જ હોઠ, ચહેરાની એ જ રૂપરેખા. ફોટાની પાછળની બાજુ લખ્યું હતું, "મારી પુત્રી મારિયાના." પત્ર ખૂબ સરળ અને સ્નેહપૂર્ણ હતો. જેમ્માએ સાનિનને પત્ર લખવામાં સંકોચ ન કરવા અને આજે પણ એના પર વિશ્વાસ કરવા માટે ધન્યવાદ આપેલા. એણે એ પણ ન છુપાવ્યું કે ખરેખર સાનિનના ભાગી જવાથી એને લાંબા સમય સુધી ખૂબ દુઃખ થયેલું. પરંતુ તરત જ આગળ લખેલું કે "તમારી સાથેની એ મુલાકાતને મેં હંમેશાં મારું સૌભાગ્ય માન્યું છે અને આજે પણ માનું છું, કેમ કે તમે મને હર ક્લૂબરની પત્ની થવાથી બચાવી લીધી. અને એ રીતે આપ- જો કે આડકતરી રીતે મારા વર્તમાન પતિ સાથેના વિવાહનું કારણ બન્યા. એમની સાથે હું પાછલાં સત્તાવીશ વર્ષથી પૂર્ણ સુખ, સમૃદ્ધિ અને સ્વતંત્રતા ભોગવી રહી છું. અમારું મકાન આખા ન્યૂ યોર્કમાં પ્રખ્યાત છે." જેમ્માએ આગળ જણાવવા માટે જ લખેલું કે એનાં પાંચ બાળકો છે. ચાર પુત્રો અને એક અઢાર વર્ષની પુત્રી છે. ટૂંક સમયમાં જ એ પણ પરણી જશે. જેનો ફોટો એણે એટલા માટે મોકલ્યો છે કે બધાનું કહેવું છે કે એ બરાબર એની મા જેવી છે ! જેમ્માએ અંતમાં દુઃખદ સમાચાર જણાવેલા કે ફ્રાઉ લિનોરેનો ન્યૂ યોર્કમાં જ સ્વર્ગવાસ થઈ ગયો. અહીં એ પોતાનાં દીકરી-જમાઈ સાથે આવી હતી, પોતાનાં બાળકોના આનંદમાં સુખમાં ભાગ લેતી, દોહિત્રોને રમાડતી વધુ દિવસ ન જીવી. પેન્તાલિયોન પણ અમેરિકા આવવા ઇચ્છતો હતો પરંતુ ફ્રેંકફર્ટ છોડ્યા પહેલાં જ મૃત્યુ પામ્યો. અને એમિલિયો, અમારા પ્રાણધન એવો અનોખો એમિલિયો. સિસિલીમાં પોતાના દેશની રક્ષા માટે ગેરીબાલ્ડીના નેતૃત્વમાં હજારોમાં એક વીરની

જેમ બલિદાન આપી ગયો. અમે અમારા ભાઈ, પ્રાણપ્રિય ભાઈના મૃત્યુ પર ખોળ આંસુડાં રડ્યાં. પરંતુ રડતાં-રડતાં પણ અમને ગર્વ હતો, અને હંમેશાં રહેશે. એની પવિત્ર સ્મૃતિને અમે હંમેશાં અમારા દિલમાં સંભાળીને સંઘરી રાખીશું. એનો મહાન નિઃસ્પૃહ આત્મા શહીદોના માનને લાયક છે. ત્યાર પછી જેમ્માએ દુઃખ દર્શાવ્યું કે "લાગે છે કે આપનું જીવન, વધુ ખરાબ રીતે પસાર થઈ રહ્યું છે. મારી મનોકામના છે કે બધું થઈ જવા છતાં આપને શાંતિ, માનસિક શાંતિ પ્રાપ્ત થાય." આગળ એણે લખ્યું હતું,"તમને ફરી મળી ખરેખર મને ખૂબ આનંદ થશે. જો કે આ મુલાકાત કેટલી અસંભવ છે, એ હું જાણું છું."

પત્ર વાંચતાં-વાંચતાં સાનિનના મનમાં શો ભાવ જાગ્યો એનું વર્ણન કરવાનો પ્રયત્ન આપણે નહીં કરીએ. એવી ભાવાભિવ્યક્તિ કહી શકે એવા સંતોષજનક શબ્દો જ ક્યાં છે ? એ ભાવનાઓ એવી ગંભીર, સશક્ત અને અવર્ણનીય છે કે ભાષામાં એને ક્યારેય બાંધી ન શકાય ! બનવાજોગ છે સંગીત જ એને વ્યક્ત કરી શકે! તરત જ સાનિને જવાબ લખ્યો અને ભાવિ વધૂને એક ભેટ મોકલી. મોતીના સુંદર હારમાં પન્નાજડિત ક્રોસ, જેના પર લખ્યું હતું :


"એક અજ્ઞાત મિત્ર તરફથી મારિયાના સ્લોકમને." આ ભેટ જો કે ખૂબ જ કીમતી હતી છતાં એથી એનું દેવાળું ન નીકળ્યું. પહેલીવાર ફ્રેંકફર્ટ ગયો અને આ પછીના ત્રીસ વર્ષના સમયગાળામાં એણે ગમે તે રીતે પૂરતું ધન એકઠું કર્યું હતું. મેની શરૂઆતમાં એ પીટર્સબર્ગ પાછો ફર્યો પરંતુ વધુ દિવસ ન રહ્યો. સંભળાય છે કે એ પોતાની બધી જ મિલકત વેચીને અમેરિકા જઈ રહ્યો છે.

(બાદેન-બાદને)

૧૮૭૧

•

(સમાપ્ત)



પાર્શ્વ પબ્લિકેશન : અમદાવાદ